# યજ્ઞ-રહસ્ય

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇ ગ્રંથમાળા, નં. ૨૨.

# યજ્ઞ-રહસ્ય

(સ્વ. રામેન્દ્ર સુંદર ત્રિવેદીના બંગાળી ગ્રંથ પરથી)

અનુવાદક,

મહાશંકર ઇંદ્રજી દવે,

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.

આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૫૦૦

સન ૧૯૨૩ સંવત્ ૧૯૮૦

કિમ્મત એક રૂપિયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી "જ્ઞાનમન્દિર" પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું.
રાયપુર વાઘેશ્વરીની પોળ,
**અમદાવાદ.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ ગ્રંથમાળાનો

# ઉપોદ્ઘાત.

ઇ. સ. ૧૮૬૪ માં મુંબાઈના મરહુમ શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ અમદાવાદ પધાર્યા હતા, ત્યારે તેમણે ગુજરાતના જુવાન માણસોમાં બુદ્ધિનાં કામ કરવાની હોંશ વધારવાને તથા ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઉપયોગી કામને પુષ્ટિ આપવા સારૂ રૂ. ૨૫૦૦) સોસાઇટીને સોંપ્યા હતા; અને એવી ઇચ્છા જણાવી હતી કે, તેની પ્રોમીસરી નોટો લઇ તેના વ્યાજમાંથી ઇનામ આપી શુદ્ધ ગુજરાતીમાં સારા નિબંધ તથા પુસ્તક રચાવવાં. તે પ્રમાણે આ ફંડમાંથી આજ સુધીમાં નીચેનાં પુસ્તકો તૈયાર કરાવી સોસાઇટીએ છપાવેલાં છે:—

१. ગુજરાતી ભાષાનો ઇતિહાસ (૨ જી આવૃત્તિ)
૨. દૈવજ્ઞ દર્પણ
૩. ગુજરાતના ભિખારીઓ
૪. ભિક્ષુક વિષે નિબંધ
૫. અર્થશાસ્ત્ર
૬. સ્ત્રીનીતિધર્મ (૫ મી આવૃતિ)
૭. ગુજરાતના ઉત્કર્ષનાં સાધન વિષે નિબંધ
૮. દુકાળ વિષે નિબંધ
૯. સેવિંગ બેંકની અગત્ય વિષે
૧૦. સ્થાનિક સ્વરાજ્ય
૧૧. અર્થશાસ્ત્રનાં મૂળતત્વો (૩ જી આવૃત્તિ )
૧૨. જ્ઞાનવચન
૧૩. પ્રાચીન ભરતખંડનો મહિમા
૧૪. પ્રેસિડંટ લીંકનનું ચરિત્ર
૧૫. મોહસિનીનાં નીતિવચનો
૧૬. માર્કોપોલોનો પ્રવાસ
૧૭. જીવતત્ત્વ
૧૮. વનસ્પતિ તત્ત્વજ્ઞાન
૧૯. નવરાશના વખતમાં ગમ્મત અને જ્ઞાન
૨૦. ખેતર, વાડી અને બગીચાની ઉપજ વધારનારાં ખાતર વિષે નિબંધ
૨૧. બ્રિટિશ હિંદનો આર્થિક ઇતિહાસ
૨૨. યજ્ઞ–રહસ્ય

અમદાવાદ
તા. ૧૫–૧૦–૧૯૨૩ } ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઓફિસ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

પ્રાચીન કાળમાં યજ્ઞ એ સર્વ દેશમાં સ્પષ્ટ કે અસ્પષ્ટ સ્વરૂપમાં પ્રચલિત હતો. યજ્ઞ એટલે શું, યજ્ઞો શી રીતે થતા, તેનું મૂળ તાત્પર્ય શું હતું, ધીમે ધીમે તેમાં કેવા તાત્પર્યનો આરોપ થતો ગયો, વેદપંથીઓના યજ્ઞ સાથે ઇતર પંથીઓના યજ્ઞનું કેટલું મળતાપણું હતું, અને છેવટે યજ્ઞને આપણે કેવા સ્વરૂપમાં હજુ જાળવી રાખ્યો છે, ઇત્યાદિ પ્રશ્નોના જવાબ પ્રસ્તુત પુસ્તકમાં વિસ્તૃત રૂપે આપેલા હોવાથી અહીં પુનરાવૃત્તિ કરવી નકામી છે.

આજકાલ ઇતિહાસના વિષયમાં, પ્રાચીન શોધખોળના વિષયમાં, હિંદી દૃષ્ટિ એ એક અગત્યનો ગુણ મનાવો જોઇએ, એમ મને લાગે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ જગતમાંની સર્વ સંસ્કૃતિને પોતાના વિરાટ સ્વરૂપમાં ભેળવી દેવા ઇચ્છે છે. જુની સંસ્કૃતિના વારસોની બુદ્ધિ પાશ્ચાત્ય સંસ્કૃતિની દાસી બની જાય તેવી પેરવી આજથી સો વર્ષ થયાં થતી આવી છે. અને ખરેખર! એ કાર્યને ઘણેખરે અંશે સફળતા મળેલી હોવાથીજ આપણે તટસ્થ ઇતિહાસકારની દૃષ્ટિએ ગંભીર ભૂલોવાળો ગણાતો ઇતિહાસ ખરો માની ખાંતે ખાંતે શીખી રહ્યા છીએ.

આવા જમાનામાં હિંદી દૃષ્ટિએ લખાતાં ઐતિહાસિક પુસ્તકોનું મૂલ્ય અતિશય અંકાવું જોઇએ. સુભાગ્યે બંગાળામાંના કેટલાક વિદ્વાનોએ એ કાર્ય ઉપાડી લીધું છે. એ કાર્યમાં જે બુદ્ધિ તથા સાધન જોઇએ તે બંગાળામાં મળી રહે છે. પ્રસ્તુત પુસ્તક પણ તેવા પ્રયાસનું ફળ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીયુત રામેન્દ્ર સુંદર બંગાળાના સૂક્ષ્મદષ્ટિવાળા વિદ્વાનોમાંના એક હતા. તેમનો વેદશાસ્ત્રનો અભ્યાસ બહુ ઉંડો હતો. ઐતરેય બ્રાહ્મણનું બંગાળીમાં ભાષાન્તર કરી એ ઉંડા અભ્યાસનું ફળ તેમણે બંગાળી પ્રજા સમક્ષ રજુ કર્યું હતું. તેમના કેટલાક લેખોનો જર્મન લોકોએ બહુ સત્કાર કરેલો હતો. આવા એક બહુશ્રુત વિદ્વાનને કલકત્તા વિશ્વવિદ્યાલયના માજી વાઇસ ચેન્સેલર દેવપ્રસાદ સર્વાધિકારીએ 'યજ્ઞ' પર વ્યાખ્યાનો આપવાનું આમંત્રણ આપેલું, તે પરથી તેમણે વિશ્વવિદ્યાલય સમક્ષ આ વિષય પર પાંચ વ્યાખ્યાનો આપેલાં, એ વ્યાખ્યાનોનું ભાષાન્તર પ્રસ્તુત પુસ્તકમાં આપેલું છે.

પુસ્તકમાં મૂળ ગ્રંથકર્ત્તાનું ઉંડું જ્ઞાન, બહુશ્રુતપણું અને સર્વ ધર્મશાસ્ત્રોને સરખો ન્યાય આપવાનું વલણ ઠેકઠેકાણે જણાયા સિવાય રહેશે નહિ. દિલગીરી એટલીજ કે એ વિદ્વાન લેખક આ વ્યાખ્યાનો પુસ્તકરૂપે છપાય તે પહેલાં ગુજરી ગયા.

ભાષાન્તર બાબત મારે બે બોલ કહેવા જોઇએ. આવા મહાન વિષય પર લખેલા પુસ્તકનું ભાષાન્તર કરવાનો આ મારો પહેલોજ પ્રયાસ છે. મેં અર્થનો અનર્થ ન થઇ જાય એ ખાતર પુરતી કાળજી રાખી છે. છતાં કોઈ ભૂલો રહી ગઇ હોય એ સંભવિત છે. અર્થનો અનર્થ ન થઇ જાય એ ખાતર છાપની ભૂલોનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારી વાંચવાની પ્રાર્થના છે.

આવું પુસ્તક પસંદ કરી આવા વિષયમાં મારો ઉત્સાહ વધારનાર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તથા રા. હીરાલાલ ભાઇનો મારે ખાસ ઉપકાર માનવો જોઇએ.

આ પુસ્તક સાદ્યંત તપાસી કેટલીક અમૂલ્ય સૂચનાઓ કરનાર ઉપ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિષદોના પ્રસિદ્ધ અભ્યાસી રા. રા. નર્મદાશંકર દેવશંકર મહેતાનો મારે આ સ્થળે ઉપકાર માનવો જોઇએ. કેટલાક પારિભાષિક શબ્દોનું દિશાસૂચન મને તેઓ સાહેબ તરફથી મળ્યું છે. નકશા, કોષ વગેરેની આ પુસ્તકમાં મૂળ પુસ્તક કરતાં જે કંઈ વિશેષતા છે, તે પણ તેમની સૂચનાને આભારી છે.

આ પુસ્તકમાં આવતા અંગ્રેજી ફકરાનું ભાષાન્તર મૂળ પુસ્તકમાં નહોતું. ખ્રિસ્તયજ્ઞમાં આવા અંગ્રેજી ફકરાઓ પુષ્કળ આવે છે, અને તત્ત્વ સમજવા માટે એ ફકરાઓના ભાષાન્તરની જરૂર હતી. એ કાર્યમાં પ્રોપ્રાઇટરી હાઇસ્કૂલવાળા રા. રતિલાલ મોહનલાલ ત્રિવેદી અને રા. નર્મદાશંકર દેવશંકર વ્યાસની તથા પહેલેથી છેવટ સુધી પ્રોત્સાહન આપવામાં રા. મોહનલાલ હરજીવન પંચોળીની મને જે અમૂલ્ય મદદ મળી છે, તે ખાતર હું તેમનો ઋણી છું.

અમદાવાદ.<br>આશ્વિન શુક્લ પ્રતિપદા<br>સં. ૧૯૭૯.

મહાશંકર ઇંદ્રજી દવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ યજ્ઞ–અગ્ન્યાધાન અને અગ્નિહોત્ર ... ... ... | ૧ |
| ૨. ઇષ્ટિયાગ અને પશુયાગ ... ... ... ... | ૩૭ |
| ૩. સોમયાગ ... ... ... ... ... ... | ૭૧ |
| ૪. ખ્રિસ્તયજ્ઞ ... ... ... ... ... | ૧૦૫ |
| ૫. પુરુષયજ્ઞ... ... ... ... ... ... | ૧૪૩ |
| ૬. યજ્ઞકાંડના પારિભાષિક શબ્દોનો કોષ ... ... ... | ૧૯૩ |


# ચિત્રો ને નકશા


| નામ | પૃષ્ઠ |
|---|---|
| ૧. શ્રૌત અગ્નિકુંડ... ... ... ... ... | ...૨૩ |
| ૨. અગ્ન્યાધાન ને અગ્નિહોત્રમાં વપરાતાં કેટલાંક પાત્રો ને આસનો | ...૨૯ |
| . ઇષ્ટિયાગ–ભૂમિ ... ... ... ... | ...૩૯ |
| ૪. પશુયાગ–ભૂમિ... ... ... ... ... | ...૪૯ |
| ૫. ઇષ્ટિયાગ ને પશુયાગમાં વપરાતાં પાત્રો ને આસનો ... | ...૫૧ |
| ૬. સોમયાગઃ દેવયજન–ભૂમિ ... ... ... | ...૭૪ |
| ૭. સોમયાગમાં વપરાતાં પાત્રો ... ... ... | ...૭૮ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# યજ્ઞ-રહસ્ય

## યજ્ઞ–અગ્ન્યાધાન અને અગ્નિહોત્ર

યજ્ઞ સંબંધી કંઇક કહેવા ઇચ્છું છું; આપ સર્વ ધ્યાનપૂર્વક સાંભળશો.*

હું આપણી જે સમાજનું સામાન્ય નામ હિંદુ–સમાજ છે, તેજ સમાજને વેદપંથી સમાજ કહીશ. એ સમાજ વેદનું શાસન માને છે અને વેદનું અનુસરણ સ્વીકારે છે. વેદપંથી સમાજનું પ્રધાન અનુષ્ઠાન એ યજ્ઞાનુષ્ઠાન છે. આ યજ્ઞાનુષ્ઠાનમાંજ વેદપંથી સમાજની પ્રતિષ્ઠા થએલી છે, એમ કહીએ તો તેમાં કશું ખોટું નથી. આ યજ્ઞાનુષ્ઠાનનું તાત્પર્ય ન સમજીએ ત્યાંસુધી વેદપંથી સમાજના ઇતિહાસની જે વિશિષ્ટતા છે, તે સમજાય તેમ નથી. હું થોડા નિબંધોવડે એ તાત્પર્ય સમજાવવાનો પ્રયત્ન કરીશ.

આ વેદપંથી સમાજમાં થોડી સંકીર્ણતા છે, એ પ્રથમથીજ માની લઇશું. પંડિતો અનુમાન કરે છે કે આર્યજાતિની એક શાખાએ ભારતવર્ષમાં પ્રવેશ કરી એક નવીન વિશિષ્ટ સમાજતંત્રની સ્થાપના કરી હતી. એ સમાજતંત્રનું પોતાનું સાહિત્ય ‘વેદ’ હતું. એ સમાજનાં ધર્મ–કર્મ અને બીજાં બધાં અનુષ્ઠાન વેદના વિધિ–નિષેધ મુજબ કરાતાં. ભારતવર્ષના બધા જૂના રહેવાસીઓ–અનાર્ય લોકો–આ સમાજ સાથે ભળી શક્યા નહોતા.

* મૂળ લેખ ભાષણરૂપે લખાયો હોવાથી ભાષાંતરમાં પણ એ જ શૈલિ રાખવામાં આવી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઈ કોઈ ભળ્યા પણ હતા. પંડિતો અનુમાન કરે છે કે ખરેખરા વેદપંથી આર્યોજ પોતાને દ્વિજ તરીકે ઓળખાવતા હતા, અને જે અનાર્યોએ તેઓનો આશરો લીધો હતો, તેઓને શૂદ્રના નામથી ઓળખવામાં આવતા. પરિણામે શૂદ્રો વેદપંથી સમાજના આશ્રિત હોવા છતાં એ સમાજના બધા અધિકાર મેળવી શકયા નહિ. શુદ્ધ વેદપંથી દ્વિજાતિ સમાજ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણમાં વહેંચાઈ ગઈ. આચાર-ભેદ અને વૃત્તિ-ભેદવડે આ વિભાગોની કલ્પના થઈ હતી. હું એને એક માન્યતા માત્ર ધારૂં છું. વાસ્તવિક રીતે એ ત્રણે વર્ણ વચ્ચે નિશ્ચિત રેખા દોરાઈ હોય, એવું નહિ ધારીએ તોપણ ચાલશે. વૃત્તિ-ભેદ અને આચાર--ભેદ અત્યારે જેમ જુદા જુદા પ્રકારના છે, તે વખતે પણ કદાચ તેવાજ હશે. તોપણ માન્યતા ખાતર દ્વિજાતિ સમાજની પ્રત્યેક વ્યક્તિને કોઇપણ વિભાગમાં મૂકવામાં આવતી. પાછળથી જે ધર્મ-શાસ્ત્રો પ્રચાર પામ્યાં હતાં, તેમાં આ ત્રણ મૂળ વર્ણને એક બીજા સાથે ભેળવી નાના પ્રકારની મિશ્ર જાતિની ઉત્પત્તિ સમજાવવાનો પ્રબળ પ્રયત્ન જોવામાં આવે છે. એ પ્રયત્ન પણ મારાં અનુમાનનું થોડું ઘણું સમર્થન કરે છે. તે ગમે તે હો, વેદપંથી સમાજની પ્રત્યેક વ્યક્તિ પોતાને દ્વિજ તરીકે ઓળખાવતી અને એ દ્વિજત્વની ઓળખાણવડે શૂદ્ર, અનાર્ય અને મ્લેચ્છાદિથી પોતાનું સ્વાતંત્ર્ય જાળવતી. એ સ્વાતંત્ર્ય જ દ્વિજાતિ-સમાજની સંકીર્ણતા છે. અન્ય સમાજના લોકો સહેલાઇથી દ્વિજાતિ સમાજમાં પ્રવેશ કરી શકતા નહિ, અર્થાત્ દ્વિજાતિઓના વિશિષ્ટ અધિકાર મેળવી શકતા નહિ. તદ્દન મેળવી શકતા નહિ, એમ ધારી શકતો નથી. ઇતિહાસપરથી જણાય છે કે ઘણા અનાર્ય અને મ્લેચ્છો પણ વખત જતાં દ્વિજાતિ-સમાજમાં પ્રવેશ કરી શકયા હતા અને દ્વિજાતિના બધા અધિકાર મેળવી શકયા હતા. બીજી બાજુએ જોતાં અનેક શુદ્ધ દ્વિજ સ્વેચ્છાપૂર્વક દ્વિજાતિના અધિકાર તજી શૂદ્રત્વ ગ્રહણ કરી બેઠા હતા. આજે તેઓ એ શૂદ્રત્વના સ્વીકાર માટે પસ્તાય છે અને ફરીથી દ્વિજત્વ મેળવવાને વ્યાકુળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઇ રહ્યા છે. તોપણ એટલું કહી શકાય કે આજ સુધી ભારતવર્ષમાં દ્વિજાતિ સમાજ અન્યાન્ય સમાજથી કેટલેક અંશે સ્વતંત્ર રહ્યો છે. વેદ ભણવાના અધિકારવડે એ સ્વાતંત્ર્ય ટકી રહ્યું છે. જે વ્યક્તિ દ્વિજ હોય, તે ગમે તે વર્ણની હોય તો પણ વેદ ભણવાનો અને વેદવિહિત કર્મ કરવાનો તેને સોળેસોળ આના અધિકાર છે. જેઓ પ્રથમથીજ શૂદ્ર ગણાયા અથવા દ્વિજત્વ ત્યાગ કરી શૂદ્રત્વ સ્વીકાર્યું, તેઓ અત્યારે વેદપંથી સમાજની અંતર્ગત રહેલા છતાં વેદ ભણવાનો અને વૈદિક કર્માનુષ્ઠાનનો તેઓને પૂરેપૂરો અધિકાર નથી.

હવે એ દ્વિજ શબ્દનું તાત્પર્ય સમજવાનો પ્રયત્ન કરીએ.

આજકાલ વિદ્યા પ્રાપ્ત કરવાનું બીજું નામ લખતાં વાંચતાં શીખવું એ છે. આધુનિક સમયમાં પુષ્કળ પ્રમાણમાં શાહી–કલમ બગાડી લખવાનો અભ્યાસ કરવો પડે છે અને ચોપડીઓની મદદથી વાંચવાનું શીખવું પડે છે. આ પ્રમાણે લખતાં અને વાંચતાં શીખવાથી વિદ્યા મેળવાય છે. હું જે સમયની વાત કરૂં છું, તે સમયે લિપિની શોધ થઈ નહોતી. વાંચવું લખવું નહોતું, છતાં વિદ્યા હતી. વિદ્યા પ્રાપ્ત કરવા માટે લખવું અને વાંચવું એ ખાસ જરૂરનું છે, એમ કહેતાં મને લાગે છે કે આપણું વિશ્વવિદ્યાલય પણ અચકાશે. વિશ્વવિદ્યાલયનું Faculty of Science તો એમ કહેતાં અચકાશે જ. લખ્યા વાંચ્યા સિવાય પણ વિદ્યા મેળવી શકાય છે. ભારતવર્ષમાં પણ એક સમયે વિદ્યા હતી અને વિદ્યા મેળવવાની વ્યવસ્થા પણ હતી. વેદપંથી સમાજની એ અતિ પ્રાચીન વિદ્યાનું નામ વેદ છે. ઇતિહાસપરથી જણાશે કે એ અતિપ્રાચીન વેદવિદ્યામાંથી જ આ દેશની લગભગ બધી વિદ્યા ઉત્પન્ન થઇ છે. દ્વિજાતિ–સમાજનાં પ્રત્યેક બાળકને એક સમયે તે વેદવિદ્યાનો થોડો ઘણો અંશ પ્રાપ્ત કરવો પડતો. એ માટે દરેક બાળકને વિદ્યાદાતા આચાર્ય પાસે જવું પડતું. આચાર્ય પાસે જવાનું નામ **ઉપનયન.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ ઉપનયનનો પ્રકાર આધુનિક સમયમાં નિશાળમાં બેસાડવા જેવોજ છે. કેટલાંક વરસો આચાર્યને ઘેર રહી, આચાર્યે આપેલી વેદવિદ્યા ગ્રહણ કરી, આચાર્યની રજા લઈ ઘેર પાછું આવવું પડતું. એ પાછા ઘેર આવવાનું નામ **સમાવર્ત્તન.** આ સમાવર્ત્તનનો પ્રકાર કેટલેક દરજ્જે આધુનિક કાળમાં પાસ થયાનું સર્ટિફિકેટ લઈ ઘેર આવવા જેવો જ છે. આ સમાવર્ત્તન બાદ અર્થાત્ માસ્તર સાહેબે આપેલાં સર્ટિફિકેટ બાદ ગૃહસ્થ થવાનો અધિકાર મળતો. આપણાં ધર્મશાસ્ત્રોએ આ બાબતમાં પણ એક માન્યતા ખડી કરી દીધી છે. તે વખતનાં વેદવાક્યોનું બીજું નામ હતું બ્રહ્મ. બ્રહ્મ શબ્દનો અર્થજ વેદ-વાક્ય એવો હતો. આચાર્યને ઘેર જેઓ વેદ ભણતા હતા, તેઓ બ્રહ્મચારી કહેવાતા. બ્રહ્મચારી જે આચારના નિયમો પાળતા, તેનું નામ બ્રહ્મચર્ય હતું. જે વિદ્યાર્થીઓ વેદવિદ્યા ભણવામાં મુગ્ધ બની જતા, વેદવિદ્યાનું અધ્યયન છોડવા ઇચ્છતા નહિ, તેઓ ગૃહસ્થ થતા નહિ; જિંદગી સુધી બ્રહ્મચર્ય પાળતા. વળી કોઈ કોઈ વિદ્યાર્થી જ્ઞાનકાંડની ચર્ચામાં એટલા બધા મુગ્ધ બની જતા કે ઘરસંસાર ચલાવવા તરફ તેઓને તિરસ્કાર છૂટતો. તેઓ જ્ઞાનમાર્ગના મુસાફર થઈ સંન્યાસી બની જતા–પ્રવ્રજ્યા ગ્રહણ કરતા. આ જિંદગીપર્યંતના બ્રહ્મચારી અને સંન્યાસી સિવાયના ઘણાખરા વિદ્યાર્થીઓ સમાવર્ત્તન બાદ ઘેર આવી ગૃહસ્થ થતા. એ ગૃહસ્થોની સમષ્ટિને લીધેજ સમાજ બનતો. જે વ્યક્તિ ગૃહસ્થનો ધર્મ પાળતી નહિ, વસ્તીથી દૂર રહી ચિરકાલ વિદ્યાચર્યા અથવા જ્ઞાનચર્ચામાં જ જિંદગી ગુજારતી, તે સમાજમાં ગણાતી નહિ. સમાજ તેનું પાલન કરતો, રક્ષણ કરતો, પરંતુ તેને સામાજિક ગણતો નહિ.

**સમાવર્ત્તન** બાદ વિવાહનો અધિકાર મળતો. વિવાહ કર્યા સિવાય ગૃહસ્થ થવાય નહિ, ગૃહપતિ થવાય નહિ. જે વિવાહ ન કરે, તેને ઘર પણ ન હોય. યાદ રાખશો કે **'ગૃહિણી ગૃહમુચ્યતે'** આ વિવાહનું અનુષ્ઠાન એ કૃત્રિમ અનુષ્ઠાન છે. (Malthus) સાહેબનો (Population) નામક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લેખ પ્રકટ થયા બાદ વિવાહાનુષ્ઠાનનાં ઔચિત્ય અનૌચિત્ય સંબંધમાં ઘણો વાદવિવાદ થયો છે. ઘણાખરા કહેવા લાગ્યા હતા કે દરિદ્રને માટે વિવાહ કરવો એ અધર્મ છે; કાયદાના જોરે તેઓના વિવાહ અટકાવવા જોઇએ. હજુ તો એકસો વરસ વીત્યાં નથી, તે દરમિયાન પવન ફર્યો છે, યુરોપીય મહાન વિગ્રહ પછી ત્યાં સંભળાવા લાગ્યું છે કે કાયદાના જોરે બધાને વિવાહ કરવાની ફરજ પાડવી જોઇએ. રાષ્ટ્રનાં કલ્યાણ માટે વિવાહ કરવાની ફરજ પાડવી જોઇએ. આધુનિક કાળમાં રાષ્ટ્રનું હિત જોઇ ધર્માધર્મનો નિર્ણય થાય છે. રાષ્ટ્રનાં હિત માટે ઘણા દેશોમાં દરેક બાળકને વિદ્યા ભણવાની ફરજ પાડવામાં આવે છે. રાષ્ટ્રનાં કલ્યાણ માટે કદાચ સર્વને ફરજિઆત પરણાવવામાં આવશે. પ્રાચીન ભારતવર્ષમાં રાષ્ટ્રતંત્રનું આટલું બધું પ્રભુત્વ નહોતું. તોપણ સમાજનું હિત વિચારી ધર્મ અને અધર્મનો નિર્ણય થતો હતો ખરો. કાયદાને જોરે ફરજ પાડવી એ ભારતવર્ષનો સ્વભાવ નથી. તોપણ ભારતવર્ષની સમાજ વ્યવસ્થાએ વાસ્તવિક રીતે કેટલીક બાબતોમાં એ ફરજ નાખી હતી. જે ઇરાદાપૂર્વક જીવનપર્યંત બ્રહ્મચારી રહે, અથવા બ્રહ્મચારી પછી સંન્યાસી થાય, તે વિવાહ કરેજ નહિ. કાયદાને જોરે તેમને વિવાહ કરવાની ફરજ પાડવી એ વિચાર આ દેશના સમાજને કદીપણ આવ્યો નથી. પરંતુ ગૃહસ્થ થાય, તે વિવાહ કરવાને બંધાએલો રહેતો. તે વિવાહ ન કરે તો તેને પૂરેપૂરી સામાજિકતા ન મળે. વેદ–વિહિત સકળ ધર્મકર્મ પત્ની સાથે કરવાં પડે છે. જે પુરુષ પત્ની ગ્રહણ ન કરે, તેની સાથે માનવનાં મર્ત્યજીવનના નિયામક દેવતાઓનો કશો સંબંધ રહેતો નથી. દેવો મનુષ્યે આપેલા યજ્ઞભાગની રાહ જોતા બેઠા છે. જેને પત્ની નથી તે દેવતાને યજ્ઞભાગ આપી શકે નહિ; પિતૃઓ સાથે પણ તેનો પૂર્ણ સંબંધ બંધાતો નથી. પિતૃઓ વંશપરંપરા અપાતા પિંડનું ભોજન કરવાની રાહ જોતા બેઠા છે. જે પુરુષને પત્ની ન હોય તે વંશ ટકાવી શકતો નથી, પિંડ ન મળે એવી બીકથી પિતૃઓ રડે છે. જે પુરુષ પિતૃઓને પિંડ આપે, તેજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિતાની સંપત્તિનો અધિકારી થાય, માટે જે વ્યક્તિ વંશ ન ટકાવી શકે તે પિતાની સંપત્તિનો પૂરેપૂરો અધિકાર મેળવી શકતી નથી. સમાજ માંહેના બીજા લોકો સાથે તે પૂરેપૂરો સંબંધ બાંધી શકતી નથી. સામાજિક જીવનની પૂર્ણતાને માટે વિવાહ આવશ્યક છે. જીવનની ઉન્નતિ માટે વિવાહ આવશ્યક છે. વિવાહ જીવનનો ખાસ સંસ્કાર છે. એ હેતુથી દ્વિજાતિ-સમાજમાં સામાજિક ગૃહસ્થ વિવાહ કરવાને બંધાએલો છે.

પરંતુ એટલું યાદ રાખવાનું છે કે આચાર્યને ઘેરથી વેદ-વિદ્યા ભણી સમાવર્તન બાદ વિવાહ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આધુનિક કાળમાં કેટલીક જાતોમાં પાસ થએલા છોકરાનો વિવાહનાં બજારમાં વધુ દર હોય છે; પ્રાચીન સમયમાં તો પાસ થયા વગરનો છોકરો પરણવાને નાલાયક ગણાતો. આપણાં ધર્મશાસ્ત્રોએ પ્રાચીન સમયમાં જે માન્યતા ખડી કરી હતી, અત્યારે તેમાંનું કશું બંધન રહ્યું નથી. તોપણ બ્રાહ્મણનો છોકરો પોતાનાં ગળામાં જનોઇ ન બતાવે તો વિવાહ થઇ શકે નહિ. જનોઇના તાંતણા બતાવી દે કે તે ગમે તેવો મૂર્ખ હોય, પણ વેદનો ગાયત્રી મંત્ર, વેદ-વિદ્યાનો જે સારમંત્ર છે તે ગાયત્રી મંત્ર તો તે ભણ્યો છે જ, એવું આપણે ધારી શકીએ છીએ. પરંતુ તે વખતમાં શાસ્ત્રનું બંધન આવું ઢીલું નહોતું. વેદ-વિદ્યાનો કેટલોક ભાગ ભણ્યા સિવાય સમાવર્તનનો અધિકાર મળતો નહિ, અને સમાવર્તન વિના કોઇનો પણ વિવાહ થતો નહિ, તે ગૃહસ્થ થઇ શકતો નહિ, સમાજમાં તેનો કોઇ ભાવ પૂછતું નહિ. પરિણામે માન્યતા મુજબ દ્વિજાતિ-સમાજમાં મૂર્ખ માટે સ્થાન નહોતું. પ્રત્યેક દ્વિજ માટે વિદ્યા મેળવવાનું કામ તદ્દન અવશ્યનું હતું, ફરજિઆત હતું. ગૃહસ્થ થવા ઇચ્છનારને માટે જેમ વિવાહ ફરજિઆત હતો, તેમ વિદ્યાપ્રાપ્તિ પણ ફરજિઆત હતી, કારણ કે મૂર્ખ માટે વિવાહ નિષિદ્ધ હતો. આધુનિક કાળમાં લોકશિક્ષા ( mass-education ) ફરજિઆત કરવાની ચર્ચા ચાલે છે, પરંતુ શી રીતે ફરજિઆત થઇ શકે, તેનો ઉપાય મળતો નથી; રાષ્ટ્રશક્તિને તેમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવાના પોકારો કરવામાં આવે છે. તે સમયમાં શાસ્ત્રકારોની વ્યવસ્થામાં વિદ્યાલાભ ફરજિઆત કરવામાં આવ્યો હતો; વેદ-વિદ્યા પ્રાપ્તિ, અર્થાત્ તે સમયની ઉંચામાં ઉંચી વિદ્યા મેળવવાની ફરજ પાડવામાં આવી હતી. આધુનિક સમયનાં વિશ્વવિદ્યાલયો વિવાહ થતો અટકાવી તે મુજબ ઉચ્ચ કેળવણી ફરજિઆત કરી શકે કે નહિ, તે બાબત માનનીય વાઇસ-ચાન્સેલર સાહેબ વિચાર કરી જોશે.

ભારતવર્ષનો આ અતિ પુરાતન સમાજ, જે સમાજના બંધારણમાં અશિક્ષિત વ્યક્તિનું સ્થાન નહોતું, જે સમાજમાં અશિક્ષિત વ્યક્તિ ગૃહસ્થ અથવા ગૃહપતિ થઇ શકતી નહિ, ગૃહસ્થના અધિકાર મેળવી શકતી નહિ, ધર્મ-કર્મના અધિકાર મેળવી શકતી નહિ, સમાજમાં પતિત સમાન રહેતી, તે સમાજ તે **દ્વિજાતિ-સમાજ.** એ સમાજમાંની દરેક વ્યક્તિ દ્વિજ કહેવાતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણમાંની ગમે તે વર્ણ હોય, અથવા કોઇપણ મિશ્રવર્ણની હોય, પણ તે દ્વિજ સંજ્ઞાથીજ ઓળખાતી. જે વ્યક્તિને એક વખત કુદરતી રીતે જન્મ મળ્યો છે; અને બીજી વખત વેદવિદ્યા મેળવી સંસ્કૃત થઇ, વિશુદ્ધ થઇ, પવિત્ર થઇ બીજો જન્મ મળ્યો છે, નવીન સામાજિક જન્મ મળ્યો છે, તે વ્યક્તિ દ્વિજ કહેવાતી. જે બ્રાહ્મણ બીજાનાં છોકરાંને ભણાવે, બીજાને ધર્મ-કર્મ શીખવે, કરાવે, તે દ્વિજ ગણાય. જે ક્ષત્રિય રાજકાર્ય કરે અથવા લડાઈ કરે તે દ્વિજ ગણાય, અને જે વૈશ્ય ગાયો ચરાવે, હળવડે પોતાનાં ખેતરમાં ખેડ કરે, અથવા દુકાન ચલાવે, તેપણ દ્વિજ. બધી વેદવિદ્યામાં, પૂરેપૂરા કર્મકાંડ અને જ્ઞાનકાંડમાં, તેઓને પૂરેપૂરો અધિકાર મળતો. તે અધિકારથી તેને કોઇ વંચિત કરી શકતું નહિ. સમાજ-સ્થિતિને માટે અને લોક-સ્થિતિને માટે તેઓને કેટલીક સામાજિક વિધિ માની ચાલવું પડતું, કેટલાંક કૃત્રિમ અનુષ્ઠાન કરવાં પડતાં. એ કૃત્રિમ અનુષ્ઠાનોનું સાધારણ નામ **યજ્ઞ** હતું. એ યજ્ઞનું તાત્પર્ય ન સમજાય ત્યાં સુધી વેદપંથી દ્વિજાતિ-સમાજનું ગૂઢ તથ્ય સમજાતું નથી, વેદપંથી સમાજનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનનો ઇતિહાસ અને કર્મનો ઇતિહાસ સારીરીતે સમજી શકાતો નથી, ભારતવર્ષની જે વિશિષ્ટતા છે, તે સમજી શકાતી નથી.

યાદ રાખવું જોઇએ કે સર્વે દેશમાં અને સર્વકાળમાં મનુષ્ય–સમાજ એ એક જાતનું કૃત્રિમ યંત્ર છે. સર્વત્ર કેટલાંક કૃત્રિમ અનુષ્ઠાનોનું અવલંબન કરી સમાજબંધનના પ્રયત્નો થયા છે. સમાજ–યંત્રની જટિલતા કોઈ સ્થળે વધુ તો કોઇ સ્થળે ઓછી હોય છે. તે મુજબ આવાં કૃત્રિમ અનુષ્ઠાનો કોઇ જગાએ વધુ તો કોઈ જગાએ થોડાં હોય છે. ઘણે સ્થળે એ અનુષ્ઠાનોનું તાત્પર્ય સમજી શકાતું નથી. એક સમયે કદાચ તેનું તાત્પર્ય સમજાતું હોય, પણ અત્યારે તેનું તાત્પર્ય કોઇપિણ રીતે સમજવામાં આવતું નથી. પંડિતો વૈજ્ઞાનિક પદ્ધતિ મુજબ એ બધાં અનુષ્ઠાનોનો અર્થ સમજવા પ્રયત્ન કરે છે. આજકાલ (anthropology) અર્થાત્ માનવ–વિદ્યા એક જાતની વિજ્ઞાન–વિદ્યા થઇ પડી છે. માનવતત્ત્વવિત્ પંડિતો વૈજ્ઞાનિક રીતિનું અવલંબન કરી માનવ–સમાજનાં દરેક અનુષ્ઠાનોનું તાત્પર્ય શોધે છે. તેમ કરવામાં મુખ્ય બે રસ્તાઓ ગ્રહણ કરે છે. પ્રથમ રસ્તો તુલનામૂલક આલોચનાનો છે. જુદા જુદા દેશમાં જુદા જુદા સમાજમાં જે જે અનુષ્ઠાનો હાલમાં પ્રચલિત છે, તે સર્વને એકત્ર કરી તુલના કરી ચર્ચા કરવી પડે છે. મળતાપણું ક્યાં છે, જુદાઈ ક્યાં છે, મળતાપણું હોય તો તે કેટલું છે, જુદાઇ હોય તો તે કેટલી છે, વગેરે બાબતોની સૂક્ષ્મ રીતે ચર્ચા કરવી પડે છે. આવી ચર્ચાથી ઘણાખરા રીતરિવાજોનો અર્થ સમજી શકાય છે. બીજો રસ્તો ઐતિહાસિક આલોચનાનો છે. કોઇ એક સમાજમાં ઘણા જુના સમયમાં કેવા રિવાજો હતા, તે બાબતનો તે દેશનો પ્રાચીન ઇતિહાસ હોય, પ્રાચીન સાહિત્ય હોય, તો તેમાંથી પત્તો મળે છે. જે દેશનો સાંગોપાંગ ઇતિહાસ છે, તે દેશના જુના રિવાજો ધીમે ધીમે કેવી રીતે વિકાર પામ્યા, તેની તપાસ કરતાં એ રિવાજોનો અર્થ સમજી શકાય છે. ચાલુ સમયમાં જે રિવાજનો કશો અર્થ ન જણાતો હોય, તે રિવાજનો પ્રાચીન કાળમાં એકાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થ હતો, એ ઇતિહાસ પરથી જાણી શકાય છે. ચાલુ સમયમાં જે તદ્દન ઉદ્દેશ વગરનો અને નિરર્થક જણાય, તેનો પ્રાચીન સમયમાં એકાદ ઉદ્દેશ, એકાદ અર્થ હતો. એક પ્રચલિત દૃષ્ટાંત લઇએ. આપે સાંભળ્યું હશે કે અંગ્રેજો નાતાલના તહેવારોમાં મિસલેટો (mistletoe) નામની વેલ વડે ઘર શોભાવે છે. બીજી વેલ ન લેતાં મિસલેટો વડે ઘરો શણગારવાનું કારણ શું? અત્યારે તે બાબત કશું સમજાતું નથી. પરંતુ જુના ઇતિહાસ પરથી તેનું કારણ સમજાય છે. અંગ્રેજોના દેશમાં જ્યારે અંગ્રેજોનો આવિર્ભાવ થયો નહોતો, ત્યારે બ્રિટન લોકો ઑક નામક ઝાડની પૂજા કરતા. મિસલેટોની વેલ ઑકને વિંટાઇ પોષણ મેળવે છે. તે કાળમાં બ્રિટનો એ વેલની અલૌકિક શક્તિમાં વિશ્વાસ રાખતા હતા. નાતાલના તહેવારોમાં સૂર્ય ઉત્તરાભિમુખ થતાં નવીન વર્ષનો ઉત્સવ પાળવા ડ્રુઇડ લોકો મહા ધામધુમ સાથે ઑકનાં ઝાડ પરથી તે વેલ કાપી લાવતા અને તેના કકડા કરી યજમાનોમાં વહેંચતા. મિસ-લેટો ઘરમાં રાખવાથી લક્ષ્મીદેવી ઘરમાંજ બંધાઇ રહેતાં. મિસલેટો સર્વ વ્યાધિનો વિનાશ કરનાર હોવાથી તેના કકડા બહુજ યત્નપૂર્વક ઘરમાં સાચવી રાખવામાં આવતા. અત્યારે તે ડ્રુઇડ લોકો પણ નથી, બ્રિટનો પણ નથી; મિસલેટોનાં માહાત્મ્ય પર કોઇ વિશ્વાસપણ રાખતું નથી. પરંતુ બ્રિટનોનો દેશ જેઓ પચાવી પડયા છે, પ્રાચીન ધર્મ છોડી ખ્રિસ્તી થયા છે, તે વિજેતા અંગ્રેજો પણ હજીસુધી એ નાતાલના તહેવારના આનંદમાં પરા-જિત બ્રિટનોની એ પુરાતન પ્રથાનો ત્યાગ કરી શકયા નથી. અત્યારે એ રિવાજ તાત્પર્ય વિનાનો છે; પરંતુ એક વખતે તેમાં ભારે અર્થ સમાએલો હતો. ઇતિહાસની ચર્ચા કરતાં તે સમજી શકાય છે. આ નાતાલના તહેવારોજ જુઓ. તુલનામૂલક આલોચના કરતાં જણાય છે કે નાતાલનો તહેવાર બધી જાતિઓમાં કોઇપણ આકારમાં મોજુદ છે. સૂર્ય દક્ષિણ તરફ જતાં જતાં એક દિવસ ઉત્તરાભિમુખ થાય છે; સંસ્કાર વગરની અથવા તદ્દન જડ જાતિપણ એ દિવસ ધ્યાનમાં રાખે છે. તે દિવસ શિઆળો પૂરો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થવાની સૂચના આપે છે. આખી પૃથ્વીની મૂર્તિ બદલાવવાની તૈયારી કરે છે. એ દિવસ બધાંને માટે આનંદનો દિવસ છે, ઉત્સવનો દિવસ છે. આપણે પણ ઉત્તરાયણ સંક્રાંતિને દિવસે નાના પ્રકારનાં પુણ્ય-કર્મ કરીએ છીએ. પોષ માસ આપણો પુણ્ય માસ છે. પોષ માસમાં લક્ષ્મીપૂજા થાય છે. ઇસુ ખ્રિસ્તનો જન્મ કઈ તારીખે થયો હતો, તે કોઇપણ ખ્રિસ્તી જાણતો નથી. પરંતુ ઇસુ ખ્રિસ્તે નવીન ધર્મ ફેલાવ્યો, માનવ જાતિના ઇતિહાસમાં એક નવું પ્રકરણ લખ્યું. ખ્રિસ્તીઓએ કલ્પના કરી લીધી કે આ સંક્રાંતિ તહેવારને દિવસે આખી પૃથ્વીપર નવજીવનનો સંચાર થાય છે, માટે તેજ દિવસે ખ્રિસ્તનો જન્મ થયો હશે. ખ્રિસ્તના જન્મ પહેલાં ઉત્તરાયણ સંક્રાતિનો જે ઉત્સવ પળાતો હતો, તેનેજ રૂપાન્તરિત કરી ખ્રિસ્તના જન્મોત્સવના રૂપમાં ફેરવવામાં આવ્યો. જેનું તાત્પર્ય એક જાતનું હતું, તેમાં ફેરફાર કરી જુદીજ જાતનું તાત્પર્ય ગોઠવવામાં આવ્યું.

આ દૃષ્ટાંતો પરથી વૈજ્ઞાનિક પદ્ધતિ કેવી છે, તે સમજાશે. ચાલુ જમાનામાં માનવજાતિવિદ્યા ( anthropology ) મહાન વિદ્યા થઈ પડી છે, તેમાં કશો શક નથી. પરંતુ તેમાં જેટલી બડાઈ છે, તેટલું પરિણામ આવ્યું નથી. અત્યારેપણ તેમાં ડગલે ડગલે મતભેદ અને સંશય પેદા થાય છે. પંડિતોમાં એટલો બધો મતભેદ પડે છે કે કોઇપણ સિદ્ધાંતને તદ્દન ખરો માની શકાતો નથી. તેથી ખેદ પામવાનું કશું કારણ નથી. એ વિદ્યા અત્યારે વિજ્ઞાનવિદ્યા છે. વિજ્ઞાનવિદ્યાનો એ દોષ પણ છે, ગુણ પણ છે. કોઈ સિદ્ધાંતને તદ્દન સત્ય માનવાની વિજ્ઞાનવિદ્યાને ટેવ નથી. જ્ઞાનના વિસ્તાર સાથે પ્રત્યેક સિદ્ધાંતને પૂર્ણતા અને પરિણતિ તરફ લઇ જવો એ વિજ્ઞાનવિદ્યા નું કામ છે. વિજ્ઞાનવિદ્યા જે માર્ગે ચાલે છે તેજ માર્ગે તેને ચાલવું પડશે. વિજ્ઞાનવિદ્યાને માટે અધ્યાત્મવિદ્યાની પેઠે **नान्यः पन्था विद्यतेऽयनाय ।** લક્ષ્ય સિદ્ધ કરાવે એવો એ એકજ માર્ગ છે, બીજો માર્ગ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચુસ્ત ખ્રિસ્તીને જો કહેવામાં આવે કે તમારા નાતાલના તહેવાર સાથે ઇસુ ખ્રિસ્તના જન્મને કશો સંબંધ નથી, એ ખ્રિસ્તીઓનો ખાસ ઉત્સવ નથી, મનુષ્ય માત્રનો સામાન્ય ઉત્સવ છે, તો તે કદાચ ગુસ્સે થશે. તેને જન્મથીજ વિશ્વાસ બેસી ગયો છે કે એ સમયે જ ખ્રિસ્તનો જન્મ થયો હતો અને એ વિશ્વાસને લીધેજ તેણે તે ઉત્સવનાં અનુષ્ઠાનમાં બધી શ્રદ્ધા, પ્રીતિ અર્પણ કરી છે. એ વિશ્વાસનું મૂળ શિથિલ કરી દેવાથી તેનાં ધર્મ-જીવનની ગાંઠપણ ઢીલી પડી જવાની. વૈજ્ઞાનિકો હજારો સાબીતિઓ આપે તોપણ તે તો એ શ્રદ્ધાને દૃઢતાપૂર્વક પકડી રાખવાનોજ. કારણ કે મનુષ્યની પ્રવૃતિ ઉપર, કર્મ પર, પ્રજ્ઞાનું પ્રભુત્વ બહુ નથી. સંસ્કાર અને શ્રદ્ધા .ખરી રીતે મનુષ્ય જીવનનાં નિયામક છે. પ્રજ્ઞા ભ્રાન્તિ બતાવી મનુષ્યને પોતાની સત્તા નીચે લાવવા ઇચ્છે છે, તેને સંયત કરવા ઇચ્છે છે, પરંતુ તેને બધી રીતે સફળતા મળતી નથી. કર્મના માર્ગપર મુસાફરી કરતાં મનુષ્ય સહે-લાઇથી પ્રજ્ઞાની સત્તા સ્વીકારતું નથી. તેનો અંતરાત્મા વિદ્રોહી થઇ જાય છે. વિજ્ઞાનવિદ્યાની સાથે ધર્મને જે વિરોધ છે, તે વિરોધ કદી મટવાનો નથી, તેનું મૂળ અહીં છે. સામાજિક મનુષ્યનાં કર્મનું તાત્પર્ય સમજવું હોય તો આ વાતની અવજ્ઞા કર્યે ચાલવાનું નથી. વિજ્ઞાનવિદ્યા ગમે તે કહે, પણ મનુષ્ય પોતાના સંસ્કાર અને શ્રદ્ધાને પોતાના સ્વભાવ સાથે, પોતાના જીવન સાથે, સમાન કરી બાંધી લે છે અને તે મુજબ કર્મ કરે છે. ઘણાખરા સામાજિક રીતરિવાજોનો ઇતિહાસ જાણવામાં આવતો નથી. અવૈજ્ઞાનિક મનુષ્યને તે જાણવાની પરવા પણ નથી. પરંતુ તે પ્રત્યેક અનુષ્ઠાનમાં એક કાલ્પનિક તાત્પર્યનો આરોપ કરી તે તાત્પર્યને વળગી રહે છે. જે વ્યક્તિમાં કલ્પના કરવાની શક્તિ નથી તે બીજાએ માનેલું માની લે છે, અને તે માન્યતાને દૃઢતાપૂર્વક વળગી રહે છે. જેઓમાં કલ્પના કરવાની શક્તિ વધુ છે, તેઓ નાના પ્રકારનાં તાત્પર્ય ખુલ્લાં કરે છે અને બીજા સાધારણ લોકો એ તાત્પર્ય ગ્રહણ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

આર્યજાતિની જે શાખાએ ભારતવર્ષમાં પ્રવેશ કરી વેદપંથી સમાજની સ્થાપના કરી હતી, તેઓનો મુખ્ય સામાજિક રિવાજ યજ્ઞનો હતો. તેનું મૂળ શોધવા માટે એથી પણ પ્રાચીન કાળમાં જવું પડશે. ભારતીય અને ઇરાની ધર્મગ્રંથની તુલનામૂલક આલોચના કરતાં તે ક્રિયાનું મૂળ જણાઈ આવે છે. આર્ય સિવાયની બીજી પ્રજાઓમાં પણ યજ્ઞનો રિવાજ કોઈપણ પ્રકારમાં મોજુદ હતો, અને અત્યારે પણ છે, એ આપ જાણો છો. એ બધી વાત આપનાથી અજાણી ન હોવાથી હું તે બાબત આપનો સમય ગુમાવીશ નહિ. ભારતવર્ષમાં વેદપંથી સમાજમાં યજ્ઞક્રિયા ધીમે ધીમે અત્યંત પંલ્લવિત થઈ અત્યંત જટિલતાપૂર્ણ થઇ ગઈ હતી. ઘણા રિવાજોનું જુનું તાત્પર્ય લોકો ભૂલી ગયા હતા. પરંતુ નવું તાત્પર્ય આરોપનારનો તોટો નહોતો. કલ્પનાશક્તિમાં ભરતખંડના લોકો બીજા કોઇપણ દેશના લોકો કરતાં ઓછા ઉતરે તેમ નથી. આપે વેદના બ્રાહ્મણગ્રંથોનું નામ સાંભળ્યું હશે. બ્રાહ્મણગ્રંથો મુખ્યત્વે કરીને યજ્ઞનાં વિવરણથી પરિપૂર્ણ છે. કયા યજ્ઞમાં કઇ કઇ ક્રિયા કરવી જોઇએ, તે બ્રાહ્મણગ્રંથોમાં બતાવવામાં આવ્યું છે. જેઓએ બ્રાહ્મણગ્રંથો બનાવ્યા તેઓ બ્રહ્મવાદી કહેવાતા. તેઓની કલ્પના અખૂટ હતી. કોઇપણ સ્થાને તેઓ પાછું ડગલું ભરતા નહિ. બ્રાહ્મણગ્રંથોનો અભ્યાસ કરતાં આપ જોઇ શકશો કે તેઓ દરેક અનુષ્ઠાનોનું એક પછી એક વિવરણ કરતા જાય છે. અને કયા અનુષ્ઠાનનો શો અર્થ થાય છે, તે કંઇપણ સંકોચ રાખ્યા સિવાય દ્વિધાહીન નિર્ભ્રાન્ત ચિત્તે બતાવી આપે છે; અત્યંત સરળતાપૂર્વક પોતપોતાનો મત પ્રકટ કરતાં જાય છે, તેઓ બોલ્યેજ જાય છે; તેઓનાં મુખમાંથી જે વાક્યો બહાર નીકળે છે, તે માટે તેઓ જાણે જરાપણ જવાબદાર ન હોય! એ બધાં વાક્યોને અનુકૂળ કોઇપણ દલીલ છે કે નહિ, એ તર્ક આગળ ટકી શકશે કે નહિ, તે તરફ તેઓનું ધ્યાન જ નથી. જાણે કેમ તેના અંતઃકરણમાંથી કોઇ બોલાવતું હોય અને તેઓ બોલી જતા હોય, તેમ બોલ્યેજ જાય છે. ઠેકઠેકાણે એવું પણ જણાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે કે એ બ્રહ્મવાદીઓએ એકજ બાબતનું તાત્પર્ય બે રીતે બતાવેલું હોય, એકે બીજાનું ખંડન કર્યું હોય, પરંતુ તેથી કોઇ બ્રહ્મવાદીને સંકોચ થતો નથી. બંને પક્ષ પોતપોતાની વાતપર સરખો ભાર મુકે છે. બંનેનાં વાક્ય વેદવાક્ય ગણાય છે.

વેદ એટલે શું, જો આપ મને એ પ્રશ્ન પૂછવા માગતા હો તો હું તેનો જવાબ આપી શકીશ નહિ. આપણા શાસ્ત્રકારો પણ તેનો જવાબ આપી શકયા નથી. તેઓએ એટલે સુધી કહ્યું છે કે વેદના બે ભાગ છે–મંત્ર અને બ્રાહ્મણ. મંત્ર અને બ્રાહ્મણ એ બંને મળી વેદ થાય છે. સામાજિક વ્યક્તિ માટે મંત્ર અને બ્રાહ્મણ બંનેની કિંમત સરખી છે, બંને વેદવાક્ય છે, બંને નિત્ય, અપૌરૂષેય છે, કોઇપણ વ્યક્તિનાં રચેલાં વાકયો નથી. અમુક વ્યક્તિઓએ એનો પ્રચાર માત્ર કર્યો છે. જેઓએ એ મંત્ર અને બ્રાહ્મણનો ફેલાવો કર્યો છે, તેનું જ નામ ઋષિ. વેદના મંત્રોના ત્રણ વર્ગ પાડી શકાયઃ– **ઋક્, યજુઃ** અને **સામ. ઋક્**મંત્રો છંદમાં રચેલાં વાકયો છે. આધુનિક કાળમાં જેને પદ્ય કહે છે, અંગ્રેજીમાં જેને verse કહે છે, તે જાતનાં છે. **યજુ**ર્મંત્રો છંદમાં નથી. તે ગદ્ય મંત્રો છે, અંગ્રેજીમાં તેવી રચનાને (prose formula) કહી શકાય. **સામ** નામના જુદા મંત્રો નથી. ઋક્મંત્રોને કોઇ પણ પ્રકારના સુરવડે ગાતાં એજ મંત્રો સામ મંત્રો બને છે. કોઈપણ જાતનો છંદ ( verse ) જાળવી રાખી ઋક્મંત્રો બોલાય છે, અને તેજ મંત્રો સંગીતમાં ગાવાથી સામમંત્રો બની જાય છે. યાજ્ઞિકોએ **નિગદ** અને **પ્રૈષ** નામના એક બીજી જાતના મંત્રોનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ તે પણ ગદ્યમય વાકયો છે, માટે તેઓને યજુર્મંત્રોના પ્રકાર માની શકાય. પરિણામે ઋક્, યજુઃ અને સામ આ ત્રણ વર્ગ સિવાય ચોથા વર્ગના મંત્રો નથી. એ માટે જ મંત્રાત્મક વેદવિદ્યાને **ત્રયીવિદ્યા** કહે છે. વેદ ત્રણ કે ચાર, એ પ્રશ્ન વારંવાર પુછાય છે. આપે ઋક્, યજુઃ, સામ અને અથર્વ એ ચાર વેદનાં નામ સાંભળ્યાં છે. અત્યારના ઘણાખરા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પંડિતો કહે છે કે ઋક્, યજુઃ, સામ આ ત્રણ વેદ જ પ્રાચીન છે. ચોથા અથર્વવેદને પાછળથી પરાણે વેદના વર્ગમાં ઘુસાડ્યો છે. પરંતુ આ પ્રમાણે માનવાથી ઉપલા પ્રશ્નનો બરાબર જવાબ મળતો નથી. મૂળ વાત એ છે કે વેદના મંત્રોના ત્રણ વર્ગ છે, પરંતુ તેની સંહિતા ચાર છે. વેદમંત્રના સંગ્રહનું નામ સંહિતા. ઘણાખરા ઋક્ (મંત્ર) એકત્ર કરી જે સંગ્રહ કરવામાં આવ્યો તેનું નામ ઋક્–સંહિતા. એ પ્રમાણે યજ્ઞમાં વ્યવહાર કરવા જોગ યજુર્મંત્રોનો સંગ્રહ કરી યજુઃ સંહિતા બનાવવામાં આવી. જે ઋક્ મંત્રો યજ્ઞાનુષ્ઠાનમાં ગાવામાં આવતા તે એકત્ર કરી સામસંહિતા બનાવવામાં આવી. આ પ્રમાણે સંગ્રહ કરતાં છતાં કેટલાક મંત્રો બાકી રહ્યા, તે મંત્રો સાધારણ રીતે યજ્ઞક્રિયામાં વપરાતા નહિ, તેઓ શાંતિપુષ્ટિ વગેરે કાર્ય માટે વપરાતા હતા. તે બધાને એકત્ર કરી અથર્વ સંહિતા બનાવવામાં આવી. આ અથર્વસંહિતાના ઘણાખરા મંત્રો ઋક્મંત્રો છે, પરિણામે ઋક્, યજુઃ અને સામ સિવાય બીજા મંત્રો નથી. વેદમંત્ર ત્રણ પ્રકારના છે, પરંતુ વેદ સંહિતા (collection) ચાર છે. પ્રત્યેક મંત્ર કોઇ પણ વખતે પ્રચારમાં આવ્યા હતા. પ્રચારમાં આવ્યા હતા એમ કહું છું તેનું કારણ એ કે કોઇપણ વ્યક્તિએ કોઇ મંત્ર રચ્યો હતો, એ વાત વેદપંથી વ્યક્તિઓમાંની કોઇપણ વ્યક્તિ કદીપણ માનવાની નથી. જેણે જે મંત્ર પ્રચારમાં મુકયો, તે તે મંત્રનો ઋષિ ગણાય છે. જે મંત્રમાં જે દેવતાને લક્ષ્ય ઠરાવવામાં આવ્યા હોય, તે તે મંત્રના દેવતા ગણાય છે. એ સિવાય પ્રત્યેક મંત્રનો કોઈપણ કર્મમાં, કોઈપણ અનુષ્ઠાનમાં વિનિયોગ થતો. યાજ્ઞિકોના મત મુજબ પ્રત્યેક મંત્ર કોઇપણ કર્મમાં, કોઈપણ અનુષ્ઠાનમાં વપરાવાનો જ. કર્મમાં ઉપયોગ નહિ એવા મંત્રની સાર્થકતા કયાં રહી? માટે ફક્ત મંત્રની સંહિતા વડે, મંત્રના સંગ્રહ ગ્રંથ વડે સમાજને કશો લાભ નથી. સામાજિકને માટે વેદમંત્રોની સાર્થકતા બતાવવી પડશે. એ માટે બ્રાહ્મણગ્રંથોની આવશ્યક્તા થઇ પડી. બ્રાહ્મણગ્રંથોમાં કયો મંત્ર કઇ ક્રિયામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વપરાય છે, ક્યારે કઈ રીતે વપરાય છે, તે કર્મમાં એ મંત્રની સાર્થક્તા શી છે, બીજા મંત્રોનો પ્રયોગ ન કરતાં એજ મંત્રનો પ્રયોગ શા માટે કરવામાં આવે છે, એ બધાંનું વિસ્તૃત વિવરણ કરવામાં આવ્યું છે. જે બ્રહ્મવાદીઓએ આ બ્રાહ્મણગ્રંથો પ્રચારમાં મુકયા, તે પણ ઋષિ ગણાય છે. તેઓ અંતરની પ્રેરણાનાં બળવડે મંત્રોનો વિનિયોગ અને મંત્રોનું તાત્પર્ય સમજી શકયા હતા અને જે સમજ્યા હતા તે સમાજનાં કલ્યાણ માટે તેઓએ પ્રચારમાં મુકયું હતું. આ અંતરની પ્રેરણા, આ પ્રતિભા (inspiration) બધાને હોય એવો સંભવ નથી. માટે મંત્ર જેમ વેદવાક્ય ગણાય છે તેમ મંત્રના સંબંધના બ્રાહ્મણગ્રંથો પણ વેદવાક્ય મનાય છે. માંટે મંત્ર અને બ્રાહ્મણ બંને મળી વેદ થયો છે.

પરિણામ એ આવ્યું છે કે આપણા વેદપંથી સમાજનો પાયો બ્રાહ્મણ ગ્રંથો બની ગયા છે. સમસ્ત વેદપંથી સમાજ બ્રાહ્મણગ્રંથોને વેદવાકય માને છે અને તે મુજબ સમાજની વ્યવસ્થા કરે છે. બ્રાહ્મણગ્રંથોમાં જે જે વિધિ-નિષેધ કરવામાં આવેલ છે, તે વેદપંથી સમાજનાં બધાં ધર્મ-શાસ્ત્રોનું મૂળ છે. એટલુંજ નહિ પણ સ્પષ્ટ રીતે કહીએ તો વેદવાકય અર્થાત્ બ્રાહ્મણ ગ્રંથોક્ત વાકય સ્વતઃપ્રમાણ ગણાય છે, તે માનવુંજ જોઇએ. પ્રચલિત ધર્મ-શાસ્ત્રોના કોઇપણ વાકય સાથે જો એ વેદવાક્યોનો વિરોધ હોય, તો ધર્મશાસ્ત્રનાં તે વાકયો અગ્રાહ્ય ગણાય છે. મેં આપને પ્રથમથીજ જણાવ્યું છે કે જુદા જુદા બ્રાહ્મણગ્રંથોના પ્રચારકર્ત્તા બ્રહ્મવાદીઓમાં પણ પુષ્કળ મતભેદ હતો. એકજ અનુષ્ઠાનનાં તાત્પર્ય સંબંધમાં જુદા જુદા મતો હતા. અનુષ્ઠાન કરવાની ક્રિયાઓમાં પણ ભિન્નતા હતી. છતાં એ દરેક બ્રહ્મવાદી ઋષિઓની ઉક્તિ વેદવાકય ગણાય છે. એ વેદવાકયની સમાનતા જાળવવા માટે પાછળથી થએલા પંડિતોને પુષ્કળ માથું પકવવું પડયું હતું. પરસ્પર વિરાધી વિધિનિષેધ વાકયની કોઇપણ રીતે સમાનતા ન જાળવે તો સામાજિક લોકો કયે રસ્તે ચાલે? એ સમાનતા જાળવવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે વેદવાક્યનું તાત્પર્ય નક્કી કરી કર્મમીમાંસા માટે દર્શનશાસ્ત્રની એક વિપુલ શાખા સરજાઈ હતી.

મીમાંસાદર્શન કહેવાથી આપણે આ દર્શન સમજીએ છીએ. પરસ્પર વિરોધી વેદવાક્યની સમાનતા જાળવવામાટે મીમાંસાદર્શને જે ન્યાય (rule) અથવા નિયમ (canon) નક્કી કરેલ છે તે સમસ્ત વેદપંથી સમાજે સ્વીકારી લીધેલ છે. આપણા સમાજમાં પ્રચલિત ધર્મતત્વનિર્ણય (Juris-prudence નો પાયો અહીં છે. કોઇપણ સામાજિક ક્રિયામાં સંશય ઉપસ્થિત થતાંજ મીમાંસાદર્શનની દોહાઈ આપવામાં આવે છે, અને મીમાંસાદર્શનનાં સૂત્રોનો પ્રયોગ કરી કર્ત્તવ્ય નક્કી કરવામાં આવે છે. બધા દેશમાં, બધા સમાજોમાં લોકસ્થિતિ કેટલાંક બનાવટી કલ્પિત ધોરણ (convention) ઉપર સ્થપાએલ છે. સામાજિક અનુષ્ઠાનોનો વિજ્ઞાનસંમત પાયો ગમે તે હો, પણ તેનો ઐતિહાસિક પાયો કેટલાંક કલ્પિત ધોરણ ઉપર, કેટલાક સંકેતો અથવા પ્રથા (fiction) ઉપર સ્થપાઈ ગયો છે. સમાજના ઘણા ખરા લોકો જે સ્વીકારી લે, તે વિજ્ઞાનસંમત હો કે ન હો, છતાં તેજ સમાજ વ્યવસ્થાનો પાયો થઈ જાય છે. વ્યવહારશાસ્ત્રવિદો અર્થાત્ કાયદા જાણનાર પંડિતો આ પ્રથા અથવા રૂઢિની વાત બહુ સારી રીતે સમજે છે. આ બાબતમાં મારે વાદવિવાદ કરવાની જરૂર નથી.

યજ્ઞની વાત પર આવીએ. 'યજ્ઞ' શબ્દ કોઈ વખતે અતિ સાંકડા અર્થમાં તો કોઇ વખતે અતિ વ્યાપક અર્થમાં વપરાય છે. યાજ્ઞિક પંડિતોએ 'યજ્ઞ' શબ્દનો એક અર્થ આપેલો છે. દેવતાને માટે કોઇપણ દ્રવ્યનો ત્યાગ કરવો તેનું નામ યજ્ઞ. આમાં ત્રણ શબ્દો મળે છે. દેવતા, દ્રવ્ય અને ત્યાગ. આ ત્રણે શબ્દના સાંકડા પારિભાષિક અર્થ છે, તેમ અત્યંત વ્યાપક અર્થ પણ છે. આપણે યજ્ઞનું તાત્પર્ય શોધવા માગીએ છીએ માટે ઉપલા શબ્દના સાંકડા અને વ્યાપક બંને અર્થ જાણવા જોઇએ. પ્રથમ સાંકડો અર્થ ગ્રહણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરીશું; ત્યારબાદ ધીમે ધીમે વ્યાપક અર્થપર આવીશું. સાંકડા અર્થમાં દેવતા, દ્રવ્ય અને ત્યાગ એટલે શું, તે આપ જાણોછો. વેદમાં જુદા જુદા પ્રકારના દેવતાઓનો ઉલ્લેખ છે. ઇન્દ્ર, અગ્નિ, સોમ, વિષ્ણુ, રૂદ્ર વગેરે. આ બધા દેવતાને માટે કોઇપણ દ્રવ્યનો ત્યાગ કરવો પડતો. ત્યાગ કરવાનાં કર્મનું બીજું નામ આહુતિ હતું: જે દ્રવ્ય ત્યાગવામાં આવતું તે હવ્ય કહેવાતું. નાના પ્રકારનાં દ્રવ્યો હવ્યરૂપે આપવામાં આવતાં. દૃષ્ટાંત તરીકે **આજ્ય** એટલે યજ્ઞ માટે સંસ્કૃત કરેલું ઘી, ચરૂ અથવા પાયસાન્ન, દુધ, દહીં, પુરોડાશ અથવા રોટલી, પશુમાંસ, સોમલતાનો રસ ઇત્યાદિ. આ દ્રવ્ય–ત્યાગ કર્મનું નામ **યાગ.** જે ગૃહસ્થનાં હિત માટે યાગ કરવામાં આવતો, તે **યજમાન** કહેવાતો. જે યજમાનનાં હિતમાટે આ યાગકર્મ પૂર્ણ કરતા તે **યાજક** અથવા **ઋત્વિક્** કહેવાતા. યાગકર્મનાં લગભગ બધાં અનુષ્ઠાન મન્ત્ર ઉચ્ચારી કરવામાં આવતાં. પ્રત્યેક કર્મના નક્કી કરેલા મંત્રો હતા. આગળ કહ્યું છે તેમ કર્મમાં વપરાતા હોવાથીજ મંત્રની સાર્થકતા ગણાતી. જે મંત્ર કાંઇ પણ કામમાં ન આવે તે મંત્ર નિરર્થક ગણાતા. મંત્ર ત્રણ જાતના હતા,–ઋક્, યજુઃ અને સામ. જે યજ્ઞોમાં આ ત્રણે જાતનાં મંત્રો વપરાતા, ત્યાં એક યાજકથી કામ પૂરૂં થતું નહિ. ત્યાં એક કરતાં વધુ યાજકોની જરૂર પડતી, કોઇ ઋત્વિક્ ઋક્ મંત્ર બોલતા–સ્પષ્ટ રીતે ઉચ્ચસ્વરે મંત્ર ભણતા. કોઇ યજુર્મન્ત્ર બોલતા–નીચે સુરે મંત્ર ભણતા. કોઇ સામ મંત્ર ગાતા. મોટા મોટા યજ્ઞોમાં આ ત્રણ વર્ગના યાજક અથવા ઋત્વિક્‌ની જરૂર પડતી; ઋગ્વેદી, યજુર્વેદી અને સામવેદી. ઋગ્વેદી મુખ્ય યાજકનું નામ **હોતા** હતું. તે ઋક્‌મંત્ર ભણતો. હોતા શબ્દથી આપ હોમ કરનાર એવો અર્થ સમજતા નહિ. હોતા શબ્દ આહ્વાનાર્થક "હ્વે" ધાતુ પરથી ઉત્પન્ન થયો છે. જે ઋક્ મંત્રનો ઉચ્ચાર કરી યજ્ઞને સ્થળે દેવતાનું આહ્વાન કરે અથવા દેવતાને બોલાવી લાવે તેનું નામ **હોતા.** હોતાને આહુતિ આપવી પડતી નથી. જે અગ્નિમાં આહુતિ આપે, તેનું નામ **અધ્વર્યુ.** તે અગ્નિમાં હવ્યદ્રવ્ય નાખતો અને તેનેજ યજ્ઞમાં ઉપયોગી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવ્યદ્રવ્ય તૈયાર કરવું પડતું. એ બધા કામમાં તેને યજુર્મન્ત્ર ભણવા પડતા. માટે અધ્વર્યુ તરીકે યજુર્વેદી ઋત્વિક્ રાખવામાં આવતા. મોટા મોટા યજ્ઞોમાં આહ્વાનકર્ત્તા હોતા અને આહુતિદાતા અધ્વર્યુ સાથે બીજા સહકારીઓ રાખવામાં આવતા. સામમંત્રો ગાનાર મુખ્ય ઋત્વિક્નું નામ ઉદ્ગાતા. કોઇ કોઇ યજ્ઞોમાં તેને પણ સહકારીની જરૂર પડતી. ઋગ્વેદી, યજુર્વેદી અને સામવેદી આ ત્રણે વર્ગના ઋત્વિક્નું કામ તપાસવા માટે, તેઓની ભૂલો સુધારવા માટે, એક મુખ્ય ઋત્વિક્ રાખવામાં આવતો. તેનું નામ **બ્રહ્મા** હતું. એક રીતે જોતાં તેજ સહુથી શ્રેષ્ઠ ગણાતો. તે બધાનું કામ તપાસતો. માટે ત્રણે વેદમાં પારંગત હોય તેનીજ નિમણુક આવાં કામપર થતી. તે ત્રિવેદી હોવો જોઇએ. બ્રહ્મા નામથીજ તેનું શ્રેષ્ઠત્વ સૂચવાય છે. કારણ કે તે કાળમાં વેદવાક્યનું બીજું નામ બ્રહ્મ હતું. બ્રહ્મવાક્યનું તાત્પર્ય જેમાં બતાવવામાં આવ્યું છે, વેદના તે અંશનું નામ બ્રાહ્મણ હતું. જેઓ બ્રહ્મવાક્યનાં તાત્પર્ય સમજાવતા તે બ્રહ્મવાદી કહેવાતા. વેદપંથી સમાજમાં જે વર્ણના લોકો પર આ બ્રહ્મવાક્યનાં રક્ષણની જવાબદારી સોંપવામાં આવી હતી, તે વર્ણનું નામ પણ બ્રાહ્મણ હતું. માટે ઋત્વિક્માં જે ત્રિવેદી અને શ્રેષ્ઠ હોય, તેનું નામપણ બ્રહ્મા રાખવામાં આવતું. કેટલાક યજ્ઞોમાં આ બ્રહ્માને પણ સહકારીઓની જરૂર પડતી.

યજ્ઞ માત્ર કર્મ ગણાતા અને પ્રત્યેક કર્મનું કંઇને કંઇ ફળ તો છે જ. તે આ લોકમાં મળે કે પરલોકમાં મળે. કયા કર્મનું શું ફળ, તે તર્કદ્વારા જાણી શકાતું નથી, વિચાર કરવાથી જાણી શકાતું નથી. કયાં કર્મનું ફળ શું મળે છે, તે બ્રહ્મવાદી ઋષિઓ પોતાની ખાસ શક્તિ દ્વારા–પ્રતિભા દ્વારા-જાણી શકતા. યજમાનનાં હિતમાટે યજ્ઞ આરંભાતા. પત્ની સહિત યજમાન યજ્ઞ કરતો, બંનેને સરખું ફળ મળતું. યજમાનની પત્ની યજ્ઞ સ્થળે હાજર રહેતી. પરંતુ તેને કોઈપણ વેદમંત્ર ભણવો પડતો નહિ. વેદમંત્રનો યથારીતિ અભ્યાસ કરવો હોય તો આચાર્યને ઘેર ઘણાં વરસો રહેવું પડતું. પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રીઓ માટે એ રીતે આચાર્યને ઘેર રહેવાની સગવડ ન હોવાથી સ્ત્રીજાતિને ધીમે ધીમે વેદમંત્રના ઉચ્ચારણના અધિકારમાંથી વંચિત થવું પડયું હતું. અતિ પ્રાચીન કાળમાં સ્ત્રીઓ પણ મંત્રોનો પ્રચાર કરતી, સ્ત્રીઓમાં પણ ઋષિ હતા, બ્રહ્મવાદિની સ્ત્રીઓ પણ હતી. એટલુંજ નહિ પણ આચાર્યને ઘેર રહી વેદના કર્મકાંડ અને જ્ઞાનકાંડની ચર્ચા કરવામાં પણ સ્ત્રીઓ ભાગ લેતી, તેનાં દૃષ્ટાંતનો પણ તોટો નથી. પરંતુ આધુનિક કાળમાં કેળવણી અર્થે નિર્માણ થયેલાં છાત્રાલયોમાં રહ્યા સિવાય વિશ્વવિદ્યાલયની ઉંચી કેળવણી લેવાનો અધિકાર મળતો નથી, તેમ તે વખતે પણ ઉપનયન વિના અર્થાત્ આચાર્યને ઘેર રહી વેદવિદ્યા ભણવાની સગવડ ન મળવાથી સ્ત્રીઓને ધીમે ધીમે વેદ ભણવાની તક ગુમાવવી પડી હતી. વેદના મંત્રો બોલવાનો અધિકાર પણ ગુમાવવો પડ્યો હતો. વેદમંત્રોનો ઉચ્ચાર કરવો એ સહેલી વાત નથી. બરાબર ઉચ્ચાર કરવા માટે **શિક્ષા** નામની વેદાંગ-વિદ્યાની ઉત્પત્તિ થઇ હતી. વળી જેમ જેમ વેદની ભાષા અપ્રચલિત થતી ગઇ, તેમ તેમ આચાર્યના ઉપદેશ વિના વેદમંત્રનું બરાબર ઉચ્ચારણ થઇ શકતું નહિ. વળી મંત્રનું બરાબર ઉચ્ચારણ ન થતું, તો ફળ પણ મળતું નહિ. એટલુંજ નહિ પણ વખતે અર્થનો અનર્થ થઈ જતો. 'ઈન્દ્રશત્રુ' શબ્દના ઉચ્ચારમાં ભૂલ થવાથી કેવું પરિણામ આવ્યું હતું, તે વાત સાંભળી હશે. * યજમાનની પત્ની વેદમંત્રનો ઉચ્ચાર ન કરી શકે તોપણ વૈદિક

---

* વૃત્રાસુરે ઇન્દ્રનો નાશ કરવા મારણમન્ત્ર આરંભ્યો હતો, તેમાં 'इन्द्रशत्रुर्वर्धस्व' એવો મંત્ર જપવામાં સ્વરની ભૂલ કરી. એ મન્ત્રમાં 'શત્રુ' શબ્દ યૌગિક લેવાનો છે; રૂઢ નહિ; એનો અર્થ 'કાપનાર' લેવાનો છે, 'શત્રુ' નહિ. રૂઢ અર્થ લઇએ તો બહુવ્રીહિ અને તત્પુરુષ બંને પ્રકારના સમાસનો અર્થ સરખોજ થાય, પણ અહિં અર્થ યોગ પ્રમાણે છે. એટલે 'ઈન્દ્રનો કાપનાર'ને 'ઇન્દ્ર છે કાપનાર જેનો' એના અર્થમાં ફેર છે. વૃત્રનો ઉદ્દેશ 'ઇન્દ્રનો કાપનાર' એવો અર્થ લેવાનો હતો. તત્પુરુષનો સ્વર અન્તોદાત્ત ને બહુવ્રીહિનો આદ્યુદાત્ત છે. અહિં-અન્ત્ય સ્વર ઉદાત્ત ભણવાને બદલે વૃત્રે આદિ સ્વર ઉદાત્ત પઠ્યો, એટલે તત્પુરુષને બદલે બહુવ્રીહિ સમાસ થયો, અને ઈન્દ્રના વધને બદલે જપ કરનારનોજ વધ થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્રિયામાં તેને પૂરેપૂરો અધિકાર હતો. પત્ની હાજર ન હોય તો યજ્ઞ થતોજ નહિ; પત્નીને પણ કેટલીક ક્રિયા કરવી પડતી; અને યજમાન-પત્ની પણ યજ્ઞનાં ફળનો સરખો ભાગ મેળવતી.

યજ્ઞોમાંના કેટલાક યજ્ઞ નિત્ય અને કેટલાક કામ્ય ગણાતા. કામ્યકર્મ સ્વેચ્છાધીન હતાં. જેને કોઇપણ ખાસ ફળ મેળવવાની ઇચ્છા હોય, તે તે જાતનાં કામ્યકર્મ કરે, ન કરે તોપણ કશું નુકશાન થતું નહિ. પરંતુ નિત્યકર્મ તો કરવાંજ પડતાં; ન કરે તો અડચણ આવતી. પરંતુ એ નિત્યકર્મ ન કરનારને માટે કોઇપણ જાતના રાજદંડની વ્યવસ્થા થઈ નહોતી. નિત્યકર્મ ન કરનારની સમાજમાં નિંદા થતી; તેને સમાજમાં પતિતપણું ભોગવવું પડતું કે નહિ તે બરાબર કહી શકાય તેમ નથી. આ દેશની સમાજ-વિધિ કોઇને પણ જોર જુલમથી કોઇપણ કાર્ય કરાવવા માગતી નથી. નિત્યકર્મ ન કરવાથી જે પાપ લાગે, તે પાપ કર્મ ન કરનારનેજ ભોગવવું પડતું હોવાથી બીજાને તેમાં શું લેવા દેવા ?

ઉપનયન બાદ બ્રહ્મચારી આચાર્યને ઘેર રહેતો. આચાર્યને ઘેર અગ્નિ રહેતો. તે અગ્નિ આચાર્યનો પોતાનો હતો. બ્રહ્મચારી દરરોજ સંધ્યાકાળ વખતે એ અગ્નિમાં એક લાકડું નાંખતો. એ તેનો **સમિત્** હોમ કહેવાતો. યજ્ઞમાં વપરાતા લાકડાંના ટુકડાનું નામ **સમિત્**. આચાર્યને ઘેર વેદનું અધ્યયન પૂર્ણ થતાં સમાવર્તન પહેલાં અગર સમાવર્તન બાદ અગ્નિનું સ્થાપન કરવામાં આવતું. પરણતી વેળા એ અગ્નિમાંજ લાજ હોમ વગેરે થતું. આ અગ્નિનું નામ ગૃહ્ય, આવસથ્ય અથવા સ્માર્ત્ત અગ્નિ હતું. ગૃહસ્થાશ્રમનાં બધાં સ્માર્ત્તકર્મ અર્થાત્ પાકયજ્ઞાદિ અનુષ્ઠાન આ અગ્નિમાંજ થતાં.

આ પાકયજ્ઞ શબ્દનો અર્થ સમજવાની જરૂર છે. અત્યારે પણ ગૃહસ્થના ઘરમાં યાગયજ્ઞ થોડાં ઘણાં પણ થયા કરે છે. સ્યામાપૂજા વગેરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તાંત્રિક પૂજામાં હોમની ક્રિયા થાય છે. એ હોમ તાંત્રિક હોમ છે; વૈદિક યજ્ઞ નથી. કદાચ એ વૈદિક યજ્ઞની એક સંક્ષિપ્ત આવૃત્તિ હોય. પરંતુ એ તાંત્રિક યજ્ઞ સિવાય વૈદિક યજ્ઞ પણ થોડા પ્રમાણમાં અત્યારે પ્રચલિત છે. ઉપનયન, વિવાહ વગેરે સંસ્કાર કરતાં યજ્ઞ કરવો પડે છે. વૃષોત્સર્ગ વગેરે ક્રિયામાં યજ્ઞ કરવો પડે છે. વૃક્ષ રોપવું, જળાશય ખોદાવવું વગેરે કર્મોમાં પણ યજ્ઞ કરવો પડે છે. આ બધા યજ્ઞ વૈદિક યજ્ઞ છે. વૈદિક ક્રિયામાં તેનું નામ ગૃહ્યકર્મ અથવા સ્માર્ત્તકર્મ એવું છે. આ સિવાય એક બીજી જાતનાં વૈદિક કર્મો હતાં; તેનું નામ શ્રૌતકર્મ હતું. અગ્નિહોત્ર, અગ્નિષ્ટોમ, અશ્વમેધ, રાજસૂય વગેરે યજ્ઞનાં નામ આપે સાંભળ્યાં હશે. આ બધા યજ્ઞ શ્રૌતયજ્ઞ ગણાતા. શ્રૌતકર્મનો ઉપદેશ આપવા માટે કેટલાંક શાસ્ત્રો છે, તે શ્રૌતસૂત્રના નામથી ઓળખાય છે. અને ગૃહ્યકર્મના ઉપદેશ માટે કેટલાંક શાસ્ત્રો છે, તે ગૃહ્યસૂત્રના નામથી ઓળખાય છે. ગૃહ્યસૂત્રમાં કહેલાં ગૃહ્યકર્મો આપણે અત્યારે પણ કરીએ છીએ; હજુ પણ એ કર્મો સમાજમાં ચાલુ છે. પરંતુ શ્રૌતસૂત્રમાં કહેલાં શ્રૌતકર્મોનો ઘણો ભાગ અત્યારે નાશ પામ્યો છે; અત્યારે તેઓનાં નામ માત્ર રહ્યાં છે. બૌદ્ધવિપ્લવ એ માટે જવાબદાર હોય, એવો પૂરેપૂરો સંભવ છે. બૌદ્ધવિપ્લવના સમયમાં મોટા મોટા ક્ષત્રિય રાજાઓ, મોટા મોટા વૈશ્ય શેઠીઆઓએ વૈદિકકર્મ તજી દીધાં અથવા તેમાંથી શ્રદ્ધા ગુમાવી. ઘણાખરા લોકોએ ગુરુને ઘેર ઉપનયન પછી વેદાભ્યાસ કરવો પડતો તે પણ તજી દીધું. અર્થાત્ જનોઈ ફેંકી દઈ સ્વેચ્છાપૂર્વક શૂદ્રોનો આચાર ગ્રહણ કર્યો. મેં અગાઉ કહ્યું છે તેમ આધુનિક હિંદુ સમાજમાંના અનેક શૂદ્રત્વ માટે દુ:ખી થાય છે, અને ફરીથી દ્વિજત્વ મેળવવા મથે છે; તેઓના પૂર્વપુરુષોજ તેઓનાં આ શૂદ્રત્વને માટે જવાબદાર છે. આ વિપ્લવમાં યાજકતાનો વ્યવસાય કરનારા બ્રાહ્મણોને ગુજરાનના પણ સાંસા પડવા લાગ્યા. ઘણાખરા બ્રાહ્મણો કે જે મોટા મોટાઓને ત્યાં યાજકતા કરી ગુજરાન ચલાવતા હતા, તેઓનું ગુજરાન ચાલવું મુશ્કેલ થઇ પડયું. આચાર્યને ઘેર ઘણાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વરસો રહી વેદનાં કર્મકાંડોનો અભ્યાસ કરવાની જરૂર રહી નહિ. પહેલાં ઘણા વર્ષો સુધી વેદાભ્યાસ કરવો અને બ્રહ્મચર્ય પાળવું તે ફરજ ગણાતી, તે ફરજ જરૂરિયાત વિના ધીમે ધીમે અપ્રચલિત થઇ પડી. ઉપનયન અને સમાવર્ત્તન સંસ્કારનું નામે ન રહ્યું, સાર્થકતા પણ ન રહી. પરિણામે અનુભવી યાજકોના અભાવથી મુશ્કેલ શ્રૌત અનુષ્ઠાનો પણ અપ્રચલિત અથવા તદ્દન નાશ પામી ગયાં. પરંતુ વેદપંથી બ્રાહ્મણો વેદને તદ્દન તજી શક્યા નહિ; તેમાં પણ ગૃહ્ય અનુષ્ઠાનોને તો તજી ન જ શક્યા. અગ્નિહોત્ર, અગ્નિષ્ટોમાદિ શ્રૌતયજ્ઞ લગભગ લુપ્ત થઈ ગયા છે. પરંતુ કુશણ્ડિકાદિ ગૃહ્યયાગ અત્યારની દ્વિજાતિ સમાજમાં હજુપણ ચાલે છે.

ગૃહ્ય અગ્નિની વાત આગળ ચલાવીએ. એ અગ્નિમાં બધાં ગૃહ્યકર્મ અર્થાત્ બધાં ગૃહ્યસૂત્રોક્ત કર્મો કરાતાં. ગૃહ્ય અગ્નિનાં સંબંધમાં વધુ વિવેચન કરવાની જરૂર નથી. યજ્ઞક્રિયાનું ખરૂં તાત્પર્ય સમજવા માટે શ્રૌત અગ્નિ અને તે અગ્નિમાં કરવામાં આવતા શ્રૌત યજ્ઞની વાત સારી રીતે સમજવી જોઇએ. એ માટે આપની પાસે ધૈર્યની માગણી કરૂં છું.

આ શ્રૌત અગ્નિનો વિષય એ વેદપંથીનાં ગાર્હસ્થ્ય જીવનનો એક મહાન વિષય છે. ગાર્હસ્થ્ય જીવનની સંપૂર્ણતા મેળવવામાટે આ શ્રૌત અગ્નિની જરૂર છે. પરંતુ શ્રૌત અગ્નિની સ્થાપના વિવાહ પછી કરવામાં આવે છે. જે અવિવાહિત હોય, તેને શ્રૌત અગ્નિ સ્થાપવાનો અધિકાર નથી. વિવાહ પછી ગૃહસ્થનું નામ ગૃહપતિ પડતું. ઘરમાં કોઇપણ સ્થાને અગ્નિશાળા અથવા અગ્ન્યાગાર સ્થાયિભાવે બાંધવામાં આવતું. ગૃહસ્થ પત્ની સાથે એ અગ્ન્યાગારમાં યથાવિધિ શ્રૌત અગ્નિ સ્થાપન કરતો. આ અગ્નિ પ્રતિષ્ઠાનું નામ **અગ્ન્યાધાન** અથવા **અગ્ન્યાધેય** હતું. ટુંકાણમાં તેનું વિવરણ કરીએ.

આપે ત્રણ અગ્નિનાં નામ સાંભળ્યાં છે. ગાર્હપત્ય, આહવનીય અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દક્ષિણાગ્નિ. આ ત્રણે અગ્નિ શ્રૌત અગ્નિ ગણાય છે. અગ્નિશાળામાં ચતુષ્કોણ વેદિ બંધાવી તેની ત્રણ બાજુએ ત્રણ અગ્નિની સ્થાપના થતી. વેદિની પશ્ચિમે ગાર્હપત્ય, વેદિની પૂર્વે આહવનીય અને દક્ષિણે દક્ષિણાગ્નિનું સ્થાન હતું. માટીની પાળવડે અગ્નિનું સ્થાન રચવામાં આવતું, ગાર્હપત્યનું સ્થાન ચોરસ, આહવનીયનું સ્થાન ગોળ અને દક્ષિણાગ્નિનું સ્થાન અર્ધગોળ બનાવવામાં આવતું. ત્રણેનું ક્ષેત્રફળ સરખું રાખવામાં આવતું. એક હાથ લંબાઇ અને એક હાથ પહોળાઇવાળા આકારનું જેટલું ક્ષેત્રફળ થાય તેટલું ક્ષેત્રફળ દરેક અગ્નિને માટે રાખવામાં આવતું. ગાર્હપત્ય અગ્નિ, એ ગૃહપતિના પ્રતિનિધિ સ્વરૂપ ગણાતો. એ અગ્નિને ગૃહનો માલિક કહી શકાય. આહવનીય અગ્નિ દેવતાઓનો અગ્નિ ગણાતો, તેમાં દેવતાને અર્પણ કરવાનાં બધાં દ્રવ્યોની આહુતિ આપવામાં આવતી. તેમાં આહુતિ આપવામાં આવતી હોવાથી તેનું નામ આહવનીય અગ્નિ પડયું હતું. દેવતાઓ પૂર્વ દિશાના રહેવાશી છે, દેવતાઓના રાજા ઇંદ્ર પૂર્વ દિશાના અધિપતિ છે. આજે પણ આપણે પૂર્વ મુખે બેસી દેવતાઓની પૂજા કરીએ છીએ. એ માટે આહવનીય અગ્નિનું સ્થાન પૂર્વ દિશા તરફ રાખ્યું હતું. દક્ષિણ દિશા પિતૃઓની છે. પિતૃઓના રાજા યમ દક્ષિણ દિશાના અધિપતિ ગણાય છે. દક્ષિણાગ્નિમાં પિતૃઓને અર્પણ કરવાનાં દ્રવ્ય હોમવામાં આવતાં. અગ્ન્યાધાન કરવાને આગલે દિવસે દેહશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત અને વૃદ્ધિ શ્રાદ્ધાદિ માંગલિક કાર્ય કરી યજમાન યજ્ઞ માટે તૈયાર થતો. અધ્વર્યુ નામનો ઋત્વિક્ મુકરર કરેલે સ્થાનેથી અગ્નિ લાવી ગાર્હપત્યને સ્થાને રાખી મુકતો. સંધ્યાકાળ વખતે ગૃહસ્થ અને તેની પત્ની અગ્નિશાળામાં પ્રવેશ કરી તેજ ઠેકાણે આખી રાત રહેતાં. એક સમય એવો હતો, કે જ્યારે લાકડાં સાથે લાકડું ઘસી અગ્નિ ઉત્પન્ન કરવામાં આવતો. યજ્ઞકર્મની એ પ્રાચીન રીત તજાઈ નથી. એને Survival in culture એટલે કે સંસ્કૃતિના બીજનો અવશેષ કહી શકાય; સામાજિક રિવાજમાં, ખાસ કરીને સામાજિક ધર્મકર્મનાં અનુષ્ઠાનમાં, કોઈપણ દેશના

કોઇપણ લોકો જૂનો રિવાજ સહેલાઇથી તજી શકતા નથી, પુરાતનનો મોહ છોડી શકતા નથી. શમીવૃક્ષને વીંટળાઇ જે અશ્વત્થ ઝાડ ઉત્પન્ન થાય, તેનું લાકડું ઘસવાથી સહેલાઇથી અગ્નિ ઉત્પન્ન થાય છે. એ લાકડાંની બે અરણિ તૈયાર કરવામાં આવતી. અરણિનાં બંને લાકડાં અગ્નિશાળામાંજ એક રાત રાખવામાં આવતાં. ગાર્હપત્યમાં જે અગ્નિ રાખવામાં આવતો, તેમાં સમિત્ અર્થાત્ લાકડાનો ટુકડો નાખી આગ સળગતી રાખવામાં આવતી. યજમાન આખી રાત જાગી તે સળગતી જ રાખતો. પ્રાતઃકાળમાં અધ્વર્યુ તે અગ્નિ બુઝાવી નાખતો. સૂર્યોદય પૂર્વે અરણિ ઘસી નવો અગ્નિ સળગાવવામાં આવતો. આ કાર્યનું નામ **અગ્નિમન્થન.** અગ્નિમન્થન પહેલાં એક ઘોડો આણી હાજર રાખવો પડતો. યજમાન એક અરણિ પકડી બેસી રહેતો. બીજી અરણિદ્વારા પ્રથમ તેની પત્ની, પછી અધ્વર્યુ અગ્નિ ઉત્પન્ન કરતો. માટીનાં પાત્રમાં છાણાં રાખી તેમાં એ ઉત્પન્ન થયેલો અગ્નિ રાખવામાં આવતો. યજમાન તેને ફુંકી બળતું કરતો. અધ્વર્યુ એ અગ્નિમાં યજ્ઞીય કાષ્ઠ સળગાવી ગાર્હપત્યમાં મુકતો. બ્રહ્મા નામનો ઋત્વિક્ તે સમયે સામમંત્રનું ગાયન કરતો. ગાર્હપત્યનો અગ્નિ લઇ અધ્વર્યુ આહવનીયને સ્થળે જતો. ઘોડો આગળ આગળ ચાલતો. યજમાન ઘોડાની પાછળ ચાલતો. બ્રહ્મા સામગાન કર્યા કરતો, આહવનીયનાં સ્થાનમાં એક પગ રાખી ઘોડો પશ્ચિમદિશા તરફ મુખ રાખી ઉભો રહેતો. ઘોડાના એ પગે તે અગ્નિનો સ્પર્શ કરાવી અધ્વર્યુ તે અગ્નિ આહવનીયમાં મુકતો. તે વખતે વળી બ્રહ્મા સામગાન કરતો. આ પ્રમાણે ગાર્હપત્ય અને આહવનીય અગ્નિની સ્થાપના થતાં અધ્વર્યુ ફરીથી ગાર્હપત્યમાંથી અગ્નિ લઇ દક્ષિણાગ્નિના સ્થાનમાં રાખતો. આ પ્રમાણે ત્રણે અગ્નિનું સ્થાપન થયા બાદ બ્રહ્મા ત્રણ વાર ત્રણ સામમંત્રો ગાતો. ત્યારપછી બધા અગ્નિની પ્રદક્ષિણા કરાવી ઘોડાને છોડી મુકવામાં આવતો. ત્યારપછી પૂર્ણાહુતિ હોમ થતો. ગાર્હપત્યના અગ્નિવડે કેટલુંક ઘી ગરમ કરવામાં આવતું. અધ્વર્યુ જુહૂ નામના લાકડાના હાથાવડે તે ઘી લઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આહવનીયની પાસે બેસી યજુર્મન્ત્ર ભણી આહવનીય અગ્નિમાં આહુતિ આપતો. યજમાન તેનો સ્પર્શ કરી બેસતો. એ થઇ પૂર્ણાહુતિ. આ પૂર્ણાહુતિ થતાં અગ્ન્યાધાન કર્મ પૂર્ણ થતું. અગ્ન્યાધાન પછી કેટલાક દિવસ યજમાન બ્રહ્મચર્યનો નિયમ પાળતો. ગાર્હપત્યનો અગ્નિ રાત દહાડો સળગતો રહેતો. તેને બુઝાઇ જવા દેવામાં આવતો નહિ. એ હોલાઇ જતાં અડચણ આવતી. આહવનીય અને દક્ષિણાગ્નિ રાતદહાડો સળગતો નહોતો. જરૂર પડતાં ગાર્હપત્યમાંથી અગ્નિ લઇ એ બંને અગ્નિ સળગાવવામાં આવતા, અને તેમાં દેવતાઓ અને પિતૃઓને માટે યાગ કરવામાં આવતો.

આ અગ્ન્યાધાન કર્મ યજમાનના જીવનનું અતિ પ્રધાન કર્મ હતું. અગ્ન્યાધાન કર્મ કર્યા બાદ યજમાનનું વિશેષણ આહિતાગ્નિ થતું. આહિતાગ્નિ ગૃહસ્થ પૂરેપૂરો ગૃહસ્થ બનતો. અગ્ન્યાધાન કર્યા બાદ તેને બધાં શ્રૌત કર્મ, બધા દેવયજ્ઞ અને પિતૃયજ્ઞ કરવાનો અધિકાર મળતો. દેવો અને પિતૃઓ અલક્ષ્યભાવે મનુષ્યનાં મર્ત્ય જીવનના નિયામક, શુભાશુભ ફળદાતા છે. પ્રથમ કહ્યું છે તેમ દેવો મનુષ્યોએ આપેલ હવ્ય ભોજનની રાહ જુએ છે. પિતૃઓ સ્વધા ભોજન મેળવવા તલપી રહ્યા છે. દેવો અને પિતૃઓના ઋણથી મનુષ્ય માત્ર બંધાએલાં છે, એ ઋણ અદા ન કરે તો મનુષ્ય જીવન અપૂર્ણ રહી જાય, માટે જીવનની સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે દેવો અને પિતૃઓને તૃપ્ત કરવા જોઇએ. એટલે ગૃહસ્થ માટે આહિતાગ્નિ થવાની ખાસ જરૂર છે. સાધારણ રીતે અગ્નિદ્વારા દેવો અને પિતૃઓનું ઋણ પતાવવામાં આવતું. અગ્નિ પોતે પણ એક દેવતા છે અને દેવોનો પુરોહિત છે. ઋગ્વેદસંહિતાની પહેલી ઋક્ યાદ કરશો, **अग्निम् ईडे पुरोहितम्, यज्ञस्य देवम् ऋत्विजम्, होतारं रत्नधातवम्।** અગ્નિ દેવોનો પુરોહિત છે, તેજ હોતા નામનો ઋત્વિક્ છે અર્થાત્ તેજ દેવોને બોલાવી યજ્ઞસ્થળે હાજર કરે છે; તેજ દેવોનું મુખ છે, તેના મુખમાં હવ્ય અર્પણ કરતાં તે દેવોને પહોંચે છે. તેજ હવ્યવહ છે; દેવોને માટે હવ્ય ગ્રહણ કરી વહન કરી જાય છે. ગાર્હપત્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગ્નિ વાસ્તવિક રીતે જોતાં એક તરફથી ગૃહસ્થનો ગણાય છે, બીજી તરફથી જોતાં દેવતાઓનો મધ્યવર્ત્તી છે. તેજ ઘરનો કર્ત્તાહર્ત્તા અને શુભાશુભ દાતા છે. માટે ગાર્હપત્ય અગ્નિનું બહુજ યત્નપૂર્વક રક્ષણ કરવામાં આવતું.

માનવતત્ત્વવિદો કહે છે કે અગ્નિનું આ માહાત્મ્ય કેવળ વેદપંથી સમાજમાંજ નથી; બીજા દેશોમાં, બીજા સમાજોમાં પણ અગ્નિનું દેવત્વ સ્વીકારવામાં આવ્યું છે. અગ્નિનાં મુખવડે જ દેવતાઓ ખાદ્ય ગ્રહણ કરે છે, તેવું અનુમાન કરવાનાં ઘણાં કારણો છે. દેવતાઓ સૂક્ષ્મ શરીરવાળા છે, તેઓ સ્થૂળ અન્ન તો ગ્રહણ કરી શકે નહિ. કોઈપણ દ્રવ્ય અગ્નિમાં નાખવાથી તે ધૂમાડો, વાયુ અને વરાળના રૂપમાં ફેરવાઈ જાય છે. આ પ્રમાણે અગ્નિમાં નાખેલું દ્રવ્ય સૂક્ષ્મતા પ્રાપ્ત કરતું હોવાથી તે દેવોના સૂક્ષ્મદેહને ઉપયોગી થાય છે. દેવો ઉર્ધ્વલોકમાં વસે છે. અગ્નિશિખાનો સ્વભાવજ ઉંચે જવાનો છે, એ ધૂમાડા અને વરાળરૂપે ઉંચે ચડી દેવતાઓનો ખોરાક દેવતાઓને પહોંચાડી દે છે. આર્યજાતિમાં અગ્નિનું માહાત્મ્ય બહુ હતું. પંડિતો કહે છે કે આર્યજાતિ એક વખત શીતપ્રધાન દેશમાં રહેતી હતી; તે માટે તેઓ અગ્નિનું માહાત્મ્ય બહુ જાણે છે. બાલ ગંગાધર તિલક મહારાજ કહે છે કે અગ્નિમાહાત્મ્ય આર્યજાતિ સુમેરુ પ્રદેશમાં રહેતી હતી તેનો પુરાવો છે. જ્યાં છ માસની રાત હોય ત્યાં અગ્નિનું આદરમાન અને ચોવીસે કલાક અગ્નિ સળગાવી રાખવાની જરૂર પડે જ. તેમ ન કરે તો ત્યાં રહેવાય જ નહિ. કાસ્પીયન સમુદ્રને કિનારે ઘણા પ્રદેશમાં કેરોસિન તેલના કુવા છે. ભૂગર્ભમાંથી હમેશાં કેરોસીનનો વાયુ નીકળે અને પોતાની મેળે સળગી ઉઠે તે જોઈ તે પ્રદેશના લોકો અગ્નિપૂજા સ્વીકારે તો તેમાં કંઇ નવાઇ નથી. અત્યારે પણ એ પ્રદેશમાં અગ્નિમંદિર જોવામાં આવે છે. જેઓ ધારે છે કે આર્યજાતિ એક સમયે મધ્ય એશિયામાં વસતી હતી, તેઓ આ અનુમાનથી ખુશી થશે. ગ્રીક્ અને રોમનો આપણા જાતિભાઇ હતા; તેઓમાં પણ અગ્નિપૂજા પ્રચલિત હતી તે આપ જાણો છો. પ્રાચીન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગ્રીકોના અગ્નિદેવનું નામ Hestia હતું. દરેક ગ્રીક ગૃહસ્થના ઘરમાં અગ્નિશાળા હતી, ત્યાં અગ્નિ સાચવી રાખવામાં આવતો અને તેની પૂજા કરવામાં આવતી. ગ્રીકો જ્યારે પોતાનો દેશ તજી બીજા દેશોમાં સંસ્થાનો વસાવવા જતા, ત્યારે તેઓ પોતાના ઘરમાંના અગ્નિને સાથે લઇ જતા. આ પ્રમાણે સંસ્થાનો સાથે માતૃભૂમિનો સંબંધ પાકો થતો. ગ્રીકોમાં જે Hestia તેજ રોમનોમાં Vesta ગણાતો. Vesta દેવી રોમ શહેરની, રોમન રાષ્ટ્રની રક્ષક હતી. સર્વસાધારણપૂજામંદિરમાં તેની પૂજા થતી. કેટલીક કુમારિકાઓ અગ્નિના રક્ષણ માટે નીમાતી. તેઓને કૌમાર ધર્મ પાળવો પડતો. તેઓને કેટલાક ખાસ અધિકાર મળતા. સાધારણ પ્રજા આગળ તેઓને ખાસ માન મળતું. ઇરાનીઓની વાત કહેવાની જરૂર નથી. પ્રાચીન ઇરાની સમાજ સાથે પ્રાચીન વેદપંથી સમાજની ખાસ જુદાઇ નહોતી. તેઓ આપણી માફક યજ્ઞાનુષ્ઠાન કરતા, એ આપ બધા જાણો છો.

અગ્ન્યાધાનની ક્રિયામાં એક ઘોડાની જરૂર પડતી, તે મેં અગાઉ જણાવ્યું છે. એ ઘોડો રાખવાની શી જરૂર હતી, તે કહેવું મુશ્કેલ છે. માનવતત્ત્વવિત્ પંડિતો એનું શું કારણ બતાવશે, તે જાણી શકાતું નથી. સાંભળવા મુજબ ઘોડા સાથે આર્યજાતિનો એક પ્રકારનો ખાસ સંબંધ હતો. આર્યજાતિએ પ્રથમ જંગલી ઘોડાને કેળવી મનુષ્યને ઉપયોગી બનાવ્યા હતા, domesticate કર્યા હતા. મધ્ય એશિયાના કાસ્પીયન સમુદ્ર અને એરલ સમુદ્રના પ્રદેશમાં–steppesમાં પુષ્કળ ઘાસ થાય છે. અત્યારે પણ થાય છે, પહેલાં એથી પણ વધુ થતું. એ જમીન ઘોડાના ઉછેર માટે બહુ ઉપયોગી છે. આર્યો ઘોડાપર ચઢી દિગ્વિજય કરવા બહાર પડ્યા હતા. યુરોપ અને બીજે દેશોમાં તેઓએ જ પ્રથમ ઘોડાની આયાત કરી. ભારતવર્ષમાં પણ તેઓ ઘોડેસ્વાર થઇ આવ્યા હશે, એવું અનુમાન કરી શકાય છે. તે માટે તેઓનાં ગાર્હસ્થ્ય જીવનનો આરંભસૂચક પહેલાં અનુષ્ઠાનમાં ઘોડો આણવામાં આવતો. મારા આ અનુમાનથી આપને કદાચ હસવું આવશે. આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નક્કી એક જૂની પ્રથાનું અવશેષ ( survival ) છે. અગ્ન્યાધાનમાં ઘોડાની* ઉપસ્થિતિનું કારણ અતિ પ્રાચીનકાળમાં હતું. પાછળના વખતમાં તે કારણ ભુલાઇ ગયું, પણ રિવાજ રહી ગયો. પુરાતન વૈદિક સાહિત્યમાં સૂર્યની સાથે ઘોડાની તુલના ઘણે સ્થળે કરવામાં આવી છે. મેકડોનલ સાહેબે વૈદિક પુરાણ ( Vedic Mythology )માં તેનાં બહુ દષ્ટાંતો આપ્યાં છે, તે આપ જોઇ શકશો. સૂર્ય વેદપંથી સમાજનો બહુ જૂનો દેવ છે. તે સાત ઘોડાવાળા રથપર ચઢી દિગ્વિજયી વીરપુરુષની માફક આકાશમાર્ગે મુસાફરી કરે છે. તે પોતેજ જાણે ઘોડો ન હોય! સૂર્યનું ઘોડારૂપે પણ જૂના સાહિત્યમાં વર્ણન કરેલું છે. એક વખત ત્વષ્ટા સાથે તેના જમાઇ સૂર્યને કજિયો થયો હતો. છાયા અને સંજ્ઞાઘટિત એ વાર્તા આપ જાણો છો. ત્યારે સૂર્યે અશ્વમૂર્તિ ધારણ કરી હતી. યાજ્ઞવલ્કય ઋષિનાં તપથી સંતુષ્ટ થઇ સૂર્યે ઋષિને નવો યજુર્વેદ આપ્યો હતો, ત્યારે પણ તે વાજિ અથવા અશ્વરૂપે ઋષિ પાસે આવેલો હતો. અગ્ન્યાધાનમાં ઘોડો પ્રથમ પૂર્વમુખે ચાલે છે, ત્યારબાદ આહવનીય આગળ આવી પશ્ચિમ મુખે ઉભો રહે છે, અને ત્યાંથી પાછો ફરે છે. આ પરથી અનુમાન કરી શકાય કે આ ઘોડો ત્યાં સૂર્યનો કલ્પિત પ્રતિનિધિ તરીકે ગણાતો હોય અને તેની આવજા સૂર્યની દૈનિક ગતિ સૂચક હોય. આ અનુમાન માત્ર છે, આપની ઇચ્છા હોય તો તે ગ્રહણ કરશો.

અગ્ન્યાધાન પછી આહવનીય અગ્નિમાં દરરોજ અગ્નિહોત્ર યાગ કરવો પડતો. આ અગ્નિહોત્ર નિત્યકર્મ ગણાતું. એ દરરોજ કરવું પડતું. આહવનીય અગ્નિમાં સવારમાં એક વખત અને સંધ્યાકાળ વખતે એક વખત આહુતિ આપવામાં આવતી. પ્રાતઃકાળમાં સૂર્યની અને સંધ્યાકાળે અગ્નિની આહુતિ આપવામાં આવતી. સૂર્ય અને અગ્નિ બંને જ્યોતિ

---

* બીજાં કારણો પણ છે. સંવત્સરના ( અહર્ ) દિવસનું અશ્વ બાહ્ય રૂપક છે. ( જુઓ બૃ. આ. )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વરૂપ ગણાય છે, એકજ દેવતાની બે મૂર્તિઓ હોય એમ જણાય છે. અગ્નિનું સ્થાન પૃથ્વીલોક અને સૂર્યનું સ્થાન દ્યુલોકમાં ગણાતું. એ બે દેવતાને આહુતિ આપતાં બધા દેવતાઓ તૃપ્ત થતા. કારણ કે બધા દેવતા જ્યોતિ સ્વરૂપ ગણાતા. આ પ્રમાણે સૂર્યની સાથે અગ્નિનો સંબંધ સ્થાપવામાં આવ્યો હતો. અગ્ન્યાધાન ક્રિયામાં ઘોડાનો પગ અગ્નિને અડાડી એ અગ્નિ આહવનીયમાં મુકવામાં આવતો, એનું મૂળ આ રીતે મળી શકે છે.

હવે અગ્નિહોત્ર વિષે કંઇક જાણીએ. આહિતાગ્નિ ગૃહસ્થ દરરોજ સંધ્યાકાળ વખતે અને સવારમાં શ્રૌત અગ્નિમાં અગ્નિહોત્ર કરતો. એ ગૃહસ્થનું પોતાનું કામ ગણાતું. અશક્તને માટે પ્રતિનિધિદ્વારા કામ ચાલતું. પુત્ર, ભાઈ, ભાણેજ, જમાઇ વગેરે પ્રતિનિધિ થઇ શકતા. અધ્વર્યુ પણ પ્રતિનિધિ થઇ શકતો. પોતે આહુતિ આપે તો જે ફળ મળે, તેના કરતાં પ્રતિનિધિદ્વારા આહુતિ અપાવતાં ઓછું ફળ મળતું. અગ્નિહોત્ર કરવા માટે ગૃહસ્થ ઘરમાં એક ગાય રાખતો, તેનું નામ અગ્નિહોત્રી ગાય પડતું. સવારે અને સાંજે એ ગાયનું દૂધ લઇ માટીનાં વાસણમાં રાખી ગાર્હપત્યના અગ્નિમાં ઉનું કરવામાં આવતું. આહુતિ માટે બે લાકડાંના હાથાની જરૂર પડતી. એક નાનો હાથો રહેતો. તેનું નામ સ્રુવ. બીજો મોટો હાથો રહેતો, તેનું નામ અગ્નિહોત્રહવની. માટીના વાસણમાંનું દૂધ સ્રુવવડે ચાર વખત અથવા પાંચ વખત લઇ અગ્નિહોત્રહવનીમાં ઢોળવામાં આવતું, અને એ અગ્નિહોત્ર હવનીનું દૂધ અગ્નિમાં આહુતિરૂપે નાખવામાં આવતું. અનુષ્ઠાન પહેલાં ગૃહસ્થ પત્ની સાથે અગ્નિશાળામાં પ્રવેશ કરતો, ગાર્હપત્યમાંથી સળગતો અગ્નિ લઇ આહવનીય અગ્નિ અને દક્ષિણાગ્નિ સળગાવતો. ત્યારબાદ ગાર્હપત્યનાં અગ્નિમાં દૂધ ઉનું કરી તે દૂધ વિધિમુજબ સ્રુવવડે અગ્નિહોત્ર હવનીમાં ઢાલવતો. ત્યારપછી આહવનીય અગ્નિમાં એક સમિત્ અથવા લાકડું નાખતો. એ લાકડું સળગતું એટલે અગ્નિહોત્રહવનીનું દૂધ આહવનીય અગ્નિમાં બે વખત નાખતો. પ્રથમ આહુતિ અગ્નિને માટે આપવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવતી. તેનો મંત્ર હતો **भूर्भुवः स्वः ॐ अग्निर्ज्योतिः ज्योतिरग्निः स्वाहा।** બીજી આહુતિના દેવ પ્રજાપતિ હતા, પ્રજાપતિનું ધ્યાન ધરી મંત્ર વિના એ બીજી આહુતિ આપવામાં આવતી. બધું દૂધ આહુતિ આપવામાં વપરાતું નહિ. થોડું હવિઃશેષ રૂપે બાકી રહેતું. આહુતિદાતા તે પી જતો. આહવનીયમાં આહુતિ આપ્યા બાદ ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિમાં આહુતિં આપવામાં આવતી. આ વખતે અગ્નિહોત્રહવનીની જરૂર પડતી નહિ. સ્રુવ-વડે પાત્રમાંથી થોડું દૂધ લઈ સળગતા અગ્નિમાં નાખવામાં આવતું. ગાર્હપત્યમાં પહેલી આહુતિનો દેવતા અગ્નિ ગૃહપતિ અને બીજી આહુતિનો દેવતા પ્રજાપતિ ગણાતો. દક્ષિણાગ્નિમાં પહેલી આહુતિનો દેવતા અગ્નિ અન્નપતિ અને બીજી આહુતિનો દેવતા પ્રજાપતિ ગણાતો. પ્રત્યેક આહુતિ સળગતા સમિધપર નાખવામાં આવતી. આહુતિ આપ્યા બાદ હવિઃશેષ ભક્ષણ કરી પ્રત્યેક અગ્નિમાં ત્રણ ત્રણ સમિત્ નાખી, ત્રણે અગ્નિનું ઉપસ્થાન કરી ગૃહસ્થ અગ્નિશાળામાંથી બહાર આવતો. આ થયું સાયંકાળનું અગ્નિહોત્ર. પ્રાતઃકાળનાં અગ્નિહોત્રનો વિધિ સાયંકાળ મુજબ જ હતો. કેવળ દેવતા અગ્નિને બદલે સૂર્ય ગણાતો. આહુતિનો મંત્ર **भूर्भुवः स्वः ॐ सूर्योज्योतिः ज्योतिः सूर्यः स्वाहा।** હતો. સંધ્યાકાળની ક્રિયા સૂર્ય આથમ્યા પછી કરવાની હતી. પ્રાતઃકાળનું અનુષ્ઠાન કોઇના મત મુજબ સૂર્યોદય પહેલાં કરવું જોઇએ. ઐતરેય બ્રાહ્મણ અનેક વાદવિવાદ પછી સૂર્યોદય પછી જ અગ્નિહોત્ર કરવાનું સમર્થન કરે છે.

અગ્નિહોત્ર નિત્યકર્મ છે, તે કરવુંજ જોઇએ. ગૃહસ્થ મુસાફરી કરતો હોય, છતાં ઘેર તેના પ્રતિનિધિદ્વારા અગ્નિહોત્ર થવું જ જોઇએ. એટલુંજ નહિ પણ વિધુર ગૃહસ્થને અગ્નિહોત્ર કરવું જોઇએ કે નહિ તે બાબતમાં પણ વાદવિવાદ છે. ઐતરેય બ્રાહ્મણે આ પ્રશ્ન ઉભો કર્યો છે. પત્નીનાં મરણ બાદ અગ્નિહોત્ર નષ્ટ થાય છે. તે વખતે અગ્નિહોત્રની શી વ્યવસ્થા કરવી, એ પ્રશ્ન ઐતરેય બ્રાહ્મણે ઉભો કર્યો છે. તેના જવાબમાં કહ્યું છે કે જો ગૃહસ્થ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરીથી વિવાહ ન કરે તો તેણે પુત્ર, પૌત્ર અથવા દૌહિત્રને અગ્નિહોત્ર કરવાની પરવાનગી આપવી જોઇએ; અનુમતિ મળતાં તેઓએ જ અગ્નિહોત્ર ચાલુ રાખવું. ઐતરેય બ્રાહ્મણ બીજે સ્થળે પ્રશ્ન પૂછે છે કે વિધુર વ્યક્તિ અગ્નિહોત્ર કરે કે નહિ ? તેના જવાબમાં કહ્યું છે કે તેણે અગ્નિહોત્ર કરવું જ જોઇએ, કારણ કે દેવું વાળવા માટેજ યાગ કરવામાં આવે છે, એવું શ્રુતિવચન છે. આપે પણ એ શ્રુતિવાક્ય સાંભળ્યું હશે. **जायमानो वै ब्राह्मणः त्रिभिः ऋणवान् जायते। ब्रह्मचर्येण ऋषिभ्यो यज्ञेन देवेभ्यो प्रजया पितृभ्यः एष वा अनृणो यः पुत्री यज्वा ब्रह्मचारी।** અર્થાત્ બ્રાહ્મણ જન્મથી જ ત્રણ ઋણથી બંધાયલો છે. ઋષિઓનું ઋણ બ્રહ્મચર્ય અર્થાત્ વેદાધ્યયનદ્વારા, દેવોનું ઋણ યજ્ઞદ્વારા, પિતૃઓનું ઋણ પુત્રોત્પાદનદ્વારા અદા કરવું જોઇએ. આ પ્રમાણે જેને પુત્ર હોય, જે યજ્ઞ કરે અને બ્રહ્મચર્ય પાળે તે ઋણમુક્ત થાય છે. અગ્નિહોત્ર યજ્ઞ એ દેવઋણ અદા કરવા માટે જરૂરનો છે.

અગ્નિહોત્ર હંમેશનું કર્મ છે; તે કર્યા સિવાય ચાલતું નથી. માટે તે બધાને માટે સગવડ પડતું કરવું જોઇએ. તે કરવામાં વધુ વખત લાગતો નથી. વધુ સામગ્રીની કે ખર્ચ કરવાની જરૂર પડતી નથી. થોડું દૂધ હોય તો આહુતિનું કામ ચાલે છે. જો કોઇપણ કારણસર દૂધ ન મળે તો થોડું દહીં અથવા થોડા ચોખા અથવા બીજું કંઈ આહુતિમાં અપાય છે. જો કંઇપણ દ્રવ્ય ન મળે, તોપણ અગ્નિહોત્ર બંધ કરવું પાલવે નહિ. **अहं श्रद्धां जुहोमि**–હું શ્રદ્ધાની આહુતિ આપું છું, એ મંત્રથી સંકલ્પ કરી શ્રદ્ધાહોમ કરવો. આ શ્રદ્ધાહોમનું બીજું નામ ભાવનાહોમ અથવા માનસિક અગ્નિહોત્ર છે. ઐતરેય બ્રાહ્મણ એક સ્થળે કહે છે કે શ્રદ્ધા એજ યજમાનની પત્નીરૂપ છે અને સત્ય એજ યજમાનરૂપ છે. શ્રદ્ધા અને સત્યના યોગથી જોડકું થાય છે. માનસિક અગ્નિહોત્રમાં શ્રદ્ધા અને સત્યનાં જોડકાંની મદદથી સ્વર્ગ જીતી શકાય છે. શ્રદ્ધાહોમમાં કોઇપણ પાર્થિવ દ્રવ્યની જરૂર પડતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી. કોઇપણ પ્રકારની દક્ષિણા પણ આપવી પડતી નથી. ઐતરેય બ્રાહ્મણ કહે છે કે શ્રદ્ધાહોમમાં મનુષ્યો, દેવો, એટલુંજ નહિ પણ સમસ્ત જાગતિક દ્રવ્યો દક્ષિણારૂપ છે. સંધ્યાકાળના શ્રદ્ધાહોમમાં યજમાન મનુષ્યોને દેવતાના હાથમાં દક્ષિણારૂપે અર્પણ કરે છે. મનુષ્યો તે વખતે નિષ્ક્રિય થઈ દેવોના તાબેદાર થઈ પડે છે. અને પ્રાતઃકાળના શ્રદ્ધાહોમમાં યજમાન દેવોને જ દક્ષિણારૂપે મનુષ્યોના હસ્તમાં સમર્પણ કરે છે, તેથી દેવતાઓ દિવસને વખતે મનુષ્યને તાબે થઈ મનુષ્યોનું હિત કરે છે.

બ્રહ્મવાદીઓની આ ઉક્તિપરથી આપ અગ્નિહોત્રનું માહાત્મ્ય સમજી શક્યા હશો. અગ્નિશાળામાં અગ્નિ અસંત યત્નપૂર્વક સાચવવામાં આવતો અને તે અગ્નિ જેથી નષ્ટ અથવા અપવિત્ર ન થાય, તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવતી. અગ્નિ કોઇપણ રીતે અપવિત્ર થતો તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડતું. હોલાઈ જતો તો ફરીથી પ્રતિષ્ઠા કરવી પડતી. અગ્ન્યાધાન અનુષ્ઠાનની વાત આગળ કહી છે. અગ્નિની પુનઃસ્થાપનાની ક્રિયા પણ તેવીજ છે. માનવતત્ત્વવિત્ પંડિતો આ અગ્નિ–ભક્તિનું મૂળ શોધવા જતાં કહે છે કે આ ક્રિયા માણસની પ્રાચીન જંગલી સ્થિતિનો નમુનો આપે છે. તે વખતે સહેલાઈથી અગ્નિ ઉત્પાદન કરવાનો રસ્તો નહોતો, એટલે હંમેશાં ઘરમાં અગ્નિ રાખી મુકવાની વ્યવસ્થા કર્યા સિવાય છૂટકો નહોતો. અત્યારે પણ આપણાં ગામડાંઓમાં–જ્યાં હજુ સુધી દિવાસળીની પેટીઓએ પ્રવેશ કર્યો નથી–ત્યાં અગ્નિ જાગતી રાખવા માટે દેવતા ભારી રાખવાનો રિવાજ છે. મનુષ્યની અસંસ્કૃત અવસ્થામાં આ રીતે અગ્નિનું રક્ષણ કરવું એ પ્રત્યેક ગૃહસ્થની ધાર્મિક ફરજ ગણાતી. નહિ તો એકાએક અગ્નિની જરૂર પડતાં અગ્નિ ક્યાંથી મળે? અગ્ન્યાધાન અને અગ્નિહોત્રનું મૂળ આવી રીતે પ્રાપ્ત થઇ શકે. તેથી શરમાવાનું અથવા દુઃખ પામવાનું કશું કારણ નથી. મનુષ્ય જાતે વાનરમાંથી ઉત્પન્ન થયાં છે, તેમાં જો મનુષ્યને શરમ ન આવતી હોય, તો પછી સભ્ય મનુષ્યની ધર્મક્રિયા પણ જો અસભ્ય મૂળમાંથી ઉત્પન્ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઇ હોય, તો તેમાં શરમ રાખવાનું કંઇ કારણ નથી. વેદપંથી સમાજની જે અવસ્થાનું વર્ણન કરીએ છીએ, તે સમયે વેદપંથી મનુષ્યો જંગલી નહોતાં, એ તો નક્કી છે. તે સમયની ક્રિયાઓનું મૂળ તાત્પર્ય ગમે તે હો, પણ તે વખતે અન્યરૂપ તાત્પર્યનો આરોપ થયો હતો, અને એ નવીન તાત્પર્ય જ તે સમયનાં સામાજિક અને ગાર્હસ્થ્ય જીવનનું નિયામક હતું. અગ્નિહોત્રની ક્રિયાને તે કાળના લોકો કઈ દૃષ્ટિએ જોતા; તે આપે જાણ્યું. આપે જોયું કે એ ગૃહસ્થિત અગ્નિ જાણે સમસ્ત ગૃહસંસારનું એક પ્રતીક હતું. એ અગ્નિને અવલંબી ગૃહસંસાર ટકી રહેતો. ત્રણ અગ્નિમાં ગાર્હપત્ય અગ્નિ ગૃહપતિના પ્રતિનિધિરૂપ હતો. એક બાજુએ ગૃહસ્થ અને બીજી બાજુએ દેવો તથા પિતૃઓ વચ્ચે એ અગ્નિ મધ્યસ્થતા કરતો. ગાર્હપત્ય અગ્નિવડેજ આહવનીય અને દક્ષિણાગ્નિ સળગાવવામાં આવતો. આહવનીય અગ્નિ દેવોનું અને દક્ષિણાગ્નિ પિતૃઓનું મુખ ગણાતું. એ મુખદ્વારા તેઓ ગૃહસ્થ પાસેથી પોતાનું ઋણ વસુલ કરતા, અને તેને બદલે ગૃહસ્થનું કલ્યાણ કરવામાં તત્પર રહેતા. વેદપંથી સમાજની માન્યતા મુજબ સમાજ કેટલાંક કુટુંબની સમષ્ટિ રૂપ હતો. કુટુંબ એ સમાજનો એક આંક ગણાતો અને ગૃહસ્થ તે એ ગૃહનો સામયિક રક્ષણકર્ત્તા ગણાતો. ગૃહસ્થનું પાર્થિવ જીવન થોડા દિવસોનું ગણાતું. તે એ દિવસોમાં પોતાનું કર્ત્તવ્ય બજાવી ચાલ્યો જતો, ત્યારબાદ પુત્રપૌત્રાદિ પર ગૃહસંસારનો ભાર પડતો. ગૃહ એ સ્થાયિ ગણાતું. ગૃહસ્થ પુત્રપૌત્રાદિ ક્રમે ગૃહસંસારની ધારાનું રક્ષણ કરતો. ગૃહસ્થની જે ધનસંપત્તિ—જે તે દેવો અને પિતૃઓની કૃપાથી ભોગવે છે, તે તેની પોતાની નથી. તે તેનો રક્ષકમાત્ર છે. પિતૃપિતામહ તરફથી તેને તે મળ્યું છે, અને પુત્રપૌત્રાદિને તે બધું સોંપવાને તે બંધાએલો છે. તે સંપત્તિ વેડફી મારવાનો તેને અધિકાર નથી. કારણ કે તે તો તેનો રક્ષકમાત્ર છે. એ વડિલોપાર્જિત મિલ્કત પોતે ભોગવે છે માટેજ તેણે પિતા, પિતામહ અને પ્રપિતામહ આ ત્રણ પુરુષને પિંડ આપવા જોઇએ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને પોતાનાં જીવન બાદ પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર પાસે એવા પિંડની માગણી કરવી જોઇએ. આ દક્ષિણાગ્નિમાં પિંડપિતૃયજ્ઞ થાય છે. આ પ્રમાણે આ અગ્નિની મદદથી ગૃહનો ક્રમ અવિછિન્ન રહે છે. આ હિસાબે જોતાં અગ્નિહોત્રની ક્રિયાને ગૃહસ્થ માટે કેવળ વ્યક્તિગત ધર્મક્રિયા માની સાંકડા અર્થમાં લઈ શકાય તેમ નથી. આ અગ્નિહોત્રક્રિયા વાસ્તવિક રીતે સામાજિક ક્રિયા છે. અગ્નિદ્વારા ગૃહસ્થની સાથે સમાજનો સંબંધ સ્થપાય છે. અગ્નિનું રક્ષણ કરે છે માટે તે ધનસંપત્તિ ભોગવવાનો અધિકાર પ્રાપ્ત કરે છે અને ધનસંપત્તિનો અધિકારી હોવાથીજ સમાજના બીજા ગૃહસ્થો સાથે તેની લેવડદેવડ ચાલે છે. સમાજની બીજી વ્યક્તિઓ તેની પાસેથી મદદ મેળવે છે, અને તેને મદદ આપે છે. આ પ્રમાણે રાષ્ટ્ર સાથે પણ તેનો સંબંધ જોડાય છે. અગ્નિહોત્ર ક્રિયાનું આ પ્રતીકમાં ગુંથાયેલું (symbolic) તાત્પર્ય હોવાથી જ એ ગૃહસ્થનાં જીવનનું મુખ્ય અનુષ્ઠાન અને મુખ્ય નિત્યકર્મ ગણાતું, તેમાં જરા પણ શક જણાતો નથી.

આ પ્રસંગે કેટલાક પ્રશ્ન ઉભા થાય છે. એ બધા પ્રશ્નના જવાબો હું આપી શકીશ નહિ. ધર્મશાસ્ત્રનો મને એટલો અનુભવ નથી. વિદ્વાનો સમક્ષ એ પ્રશ્નો મૂકી હું નિશ્ચિંત થઇશ. આચાર્યને ઘેર ભણી આવ્યા સિવાય ગૃહસ્થ થવાનો અધિકાર મળતો નહિ અને પરણવાનો હક પણ મળતો નહિ, એ નક્કી વાત છે. પત્ની સિવાય અગ્ન્યાધાન કરવાનો અધિકાર મળતો નહિ, અગ્નિહોત્રાદિ કોઇપણ શ્રૌતકર્મ કરવાનો અધિકાર મળતો નહિ. પરંતુ વિવાહ કર્યા બાદ અગ્ન્યાધાન કરવુંજ જોઇએ એવો નિયમ હતો કે નહિ? પિતા જીવતો હોય ને પુત્રે ઘેર આવી વિવાહ કર્યો તો પછી તેણે પોતાને માટે અગ્ન્યાધાન કરવુંજ જોઇએ કે નહિ? જો એમ ધારી લઇએ કે પુત્ર પણ પિતાને ઘેર રહી પોતાને માટે જુદો અગ્નિ રાખતો, તો એક ઘરમાં એક કરતાં વધુ અગ્નિશાળાની જરૂર પડે. એક જ ઘરમાં એક કરતાં વધુ અગ્નિશાળા થઈ શકતી કે નહિ? એમ બનતું હોય, તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેં ઉપર જે કહ્યું, તેમાં જરા ફેર પડે. એમ પણ હોઇ શકે કે વિવાહિત પુત્રને પિતા જીવતો હોય ત્યાં સુધી સ્વતંત્ર અગ્ન્યાધાનની જરૂર પડતી ન હોય. જો કોઇપણ કર્મ કરવું પડે તો પિતાની રજા લઈ તેનાજ અગ્નિમાં એ કર્મ પૂરૂં કરવામાં આવતું હોય. પુત્ર પિતાના પ્રતિનિધિરૂપે પિતાના અગ્નિમાં અગ્નિહોત્ર કરી શકે છે, પિતા મુસાફરીમાં હોય ત્યારે તેને બદલે પુત્ર અગ્નિહોત્ર કરી શકે છે, આ પ્રમાણે જ્યારે સ્પષ્ટ નિયમ છે, ત્યારે એ પરથી ધારી શકાય કે પુત્ર પરણે તોપણ તેને જુદા અગ્નિની જરૂર પડતી નહિ હોય. તેને જુદું શ્રૌતકર્મ કરવું પડતું નહિ હોય, અને જો તે જુદી અગ્નિશાળા સ્થાપી પૃથક્ભાવે શ્રૌતકર્મ કરવાની ઇચ્છા કરતો, તો તે પિતાનાં ઘરથી છૂટો પડી જુદાં ગૃહમાં જુદો ગૃહસંસાર માંડતો, ત્યાં અગ્નિ-શાળા બનાવી પોતાને માટે અગ્નિ સ્થાપન કરતો. પિતા જીવતો હોય તે વખતે પિતાના ઘરથી જુદા પડી જુદો ગૃહસંસાર માંડવાની પદ્ધતિ એ વખતે હતી કે નહિ તે હું જાણતો નથી. હિંદુઓની વિધિવ્યવસ્થામાં જેઓ પારંગત છે, તેઓ આ પ્રશ્નનો જવાબ આપી શકે. વર્ત્તમાનકાળમાં આપણા સમાજમાં અવિભક્ત કુટુંબનો રિવાજ છે. જે કાળની વાત કહું છું, તે કાળમાં આવું અવિભક્ત કુટુંબ કઇ રીતનું હતું, એ પ્રશ્ન આ સાથે જ ઉભો થાય છે. પિતા જીવતાં પુત્રો તેના તાબામાં રહી તેની પાસે જ રહે; પિતા મરણ પામે એટલે તેઓની ઇચ્છા હોય તો તેઓ પિતાની સંપત્તિના ભાગ પાડી દરેક જુદાં જુદાં ઘર વસાવે; એ હાલનાં અવિભક્ત કુટુંબનો નિયમ છે. આપ ( patriarchal family ) વિષે–પિતૃતંત્ર ગૃહસંસાર વિષે જાણો છે. એ પ્રથા મુજબ ગૃહપતિ પિતા જ પુત્રોનો કર્ત્તાહર્ત્તા છે. પુત્રો તેના નોકરમાત્ર છે, સર્વ રીતે તાબેદાર નોકરમાત્ર છે. પિતાની મરજી થાય તો તે પુત્રને મારી નાખે પણ ખરો. આપણા પ્રાચીન સમાજમાં પિતાને આટલી બધી સત્તા તો નહોતી. પુત્ર જન્મતો કે તરત પૈતૃક સંપત્તિમાં તેનો હક્ક સ્વીકારાઇ જતો. પિતા એ હક્કથી તેને વંચિત કરી શકતો નહિ. કેમકે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૈતૃક સંપત્તિ તેની પોતાની નથી; તેતો તેનો રક્ષક (trustee) માત્ર છે. માટે પુત્રોપર પિતાની સત્તા અમુક હદમાં જ હતી. આ સ્થળે પિતા જીવતાં પુત્રો કેટલી સ્વતંત્રતા ભોગવી શકતા, તે શોધખોળનો વિષય થઇ પડે છે. પિતા જીવતાં જુદો ગૃહસંસાર માંડી જુદું અગ્ન્યાધાન કરી શ્રૌતકર્મની ક્રિયાઓ કરવામાં પુત્રને કેટલી સ્વતંત્રતા મળતી, તે શોધખોળનો વિષય છે. જો પુત્રને આવી સ્વાધીનતા મળતી, તો તેથી તેના વડિલોપાર્જિત મિલ્કત પરની સત્તાપર કશી અસર થતી કે નહિ, તે પણ વિચારવા જેવું છે. અગ્નિહોત્ર પ્રસંગે આ બધા પ્રશ્નો પોતાની મેળે ઉપસ્થિત થાય છે. હું એ બધા પ્રશ્નના જવાબ આપી શકીશ નહિ. ધર્મશાસ્ત્રવ્યવસાયી બે ચાર પંડિતોને પૂછતા છતાં સંતોષકારક જવાબ મળી શક્યા નથી. આપની પાસે આ પ્રશ્નો ઉપસ્થિત કરી જવાબની આશાથી હું શાંત થાઉં છું.

અગ્ન્યાધાન અને અગ્નિહોત્રનું વિવરણ કરી આજે હું રજા માગું છું. ઇષ્ટિયાગ, પશુયાગ, અને સોમયાગ વગેરે કેટલાક શ્રૌતયજ્ઞનું વિવરણ કરવા હવે પછી તમારી સમક્ષ આવવાની ઇચ્છા છે. છેવટે યજ્ઞક્રિયાનો વ્યાપક અર્થ કરી વેદપંથી સમાજના જાતીય જીવનમાં તેની તત્પરતા સમજાવવાનો પ્રયત્ન કરીશ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ઇષ્ટિયાગ અને પશુયાગ

એક જાતના શ્રૌત યજ્ઞનું નામ ઇષ્ટિયાગ છે. આહિતાગ્નિ ગૃહસ્થને દરેક અમાવાસ્યાએ અને દરેક પૂર્ણિમાએ એક ઇષ્ટિયાગ કરવો પડતો. જિંદગી સુધી એ પ્રમાણે કર્યા કરવું પડતું; પરંતુ ઓછામાં ઓછાં ત્રીસ વર્ષ સુધી તો કરવું જ પડતું. અમાવાસ્યાના ઇષ્ટિયાગનું નામ દર્શયાગ, અને પૂર્ણિમાના ઇષ્ટિયાગનું નામ પૂર્ણમાસ યાગ હતું. બંને યજ્ઞની ક્રિયા લગભગ એકસરખી હતી. હું કેવળ પૂર્ણમાસ યાગનું વિવરણ કરીશ. પૂર્ણમાસ યાગની ક્રિયા જાણ્યા બાદ બધા ઇષ્ટિયાગની ક્રિયા સમજાઈ જશે. યાજ્ઞિકોની ભાષામાં પૂર્ણમાસ યાગ બધા ઇષ્ટિયાગની પ્રકૃતિ (Model) છે; બીજા ઇષ્ટિયાગ તેની વિકૃતિ છે. પૂર્ણમાસ યાગની વિધિ બધા ઇષ્ટિયાગમાં કરવામાં આવે છે. કેવળ ક્ષેત્રભેદે ખાસ વિધિ કરવામાં આવે છે.

પૂર્ણમાસ યાગ પ્રત્યેક પૂર્ણિમાએ કરવો જોઇએ. આ યજ્ઞમાં મુખ્ય આહુતિ બે છે. પ્રથમ આહુતિ અગ્નિદેવતાને ઉદ્દેશી અપાતી. જે દ્રવ્ય આહુતિમાં આપવું પડતું, તેનું નામ પુરોડાશ હતું. એ પુરોડાશ જવ અથવા ચોખાની રોટલી હતી. જવ અથવા ચોખા વાટી અગ્નિ પર શેકી એ રોટલી તૈયાર કરવામાં આવતી. અધ્વર્યુ નામનો ઋત્વિક્ સ્વહસ્તે એ પુરોડાશ તૈયાર કરતો. કેટલીક મુઠી જવ અથવા ડાંગર લઈ ખાંડણીઆમાં ખાંડી સુપડાંવડે તેનાં ફોતરાં ઝાટકી નાંખવામાં આવતાં; ત્યારબાદ પથરાવડે તે જવ અથવા ચોખાને વાટવામાં આવતા, વટાઈ રહ્યા બાદ તેની રોટલી કરી અગ્નિપર શેકવામાં આવતી, એટલે પુરોડાશ તૈયાર થતો. શેકવાને માટે કેટલીક નાની નાની તાવડીઓ રાખવામાં આવતી, તે તાવડી ચોરસ રાખવામાં આવતી. ચોરસ તાવડીમાંની કેટલીક તાવડીના ખુણા ઘસી નાંખી તેને અર્ધગોળ બનાવવામાં આવતી. ચોરસ તાવડી વચ્ચે રાખી તેની ચારે બાજુએ ખુણા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વગરની તાવડીઓ ગોઠવવામાં આવતી; એવી રીતે કે વચ્ચે જરાપણ જગા ન રહે. અગ્નિને માટેના પહેલા પુરોડાશ માટે આઠ તાવડી આ મુજબ ગોઠવવી પડતી; તેનું નામ અષ્ટકપાલ પુરોડાશ* હતું. અગ્નિ અને સોમને માટેના બીજા પુરોડાશમાટે અગિઆર તાવડીઓ ગોઠવવી પડતી; તેનું નામ એકાદશકપાલ પુરોડાશ હતું. ગાર્હપત્યના અગ્નિમાં તાવડીઓ તપે એટલે તેમાં જવ અથવા ચોખાની રોટલી શેકવામાં આવતી. આ પ્રમાણે પુરોડાશ તૈયાર થતાં તે પર ઘી ચોપડી વેદિ પર યોગ્ય ઠેકાણે મૂકી દેવામાં આવતો. વખત થતાં એ પુરોડાશ આહુતિમાં વપરાતો. આ બધું કામ અધ્વર્યું સ્વહસ્તે કરતો. પ્રત્યેક કર્મને માટે ખાસ નક્કી કરેલા યજુર્મન્ત્રો હતા.

મુખ્ય યાગની વાત કહી. મુખ્ય યાગ પહેલાં અને પછી તેનાં અંગરૂપે બીજા કેટલાક ગૌણ યાગ કરવા પડતા. કેટલાક હોમ પણ કરવા પડતા. યાગ અને હોમ જુદા છે. યાગ વખતે આહુતિ અધ્વર્યું આપે છે; પરંતુ મંત્ર એક ઋત્વિક્ ભણે છે. તે ઋત્વિક્નું નામ હોતા હોય છે. હોતા દેવતાને બોલાવી મંત્ર ભણે છે. મંત્ર ભણ્યા પછી વૌષટ્ શબ્દનો ઉચ્ચાર કરેછે, તેનું નામ વષટ્કાર હતું. એ વષટ્કારની સાથે અધ્વર્યું આહુતિનું દ્રવ્ય અગ્નિને અર્પણ કરે છે. તેને કંઇપણ મંત્ર ભણવો પડતો નથી. આનું નામ યાગ. હોમ સંક્ષિપ્ત ક્રિયા છે. તેમાં હોતાની જરૂર પડતી નથી. અધ્વર્યું અગ્નિપાસે બેસી પોતેજ યજુર્મન્ત્ર ભણે છે; મંત્ર પછી સ્વાહાનો ઉચ્ચાર કરે છે, આનું નામ સ્વાહાકાર હતું. સ્વાહાકારની સાથે અગ્નિમાં આહુતિ આપે છે, આનું નામ હોમ. પૂર્ણમાસ યજ્ઞમાં મુખ્ય યાગ પહેલાં અથવા પછી જે ગૌણ યાગ અથવા હોમ કરવા પડતા, તે વિષે અનુક્રમે વર્ણન કરી જઇએ.

પૂર્ણમાસ યાગમાં ચાર ઋત્વિક્ની જરૂર પડે છે. પ્રથમ અધ્વર્યું; પુરોડાશ તૈયાર કરવો અને આહુતિ આપવી, એ બે કામ અને તે બે કાર્ય

* એ પાત્રનું નામ પુરોડાશ પાત્રી હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વચ્ચેનાં બીજાં નાનાં કાર્યો અધ્વર્યુને કરવાં પડે છે. તેનું કાર્ય યજુર્મન્ત્રની મદદ વડે થતું; તેથી તે યજુર્વેદ જાણતો હોવો જોઇએ. આ રીતે અધ્વર્યુ ઋત્વિજોમાં મુખ્ય ગણાતો. તે અધ્વર અર્થાત્ યજ્ઞનું શરીર પેદા કરતો હોય એવી તેની સ્થિતિ હતી. બીજા ઋત્વિક્નું નામ હોતા. તે મંત્ર ભણી આહુતિ પહેલાં દેવતાને આહ્‌વાન કરે છે. હોતા શબ્દ હ્વે ધાતુપરથી ઉત્પન્ન થયો છે. દેવોને આહ્‌વાન કરે છે માટે તેનું નામ હોતા. હોતાએ ભણવાના ઘણાખરા મંત્રો ઋક્ મંત્રો હોય છે. એ માટે હોતા ઋગ્વેદ જાણતો હોવો જોઇએ. ઇષ્ટિયાગમાં સામ મંત્રોની જરૂર પડતી નથી. તે માટે ઉદ્‌ગાતા અથવા બીજા સામ મંત્ર ભણનાર ઋત્વિક્ની જરૂર પડતી નથી. ત્રીજા ઋત્વિક્નું નામ બ્રહ્મા. એ અધ્વર્યુ અને હોતા બંનેનો ઉપરી ગણાતો. બંનેનાં કામો પર દેખરેખ રાખતો, અને કંઈ ભૂલ થતી તો સુધારતો. ચોથા ઋત્વિક્નું નામ અગ્નીત; તે બ્રહ્માનો સહકારી ગણાતો. આ ચાર ઋત્વિજોને પ્રથમથી નિમંત્રણ કરી બોલાવી પૂર્ણમાસ યાગનો આરંભ કરવામાં આવતો.

યાગ શરુ થવાના આગલા દિવસે સવારે અન્વાધાન ક્રિયા અને સાંજરે વ્રતગ્રહણ ક્રિયા થાય છે. સવારે યજમાન ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણાગ્નિમાં એકેક સમિત્ નાખી યજ્ઞને માટે અગ્નિને અનુકૂળ કરી રાખે છે. અગ્નિને જાણે એમ કહેવામાં આવતું ન હોય કે કાલે હું યાગ કરવાનો છું, અત્યારથી તમે તૈયાર થઇ રહો. સાંજરે યજમાન હજામત કરાવી નાહી થોડું ખાઈ લે છે; પછી અગ્નિની પાસે ઉભો રહી, હું સાચું બોલીશ ઇત્યાદિ કેટલાક નિયમો પાળવાની પ્રતિજ્ઞા લે છે. આ કર્મનું નામ વ્રતગ્રહણ. ત્યાર બાદ યજમાન પત્નીની સાથે યજ્ઞશાળામાંજ સૂઇ રહે છે.

બીજે દિવસે સવારમાં અગ્નિહોત્ર કર્યા બાદ ઇષ્ટિયાગ શરૂ કરવામાં આવે છે. યજમાનનું પહેલું કામ બ્રહ્માને પસંદ કરવાનું છે. પસંદ કરેલ બ્રહ્મા આહવનીયની દક્ષિણે બેસે છે અને ત્યાં બેસી બધું કામ તપાસે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રહ્માની ડાબી બાજુએ યજમાનનું આસન હોય છે. યજમાનની સ્ત્રી ગાર્હપત્યની દક્ષિણે બેસે છે. તે ગૃહિણી હોવાથી ગાર્હપત્ય સાથે તેના ખાસ સંબંધ બંધાએલો હોય છે. વેદિની ઉત્તરે હોતાનું અને અગ્નીતનું આસન હોય છે. અધ્વર્યુ યાગ વખતે બેસી શકતો નથી; તેને જુદાં જુદાં કામો કરવા આમ તેમ ફરવું પડે છે.

વરણ થયા બાદ બ્રહ્મા પોતાના આસન પર બેસે છે, એટલે પ્રણીતા-પ્રણયન કર્મ શરૂ થાય છે. પ્ર ઉપસર્ગનો અર્થ આગળ-પૂર્વ મુખે એવો થાય છે; પ્રણયન શબ્દનો અર્થ પૂર્વ મુખે લઈ જવું, એવો થાય છે. થોડું પાણી પૂર્વ તરફ લઈ જઇ આહવનીયની પાસે મુકવામાં આવે છે. પ્રથમ કહ્યું છે તેમ વેદિની પૂર્વે આહવનીયનું સ્થાન છે. એ પાણીનું નામ પ્રણીતા છે. સંસ્કૃત ભાષામાં અપ્ શબ્દ સ્ત્રીલિંગમાં છે, તે માટે પ્રણીત વિશેષણ સ્ત્રીલિંગમાં આકારાંત બન્યું છે. યાગ પૂરો થાય ત્યાંસુધી એ પાણી ત્યાં જ રહે છે. તાત્પર્ય એ છે કે એ પોતાને સ્થાને રહી યજ્ઞનું રક્ષણ કરે. શતપથ બ્રાહ્મણ કહે છે કે એ પાણી અસુર અને રાક્ષસો માટે વજ્રસ્વરૂપ છે; તેઓ એ વજ્ર જોઈ યજ્ઞ ભૂમિપર આવી શકતા નથી. આ તરફ અધ્વર્યુ યજ્ઞની સામગ્રી એકઠી કરી ગોઠવી રાખે છે. અને યોગ્ય સમયે વેદિ પર ગોઠવે છે. ઇષ્ટિયાગમાં ઘણી સામગ્રીની જરૂર પડે છે. કેટલીક સામગ્રીનાં નામ જાણવાની જરૂર છે. તે સામગ્રીના વર્ગ પાડી ઉલ્લેખ કરૂં છું. (૧) યજ્ઞિય કાષ્ઠના કેટલાક ટુકડા, એનું નામ સમિત્. ત્રણ સમિધ વડે આહવનીય અગ્નિને ઘેરી પાળ કરવામાં આવે છે. એ ત્રણ કકડાનું નામ પરિધિ. બીજાં કેટલાંક સમિત્ યાગ પહેલાં અગ્નિ સળગાવવા જુદાં રાખવામાં આવે છે. અગ્નિ સળગાવવામાં વપરાતા ટુકડાનું નામ સમિન્ધન છે. અધ્વર્યુ એક સમિત્ આહવનીય અગ્નિમાં નાખે છે, અને હોતા એક એક કરીને ઋક્મંત્ર ભણે છે. અગ્નિ-સમિન્ધન માટે વપરાતા હોવાથી એ મંત્ર સામિધેની ઋક્ના નામથી ઓળખાય છે. (૨) કેટલાક દર્ભના પુળા. એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દર્ભ વેદિપર પાથરી તે પર યાગની સામગ્રી ગોઠવવામાં આવે છે. દર્ભનો એક પુળો જુદો બાંધે છે, તેનું નામ પ્રસ્તર. જે હાથામાં આહુતિનું દ્રવ્ય લઇ આહુતિ આપવામાં આવે છે, તેનું નામ જુહૂ. એ જુહૂ પેલાં પ્રસ્તર પર રાખવામાં આવે છે. એ પ્રસ્તર તદ્દન સામાન્ય ચીજ નથી. તેનું ખાસ તાત્પર્ય છે, તે વાત પછી વિચારીશું. (૩) પૂર્ણમાસ યજ્ઞના મુખ્ય યાગમાં પુરોડાશની આહુતિ અપાય છે. તેની પહેલાં અને પછી ગૌણ યજ્ઞોમાં આજ્યાહુતિ અપાય છે. યજ્ઞમાં વાપરવા યોગ્ય સંસ્કૃત ઘીનું નામ આજ્ય. એક માટીનાં વાસણમાં એ આજ્ય રાખવામાં આવે છે, તેનું નામ આજ્યસ્થાલી છે. આજ્યસ્થાલીમાંથી આજ્ય ગ્રહણ કરવા માટે ચાર હાથાની જરૂર પડે છે. એમાંના એકનું નામ ધ્રુવા. વેદિપર સ્થિરભારે રહેતો હોવાથી તેનું નામ ધ્રુવા પડયું છે. આજ્યસ્થાલીનું આજ્ય ધ્રુવામાં રેડવામાં આવે છે અને યાગ વખતે એ ધ્રુવામાંથીજ આજ્ય લેવામાં આવે છે. ધ્રુવામાંથી આહુતિ માટે આજ્ય લેવા માટે એક નાનો હાથો હોય છે, તેનું નામ સ્રુવ. એક બીજો મોટો હાથો હોય છે, તેનું નામ જુહૂ. જુહૂનું નામ આગળ આવી ગયું છે. આહુતિ વખતે અધ્વર્યુ નાના સ્રુવવડે ધ્રુવામાંથી આજ્ય લે છે અને જુહૂમાં રેડે છે. ચોથા હાથાનું નામ ઉપભૃત્; એ જુહૂ કરતાં નાનો હોય છે. યાગ વખતે અધ્વર્યુ જમણા હાથે જુહૂ અને ડાબે હાથે ઉપભૃત્ પકડે છે. ઉપભૃત્ જુહૂની નીચે રાખવામાં આવે છે. તેનું કારણ એટલુંજ કે જુહૂમાંનું આહુતિ આપવાનું દ્રવ્ય જમીનપર ન પડે; કદાચ પડે તો પણ ઉપભૃતમાંજ પડે. (૪) પુરોડાશ તૈયાર કરવા માટે કેટલીક સામગ્રીની જરૂર પડે છે. જેવી કેઃ–(ક) અગ્નિહોત્રહવની–એ સંબંધી અગ્નિહોત્ર પ્રસંગે કહ્યું છે; ઇષ્ટિયાગમાં એ અગ્નિહોત્રહવની પુરોડાશ માટે જવ અથવા ડાંગર આણવા માટે વપરાય છે. (ખ) ખાંડણિઓ ને સાંબેલુંઃ–એ વડે જવ અથવા ડાંગર ખાંડવામાં આવે છે. (ગ) સુપડું–એ વડે જવ અગર ડાંગર ઝાટકવામાં આવે છે. (ઘ) ખલબત્તો–એ વડે જવ અથવા ચોખા વાટવામાં આવે છે. (ચ) શગ્યા–એક લાકડું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોખા વાટતી વેળા નીચે એક લાકડું રાખવાથી ખલ ઢળતો રહે અને ચોખા વાટવાની સગવડ થાય. (૭) કૃષ્ણાજિન અર્થાત્ કાળા હરણનું ચામડું; ચોખા ખાંડતી વેળા ખાંડણિઆની નીચે પાથરવામાં આવે છે.

અધ્વર્યુ વેદિપર દર્ભ બિછાવી એ બધી સામગ્રી ગોઠવી દે છે, ત્યાર-પછી યાગને માટે આહવનીય અગ્નિ સારી રીતે પ્રગટાવવામાં આવે છે-એનું નામ અગ્નિ-સમિન્ધન છે; એ વાત આગળ કહેવાઇ ગઇ છે. હોતા અકેક સામિધેની ઋક્ ભણે છે, અને અધ્વર્યુ એક એક સમિત્ આહવની-યમાં નાખે છે; એથી આહવનીય અગ્નિ સળગી ઉઠે છે.

યજ્ઞની સામગ્રી ગોઠવાઇ ગઇ છે; પુરોડાશ તૈયાર કરી વેદિપર યોગ્ય સ્થાને મુકવામાં આવ્યો છે; આહવનીય અગ્નિ સળગાવવામાં આવ્યો છે; હવે યાગ માટે દેવતાઓને બોલાવવા પડશે. દેવતાને બોલાવવાનું કામ હોતાનું છે, પરંતુ હોતા તો સામાન્ય માણસ છે; તેના બોલાવવાથી દેવો શા માટે આવે? પ્રથમ કહ્યું છે કે અગ્નિ પોતે દેવોનો હોતા છે, અગ્નિ પોતે બોલાવે તો દેવતાઓ આવે; તેથી અગ્નિને એ કામમાં નીમવામાં આવે છે. પરંતુ અગ્નિને બોલાવવો શી રીતે? અધ્વર્યુ કે હોતાના બોલાવવાથી અગ્નિદેવ પધારે ખરા? ના. ત્યારે અગ્નિદેવને શી રીતે બોલાવવા? પ્રાચીન ઋષિઓ મંત્રદ્રષ્ટા હતા; અલૌકિક સત્તાનાં બળ-વડે મંત્ર મેળવી એ મંત્રવડે તેઓ અગ્નિને બોલાવતા; તેઓનો પોકાર અગ્નિ સાંભળતો. યજમાન જે ગોત્રમાં જન્મ્યો છે, તે ગોત્રમાં જુના સમ-યમાં જે કેટલાક મંત્રદ્રષ્ટા ઋષિ થઇ ગયા, તેઓ નક્કી પોતપોતાના મંત્ર-વડે પોતપોતાના અગ્નિને બોલાવતા. અગ્નિ તેઓનો પોકાર સાંભળતો. એ ઋષિઓના અગ્નિનું નામ આર્ષેય અગ્નિ અથવા ઋષિ સંબંધીય અગ્નિ હતું; તેને પ્રવર અગ્નિ પણ કહેતા. દેવતાને બોલાવવા માટે હોતાનું વરણ કર-વામાં આવતું, તેનું નામ પ્રવરણ હતું. યજમાને નીમેલ હોતા તો મનુષ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોતા હતો; પરંતુ અગ્નિ દેવહોતા છે, મનુષ્ય હોતાને જેમ પસંદ કરવામાં અથવા પ્રવરણ કરવામાં આવે છે, તેજ મુજબ અગ્નિને પણ પ્રવરણ કરવો પડે છે. યજમાનનાં ગોત્રપ્રવર્ત્તક પ્રાચીન ઋષિની દોહાઈ દઇ બોલાવવાથી એ ઋષિનો અગ્નિ એ પોકાર સાંભળતો હતો, માટે એ ઋષિનાં નામ મુજબ દેવહોતા અગ્નિને બોલાવી પછી એ અગ્નિના જ પ્રતિનિધિ સ્વરૂપ મનુષ્યહોતાનું વરણ કરવામાં આવતું. આ પ્રમાણે જોડાણ થવાથી મનુષ્ય-હોતા ગોત્રપ્રવર્ત્તક ઋષિઓના અગ્નિને બોલાવતો અને મંત્રવડે તે અગ્નિને જ દેવતાને બોલાવવાની પ્રાર્થના કરતો. વરણ થયા બાદ હોતા વેદિની ઉત્તરે પોતાનાં આસનપર બેસે છે.

હવે વાસ્તવિક રીતે યાગનો આરંભ થયો ગણાય. યાગનાં નામ એક પછી એક આ પ્રમાણે છે. (૧) પ્રયાજ યાગ, મુખ્ય યાગની પહેલાં આરંભાતો હોવાથી એનું નામ પ્રયાજ યાગ પડયું છે. આહુતિનું દ્રવ્ય આજ્ય હોય છે. અધ્વર્યુ ઘીની ધારવડે આધાર હોમ કરી પછી પ્રયાજ યાગ કરે છે. પાંચ દેવતાઓને ઉદ્દેશી પાંચ આહુતિ આપવામાં આવે છે. દેવતાઓનાં નામ સાંભળી આપ ચમકી જશો. અત્યારે પણ આપણે વેદપંથી ગણાઇએ છીએ; પરંતુ એ દેવતાઓનાં નામ આપણે તદ્દન વિસરી ગયા છીએ. પ્રથમ દેવ-તાનું નામ સમિત્; બીજાનું નામ તનૂનપાત્ અથવા યજમાનનાં ગોત્રભેદે નરાશંસ; ત્રીજાનું નામ ઇડઃ; ચોથાનું નામ બર્હિઃ; પાંચમાનું નામ સ્વા-હાકાર. (૨) પંચ પ્રયાજ પછી અગ્નિને ઉદ્દેશે એકવાર અને સોમને ઉદ્દેશે એકવાર આજ્ય આહુતિ અપાય છે, એનું નામ આજ્યભાગદાન. (૩) આજ્યભાગદાન પછી મુખ્ય યાગ શરૂ થાય છે. અગ્નિને ઉદ્દેશે પ્રથમ પુરોડાશ, અને ત્યારપછી અગ્નિ તથા સોમને ઉદ્દેશે બીજો પુરોડાશ અપાય છે. બંને વચ્ચે અગ્નિ અને સોમને ઉદ્દેશે એક ઘૃતાહુતિ દેવામાં આવે છે. ઉપાંશુ અર્થાત્ ધીમે સ્વરે મંત્ર ભણાતા હોવાથી આ ઘૃતાહુતિનું નામ ઉપાંશુયાગ પડયું છે. (૪) ત્યારપછી સ્વિષ્ટકૃત યાગ. બંને પુરોડાશનો આખો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ આહુતિમાં આપવો પડતો નથી; થોડો ભાગ રાખવો પડે છે. એમાંથી થોડો ભાગ કાપી અગ્નિ સ્વિષ્ટકૃતને ઉદ્દેશે આપવો પડે છે. અગ્નિ સ્વિષ્ટકૃત રૂદ્ર દેવતાની મૂર્ત્તિ છે. એ રૂદ્ર દેવતાનો લોકોને બહુ ભય હતો. તેનાં બાણથી બધાં બીતાં. એટલું જ નહિ પણ તેના નામનો સ્પષ્ટ ઉચ્ચાર કરવાનું સાહસ પણ કોઈથી થઇ શકતું નહિ. ઉગ્ર, ભીમ, કપર્દી વગેરે વિશેષણોથી તેનો સ્વભાવ જણાઇ આવે છે. તેને ખુશી રાખવા માટે કોઈ કોઈ વખતે તેને શંકર કહેવામાં આવતા. પરિણામે વેદપંથીઓના બીજા દેવતાઓ સાથે તેની જુદાઈ નહોતી. તેણે એક વખત દેવતાઓની વિનંતિથી સ્વયં પ્રજાપતિને લક્ષી બાણ છોડયું હતું. દેવતાઓએ ખુશી થઇ તેને પશુઓનું આધિપત્ય આપ્યું હતું. ત્યારથી તે પશુપતિ થયેલ છે. ઘણા જૂના સમયમાં તેને યજ્ઞનો ભાગ મળતો નહિ; તેથી તેણે બળપૂર્વક યજ્ઞનો ભાગ લીધો હતો. યારથી સ્વિષ્ટકૃત્ યાગનો આરંભ થયો હતો. સ્વિષ્ટકૃત્ યાગમાં જે આહુતિ માપવામાં આવતી, તે રૂદ્રદેવ પોતે અગ્નિ સ્વિષ્ટકૃત્ મૂર્તિના રૂપમાં ગ્રહણ કરતા. આ પ્રસંગે દક્ષયજ્ઞ સંબંધીનું પૌરાણિક ઉપાખ્યાન આપને યાદ આવશે. (૫) સ્વિષ્ટકૃત્ યાગ પછી અનુયાજ યાગ થાય છે. મુખ્ય યાગ પહેલાં જેમ પ્રયાજ યાગ કરવામાં આવે છે, તે જ રીતે પાછળથી અનુયાજયાગ કરવામાં આવે છે. પ્રયાજ યાગના દેવતા પાંચ છે; અનુયાજ યાગના દેવતા ત્રણ છે– બર્હિઃ, નરાશંસ, અને ફરીથી અગ્નિ સ્વિષ્ટકૃત. આહુતિનું દ્રવ્ય આજ્ય ગણાય છે.

મુખ્ય કે ગૌણ બધા યાગો કરવાના કેટલાક સાધારણ નિયમો છે. પ્રથમ કહ્યું છે તેમ અધ્વર્યુ મુખ્ય ઋત્વિક્ ગણાય છે; હોતા દેવતાને બોલાવનાર માત્ર ગણાય છે. આહવનીય અગ્નિમાં આહુતિ આપી યાગ થાય છે. અધ્વર્યુનું આસન આહવનીયની ઉત્તરે હોય છે; ત્યાં તે ઉભો રહે છે; કોઈપણ યાગ શરુ થયા પહેલાં તે જમણા હાથમાં જુહૂ અને ડાબા હાથમાં ઉપભૃત્ લઈ વેદિની ઉત્તર દિશાએથી દક્ષિણ દિશાએ ચાલ્યો આવે છે. દક્ષિણમાં ઉભો રહી તે અગ્નીત નામના ઋત્વિક્‌ને આજ્ઞા કરે છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"**ॐ श्रावय**" અર્થાત્ દેવતાઓને મંત્ર સાંભળવાની પ્રાર્થના કરો. અગ્નીત વેદિની ઉત્તર દિશાએ એક લાકડાની તરવાર પકડી ઉભો રહે છે. એ તરવારનું નામ સ્ફ્ય હોય છે. તે જવાબમાં કહે છે કે–'**अस्तु श्रौषट्**" અર્થાત્ વારૂ, દેવતાઓ સાંભળે છે, ત્યારે અધ્વર્યુ હોતાને દેવતાને આહ્વાન કરવાની આજ્ઞા આપે છે. હોતાને બે મંત્ર ભણવા પડે છે. પહેલાનું નામ **અનુવાક્યા;** એ ઋક્‌મંત્ર છે. એ મંત્રવડે દેવતાઓને અનુકૂળ કરવામાં આવે છે. બીજા મંત્રનું નામ **યાજ્યા;** એ મંત્ર કોઇ વખતે ઋક્, કોઇ વખતે યજુઃ હોય છે. એ યાગનો મંત્ર હોવાથી યાજ્યા કહેવાય છે; યાદ રાખો કે યાગનો દેવ અગ્નિ છે. હોતા મંત્ર ભણ્યા પહેલાં "**ये यजामहे अग्निं देवम्**" બોલી આરંભ કરે છે. એનું નામ **आगूः।** ત્યારપછી યાજ્યા મંત્ર ભણી બોલે છે કે "**अग्ने वीहि वौषट्**"–અગ્નિ આ ભક્ષણ કરો અને દેવતાઓને પહોંચાડો. આ **वौषट्** ઉચ્ચારનું નામ વષટ્કાર. એ વષટ્કાર મંત્ર સાથે જ અધ્વર્યુ આહુતિનું દ્રવ્ય પછી તે આજ્ય હોય, કે પુરોડાશ હોય, તે અગ્નિમાં નાખે છે. યજમાન આહુતિ પછી ત્યાગમંત્ર ભણે છે. "**इदम् अग्नये–न मम**"–આ દ્રવ્ય અગ્નિને દેવામાં આવ્યું છે, મારૂં હવે રહ્યું નથી–આનું નામ ત્યાગમંત્ર. દેવતાના ઉદ્દેશે દ્રવ્યત્યાગ કરવો એનું નામ યાગ. યજમાન આ પ્રમાણે દ્રવ્યત્યાગ કરે છે. ત્યાગમંત્ર ભણ્યા પછી અધ્વર્યુ અગ્નિની દક્ષિણ બાજુએથી વળી ઉત્તર બાજુએ પોતાને ઠેકાણે આવે છે. દરેક યાગની આ સાધારણ વિધિ છે.

એક મોટી ક્રિયા વિષે કહેવાનું બાકી રહ્યું છે. એ ક્રિયાનું નામ હવિઃભક્ષણક્રિયા છે. હવિઃશેષ ન ખાય ત્યાં સુધી યજ્ઞ સંપૂર્ણ અને સાર્થક થતો નથી, અગ્નિહોત્ર પ્રસંગે કહ્યું છે કે બધું દૂધ આહુતિમાં ન વાપરતાં જે થોડું ઘણું બાકી રહે તે પી જવું પડે છે. પૂર્ણમાસ યાગમાં પણ બધા પુરોડાશની આહુતિ આપવામાં આવતી નથી. થોડો પુરોડાશ રાખી મુકવામાં આવે છે. યજમાન અને ઋત્વિજો એ ખાય છે. એ માટે પુરોડાશના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાકી રહેલા ભાગના કેટલાક નાના નાના ભાગ કરવામાં આવે છે. એમાંના એકનું નામ પ્રાશિત્ર; તે બ્રહ્મા ખાય છે. બીજાનું નામ ષડવત્ત; એ ભાગ અગ્નીતનો ગણાય છે. અને એક ભાગના ચાર નાના ટુકડા કરી અધ્વર્યુ, હોતા, બ્રહ્મા અને અગ્નીત્ એ ચારે જણ એક એક ભાગ ભક્ષણ કરે છે. પુરોડાશના બીજા બે ભાગ રાખી મુકવામાં આવે છે. બધી ક્રિયા પુરી થયા બાદ બ્રહ્મા અને યજમાન એ બંને ભાગ ખાઇ જાય છે. પહેલા ને બીજા બંને પુરોડાશનો થોડો ભાગ ઘીવાળો કરવામાં આવે છે. એ ઘીવાળા ભાગનું નામ ઇડા. યજમાન અને ચારે ઋત્વિક્, બધા મળી આ ઇડાનું ભક્ષણ કરે છે. આ ઈડાભક્ષણ એ એક વિશિષ્ટ બાબત છે. અત્યારે હું એ સંબંધમાં વધુ કહીશ નહિ. પરંતુ આપ આ ઇડાને ખાસ યાદ રાખશો. એ સંબંધમાં ઘણી વાતો આગળ કહેવામાં આવશે. ઇડાભક્ષણનું તાત્પર્ય સમજ્યા વિના યજ્ઞનું તાત્પર્ય સમજાશે નહિ. આ ઇડાનો જ એક ભાગ હોતા જુદો જ ખાય છે. એ ભાગનું નામ અવાન્તર ઇડા પડયું છે. આ હવિઃશેષભક્ષણ સ્વિષ્ટકૃત યાગ પછી અને અનુયાજ યાગ પહેલાં પુરૂં કરવામાં આવે છે. કેવળ બ્રહ્મા અને યજમાનનો ભાગ યજ્ઞસમાપ્તિ પછી ખાવાને માટે રાખી મુકવામાં આવે છે.

અનુયાજયાગ સાથે પૂર્ણમાસ યજ્ઞની મુખ્ય ક્રિયાઓ એક રીતે પૂર્ણ થઇ જાય છે. હવે સમાપ્તિ કેવી રીતે કરવામાં આવે છે, તે જોઇએ. પ્રસ્તર નામના દાભના પુળા વિષે આપને સાંભરતું હશે. થોડો દાભ બાંધી વેદિપર રાખવામાં આવતો, તેનું નામ પ્રસ્તર. પરંતુ એ પ્રસ્તરને કેવળ દાભની સળીઓજ માનવાની નથી. તેમાં યજમાનનું શરીર કલ્પવામાં આવ્યું હોય છે. અનુયાજયાગ પછી એ પ્રસ્તર આહવનીયના અગ્નિમાં ફેંકી દેવામાં આવે છે. પ્રસ્તર જયારે સળગતો હોય, ત્યારે યજમાન સ્વર્ગમાં જાય છે, એમ સમજવામાં આવે છે. પ્રસ્તર સળગી ગયા બાદ યજમાન સ્વર્ગમાં જઇ દેવતાઓ સાથે મળી ગયો છે, એમ સમજવામાં આવે છે. પ્રસ્તર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સળગતો હોય ત્યારે અધ્વર્યુની આજ્ઞા લઇ હોતા કેટલાક મંત્રો ભણે છે. એ મંત્રોનું નામ સુક્તવાક્. પ્રસ્તર સળગી ગયાબાદ આશીર્વાદસૂચક બીજા કેટલાક મંત્રો ભણે છે, એનું નામ શંયુવાક્. આપને યાદ હશે કે યજ્ઞની શરુઆતમાં ત્રણ સમિત્નાં લાકડાં વડે આહવનીય અગ્નિને ઘેરી રાખવામાં આવતો. એ સમિતનું નામ પરિધિ પડતું. મનુષ્યહોતા દેવહોતા અગ્નિને આહવનીય સ્થાને બોલાવી લાવે છે, એ વાત આપ જાણો છો. એ દેવહોતા અગ્નિનાં શરીરરૂપે એ પરિધિને કલ્પવામાં આવી હોય છે. હવે એ પરિધિને અગ્નિમાં નાખી દેવામાં આવે છે; દેવહોતા યજ્ઞસ્થળમાંથી ચાલ્યો જાય છે, તે વખતે અધ્વર્યુ વિશ્વદેવોને ઉદ્દેશે થોડા આજ્યવડે હોમ કરે છે; એ હોમનું નામ **સંસ્રવ હોમ.** એ યાગ નથી પણ હોમ છે, એ હોમ સાથેજ યજમાનનું અનુષ્ઠાન સમાપ્ત થાય છે.

અત્યાર સુધીમાં આપ અકળાઇ ગયા હશો. હુંપણ અહીં સમાપ્ત કરી આપને રજા આપત, પરંતુ યાજ્ઞિકો રજા આપતા નથી. યજમાનને માટે અનુષ્ઠાન સમાપ્ત થયું. પરંતુ યજમાનપત્નીનું અનુષ્ઠાન હજુ પુરૂં થયું નથી. મેં અગાઉ કહ્યું છે કે ગાર્હપત્ય અગ્નિ સાથે યજમાનપત્નીને ખાસ સંબંધ છે અત્યાર સુધી તે ગાર્હપત્ય પાસે બેઠી હોય છે. અત્યાર સુધીમાં જેટલા યાગ થયા, તે બધા આહવનીય અગ્નિમાં થયા છે; ગાર્હપત્યમાં કોઇપણ યાગ થયો નથી. હવે બ્રહ્મા સિવાય બીજા ત્રણ જણ ઋત્વિક્ યજમાન-પત્ની પાસે આવી ગાર્હપત્ય અગ્નિમાં કેટલીક આહુતિ આપે છે. આહુતિમાં આજ્ય વપરાય છે. આહુતિના દેવતા યથાક્રમે સોમ, ત્વષ્ટા, દેવપત્નીઓ અને અગ્નિગૃહપતિ ગણાય છે. અગ્નિગૃહપતિ તો ગાર્હપત્ય અગ્નિનો દેવ છે. અગ્નિગૃહપતિને યજ્ઞભાગ ન મળે તે ગૃહિણી કેમ સહન કરે? વળી દેવતાઓની સ્ત્રીઓને પણ તે શામાટે ભુલે? મુખ્ય યાગ પછી જેમ હવિઃશેષ ભક્ષણ કરવામાં આવે છે. તેજ રીતે આ યાગ પછી પણ યજમાનપત્નીને હવિઃશેષ ભક્ષણ કરવું પડે છે. ભક્ષણ કર્યા બાદ સુક્તવાક્ ભણવામાં આવતું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી પણ શંયુવાક્ ભણવામાં આવે છે, અને સંસ્રવ હોમ પણ કરવામાં આવે છે. યજમાનપત્નીના આ યાગનું નામ પત્ની–સંયાજ યાગ પડેલું છે.

દક્ષિણાગ્નિમાં અત્યાર સુધી કોઈપણ આહુતિ આપવામાં આવી નથી. હવે અધ્વર્યુ દક્ષિણાગ્નિમાં જરા આજ્ય હોમે છે. પુરોડાશ તૈયાર કરતી વેળા જે કંઈ કણુક પડી રહી હોય, તે વિશ્વદેવોને ઉદ્દેશે અગ્નિમાં નાખવામાં આવે છે. દેવહોતાના બોલાવવાથી જે દેવતાઓ યજ્ઞભાગ મેળવવાને માટે આવ્યા હતા, તેઓ હજુ યજ્ઞસ્થળ તજી ગયા નથી. અધ્વર્યુ ફરી આવી તેઓને માટે આહવનીય અગ્નિમાં થોડું આજ્ય હોમે છે. ત્યારે તેઓ ચાલ્યા જાય છે. આનું નામ સમિષ્ટ–યજુર્હોમ છે. વેદિપર યજ્ઞની સામગ્રી રાખવા માટે જે દાભ બિછાવવામાં આવ્યો હતો, તેપણ આહવનીયમાં નાખી દેવામાં આવે છે. યજ્ઞ શરૂ કરતી વેળા પ્રણીતા નામનું પાણી લાવી યજ્ઞની રક્ષા માટે આહવનીયની પૂર્વ બાજુએ રાખવામાં આવ્યું હતું; યજ્ઞ પૂરો થતાં એ પાણી વેદિપર ઢોળી નાખવામાં આવે છે. પુરોડાશને માટે ડાંગર કે જવ ખાંડતાં જે ફોતરાં પડ્યાં હોય, તે રાક્ષસને આપવાનાં હોય છે, એથીજ તેઓ ખુશી થાય છે, માટે રાક્ષસને ઉદ્દેશે એ ફેંકી દેવામાં આવે છે.

આ વખતે યજ્ઞ સમાપ્ત થયો. યજમાનને હવે દેવત્વ મળ્યું છે; એટલુંજ નહિ પણ તે દેવતાઓમાં પરમ દેવતા જે વિષ્ણુ, તે વિષ્ણુનું પદ મેળવવાની પ્રાર્થના કરવા તૈયાર થયો છે. આપ જાણો છો કે વિષ્ણુએ ત્રણ ડગલાં વડે ત્રણ લોક તાબે કર્યા હતાં. સમસ્ત વૈદિક સાહિત્ય વિષ્ણુનાં આ ત્રણ ડગલાંના માહાત્મ્યથી ભરપૂર છે. તે મુજબ યજમાન ત્રણ ડગલાં ભરી પૂર્વ મુખે આહવનીય સુધીની જગા ફરે છે, એનું નામ **વિષ્ણુક્રમ–પ્રક્રમણ** છે. પૂર્વ દિશામાં દેવતાઓનું સ્થાન છે; યજમાન પૂર્વ તરફ જોઇ બોલે છે કે “ મેં પ્રકાશમાં ગમન કર્યું છે; હું પ્રકાશ સાથે ભળી ગયો છું. ” ત્યારબાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યજમાન સૂર્ય અને ગાર્હપત્ય અગ્નિનું ઉપસ્થાન કરી પ્રાર્થના કરે છે કે "હે ગૃહપતિ અગ્નિ, હું તારાવડે સારો ગૃહપતિ થાઉં એવું આપ." પોતાના પુત્રનું નામ બોલી કહે છે કે "મારો આ પુત્ર આ વીર કર્મને અનુક્રમે વિસ્તારવાળું કરો." ત્યારબાદ આહવનીય અગ્નિનું ઉપસ્થાન કરી યજ્ઞને આગલે દિવસે જે વ્રત લીધું હતું તે વ્રતનું વિસર્જન કરે છે. વિસર્જન કર્યા બાદ યજ્ઞશાળાની બહાર આવી યજમાન અને બ્રહ્મા પુરોડાશનો જે ભાગ તેઓને માટે મુકી છાંડવામાં આવ્યો હતો, તે ખાઈ જાય છે. છેવટે બ્રહ્મા આહવનીયમાં સમિત્ નાખી પૂર્ણમાસ ઇષ્ટિની સમાપ્તિ કરે છે. યજ્ઞ પુરો કર્યા બાદ ઋત્વિજોને દક્ષિણા આપવી પડે છે. પૂર્ણમાસ યજ્ઞ દરેક ગૃહસ્થને કરવોજ જોઇએ. ધનવાન કે દરિદ્ર બધાને એ યાગ કરવોજ પડતો. દક્ષિણા ખરચાળ નહોતી. યજ્ઞની શરુઆતમાં દક્ષિણાગ્નિ પર ચાર ઋત્વિજોને પુરો પડે તેટલો ભાત પકવવામાં આવતો. એ ભાત રંધાઈ જતાં એ અન્ન દક્ષિણામાં અપાતું. યજ્ઞ પુરો થયે ઋત્વિજો એ અન્ન જમતા, એથી યજ્ઞની દક્ષિણા વળી જતી.

પૂર્ણમાસ યજ્ઞનું વિવરણ કર્યું, એ પરથી ઇષ્ટિયાગ શું છે, તે આપ સમજી શકયા હશો. હવે પશુયાગ વિષે વિચારીએ. પશુયાગ નાના પ્રકારના છે. તેમાંનો એક પશુયાગ ફરજિઆત હતો. એનું નામ નિરૂઢ પશુબંધ હતું. દર વરસે વર્ષાઋતુમાં પૂર્ણિમા અથવા અમાવાસ્યાને દિવસે એ યાગ કરવો પડતો. કોઇ કોઇ મત મુજબ વરસમાં બે વાર કરવો પડતો; ઉત્તરાયણ અને દક્ષિણાયન સંક્રાન્તિપર. એ પશુયાગ બીજા બધા પશુયાગના મૂળ રૂપ હોવાથી એનું વિવરણ કરતાં બીજા બધા પશુયાગનું સાધારણ જ્ઞાન થઇ જશે.

ઇષ્ટિયાગમાં ચાર ઋત્વિજોની જરૂર પડે છે. અધ્વર્યુ, હોતા, બ્રહ્મા અને અગ્નીત્. પશુયાગમાં બીજા બે માણસોની જરૂર પડે છે. એક અધ્વર્યુનો સહકારી, તે પ્રતિપ્રસ્થાતાના નામથી ઓળખાતો. એક બીજો હોતાનો સહકારી મૈત્રાવરુણના નામથી ઓળખાતો. આ ૭ ઋત્વિજોની મદદથી

૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પશુયાગ શરુ થતો. ઇષ્ટિયાગમાં યજ્ઞનો સરંજામ રાખવા માટે જે વેદિ રાખવામાં આવતી, તે વેદિની પશ્ચિમે ગાર્હપત્ય અને પૂર્વે આહવનીય અગ્નિ રહેતો. પશુયાગમાં તે સિવાય એક બીજી વેદિ બનાવવામાં આવતી. એનું નામ **પાશુક** વેદિ હતું. આહવનીય અગ્નિની પૂર્વ બાજુએ આ વેદિ બનાવવામાં આવતી. આ પાશુક વેદિના ઉપરના ભાગમાં એક બીજી નાની વેદિ બનાવવામાં આવતી; તે ઉત્તર–વેદિના નામથી ઓળખાતી. યજ્ઞશાળાની ઉત્તર બાજુએ માટી ખોદી એ માટીથી ઉત્તર–વેદિ બનાવવામાં આવતી. માટી ખોદતાં જે ખાડ પડતી, તે ખાડ **ચાત્વાલ**ના નામથી ઓળખાતી. ચાત્વાલની પાસે પાશુક વેદિની ધૂળનો ઢગલો કરી રાખવામાં આવતો. એ ઢગલાનું નામ ઉત્કર હતું. ઉત્તર વેદિનો મધ્ય ભાગ નાભિના નામથી ઓળખાતો. આહવનીયમાંથી અગ્નિ આણી એ નાભિમાં રાખવામાં આવતો. નાભિમાંના એ અગ્નિમાં વળી નવીન અગ્નિ નાખવામાં આવતો. અરણિ ઘસી અગ્નિ-મન્થન કરી એ નવીન અગ્નિ ઉત્પન્ન કરવામાં આવતો. નાભિમાં એ બંને અગ્નિ એકત્ર કરતાં જે અગ્નિ ઉત્પન્ન થતો તે નવા આહવનીય રૂપે ગણાતો. ત્યારથી જુનો આહવનીય પોતાનો દરજ્જો ગુમાવી ગાર્હપત્યનું કામ કરતો. પાશુક વેદિ પર પશુયાગ માટે જોઇતો સરંજામ અને આહુતિનું દ્રવ્ય રાખવામાં આવતું.

પશુબંધનને માટે યૂપની જરૂર પડતી. એ યૂપ લાકડાનો થાંભલો માત્ર હોય છે. અધ્વર્યુ પોતે સુતારની સાથે બહાર જઇ ઝાડની ડાળ કાપી આણતો. એ ડાળીપરથી ડાંખળાં અને પાંદડાંઓ કાઢી નાખી તેમાંથી અષ્ટકોણ સ્તંભ અથવા ખુંટો તૈયાર કરવામાં આવતો. યૂપ ઓછામાં ઓછા પાંચ હાથ લાંબો બનાવવામાં આવતો; એકાદ હાથ ઉંડો માટીમાં ઉતારવામાં આવતોઃ પાશુક વેદિની પૂર્વ દિશાએ એ ખૂંટો ખોડવામાં આવતો. અષ્ટકોણ યૂપની ટોચપર એક મુગટ રહેતો; તેનું નામ **ચષાલ** હતું. યૂપના પાયા પર ઘી ચોપડવામાં આવતું, એ ક્રિયાનું નામ **યૂપાંજન**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતું. ત્યારપછી દોરી બાંધવામાં આવતી, એ દોરી ‘ રશના ’ નામથી ઓળખાતી. એ રશનામાં એક લાકડું પરોવવામાં આવતું, એ લાકડું સ્વરૂના નામથી ઓળખાતું. દરેક કામ અધ્વર્યુને કરવું પડતું, અને હોતા દરેક કર્મને અનુકૂળ ઋક્ મંત્રો ભણતો. આ પ્રમાણે યૂપ પશુબંધન યોગ્ય થતો.

બાંધ્યા પહેલાં પશુને બે કોળી દાભ વડે સ્પર્શ કરવામાં આવતો; એનું નામ ઉપાકરણ. પશુનાં બે શીંગડાં વચ્ચે દોરી બાંધી એ દોરી યૂપની રશના સાથે બાંધવામાં આવતી. આ પ્રમાણે પશુબંધન થતું, તેનું નામ પશુ–નિયોજન હતું. પશુનાં કપાળપર ઘી ચોપડવામાં આવતું.

નિયોજન કર્યા બાદ યાગની તૈયારી થતી. યાગનો આરંભ લગભગ ઇષ્ટિયાગના આરંભ જેવોજ હતો. ઉત્તર વેદિની નાભિમાં જે નવીન આહવનીય અગ્નિ સ્થાપવામાં આવ્યો હતો, તેમાં સામિધેની મંત્રોવડે સમિત્ નાખી અગ્નિ પ્રકટાવવામાં આવતો. ત્યાર પછી એ અગ્નિમાં આધાર હોમ કરી દેવહોતા અગ્નિનું વરણ કરવામાં આવતું. ત્યારબાદ મનુષ્ય હોતાનું વરણ કરવામાં આવતું. આ વરણની વિધિ ઇષ્ટિયાગ જેવીજ હતી. વરણ થતાં દેવતાઓ યજ્ઞસ્થળે હાજર થતા. હવે મુખ્ય યાગની પહેલાં કરવામાં આવતા પ્રયાજ યાગની વિધિ શરુ થતી. ઇષ્ટિયાગમાં માત્ર પાંચ પ્રયાજ થતા. પશુયાગમાં એ સંખ્યા અગિઆરની થતી. એ અગિઆર યાગના દેવતા પણ અગિઆર હતા. ઇષ્ટિયાગના પાંચ દેવતા તો કાયમ રહેતા; તે સિવાય બીજા છ દેવતા પશુયાગમાંના પ્રયાજ યાગમાં આહુતિ મેળવતા. એ અગિઆર દેવતાનાં નામ અનુક્રમે આ મુજબ હતાં. (૧) સમિત્, (૨) તનૂનપાત્, અથવા નરાશંસ; (૩) ઇડઃ, (૪) વર્હિઃ, (૫) દુરઃ, (૬) ઉષાસાનક્તૌ, (૭) દૈવ્યૌ હોતરૌ, (૮) ત્રિસ્રઃ દેવ્યઃ, (ઇડા, સરસ્વતી અને ભારતી, આ ત્રણ દેવી. તેઓ ત્રણે એક અને એકમાં ત્રણ ગણાતી; એ ત્રણ દેવતાની વાત આપ ધ્યાનમાં રાખશો; એ સંબંધમાં ઘણી બાબત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચર્ચવાની છે.) (૯) ત્વષ્ટા, (૧૦) વનસ્પતિ, (૧૧) સ્વાહાકાર. પ્રત્યેક પ્રયાજ યાગની પહેલાં મૈત્રાવરુણની આજ્ઞાથી હોતા યાજ્યા મંત્ર ભણતો. પશુયજ્ઞમાં પ્રયાજ યાગના યાજ્યા મંત્રમાં જરા વિશિષ્ટતા છે. આ યાજ્યા મંત્રનું નામ **આપ્રી** મંત્ર છે. દેવતાને ખુશી કરવા માટે વપરાતા હોવાથી આ મંત્રનું નામ આપ્રી મંત્ર પડયું છે. ઋગ્વેદ સંહિતામાં અનેક આપ્રી સૂક્ત છે. દરેક સૂક્તમાં આ અગિઆર દેવતાને ઉદ્દેશે અગિઆર આપ્રી મંત્ર મળી આવે છે. તે સૂક્તોમાંનું એકેક એકેક ઋષિએ જાહેરમાં મૂક્યું છે. કોઇ સૂક્ત વશિષ્ઠનું, કોઈ વિશ્વામિત્રનું, કોઈ જમદગ્નિનું ઈત્યાદિ. યજમાન જે ઋષિનાં ગોત્રમાં જન્મ્યો હોય, તે ઋષિએ પ્રચારમાં મૂકેલા આપ્રી મંત્રો યાગ વખતે વાપરવામાં આવતા, માટે જુદા જુદા યજમાનો માટે પ્રયાજ યાગમાં વપરાતા યાજ્યા મંત્ર અથવા આપ્રી મંત્ર જુદા જુદા ગણાતા. અગિઆર પ્રયાજમાંના પહેલા દશમાં આહુતિનું દ્રવ્ય આજ્ય ગણાતું. છેલ્લા પ્રયાજમાં આજ્યાહુતિ આપવામાં આવતી નહિ. તે વખતે પશુના પેટ ઉપર નાભિની પાસેનો મેદ કે જે વપાના નામથી ઓળખતો તેની આહુતિ આપવામાં આવતી. આ વપાદ્વારા છેલ્લા પ્રયાજના દેવતા સ્વાહાકૃતિના ઉદ્દેશે યાગ કરવામાં આવતો, માટે પહેલા દશ પ્રયાજ પુરા થયા બાદ છેલ્લા પ્રયાજ પહેલાં પશુવધની તૈયારી કરવી પડતી.

જે વ્યક્તિ પશુવધ કરતી, તેનું નામ શમિતા હતું. પાશુક વેદિની ઉત્તરે ચાત્વાલની પાસે પશુવધનું સ્થાન રાખવામાં આવતું. એ સ્થાન શામિત્ર દેશના નામથી ઓળખાતું. તે ઠેકાણે પશુનું શરીર પકવવાને માટે અગ્નિ પ્રકટાવવામાં આવતો. એ અગ્નિ શામિત્રઅગ્નિ કહેવાતો. એક ઋત્વિક્ કે જે અગ્નીત્ના નામથી ઓળખાતો, તે ઉલ્મુક અર્થાત્ આગની મશાલ સળગાવી પશુની ચારે બાજુએ ફેરવતો. તેનું કારણ એ હતું કે રાક્ષસો પશુપર હલ્લો ન કરી શકે. રાક્ષસો અગ્નિથી બહુ ડરે છે. આ અગ્નિ ફેરવવાની ક્રિયાનું નામ પર્યગ્નિકરણ. એ વખતે હોતા પશુવધ માટે

શમિતાને નીમતો. જે મંત્રદ્વારા એ નિમણુક થતી તે મંત્ર ઐતરેય બ્રાહ્મણમાં આપેલો છે. મંત્રમાં એક બે વાતો આપને નવાઇ પમાડે એવી છે. મંત્રમાં કહેવાય છે કે "એ પશુવધના કર્મમાં એની મા અનુમતિ આપો, સહોદર ભ્રાતા અનુમતિ આપો, એના મિત્રો અને ટોળામાંના બીજાં પશુઓ પણ અનુમતિ આપો." વળી કહેવાય છે કે—"એના પગો ઉત્તર દિશાનો આશ્રય મેળવો, ચક્ષુ સૂર્યનો આશ્રય મેળવો, પ્રાણ વાયુનો, જીવન અંતરિક્ષનો, કાન બધી દિશાઓનો અને શરીર પૃથ્વીનો આશ્રય મેળવો." છેવટે કહેવામાં આવે છે કે "હે વધકર્ત્તા, આ પશુનું હનન કરો—હનન કરો; અપાપ–અપાપ–અપાપ. આ કર્મમાં જે સુકૃત થાય, તે અમને અર્પણ થાઓ; જે દુષ્કૃત થાય તે બીજાઓને અર્પણ થાઓ." મંત્ર ભણાઇ રહ્યાબાદ અગ્નીત્ ઉલ્મુક હાથમાં લઇ આગળ ચાલે છે. શમિતા દોરી પકડી પશુને દોરે છે. તેની પાછળ પ્રતિપ્રસ્થાતા, અધ્વર્યુ અને યજમાન ચાલે છે. શામિત્ર દેશમાં અર્થાત્ વધસ્થાનમાં ઉપસ્થિત થઇ અધ્વર્યુ ભૂમિ પર એક કોળી તણખલાં ફેંકે છે અને યજમાન તથા બધા ઋત્વિજો ત્યાંથી પાછા ફરી જાણે હત્યાકર્મ જોવા ન ઇચ્છતા હોય તેમ મોં ફેરવી બેસે છે. વધ કરવાની રીત વિષે ન કહીએ તો ઠીક. શ્વાસ રૂંધી વધ કરવામાં આવતો. એવી રીતે કરવામાં આવેલા વધનું નામ **સંજ્ઞપન** હતું. વધ થયા બાદ યજમાન, યજમાન પત્ની અને અધ્વર્યુ પાણી રેડી પશુને ધોઇ નાખતા. અધ્વર્યુ પેટ ચીરી વપા કાઢી લેતો. તેનો સહકારી પ્રતિપ્રસ્થાતા બે લાકડાંવડે એ વપા ઉપાડી શામિત્ર અગ્નિમાં તપાવતો. પછી ઉત્તરવેદિની નાભિમાંના આહવનીય અગ્નિપર પકડી રાખતો. અગ્નિના તાપથી વપા ગળી જઈ ટીપે ટીપે અગ્નિમાં પડતો. અધ્વર્યુ તેનાપર ઘી રેડતો. એ વપાનો થોડો ભાગ વિધિપૂર્વક આપ્રી મંત્ર ભણ્યા બાદ અગ્નિમાં નાખી છેલ્લો પ્રયાજ યાગ પૂર્ણ કરવામાં આવતો. વપાનો બાકી રહેલો ભાગ મુખ્ય યાગ માટે રાખી મૂકવામાં આવતો.

એ બધી ક્રિયા એક સમયે વેદપંથી સમાજમાં પરમ શ્રદ્ધાપૂર્વક કરાતી હતી. આપ મશ્કરીમાં કહેશો કે આ બધી ક્રિયા સંપૂર્ણ બુદ્ધિવિનાની (irrational) છે; મનુષ્યની પ્રજ્ઞા, મનુષ્યની સુસ્થ વિચાર બુદ્ધિ, કોઇપણ રીતે એ બધાંનું સમર્થન કરી શકે તેમ નથી. તેમ હોઈ શકે. અંગ્રેજીમાં જેને રિલિજન કહે છે, તે બધી રીતે પ્રજ્ઞાની મર્યાદા બહાર છે. સુધરેલ કે અણઘડ જંગલી સમાજના લોકો આવાં અનુષ્ઠાનોમાં શ્રદ્ધા રાખે છે; ફેર કેવળ માત્રાગત છે; માટે જેઓ માનવતત્ત્વની આલોચના કરવા તૈયાર થયા છે, તેઓને માનવ પ્રકૃતિના આ અંશની આલોચના ન કરવાનું પાલવે તેમ નથી. એને માનવની દુર્બળતા માનવી હોય, તો તેમ માનો; પરંતુ એને પાશવિકતા કહી શકવાના નથી કારણકે પશુઓમાં આ બધાં અનુષ્ઠાનો નથી, પશુઓમાં આ દુર્બળતાનું દર્શન થતું નથી, કોઇપણ પશુ કોઇપણ ધર્મ પાળતું નથી. એ માનવત્વ છે, તે કદીપણ પશુત્વ નથી.

દેવતા તત્ત્વના સંબંધમાં એક મત આજકાલ ખૂબ પ્રચલિત થઈ પડ્યો છે. એ મતને જીવદેહપાર્થક્યવાદ (Animism) કહે છે. પંડિતો કહે છે કે આ જીવદેહપાર્થક્યવાદમાંથી બધા ધર્મની ઉત્પત્તિ થઈ છે. જંગલી લોકો આખી પૃથ્વીને દેવતામય દેખે છે. બધા પદાર્થોનો એક એક અધિષ્ઠાતા દેવ હોય છે. એ બધા દેવ સૂક્ષ્મશરીરધારી છતાં મનુષ્યની પેઠે રાગદ્વેષને અધીન છે. તેઓની સત્તા મનુષ્ય કરતાં ઘણી જ વધુ છે. ઘણીખરી જગતની ઘટના તેઓજ ઘટાવે છે. મનુષ્યનું શુભ કે અશુભ કરવું, એ પણ તેઓની સત્તાની વાત છે. વૈજ્ઞાનિકો જગદ્વ્યાપારને યંત્રના હિસાબથી નિહાળવા ઇચ્છે છે. યંત્રમાં અનિમિયતપણું હોતું નથી. એ નિર્દિષ્ટ નિયમોને અધીન છે. અવૈજ્ઞાનિક અસંસ્કૃત મનુષ્યો જે નિયમોનું અસ્તિત્વ જાણતા નથી, તે નિયમોને સ્થળે દેવતાઓની સ્થાપના કરે છે. આનું નામ જીવદેહપાર્થક્યવાદ. વિજ્ઞાનવિદ્યાની ઉન્નતિ સાથે મનુષ્યમાંથી જીવદેહપાર્થક્યવાદ ધીમે ધીમે દૂર થતો જાય છે. એકી સાથે જતો રહેતો નથી. આપ જાણો છો કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સૌર જગતના ગ્રહ ઉપગ્રહો નક્કી કરેલા નિયમોવડે ગતિ કરી રહેલ છે. ન્યૂટનની પહેલાં કેપ્લરે એ નિયમો શોધી કાઢયા હતા. એ માટે વિજ્ઞાનના ઇતિહાસમાં કેપ્લરનું સ્થાન બહુ ઉચું છે. એટલુંજ નહિ પણ કેપ્લર ન જન્મ્યો હોત તો ન્યૂટન પોતાની હોશિયારી બતાવી શકત કે નહિ એ પણ સંદેહ જેવું થઇ પડયું છે. પરંતુ એ કેપ્લર પણ જીવદેહપાર્થકયવાદનો ઉપદ્રવ ટાળી શકયો નહોતો. ગ્રહો આ પ્રમાણે નિશ્ચિત રસ્તે કેમ ગતિ કરી રહ્યા છે, એ પ્રશ્નનો જવાબ આપતાં કેપ્લર કહી ગયો છે કે પ્રત્યેક ગ્રહની એક એક અધિષ્ઠાત્રી દેવી છે, તે દેવીઓ પોતપોતાનાં વાહનને આ પ્રમાણે ફેરવે છે. આનું નામ જીવદેહપાર્થકયવાદ. એ બધી અધિષ્ઠાત્રીઓની શક્તિ કેટકેટલી છે, તે જાણવામાં આવ્યું નથી; માટે એ બધીને ખુશી રાખવી જોઇએ. દેવતાઓને ખુશી રાખવાના પ્રયત્નમાંથી ધર્મની ઉત્પત્તિ થઈ છે. પંડિતો કહે છે કે એમાંથીજ પૂજાઅર્ચના, યાગયજ્ઞ વગેરેની ઉત્પત્તિ થઈ છે. એનાં મૂળમાં મનુષ્યોનો સ્વાર્થ રહ્યો છે. ધીમે ધીમે સુધારો વધતો જાય છે, તેમ તેમ જૂની ક્રિયાઓમાં મહત્તર ઉદ્દેશનો આરોપ થતો જાય છે. સુધારો વધતો જાય છતાં જુની ક્રિયાઓનો ત્યાગ કરવામાં આવતો નથી, પરંતુ તેમાં નવીન ઉદ્દેશનો આરોપ કરવામાં આવે છે. ઇ. બી. ટેલર એક પ્રસિદ્ધ માનવતત્ત્વવિત્ છે. તે જીવદેહપાર્થકયવાદ (Animism theory)નો પ્રધાન પ્રચારક છે. તેણે સુધરેલા અને જંગલી સમાજનાં અનુષ્ઠાનોનો સંગ્રહ કરી વૈજ્ઞાનિક રીતિવડે એ બધી ક્રિયાઓનું વિશ્લેષણ કરી ચર્ચા કરી છે. તે કહે છે કે, ધર્માનુષ્ઠાનનાં મૂળમાં કોઇપણ જાતનું નૈતિક તત્ત્વ (ethical element) હોતું નથી એમ કહીએ તો ચાલે. જો હોય તો તે અલ્પ અને બીજરૂપે હોય છે. ઉન્નત સમાજમાં આવી તેજ ધર્માનુષ્ઠાનનું કેન્દ્ર થઈ પડે છે. ટેલર એક સ્થળે યાગયજ્ઞ સંબંધમાં કહે છે, કે Sacrifice has passed in the course of religious history into transformed conditions, not only of the rite itself, but of the inten-

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

tion with which the worshipper performs it.[1] અનુષ્ઠાન ગમે તેવું હોય પણ આ પ્રયોજન (intention) એ જ મુખ્ય બાબત છે. જે પ્રયોજન રાખી કર્મ કરવામાં આવતું હોય, તે પ્રયોજન જ ધર્મના ઇતિહાસમાં મુખ્ય વિષય ગણાય છે. ટેલર સાહેબે ધર્મકર્મનાં અનુષ્ઠાનની અભિવ્યક્તિના ત્રણ થરના સંબંધમાં ત્રણ સંભાવના ખડી કરી છે. પહેલી gift theory અર્થાત્ સકામ કર્માર્પણની સંભાવના, ત્યારપછી homage theory અર્થાત્ નિષ્કામ કર્ત્તવ્ય કર્મની સંભાવના, અને સૌથી ઉપલી abnegation theory અર્થાત્ પૂર્ણ કર્મસંન્યાસની સંભાવના. એકેક સંભાવના સમજવાનો પ્રયત્ન કરીએ. Gift theory અથવા સકામ કર્માર્પણની સંભાવના મુજબ ધર્મક્રિયા માત્ર સંપૂર્ણ સ્વાર્થમૂલક હોય છે. દેવતા જેવડે ખુશી થાય તે બધું તેને અર્પણ કરો. પાદ્ય, અર્ઘ્ય, ધૂપદીપ, વસ્ત્રાલંકાર વગેરે કે જેનાવડે મનુષ્ય ખુશી થાય છે, દેવતાઓ પણ તે વડે ખુશી થશે. ટેલર સાહેબે આખી પૃથ્વી પરથી નાના પ્રકારનાં દૃષ્ટાંતો એકત્ર કર્યા છે. આપણા દેશમાં પણ દૃષ્ટાંતનો અભાવ નથી. મનુષ્યો દેવતાઓને જે જે કંઇ આપી શકે તે તે બધું આપી ખુશી રાખે છે. ખાસ કરીને પેટ ભરવાની વ્યવસ્થા સારી થાય તો બધાં મનુષ્યો ખુશી થાય છે. નહિ તો આ દેશના મોટા લોકો સાહેબોને ખાણું આપવા શા માટે આટલા બધા ઉતાવળા થતા હશે? દેવતાઓને સારી રીતે ખવરાવવાની વ્યવસ્થા કરવી જોઇએ. પશુમાંસ ઘણા દેવતાઓને બહુ ગમે છે. કયા દેવતાને કયાં પશુનું માંસ પ્રિય છે, તે દરેક યજ્ઞમાં નક્કી કરેલું છે. યાજયા મંત્રમાં દેવતાઓને બોલાવી જ્યારે કહેવામાં આવે છે કે **अग्ने वीहि वौषट्**–એનો અર્થ એ છે કે અગ્નિ તમે જમો અને દેવતાઓ પાસે ખાદ્ય લઈ જાઓ. વૌષટ્ શબ્દ મૂળ વહ્ ધાતુપરથી ઉત્પન્ન થયો છે. આ થઈ ટેલરની સકામ

---

૧. ધાર્મિક ઇતિહાસમાં યજ્ઞનું સ્વરૂપ ફરતું રહ્યું છે, તેની વિધિમાં ફેરફાર થતો રહ્યો છે, એટલું જ નહિ, પરંતુ યજમાનની ભાવનામાં પણ રૂપાંતર થયું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્મ સંભાવના. ત્યારબાદ નિષ્કામ કર્મ સંભાવના. અહીં દેવતાના લાભ માટે દેવતાને ઉપહાર આપવામાં આવતો નથી; જે ઉપહાર આપવામાં આવે તે દેવતાને પસંદ હોય કે ન એ હોય; તે દ્રવ્ય દેવતા લે કે ન એ લે; પરંતુ આપણે તે દ્રવ્ય દેવતાને આપવા તૈયાર છીએ, એ જણાવી આપણે આપણી તાબેદારી જણાવીએ છીએ. આનું નામ homage અર્થાત્ સન્માન અગર ફૂલાર્પણ. આ દેશમાં રાજાને, જમીનદારને નજરાણું આપવાનો રિવાજ છે; રાજા નજરાણાના રૂપીઆ લે છે, અથવા સ્પર્શ કરી પાછા આપે છે; પ્રજા એથી કૃતાર્થ થાય છે. દેવતાઓ પણ તે મુજબ ગ્રહણ કરે કે ન કરે, તોપણ કોઈપણ દ્રવ્ય ઉપહાર આપી અથવા ઉપહાર આપવાનો અભિનય કરી દેવતાની તાબેદારીનો સ્વીકાર કરવામાં આવે છે. આ ક્રિયામાં જરા ધર્મભાવ, જરા નૈતિક તત્ત્વ છે. જેહોવાનાં મંદિરમાં યહુદિઓ મહા આડંબર સાથે પશુનું બળિદાન આપતા. મંદિરનો ચોક બળદ અને ઘેટાંનાં ટોળાંથી ભરપૂર રહેતો. ઉંચી વેદિ પર હંમેશાં અગ્નિ સળગતો. વેદિની નીચે જમીનપર લોહીનું વહેણ વહેતું. આડંબરનો પાર નહોતો, છતાં યહુદીઓ તેઓના જેહોવાને બહુજ મોટો દેવ માનતા. તે કેવળ ઉદર પૂરવા માટેજ આટલું બધું બલિદાન લે છે, એવો વિચાર પણ તેના મનમાં આવતો નહિ. તેઓની એક મુખ્ય પૂજાનું નામ પાપ–બલિ ( sin–offering ) હતું. યહુદીઓ હંમેશાં પોતાને પાપી માનતા. તેઓનાપર જે કંઈ દુઃખ આવી પડતાં તે બધાં દુઃખ તે પાપનાં ફળરૂપ છે એમ માનતા. આ પાપ–બલિ વડે જેહોવાની પાસે એ પાપોનો સ્વીકાર કરી પાપ ધોવાનો થોડો ઘણો પ્રયત્ન કરતા. એ દેવતાને લાંચ આપવા જેવું નથી; પણ દેવતાની આગળ દીનતા અથવા વશ્યતા સ્વીકારવા જેવું છે. આની ઉપર કર્મ સંન્યાસની સંભાવના છે. Abnegation શબ્દનો અર્થ સ્વાર્થત્યાગ છે. અહીં ઉદ્દેશ સ્વાર્થલાભનો નથી; પરંતુ એથી ઉલટો છે. આની અંદર મનુષ્યનો ધર્મભાવ વધુ સ્પષ્ટ ખીલી નીકળ્યો છે. દેવતાઓને લાભ થાય કે ન થાય,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવતા ફળ આપે કે ન આપે, આપણે કંઇક ત્યાગ કરવો તો પડશેજ. આપણું કર્તવ્ય આપણે બજાવતા જઇએ; કર્મનાં ફળ તરફ નજર રાખવાની કશી જરૂર નથી. આ સ્થળે ધર્માનુષ્ઠાનમાં દેવતાનું પેટ ભરવાનો પ્રયત્ન નથી; તોપણ એવું કોઇપણ દ્રવ્ય આપવું પડે છે કે જે વડે આપણે સ્વાર્થનો ત્યાગ કર્યો ગણાય; જેના ત્યાગથી ખરેખર આપણને નુકસાન થાય. નરબલિની વાત આપે સાંભળી હશે. હજુ પણ ઘણા સમાજોમાં નરબલિનો રિવાજ છે; એક વખતે કદાચ બધા સમાજોમાં એ રિવાજ પ્રચલિત હતો. જેઓ નરમાંસને એક પ્રકારનો ઉત્તમ ખોરાક માનતા હોય, તેઓ દેવતાઓને પણ એવો જ ખોરાક આપે, તેમાં કંઈ નવાઇ નથી. પરંતુ જેઓ નરમાંસ ખાતા નથી, તેઓમાં પણ નરબલિનો રિવાજ જણાય છે. યહુદી, ગ્રીક, રોમન ઇત્યાદિ બધા એક સમયે નરબલિ આપતા, તે આપ જાણો છો. આઇફિજિનિયાની વાર્ત્તા, જેફ્થાની દીકરીની વાર્ત્તા વિષે આપ જાણો છો ફિનિક વગેરે સેમેટિક જાતિઓ સુધરેલી જાતિ હતી; છતાં તેઓમાં આ ભયંકર રિવાજ મોટા પ્રમાણમાં હતો. દેવતાને અર્પણ કરવા માટે મોટા ઘરનો પુત્ર પસંદ કરવામાં આવતો. મોટા પુત્રને પસંદ કરવામાં આવતો, પિતાના એકના એક પુત્રને પસંદ કરવામાં આવતો. રોમન સામ્રાજ્ય જ્યારે બહુ પરાક્રમી હતું, ત્યારે સમ્રાટ્ એલાગાવેલાસે નવીનતાપૂર્વક નરબલિનો વિસ્તાર કર્યો હતો. સામ્રાજ્યનાં મોટાં મોટાં ઘરોના છોકરાઓને પકડી લાવી બલિદાન આપવામાં આવતું. દેખાવ બહુ જ ભીષણ અને રૂવાડાં ઉભાં કરે તેવો બનતો. પરંતુ એની અંદર લગાર ધર્મભાવ પણ છે. દેવતાને નરમાંસ બહુ ગમે છે, એ માટે એ ક્રિયા કરવામાં આવતી નહોતી; પણ ત્યાગ સ્વીકારવાનો મુખ્ય ઉદ્દેશ હતો; જે સૌથી મૂલ્યવાન, જે સૌથી વધુ પ્રિય, તેનેજ અર્પણ કરી શકવાથીજ ત્યાગ સ્વીકારાતો. આપે શુનઃશેપની વૈદિક આખ્યાયિકા સાંભળી હશે. ઇક્ષ્વાકુ વંશના રાજા હરિશ્ચંદ્રને સો પત્નીઓ છતાં પુત્ર થયો નહિ. તેણે વરુણ પાસે માગ્યું કે મને પુત્ર આપો. તે પુત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હું આપને અર્પણ કરીશ. વરુણના વરદાનથી પુત્ર થયો. પરંતુ રાજા પુત્ર અર્પણ કરી શક્યો નહિ. નાના પ્રકારનાં બહાનાં કાઢી મુદત લંબાવવા લાગ્યો. ઉમર થતાં પુત્ર વનમાં નાસી ગયો. દેવતાના ક્રોધથી રાજાને ઉદર-રોગ થયો. પુત્ર રોહિતે વનમાં અજીગર્ત્ત નામના એક બ્રાહ્મણને જોયો. તેને ત્રણ પુત્ર હતા. રોહિતે ધાર્યું કે અજીગર્ત્તના એક પુત્રને ખરિદી પિતા પાસે મોકલી દઉં. મારે બદલે તેને અર્પણ કરવાથી વરુણ ખુશી થશે. આ પદ્ધતિને નિષ્ક્રયના નામથી ઓળખવામાં આવતી. ત્રણ પુત્રમાંથી મોટાને બાપ છોડી શક્યો નહિ; નાનાને મા છોડી શકી નહિ. છેવટે મધ્યમ શુનઃશેપને રોહિતે ખરીદ કરી લીધો. રાજાએ શુનઃશેપને પશુરૂપે મેળવી યજ્ઞની તૈયારી કરી. યજ્ઞના પર્યગ્નિકરણ સુધીની ક્રિયા તો બરાબર થઈ, પણ શુનઃ-શેપનો વધ કરનાર મનુષ્ય મળી શક્યું નહિ. નરપશુનો વધ કરવા કોઇ રાજી થયું નહિ. પિતા અજીગર્ત્ત ત્યાં હાજર હતો. તેણે કિંમત લઇ પુત્રને વેચ્યો હતો; વધુ કિંમત લઇ તે ખડ્ગ પકડી પુત્રને મારવા તૈયાર થયો. તે વખતે પુત્ર દેવતાઓને બોલાવવા લાગ્યો. જુદા જુદા દેવતાઓને ઉદ્દેશીને જુદા જુદા ઋક્‌મંત્રો તેના મોંમાંથી નીકળવા લાગ્યા. એ ઋક્‌મંત્રો ઋગ્વેદ સંહિતાના પહેલા મંડલમાં જોવામાં આવે છે. દેવતાઓ ખુશી થયા; શુનઃશેપનું બંધન તુટી ગયું. અજીગર્ત્ત બોલી ઉઠયો કે બેટા શુનઃશેપ, મારી પાસે ચાલ્યો આવ. ઋત્વિજોમાંના એક હતા વિશ્વામિત્ર પોતે. તેણે શુનઃશેપને ખોળે લઇ કહ્યું, શુનઃશેપ, તું આ પિશાચ બાપ પાસે જતો નહિ, હું તને પુત્રરૂપે ગ્રહણ કરૂં છું. મારા પુત્રોમાં તુંજ શ્રેષ્ઠ ગણાશે. શુનઃશેપનાં મુખમાંથી આ પહેલાં ઋક્‌મંત્રો નીકળ્યા હતા; ત્યારથી તે ઋષિ દેવરાત નામે પ્રસિદ્ધ થયો. વિશ્વામિત્રના અનુગ્રહથી તેણે જહ્નુવંશનું આધિપત્ય અને ગાધિવંશના દૈવકર્મનો અધિકાર સ્વીકારી બંને વંશનું ગૌરવ વધાર્યું.

વેદપંથી સમાજના જે યુગની વાત કહું છું, તે સમયે નરયજ્ઞ પ્રચલિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતો કે નહિ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. શુનઃશેપનું ઉપાખ્યાન વાંચી પ્રથમ દૃષ્ટિએ સંદેહ જન્મે છે કે તે વખતે નરયજ્ઞ પ્રચલિત હતો. પશ્ચિમના પંડિતોએ વૈદિક સાહિત્યની યથોચિત સમાલોચના કરી છે; પરંતુ વેદપંથી સમાજનો કોઇપણ દોષ કે ભૂલ મળતાં તે ઢાંકવાનો ખાસ આગ્રહ બતાવ્યો નથી. તેઓ પણ લગભગ એકવાક્યે સ્વીકાર કરી ગયા છે કે તે સમયે નરયજ્ઞ પ્રચલિત નહોતો. શુનઃશેપની વાર્તા એ વાર્તામાત્ર છે. એ ઇતિહાસ નથી. પંડિતો એકમતે કહે છે કે શુનઃશેપનું ઉપાખ્યાન પાછળથી રચાએલું કાલ્પનિક ઉપાખ્યાન છે. નરયજ્ઞ ચાલતો હોત તો શુનઃશેપના વધ માટે માણસોનો તોટો પડત નહિ. વિશ્વામિત્ર કે જે યજ્ઞના ઋત્વિક હતા, તે પણ શુનઃશેપના બાપપર બહુ ગુસ્સે થયા હતા, યજ્ઞ ભાંગી પડવાથી તે ખુશી થયા હતા. શુનઃશેપે પણ પોતાના પિતાને કહ્યું હતું કે "તમે મારા બાપ નથી; તમે જે કર્મ કર્યું છે, તે શૂદ્ર પણ ન કરી શકે." માટે આ ઉપાખ્યાન પરથી એવું સાબીત થતું નથી કે તે સમયે નરયજ્ઞનો રિવાજ હતો. વેદમાં પુરુષમેધની વાત મળી આવે છે. પરંતુ એ પણ નરયજ્ઞ નથી. પશ્ચિમના પંડિતો કહે છે કે એ પ્રતીકયજ્ઞ (Symbolical sacrifice) છે. પ્રાચીન વેદપંથી સમાજમાં નરયજ્ઞ ચાલતો નહોતો, એ બાબતમાં મતભેદ નથી, એમ કહીએ તોપણ ચાલે.

એ બધી વાત જવા દો. શુનઃશેપનાં ઉપાખ્યાનમાં આપે જોયું કે રાજપુત્ર રોહિત પોતાને બદલે શુનઃશેપને અર્પણ કરી દેવતાને તૃપ્ત કરવા ઇચ્છે છે. આ પ્રમાણે એકને બદલે બીજાનું અર્પણ, એકના પ્રતિનિધિરૂપે બીજાનું અર્પણ એનું નામ નિષ્ક્રય vicarious offering. યજ્ઞાનુષ્ઠાનમાં આવી નિષ્ક્રય પ્રથા ઘણા દેશમાં પ્રચલિત છે. ટેલર સાહેબે જુદા જુદા દેશોમાંથી જુદાં જુદાં દૃષ્ટાંતો એકઠાં કર્યાં છે. ખ્રિસ્તી ધર્મ આ નિષ્ક્રયની સંભાવના પર સ્થપાએલો છે. સમસ્ત માનવજાતિ બાવા આદમનાં પાપે પાપી બનેલ છે, એ પાપનાં પ્રાયશ્ચિત્ત માટે યજ્ઞની જરૂર છે. યહુદીઓમાં પાપનાં નિવારણ માટે પશુ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બલિ આપવાનો રિવાજ હતો. જેહોવાના મંદિરમાં સેંકડો પશુનું બલિદાન અપાતું. ખ્રિસ્તે આવી કહ્યું કે હવે પશુનું બલિદાન આપવાની જરૂર નથી. મનુષ્ય પોતે પોતાનું બલિદાન નહિ આપે ત્યાં સુધી વિધાતાનો ગુસ્સો શાંત થવાનો નથી; નરબલિ આપવાની જરૂર છે. પરંતુ વિધાતા કરૂણામય છે; તેણે જોયું કે હું દયા નહિ કરૂં તો મનુષ્યનું પરિત્રાણ થવાનું નથી, માટે તેણે પોતાના પુત્રને મર્ત્યલોકમાં મોકલ્યો. એ પુત્રનું નામ ખ્રિસ્ત; પિતાપુત્ર વચ્ચે કશો ભેદ નથી; પિતાપુત્ર બંને એકાત્મા છે. ઈશ્વર એક સિવાય બે નથી. પરંતુ પિતા જેવો ઈશ્વર છે, તેવો જ પુત્ર પણ ઈશ્વર છે. આ એક જાતનો અચિન્ત્ય ભેદાભેદ વ્યાપાર બની ગયો. ભેદ છતાં ભેદ નથી, એ સમસ્યા મનુષ્યની સમજમાં ન પેઠી. ગમે તે હો. ખ્રિસ્ત માનવદેહ ધરી અવતર્યો. તે એકીસાથે સોળેસોળ આના ઈશ્વર અને સોળેસોળ આના મનુષ્ય, પરિપૂર્ણ ઈશ્વર અને પરિપૂર્ણ મનુષ્ય છે. પરિપૂર્ણ મનુષ્ય હોવાથી તે સમસ્ત માનવજાતિનો પ્રતિનિધિ છે. તેણે પોતાનું બલિદાન યજ્ઞિય પશુરૂપે ઇરાદાપૂર્વક આપ્યું. તેનાં લોહીથી માનવજાતિનું પાપ તદ્દન ધોવાઈ ગયું. આ એક જાતનો નિષ્ક્રય થયો. મનુષ્ય પોતે પોતાને અર્પણ કરી શક્યું નહિ; તેથી ઈશ્વરે જાતે મનુષ્ય થઇ નિષ્ક્રયરૂપે માનવજાતિનાં પ્રતિભૂરૂપે આત્મોત્સર્ગ કર્યો; ક્રોસ પર ચઢી જીવ આપ્યો. આનું નામ નિષ્ક્રય (vicarious sacrifice) છે. આ એક મહાયજ્ઞ હતો. આ એક જ યજ્ઞથી મનુષ્યનાં પાપ ધોવાઈ ગયાં. બીજા કોઇપણ યજ્ઞની જરૂર રહી નહિ; જેહોવાના મંદિરમાં પશુબલિ આપવાની પણ જરૂર રહી નહિ.

વેદપંથી સમાજમાં નરયજ્ઞ પ્રચલિત નહોતો; તોપણ નરયજ્ઞની સ્મૃતિ તે વખતે પણ વિલુપ્ત થઈ હોય એમ જણાતું નથી. એકને બદલે બીજાને નિષ્ક્રયરૂપે અર્પણ કરી શકાય. ઐતરેય બ્રાહ્મણ આખ્યાયિકાદ્વારા એ સમજાવે છે. ઐતરેય બ્રાહ્મણ કહે છે કે જુના કાળમાં દેવો મનુષ્યને આલંભન અર્થાત્ યજ્ઞમાટે વધ કરવાને તૈયાર થયા હતા, તેથી મનુષ્યમાંથી યજ્ઞભાગ નાસી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયો અને તેણે અશ્વમાં પ્રવેશ કર્યો; ત્યારે અશ્વ મેધ્ય ગણાયો. મેધ્ય શબ્દનો અર્થ યજ્ઞયોગ્ય, દેવોને અર્પણયોગ્ય એવો થાય છે. યજ્ઞભાગથી તજાએલા એ મનુષ્યને દેવતાઓએ છોડી દીધું; તે મનુષ્ય કિમ્પુરુષ થઇ રહ્યું. દેવતાઓ અશ્વનો યજ્ઞમાટે વધ કરવા તૈયાર થયા. તે અશ્વમાંથી યજ્ઞભાગ નાઠો, અને ગાયમાં જઈ રહ્યો; ત્યારથી ગાય મેધ્ય ગણાઇ. યજ્ઞભાગથી તજાએલા અશ્વને દેવતાઓએ છોડી દીધો; ત્યારથી તે અશ્વ ધોળું મૃગ બની ગયો. દેવતાઓ ગાયને બલિરૂપે આપવા તૈયાર થયા, ત્યારે ગાયમાંથી યજ્ઞભાગ નાઠો અને ઘેટામાં જઈ રહ્યો, ત્યારથી ઘેટું મેધ્ય ગણાયું. યજ્ઞભાગથી તજાએલી ગાયને દેવોએ તજી દીધી; તે ગાય ગવય (ગાય જેવું જાનવર) બની. દેવો ઘેટાને બલિરૂપે આપવા તૈયાર થયા. તે ઘેટામાંથી યજ્ઞભાગ નાઠો અને બકરામાં પેઠો. તે બકરૂં મેધ્ય ગણાયું. યજ્ઞભાગથી તજાએલા ઘેટાને દેવોએ છોડી દીધું, તે ઘેટું ઊંટ બન્યું. યજ્ઞભાગ તે બકરામાં ઘણો વખત રહ્યો હતો. તે માટે પશુઓમાં બકરૂં પશુયજ્ઞ માટે શ્રેષ્ઠ ગણાય છે. દેવતાઓ બકરાંને બલિરૂપે આપવા તૈયાર થયા, ત્યારે એ બકરામાંથી યજ્ઞભાગ નાસી પૃથ્વીમાં ભરાયો; ત્યારથી પૃથ્વી મેધ્ય ગણાઇ. યજ્ઞભાગથી તજાએલાં હોવાથી એ બધાં પશુ અમેધ્ય અર્થાત્ યજ્ઞને માટે અનુપયુક્ત ગણાયાં. એનું માંસ નિષિદ્ધ ગણાયું. દેવતાઓ પૃથ્વીમાં પેઠેલા યજ્ઞભાગની પાછળ મંડ્યા ત્યારે તે યજ્ઞભાગ ડાંગરમાં પેઠો. ત્યારથી વ્રીહિ, ડાંગરમાંથી તૈયાર કરેલો પુરોડાશ બલિરૂપે અપાય છે. એથીજ પશુબલિનું ફળ મળે છે. શતપથ બ્રાહ્મણમાં પણ આ આખ્યાયિકા લગભગ આ જ આકારમાં જોવામાં આવે છે.

આ આખ્યાયિકાનું તાત્પર્ય સમજાવાનો પ્રયત્ન કરીએ. ઇષ્ટિયાગમાં, એટલું જ નહિ પણ પશુયાગ અને સોમયાગમાં પણ પુરોડાશની આહુતિ આપવાનો રિવાજ હતો. પશુમાંસની આહુતિ ધીમે ધીમે અપ્રચલિત થતી જતી હતી. પૂર્ણમાસાદિ ઇષ્ટિયાગમાં તો પશુમાંસની તદ્દન જરૂર પડતી નહિ. પશુયાગ અને સોમયાગમાં પુરોડાશ પણ હતો; પશુ પણ તદ્દન તજી દેવાયું

નહોતું. પરંતુ ત્યારે પશુની સંખ્યા નક્કી થઇ ગઇ હતી. કેટલાં પશુનું બલિદાન આપવું જોઇએ, તેની સંખ્યા ચોકસ કરેલી હતી. ચોકસ સંખ્યા કરતાં વધુ પશુઓનું બલિદાન અપાતું નહિ. નિરૂઢ પશુબંધ યાગ, જે અવશ્ય કરવોજ પડતો તે પણ વરસમાં એકવાર, બહુ તો બે વારથી વધુ થઇ શકતો નહિ, તેમાં પણ એકજ પશુની જરૂર પડતી. દેવતાની પ્રીતિ માટેનાં કામ્યકર્મમાં જેઓ પશુબલિ આપે છે, તેઓ પોતાની ઇચ્છા મુજબ પશુની સંખ્યા વધારી શકે છે. આધુનિક કાળમાં દેવી-પૂજામાં ગરીબ માણસો એક બલિદાન આપે છે; પૈસાદાર માણસ ઘણાં બલિદાન આપે છે. પરંતુ વૈદિક યજ્ઞમાં પશુની-બલિદાનની સંખ્યા વધારી શકાતી નહિ. મહા ધનવાન માણસોના કામ્ય યજ્ઞોમાં-અશ્વમેધાદિ મહા આડંબરથી કરાતા. યજ્ઞમાં-કદાચ ઘણાં પશુની જરૂર પડતી હોય; પણ સાધારણ ગૃહસ્થને કરવાના નિત્ય યજ્ઞોમાં ઘણાં પશુની જરૂર પડતી નહિ. વૈદિક યજ્ઞની પશુહત્યાથી પશુઓનું સત્યાનાશ વળતું એમ માનવાની કશી જરૂર નથી. તે સમયમાં પશુવધ કરવાથી લોકોને તિરસ્કાર છૂટતો, એમ ધારવું વાજબી છે. જૂનો રિવાજ તદ્દન બંધ પાડી ન શકાય-તેમાં પણ ખાસ કરીને ધર્માનુષ્ઠાનમાં-એવા વિચારથી યજ્ઞ-ક્રિયામાં પશુવધ થતો. તે કાળમાં જે પશુવધ થતો તેને અતિ પ્રાચીન કાળનું અવશેષ માની શકાય તેમ છે. પશુને બદલે રોટલી અર્પણ કરવાનું કારણ પણ એજ છે. બ્રહ્મવાદીઓ કહે છે કે પશુમાંસને બદલે ખેતીથી ઉત્પન્ન થતા જવ અગર ચોખા અર્પણ કરવાથી પશુ અર્પણ કરીએ તેટલુંજ ફળ મળે છે. આનું નામ નિષ્ક્રય; પશુને બદલે પુરોડાશ એ નિષ્ક્રયરૂપ છે. મેં ઉપર જે ઉપાખ્યાન સંભળાવ્યું, તેમાં બ્રહ્મવાદી સ્પષ્ટ કહે છે કે કદાચ એક કાળે યજ્ઞમાં નરમાંસ આપવાનો રિવાજ હતો; પરંતુ ધીમે ધીમે તે રિવાજ જતો રહ્યો છે. નરપશુને બદલે ક્રમેક્રમે ઘોડો, ગાય, ઘેટું, બકરૂં, અને છેવટે જવ અને ડાંગરનું બલિદાન અપાય છે. આનું નામ નિષ્ક્રય.

યજ્ઞના ઉદ્દેશ સંબંધના ત્રણ મતનો ઉપર ઉલ્લેખ કર્યો છે; એ ત્રણે મત સમાજની અભિવ્યક્તિના ત્રણ થર છે. પ્રથમ થરમાં દેવતાનો સ્વાર્થ ઇચ્છી,



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયો અને તેણે અશ્વમાં પ્રવેશ કર્યો; ત્યારે અશ્વ મેધ્ય ગણાયો. મેધ્ય શબ્દનો અર્થ યજ્ઞયોગ્ય, દેવોને અર્પણયોગ્ય એવો થાય છે. યજ્ઞભાગથી તજાએલા એ મનુષ્યને દેવતાઓએ છોડી દીધું; તે મનુષ્ય કિમ્પુરુષ થઇ રહ્યું. દેવતાઓ અશ્વનો યજ્ઞમાટે વધ કરવા તૈયાર થયા. તે અશ્વમાંથી યજ્ઞભાગ નાઠો, અને ગાયમાં જઈ રહ્યો; ત્યારથી ગાય મેધ્ય ગણાઇ. યજ્ઞભાગથી તજાએલા અશ્વને દેવતાઓએ છોડી દીધો; ત્યારથી તે અશ્વ ધોળું મૃગ બની ગયો. દેવતાઓ ગાયને બલિરૂપે આપવા તૈયાર થયા, ત્યારે ગાયમાંથી યજ્ઞભાગ નાઠો અને ઘેટામાં જઈ રહ્યો, ત્યારથી ઘેટું મેધ્ય ગણાયું. યજ્ઞભાગથી તજાએલી ગાયને દેવોએ તજી દીધી; તે ગાય ગવય (ગાય જેવું જાનવર) બની. દેવો ઘેટાને બલિરૂપે આપવા તૈયાર થયા. તે ઘેટામાંથી યજ્ઞભાગ નાઠો અને બકરામાં પેઠો. તે બકરૂં મેધ્ય ગણાયું. યજ્ઞભાગથી તજાએલા ઘેટાને દેવોએ છોડી દીધું, ે ઘેટું ઊંટ બન્યું. યજ્ઞભાગ તે બકરામાં ઘણો વખત રહ્યો હતો. તે માટે શુઓમાં બકરૂં પશુયજ્ઞ માટે શ્રેષ્ઠ ગણાય છે. દેવતાઓ બકરાંને બલિરૂપે ાપવા તૈયાર થયા, ત્યારે એ બકરામાંથી યજ્ઞભાગ નાસી પૃથ્વીમાં ભરાયો; ત્યારથી પૃથ્વી મેધ્ય ગણાઇ. યજ્ઞભાગથી તજાએલાં હોવાથી એ બધાં પશુ અમેધ્ય અર્થાત્ યજ્ઞને માટે અનુપયુક્ત ગણાયાં. એનું માંસ નિષિદ્ધ ગણાયું. દેવતાઓ પૃથ્વીમાં પેઠેલા યજ્ઞભાગની પાછળ મંડ્યા ત્યારે તે યજ્ઞભાગ ડાંગરમાં પેઠો. ત્યારથી વ્રીહિ, ડાંગરમાંથી તૈયાર કરેલો પુરોડાશ બલિરૂપે અપાય છે. એથીજ પશુબલિનું ફળ મળે છે. શતપથ બ્રાહ્મણમાં પણ આ આખ્યાયિકા લગભગ આ જ આકારમાં જોવામાં આવે છે.

આ આખ્યાયિકાનું તાત્પર્ય સમજાવવાનો પ્રયત્ન કરીએ. ઇષ્ટિયાગમાં, એટલું જ નહિ પણ પશુયાગ અને સોમયાગમાં પણ પુરોડાશની આહુતિ આપવાનો રિવાજ હતો. પશુમાંસની આહુતિ ધીમે ધીમે અપ્રચલિત થતી જતી હતી. પૂર્ણમાસાદિ ઇષ્ટિયાગમાં તો પશુમાંસની તદ્દન જરૂર પડતી નહિ. પશુયાગ અને સોમયાગમાં પુરોડાશ પણ હતો; પશુ પણ તદ્દન તજી દેવાયું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહોતું. પરંતુ ત્યારે પશુની સંખ્યા નક્કી થઇ ગઇ હતી. કેટલાં પશુનું બલિદાન આપવું જોઇએ, તેની સંખ્યા ચોક્કસ કરેલી હતી. ચોક્કસ સંખ્યા કરતાં વધુ પશુઓનું બલિદાન અપાતું નહિ. નિરૂઢ પશુબંધ યાગ, જે અવશ્ય કરવોજ પડતો તે પણ વરસમાં એકવાર, બહુ તો બે વારથી વધુ થઇ શકતો નહિ, તેમાં પણ એકજ પશુની જરૂર પડતી. દેવતાની પ્રીતિ માટેનાં કામ્યકર્મમાં જેઓ પશુબલિ આપે છે, તેઓ પોતાની ઇચ્છા મુજબ પશુની સંખ્યા વધારી શકે છે. આધુનિક કાળમાં દેવી–પૂજામાં ગરીબ માણસો એક બલિદાન આપે છે; પૈસાદાર માણસ ઘણાં બલિદાન આપે છે. પરંતુ વૈદિક યજ્ઞમાં પશુની–બલિદાનની સંખ્યા વધારી શકાતી નહિ. મહા ધનવાન માણસોના કામ્ય યજ્ઞોમાં–અશ્વમેધાદિ મહા આડંબરથી કરાતા. યજ્ઞમાં–કદાચ ઘણાં પશુની જરૂર પડતી હોય; પણ સાધારણ ગૃહસ્થને કરવાના નિત્ય યજ્ઞોમાં ઘણાં પશુની જરૂર પડતી નહિ. વૈદિક યજ્ઞની પશુહત્યાથી પશુઓનું સત્યાનાશ વળતું એમ માનવાની કશી જરૂર નથી. તે સમયમાં પશુવધ કરવાથી લોકોને તિરસ્કાર છૂટતો, એમ ધારવું વાજબી છે. જૂનો રિવાજ તદ્દન બંધ પાડી ન શકાય–તેમાં પણ ખાસ કરીને ધર્માનુષ્ઠાનમાં–એવા વિચારથી યજ્ઞક્રિયામાં પશુવધ થતો. તે કાળમાં જે પશુવધ થતો તેને અતિ પ્રાચીન કાળનું અવશેષ માની શકાય તેમ છે. પશુને બદલે રોટલી અર્પણ કરવાનું કારણ પણ એજ છે. બ્રહ્મવાદીઓ કહે છે કે પશુમાંસને બદલે ખેતીથી ઉત્પન્ન થતા જવ અગર ચોખા અર્પણ કરવાથી પશુ અર્પણ કરીએ તેટલુંજ ફળ મળે છે. આનું નામ નિષ્ક્રય; પશુને બદલે પુરોડાશ એ નિષ્ક્રયરૂપ છે. મેં ઉપર જે ઉપાખ્યાન સંભળાવ્યું, તેમાં બ્રહ્મવાદી સ્પષ્ટ કહે છે કે કદાચ એક કાળે યજ્ઞમાં નરમાંસ આપવાનો રિવાજ હતો; પરંતુ ધીમે ધીમે તે રિવાજ જતો રહ્યો છે. નરપશુને બદલે ક્રમેક્રમે ઘોડો, ગાય, ઘેટું, બકરૂં, અને છેવટે જવ અને ડાંગરનું બલિદાન અપાય છે. આનું નામ નિષ્ક્રય.

યજ્ઞના ઉદ્દેશ સંબંધના ત્રણ મતનો ઉપર ઉલ્લેખ કર્યો છે; એ ત્રણે મત સમાજની અભિવ્યક્તિના ત્રણ થર છે. પ્રથમ થરમાં દેવતાનો સ્વાર્થ ઇચ્છી,

૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવતાને ખોરાક પૂરો પાડી, તેની પ્રીતિ સંપાદન કરવી અને તે વડે પોતાનો સ્વાર્થ સાધવો એ ઉદ્દેશ હતો. બીજા થરમાં કંઇપણ અર્પણ કરી દેવતાની તાબેદારી સ્વીકારવી એવો ઉદ્દેશ હતો. અહિં દેવતાની લાભહાનિ જોવાની જરૂર નથી. કામની ચીજને બદલે નકામી ચીજ આપવાથી પણ કશી હાનિ થતી નહિ; નિષ્ક્રય રૂપે ઓછી કિંમતની ચીજ પણ આપી શકાતી. માંસને બદલે રોટલી આપીએ, તોપણ ચાલે. એથી પણ ઉંચા થરમાં–એટલે ત્રીજા થરમાં સ્વાર્થને સ્થાને સ્વાર્થત્યાગ આવી પડે છે. ત્યાગ એજ ત્યાં મુખ્ય ઉદ્દેશ થઇ પડે છે. વૈદિક યજ્ઞાનુષ્ઠાનમાં આ અભિપ્રાય બહુજ સ્પષ્ટ જણાયો હતો, એમ જણાઇ આવે છે. વેદપંથીઓ આ ત્યાગનેજ પ્રાધાન્ય આપતા હતા. યાજ્ઞિકોની પરિભાષા મુજબ કોઇપણ દ્રવ્યનો ત્યાગ કરવો એનું નામ યજ્ઞ. અગ્નિ, સોમ, ઇન્દ્ર વગેરેને ઉદ્દેશે કોઇપણ યાગમાં અધ્વર્યુ યજમાન તરફથી આહુતિ આપતો; યજમાન તેને સ્પર્શ કરી બેસતો અને આહુતિ આપ્યા બાદ ત્યાગમંત્ર બોલતો. ત્યાગમંત્ર **इदम् अग्नये–न मम, इदं सोमाय–न मम, इदम् इन्द्राय–न मम,** એ આકારનો હતો. એનું તાત્પર્ય એટલુંજ હતું કે દેવતાને સર્વસ્વ આપવું જોઇએ; જે કંઈ પ્રિયમાં પ્રિય હોય, તેજ આપવું જોઇએ. સર્વતોઽભાવે આત્મસમર્પણ કરવું જોઇએ. સ્વાર્થની તરફ દૃષ્ટિ રાખ્યે કશું વળવાનું નથી. પરંતુ મનુષ્ય સર્વસ્વ આપી શકતો નથી, આત્મસમર્પણ કરી શકતો નથી; પોતાને અર્પણ કરી શકતો નથી; માટે નિષ્ક્રય રૂપે બીજું કંઈ આપવું પડે છે. આ નિષ્ક્રયના સંબંધમાં વેદમાં અનેક સ્થાને અતિ સ્પષ્ટ ભાષામાં કહેવામાં આવ્યું છે. ઐતરેય બ્રાહ્મણમાં એક સ્થળે લખ્યું છે કે "જે યજમાન સોમયાગની દીક્ષા લે છે, તે બધા દેવતાઓ નિકટ પોતાના આલંભન માટે (અર્થાત્ આત્મસમર્પણ માટે) તૈયાર થાય છે. તે બધા દેવતા નિકટ પોતાને બદલે પશુનો નિષ્ક્રય કરે છે." ઐતરેય બ્રાહ્મણે નિષ્ક્રય શબ્દ અહીં સ્પષ્ટ રીતે વાપર્યો છે. એનું તાત્પર્ય એજ થયું કે એ યાગમાં જે પશુ અર્પણ કરવામાં આવે છે, તે પશુ યજમાનનોજ પ્રતિનિધિ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવિઃશેષ ભક્ષણ કર્યા સિવાય કોઇપણ યજ્ઞ સંપૂર્ણ થતો નથી. અગ્નિહોત્ર યાગમાં જે દૂધની આહુતિ આપવામાં આવે છે, તેનો બાકી રહેલો ભાગ પી જવો પડે છે. પૂર્ણમાસ યાગમાં પુરોડાશનો કેટલોક ભાગ યાગ પછી ખાવો પડે છે. પશુયાગમાં પણ પશુમાંસ થોડું ખાવું પડતું. સોમયાગ પહેલાં અગ્નિ અને સોમને જે પશુ આપવામાં આવતું, તેનું માંસ ખાવું જોઇએ કે નહિ, તે સબબે વાદવિવાદ ઉત્પન્ન થયો જણાય છે. વાદવિવાદનું કારણ હતું. એ પશુ તો યજમાનના પ્રતિનિધિરૂપ હતું; યજમાન પોતાને બદલે એ પશુ આપતો, ત્યારે તો પશુમાંસ એ નરમાંસ જ ગણાય. એ નરમાંસ ખાવું ઉચિત છે કે નહિ? કોઈ કોઈ બ્રહ્મવાદીઓએ આ અડચણ ઉભી કરી છે. ઐતરેય બ્રાહ્મણ આ અડચણનું ખંડન કરે છે. ઐતરેય બ્રાહ્મણ નિષ્ક્રય સંભાવનાનું સમર્થક હોવા છતાં આ સ્થળે તેને બીજી સંભાવનાનો આશ્રય લેવો પડ્યો છે. ઐતરેય બ્રાહ્મણ કહે છે, કે અગ્નિ અને સોમની મદદથી ઇંદ્રે વૃત્રનો વધ કર્યો હતો. ઇંદ્રે વૃત્રના વધ પછી સંતોષ પામી અગ્નિ અને સોમને વરદાન આપ્યું હતું કે સોમયાગની પહેલાં જે પશુ અર્પણ થાય, તે તમને મળશે; એ તમને આજનાં કામ બદલ ઇનામ આપું છું. એક નિશ્વાસે નિષ્ક્રય સંભાવના ઉલટાઇ ગઈ. એ પશુ દેવતાઓનું ભક્ષ્ય દ્રવ્યમાત્ર છે; એ મનુષ્યનો પ્રતિનિધિ નથી; માટે એનું માંસ ખાવામાં કશો દોષ નથી. મૂળ વાત એ છે કે હવિઃશેષ ભક્ષણ કર્યા સિવાય ચાલતું નહિ. શા માટે ચાલતું નહિ, તે વાત મુસ્કેલ છે; તેનો બીજે પ્રસંગે વિચાર કરીશું, અત્યારે તો એટલુંજ કહી રાખું છું કે બ્રહ્મવાદીઓનો આવો વાદવિવાદ સાંભળી આપ હસશો નહિ. આખો ખ્રિસ્તી ધર્મ બરાબર આવાજ એક મતપર સ્થપાયો છે, અને બરાબર આવોજ વાદવિવાદ ઉપસ્થિત થવાથી ખ્રિસ્તી સમાજ સેંકડો સંપ્રદાયમાં વહેંચાઈ ગયો છે. પ્રથમ કહ્યું છે તેમ ખ્રિસ્ત એકીસાથે સોળેસોળ આના ઇશ્વર અને સોળેસોળ આના મનુષ્ય છે. દેવત્વ અને માનવત્વ બંને તેમાં મળી ગયાં છે. તેનો એવો મત છે કે પૂર્ણમનુષ્યત્વવિશિષ્ટ માનવ જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બધાં માનવોના નિષ્ક્રયરૂપ અથવા પ્રતિનિધિરૂપ થઇ શકે, યજ્ઞમાં આત્મસમર્પણ કર્યા સિવાય ઇશ્વર સંતોષ પામતો નથી. યજ્ઞમાં મનુષ્યનું આત્મસમર્પણ અવશ્યનું છે, તેથી ઇસુએ સમસ્ત માનવજાતિના નિષ્ક્રયરૂપે આત્મબલિદાન આપ્યું છે. ક્રોસ પર ચઢી મરણ પામ્યો એજ તેનું આત્મસમર્પણ છે. ક્રોસ પર ચડવાના દિવસની પૂર્વરાત્રિએ તેણે પોતાના પ્રિય શિષ્યો સાથે ભોજન કર્યું હતું; ભોજનને માટે રોટલી અને મદ્ય તૈયાર હતાં; તેણે શિષ્યોમાંના દરેકને થોડો થોડો મદ્ય આપ્યો, અને પેલી રોટલી ભાંગી દરેકને વહેંચી આપી; ત્યારપછી તેણે કહ્યું, "આ રોટલી એ મારૂં માંસ છે; આ મદ્ય એ મારૂં લોહી છે. એ ખાવાથી મારાજ માંસ અને લોહીનું ભોજન કરેલું ગણાશે. એનો અર્થ એ કે મેં યજ્ઞિય પશુરૂપે મારૂં બળિદાન આપ્યું છે; યજમાનને માટે હવિઃશેષ ભક્ષણ જરૂરનું છે. મારૂં લોહી ને માંસનું ભક્ષણ કરવું એ જરૂરનું છે. મારા તિરોભાવ પછી તમે આ પ્રમાણે રોટલી અને મદ્ય અર્પણ કરી ભક્ષણ કરજો. એથી તમારો દરરોજનો યજ્ઞ પૂર્ણ થશે. જેહોવાનાં મંદિરમાં હવે પશુનું બલિદાન આપવાની જરૂર પડશે નહિ." ત્યારથી બધા ખ્રિસ્તીઓ આ ક્રિયા કરતા આવે છે. તેઓ રોટલી અને મદ્ય અર્પણ કરી ખાય છે. યથાવિધિ મંત્રપાઠપૂર્વક અર્પણ કરવાથી એ રોટલી ખ્રિસ્તના માંસના રૂપમાં અને મદ્ય ખ્રિસ્તના લોહીના રૂપમાં ફેરવાઈ જાય છે. એ ખાવાથી ખ્રિસ્તનુંજ લોહી અને માંસ ખવાય છે. ખ્રિસ્તે કરેલા મહાયજ્ઞના અનુકરણરૂપે તેમના આશ્રિતો આ યજ્ઞ કરે છે. આનું નામ eucharistic sacrifice અથવા નૈવેદ્યશેષની પ્રાણાહુતિ છે. આ વાસ્તવિક રીતે જોતાં હવિઃશેષ ભક્ષણનોજ પ્રકાર છે. એ વડે ખ્રિસ્તની સાથે ખ્રિસ્તીઓની એકાત્મતા સધાય છે. એ માટે એ અનુષ્ઠાનનું નામ Holy Communion અથવા પવિત્ર સાયુજ્ય પડયું છે. આ દેશના બ્રહ્મવાદીઓમાં તર્ક ઉઠયો હતો કે અગ્નિ અને સોમને ઉદ્દેશી અર્પણ કરવામાં આવતું પશુમાંસ નરમાંસ ગણાય કે નહિ? તેજ પ્રમાણે ખ્રિસ્તીઓમાં પણ તર્ક ઉઠયો હતો કે વાસ્તવિક રીતે રોટલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને મધ ખ્રિસ્તનાં માંસ અને લોહીના રૂપમાં ફેરવાય છે કે નહિ? ખરી રીતે તો એ લોહી અને માંસના રૂપમાં ફેરવાઇ જાય છે, તે કોઇ પણ રાસાયનિક કહી શકશે નહિ. છતાં બધા ખ્રિસ્તીઓ એક વખતે એકી અવાજે બોલી ઉઠતા કે અર્પણ કર્યા બાદ રોટલી એ રોટલી રહેતી નથી, મધ એ મધ રહેતો નથી; ખરેખર તે માંસ અને લોહીના રૂપમાં બદલાઇ જાય છે. જેઓ ભક્ત હતા તેઓ સ્પષ્ટ રીતે જોઇ શકતા કે અર્પણ કરેલી રોટલીમાંથી લોહીનાં ટીપાં ટપકે છે. મધ અને રોટલીનું આ પ્રમાણે લોહી અને માંસના રૂપમાં ફેરવાઇ જવું તેનું નામ દ્રવ્યાન્તર પરિણામ (transubstantiation) છે. રોમન અને ગ્રીક ચર્ચના બધા લોકો અર્થાત્ સમસ્ત ખ્રિસ્તી સમાજના બાર આના ભાગના ખ્રિસ્તીઓ આ વીસમી સદીમાં પણ આ અલૌકિક પરિવર્તનની બાબતમાં વિશ્વાસ રાખે છે. આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય અત્યારેજ રાસાયનિક વિશ્લેષણ કરી બતાવશે કે રોટલીમાં કેવળ મેંદો છે; અર્પણ કર્યા બાદ તે proteidના રૂપમાં ફેરવાતો નથી. તેના શિષ્યોને પણ એ બાબતમાં હા ભણવી પડશે, છતાં યુરોપના ઘણાખરા લોકો હજુ પણ વિશ્વાસ રાખે છે કે એ રોટલી, રોટલી રહેતી નથી; મધ, મધ રહેતો નથી. એ વિશ્વાસમાં આઘાત કરવાથી તેઓનાં જીવનની ગ્રંથિ કપાઇ જશે.

હવે વધુ લંબાણ કરવાની જરૂર નથી. એ બાબતમાં ફરીથી મારે લંબાણથી ઉતરવું પડશે. ખ્રિસ્તી અને વેદપંથી સમાજનાં યજ્ઞાનુષ્ઠાનનું તાત્પર્ય એકજ તરેહનું છે, તે બતાવવા માટે આ પ્રસંગ ઉપસ્થિત કર્યો છે. ખ્રિસ્તીઓના દેવતા યહુદીઓના દેવતાનું રૂપાન્તરમાત્ર છે. યહુદીઓના દેવતા લોહી અને માંસ બંને માગતા; તેથી ખ્રિસ્તે લોહી અને માંસ બંને આપ્યાં હતાં. મધ એ લોહી અને રોટલી એ માંસ. આપણા દેશમાં આધુનિક સમયમાં મહા દેવી રક્તમાંસના બળિદાનથી પ્રસન્ન થાય છે. પરંતુ વૈદિક દેવતાઓ રક્તપ્રિય નહોતા. પશુનું લોહી રાક્ષસોને મળતું; દેવતાઓ કેવળ માંસથી જ સંતોષ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પામતા. પુરોડાશ અથવા રોટલી માંસને સ્થાને ગણાતી. ખ્રિસ્તીઓમાં રોટલી જેમ માંસ સ્થાને ગણાય છે, આપણામાં પણ તેજ રીતે રોટલી માંસ સ્થાને ગણાતી. લોહી કયાં ગયું ? ઐતરેય બ્રાહ્મણ કહે છે,–નિઃસંકોચે કહે છે કે "આ જે પુરોડાશ–દાન, તે વડેજ પશુનું આલંભન થાય છે. જે જવ અથવા વ્રીહિમાંથી પુરોડાશ તૈયાર થાય, તે પર જે ઘાસ લાગેલું હોય, તે પશુના વાળ ગણાય છે. જે ફોતરાં હોય, તે પશુનું ચામડું ગણાય છે. જે રોટલી તૈયાર થાય, તે માંસ ગણાય છે. જે કણકી ફેંકી દેવામાં આવે, તે લોહી ગણાય છે." સુપડાંથી ઝાટકી ફોતરાં અને કણકી રાખી મુકવામાં આવતી અને યાગ પૂર્ણ થયે એ રાક્ષસોને આપવામાં આવતાં, એ પૂર્ણમાસ યાગ પ્રસંગે કહ્યું છે. આ પ્રમાણે રાક્ષસો તેઓના લોહીનો ભાગ મેળવતા.

આપણા દેવતાઓ રક્ત માગતા નહિ. ખ્રિસ્તીઓના યજ્ઞમાં રક્તને સ્થળે મદ્ય આપવામાં આવે છે. વૈદિક યજ્ઞમાં એકાદ બે સ્થળે મદ્યનું પ્રચલન જણાય છે. સૌત્રામણિ યાગમાં સુરાનું પ્રચલન હતું, ક્ષત્રિય રાજાઓના રાજસૂય વગેરે યજ્ઞોમાં સુરાનું પ્રચલન જણાય છે, પરંતુ સાધારણ રીતે યજ્ઞમાં મદ્યનું ચલણ નહોતું. પરંતુ એક બીજી જાતનું માદક દ્રવ્ય ચાલતું હતું. એ માદક દ્રવ્ય તે સોમલતાનો રસ હતો. હવે સોમયાગની વાત કહેવા ઇચ્છું છું. આપ ધીરજ રાખી એ વાત સાંભળવા તૈયાર રહેશો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સોમ-યાગ

સોમયજ્ઞ એ અતિ મોટું ધર્મતંત્ર છે. એની ક્રિયા અત્યંત ગુંચવણ ભરેલી છે. ઘણી સામગ્રીની જરૂર પડતી; ઘણા ઋત્વિજોની જરૂર પડતી; ખર્ચ પણ ઘણું થતું, માટે બધાને માટે આ યાગ કરવાનું બની શકતું નહિ. તે માટેજ આ યાગની નિત્યકર્મમાં ગણના થતી નહિ. તોપણ બ્રાહ્મણને ઘેર ત્રણ પેઢીમાં સોમયાગ ન થતો, તો તેની નિંદા થતી. તેવા બ્રાહ્મણને નઠારો બ્રાહ્મણ ગણવામાં આવતો. સોમયાગ આર્યજાતિનું અતિ પ્રાચીન અનુષ્ઠાન છે. આર્ય જાતિએ ભરતખંડમાં પ્રવેશ કર્યો તે પહેલાં પણ એ પ્રચલિત હતો. પ્રાચીન ઈરાનીઓમાં પણ સોમયાગ ચાલતો હતો. સોમ પોતે એક દેવતા છે. દેવતાઓનો એક રાજા છે. પાછળના કાળમાં દેવતાઓના ચાર રાજાઓની વાત સંભળાતી. એકેક રાજા એકેક દિશાનો અધિપતિ ગણાતો. ઈંદ્ર પૂર્વ દિશાનો, યમ દક્ષિણ દિશાનો, વરુણ પશ્ચિમ દિશાનો અને સોમ ઉત્તર દિશાનો અધિપતિ ગણાતો. દેવતા સોમ દ્યુલોકમાં વસતો હતો. પાર્થિવ સોમ મર્ત્યલોકમાં તેના પ્રતિનિધિ તરીકે વિરાજતો હતો. એ પાર્થિવ સોમ એક જાતની ડુંગરામાં ઉગતી વનસ્પતિ હતી. હિમાલયની ઉત્તરે મૂજવાન્ પર્વતમાં એ વનસ્પતિ મળી આવતી. મૂજવાન્ પર્વત ક્યાં આવ્યો તે કહી શકાતું નથી. કદાચ તેજ પાછળના કાળમાં કૈલાસ પર્વતના નામથી ઓળખાયો હોય. કારણ કે મૂજવાન્ પર્વતપર રૂદ્ર દેવતાનો વાસ હતો. વેદમાં એ વાતનો ઉલ્લેખ છે. એ રૂદ્ર દેવતા પાછળના કાળમાં આપણા મહાદેવના રૂપમાં ફેરવાઈ ગયા છે. સોમ એ મહાદેવનું ચિહ્ન છે. મહાદેવ લલાટ પર અથવા મસ્તક પર સોમકલા ધારણ કરે છે. અત્યારે આપણે સોમ એટલે ચંદ્ર સમજીએ છીએ. બ્રાહ્મણ ગ્રંથોમાં પણ સોમ અને ચંદ્રને એકજ ગણેલ છે. પશ્ચિમના બધા પંડિતો એ વાત માનવા તૈયાર નથી. તેઓ કહે છે કે વૈદિક સાહિત્યમાંનાં બહુ જૂનાં સ્તવોમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોમની સાથે ચંદ્રને કશો સંબંધ નહોતો; વેદનો સોમ પ્રથમથીજ સોમલતા માત્ર છે; ઉદ્‌ભિદ્‌ માત્ર છે. સોમપાન કરવાથી નિશો ચઢતો અને શરીરમાં સ્ફુર્તિ તથા બળ આવતું. એ માટે સોમને દેવતા માની લીધો હતો. ઇરાનીઓ સોમને હોમા કહેતા. આપણા દેશમાંથી સોમયાગનો ચાલ તદ્દન નીકળી ગયો છે, પરંતુ મુંબાઇના પારસીઓ હજુ પણ સોમયાગ કરે છે. અત્યારે જે વનસ્પતિનો રસ તેઓ એ યજ્ઞમાં વાપરે છે, તે હુમ કહેવાય છે. માર્ટિન હૌગ નામના પંડિતે મૂળ ઐતરેય બ્રાહ્મણ અને તેનો અંગ્રેજી અનુવાદ જાહેરમાં મૂક્યો હતો, અને મુંબાઈમાં રહી પારસીઓનાં જુનાં ને આધુનિક ધર્મકર્મના સંબંધમાં બહુ શોધખોળ કરી હતી. તેણે આ હુમ રસ પીધો હતો. તેને તે અત્યંત બેસ્વાદ લાગ્યો હતો. એ રસપાનથી કોઇપણ દેવ કે મનુષ્ય સંતોષાય એવું નથી. મૂળ વાત એ છે કે જુનાકાળમાં યજ્ઞ માટે જે સોમ વપરાતો તે સોમ કઈ વનસ્પતિ છે, તે અત્યારે કોઈ જાણતું નથી. વેદપંથી સમાજમાં જ્યારે સોમયાગનો ખૂબ પ્રચાર હતો ત્યારે પણ તે મહામુશીબતે મળી આવતો હતો. પર્વતપરથી સોમ આણી યજ્ઞને માટે જાળવી રાખવાનો એક વેપાર થઈ પડ્યો હતો. યજ્ઞ સમયે સોમ વેચનારો યજ્ઞશાળાની બહાર આવી બેસતો. યજમાન કિંમત આપી તે ખરીદ કરી લેતો. ધીમે ધીમે સોમ દુષ્પ્રાપ્ય થઇ જવાથી સોમયાગ પણ અપ્રચલિત થઈ પડ્યા હતા, એજ સોમયાગ બંધ પડવાનું કારણ જણાય છે. પરંતુ આપણે જે સમયની વાત કરીએ છીએ, તે સમયે દ્વિજાતિ–સમાજમાં સોમયજ્ઞ ઘણા પ્રમાણમાં પ્રચલિત હતો. તે વખતે નાના પ્રકારના સોમયાગ થતા. ક્ષત્રિય રાજાઓ અશ્વમેધ, રાજસૂય વગેરે જે આડંબરવાળા યજ્ઞો કરતા, તે પણ સોમયાગજ હતા. ક્ષત્રિય અને વૈશ્યો વખત જતાં સોમપાનના અધિકારથી વંચિત થયા. સોમપાનનો અધિકાર બ્રાહ્મણોએ પોતાનો કરી લીધો. ક્ષત્રિયો અને વૈશ્યો સોમયજ્ઞ કરી શકતા, પણ તેઓને સોમરસને બદલે બીજો રસ પીવા દેવામાં આવતો. ક્ષત્રિયો વડ, પીપળો, પીપળ અથવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉંમરડાનો રસ પીતા; વૈશ્યને માટે દહીંની વ્યવસ્થા કરવામાં આવતી; એથીજ તેઓને સોમપાનનું ફળ મળતું. ક્ષત્રિયો સોમપાન કરી શકે કે નહિ, તે સંબંધમાં થોડો વખત વાદવિવાદ થયા જણાય છે. ક્ષત્રિયોએ સહેલાઇથી એ હક છોડયો નથી. એ માટે યજ્ઞ સમયે હાથોહાથની મારામારી પણ થતી. જેઓ આ બાબત જાણવા માગતા હોય, તેણે ઐતરેય બ્રાહ્મણનો પાંત્રીસમો અધ્યાય વાંચી જોવો. જેઓ ક્ષત્રિયો સોમપાન કરે તે વિરુદ્ધ હતા, તેઓ તેમ કરવાનું મોટું કારણ બતાવતા. દેવતાઓના રાજા ઇંદ્રે ત્વષ્ટાના પુત્ર વિશ્વરુપનો વધ કર્યો હતો; વૃત્રનો વધ કર્યો હતો; બીજાં પણ ઘણાં અયોગ્ય કર્મો કર્યાં હતાં. વિશ્વરુપ અને વૃત્ર બંને દેવતાઓના બ્રાહ્મણ હતા. ઇંદ્ર ક્ષત્રિય હતો. ઈંદ્ર આ રીતે બ્રહ્મહત્યામાં લેપાયો હોવાથી દેવતાઓએ બંડ ઉઠાવી ઇંદ્રને માટે સોમપાન બંધ કરી દીધું હતું, તે જોઇ ક્ષત્રિયોને માટે પણ સોમપાન નિષિદ્ધ ગણાયું.

વેદપંથી સમાજમાં નાના પ્રકારનાં સોમયાગનાં અનુષ્ઠાનો ધીમે ધીમે પલ્લવિત થઈ રહ્યાં હતાં. કોઇ યજ્ઞ એક દિવસ, તો કોઇ યજ્ઞ એક કરતાં વધુ દિવસ સુધી ચાલતો હતો. એક દિવસે પુરા થતા યજ્ઞને ઐકાહિક યજ્ઞ કહેતા. બેથી બાર દિવસ સુધી ચાલતા યજ્ઞને અહીનના નામથી ઓળખવામાં આવતો. બાર અથવા બારથી વધુ દિવસ ચાલતો તેનું નામ સત્ર પડયું હતું. કોઇ કોઇ સત્ર આખું વર્ષ ચાલતું. હું કેવળ આપને ઐકાહિક અર્થાત્ એક દિવસમાં પુરા થતા સોમયાગ વિષે કહીશ. આ શ્રેણીના સોમયાગનું સાધારણ નામ જ્યોતિષ્ટોમ હતું. જ્યોતિષ્ટોમ ઓછામાં ઓછા સાત પ્રકારના હતા; અગ્નિષ્ટોમ, ઉકૂથ્ય, ષોડશી, અતિરાત્ર, અત્યગ્નિષ્ટોમ, આપ્તોર્યામ અને વાજપેય. એમાંથી અગ્નિષ્ટોમ પ્રકૃતિ ગણાતો, બાકીના તેની વિકૃતિમાત્ર ગણાતા. અગ્નિષ્ટોમની પ્રયોગપદ્ધતિ જાણવાથી બીજાઓની પદ્ધતિનું સાધારણ જ્ઞાન થઇ જશે.

બ્રાહ્મણ ગ્રંથમાં યજ્ઞની પદ્ધતિ બરાબર જણાઇ આવતી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ્ધતિની સાથે અનુષ્ઠાનનું તાત્પર્ય, મંત્રની વ્યાખ્યા અને તે સંબંધનાં ઉપાખ્યાનાદિની જુદી જુદી વાતો બ્રાહ્મણગ્રંથમાં લખેલી છે. શુદ્ધ પદ્ધતિ સમજવાને માટે શ્રૌતસૂત્ર નામના સ્મૃતિ શાસ્ત્રો તરફ નજર નાખવી પડે છે. ઐતરેય બ્રાહ્મણ પરથી આશ્વલાયનનું શ્રૌતસૂત્ર અને શતપથ બ્રાહ્મણ પરથી કાત્યાયનનું શ્રૌતસૂત્ર રચાયું છે. મેં ઐતરેય અને શતપથ આ બંને બ્રાહ્મણ ગ્રંથો અને આશ્વલાયન તથા કાત્યાયન એ બેનાં શ્રૌતસૂત્રોની મદદ લઈ અગ્નિષ્ટોમનું વિવરણ કર્યું છે. અગ્નિષ્ટોમ યજ્ઞ અતિ ગુંચવણ ભરેલો છે. એનું બરાબર વિવરણ કરતાં સહિષ્ણુ શ્રોતાની ધીરજ ટકવાની નથી. તે માટે ઝીણી ઝીણી બાબતો છોડી દઈ જેથી સામાન્ય જ્ઞાન થાય એવું વિવરણ કરવા ધારૂં છું.

ગૃહસ્થની અગ્નિશાળામાં સોમયાગ માટે જગા થઇ શકતી નહિ. તે માટે વિશાળ જગા જોઇએ, માટે ગામની બહાર યજ્ઞભૂમિ પસંદ કરવામાં આવતી. એનું નામ દેવયજન–ભૂમિ પડતું. ત્યાં બે વેદિ રચવામાં આવતી. એક ઐષ્ટિક વેદિ, એ વેદિ સોમયાગને અંગે કરવાના ઇષ્ટિયાગોને માટે કરવામાં આવતી. તેની પૂર્વ દિશાએ એક મોટી વેદિ રચવામાં આવતી, તેનું નામ સૌમિક વેદિ અથવા મહાવેદિ હતું; એ મહાવેદિ લગભગ પાશુક વેદિ જેવીજ હતી. ઐષ્ટિક વેદિની બાજુએ યોગ્ય ઠેકાણે આહવનીયાદિ ત્રણ અગ્નિનું અને બ્રહ્માદિ ઋત્વિજોનાં સ્થાન રહેતાં; એ બધું ઇષ્ટિયાગની માફકજ થતું. આ વેદિની આજુબાજુએ ખૂંટા ખોદી તેના પર આચ્છાદન કરી યજ્ઞશાળા રચવામાં આવતી, તેનું નામ **પ્રાગ્વંશશાળા;** ખૂંટા પરના વાંસ પશ્ચિમથી પૂર્વ મુખે બાંધવામાં આવતા, તે માટે તેનું નામ પ્રાગ્વંશશાળા પડયું હતું. મહાવેદિની ઉપર પણ એ પ્રમાણે કેટલીક શાળા અથવા મંડપ તૈયાર કરવામાં આવતા. પશ્ચિમ ભાગના મંડપનું નામ સદઃશાળા; મધ્ય સ્થળે હવિર્દ્ધાન મંડપ, અને વેદિની બંને પડખે બે આગ્નીધ્રીય અને માર્જાલીય નામના નાના મંડપો બાંધવામાં આવતા. સદઃશાળામાં અગ્નિની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક હાર ગોઠવવામાં આવતી, એ અગ્નિસ્થાનોનું નામ ધિષ્ણ્ય હતું. ધિષ્ણ્યની પાસે બેસી ઋત્વિજો સોમયાગના મંત્રો ભણતા. મધ્યસ્થળે એક ઉમરડાની ડાળની ખુંટી ખોડવામાં આવતી; તેનું નામ ઔદુમ્બરી શાખા હતું. ઉદ્દગાતા અને તેના મદદગારો એ ઔદુમ્બરીશાખાને સ્પર્શ કરી સામ ગાન કરતા. એ પાસે બે કોટડીમાં બે ધિષ્ણ્ય અથવા અગ્નિસ્થાન રહેતાં. મહાવેદિના પૂર્વ ભાગમાં ઉત્તર વેદિ અને તેની નાભિ પાશુક વેદિના જેવીજ રચવામાં આવતી; તેની પૂર્વ દિશાએ પશુબંધન માટે યૂપનું સ્થળ રહેતું, તેમાં ચાત્વાલ, ઉત્કર અને શામિત્ર ભૂમિ વગેરે પશુયાગ જેવાંજ રચવામાં આવતાં.

ઇષ્ટિયાગમાં ચાર જણ, પશુયાગમાં છ જણ, પરંતુ સોમયાગમાં સોળ ઋત્વિજોની જરૂર પડતી. એ બધાનાં નામ જાણવાની જરૂર નથી. થોડાનાં નામ જાણીએ તો બસ થશે. અધ્વર્યુ, હોતા, બ્રહ્મા અને અગ્નીત તો હોયજ; તે ઉપરાંત અધ્વર્યુનો સહકારી પ્રતિપ્રસ્થાતા અને હોતાનો સહકારી મૈત્રાવરુણ, એ પણ હોય છે. હોતાના બીજા બે સહકારીઓ બ્રાહ્મણાચ્છંસી અને અચ્છાવાક્ નામના હોય છે. આ બે નામ ખાસ યાદ રાખશો. ઇષ્ટિયાગમાં અને પશુયાગમાં સામગાન ગવાતાં નથી; પણ સોમયાગમાં સામગાન વિના ચાલતું નથી. એ માટે ઉદ્દગાતા અને તેના સહકારી પ્રસ્તોતા અને પ્રતિહર્ત્તા એ ત્રણ સામગાયી ઋત્વિજોની જરૂર પડે છે. આ અગિઆર જણ સિવાય બીજા પાંચ ઋત્વિજો હોય છે. આ રીતે બધા મળીને સોળ ઋત્વિજોની જરૂર પડે છે. સોળ ઋત્વિજો સિવાય ચમસાહુતિ માટે દશ ચમસાધ્વર્યુની જરૂર પડે છે. તેઓ ઋત્વિક્ નથી, તોપણ સોમયાગમાં મદદ કરે છે. યાગ પહેલાં સોમપ્રવાક નામની વ્યક્તિ સોળ જણ ઋત્વિજોને નિંમંત્રણ કરી આણે છે અને યજમાન તેઓનું વરણ કરે છે. દેવતાઓના યજ્ઞમાં અગ્નિ હોતા, આદિત્ય અધ્વર્યુ, ચંદ્રમા બ્રહ્મા, પર્જન્ય ઉદ્દગાતા અને અપ્ સમૂહ બીજા ઋત્વિજો બન્યા હતા. યજમાન પ્રથમ દેવ ઋત્વિજોને વરણ કરી તેઓના પ્રતિનિધિરૂપે મનુષ્ય ઋત્વિજોને વરણ કરે છે. આપને જણાવ્યું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે કે અગ્નિષ્ટોમ એક દિવસનો યજ્ઞ છે. પરંતુ તે પહેલાં કેટલાક ઇષ્ટિયાગ અને બીજાં કર્મો ન કરે તો સોમયજ્ઞ કરવાનો અધિકાર મળતો નહિ. પરિણામ એ આવતું કે અગ્નિષ્ટોમ યજ્ઞ એક દિવસનો યજ્ઞ છતાં તેની તૈયારી કરી યજ્ઞ સંપૂર્ણ કરતાં પાંચ દિવસ લાગતા. તેનું વિવરણ અનુક્રમે આપતો જાઉં છું.

પહેલો દિવસઃ—પહેલા દિવસે યજમાન દીક્ષા લે છે. ઇષ્ટિયાગ અને પશુયાગમાં દીક્ષાની જરૂર પડતી નથી. આ દીક્ષા અને દીક્ષાને માટે અનુકૂળ ઇષ્ટિયાગ એ પહેલા દિવસની મુખ્ય ક્રિયા છે. પ્રથમ કહ્યું છે કે ઇષ્ટિયાગને માટે ઐષ્ટિકવેદિ અને સોમયાગને મહાવેદિની જરૂર પડે છે. યજમાનને ઘેર પૂર્ણમાસાદિ યાગને માટે અગ્નિશાળા હોય છે. પરંતુ અહીં તો ગામની બહાર નવી યજ્ઞશાળામાં નવી ઐષ્ટિક વેદિ રચી લેવી પડે છે. યજમાનને ઘેર જે ગાર્હપત્ય આખો દિવસ સળગે છે; તે અગ્નિમાં એ અરણિ તપાવી, લાવવામાં આવે છે. આનું નામ અગ્નિ સમારોપણ. એ અરણિ ઘસી નવી યજ્ઞશાળામાં નવીન ગાર્હપત્ય અગ્નિ સળગાવવામાં આવે છે. યજમાનના ઘરમાંનો ગાર્હપત્ય અગ્નિ અને આ નવીન ગાર્હપત્ય અગ્નિ એકજ છે, એ વાત આવી રીતે સમજાવવામાં આવે છે. આ નવા ગાર્હપત્યમાંથી નવો આહવનીય અને દક્ષિણાગ્નિ વિધિપૂર્વક સળગાવવામાં આવે છે. સોમયાગના અનુષંગિક સમસ્ત ઇષ્ટિયાગ આ અગ્નિમાંજ સંપૂર્ણ કરવામાં આવે છે. આ પ્રમાણે અગ્નિ સ્થાપન થયા બાદ યજમાનને દીક્ષા આપવામાં આવે છે. યજ્ઞશાળાની બહાર યજમાન હજામત કરાવી પોતાની પત્ની સાથે સ્નાન કરે છે. સ્નાન કર્યા બાદ કપડાં બદલી દર્ભપર ઉભા રહી શરીરપર માખણ ચોળે છે, આંખોમાં કાજળ આંજે છે, દર્ભવડે શરીર ઘસી દેહશુદ્ધિ કરે છે, અને આંગળાંવાળી, મૂઠીવાળી યજ્ઞશાળામાં પ્રવેશ કરે છે; ત્યારથી તે યજ્ઞ પૂરો થાય ત્યાંસુધી તે બહાર આવી શકતો નથી. ત્યાં એક ઇષ્ટિયાગ કરવો પડે છે. એ ઇષ્ટિયાગનું નામ **દીક્ષ-**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ણીય ઇષ્ટિ. દીક્ષાને અનુકૂળ હોવાથી દીક્ષણીય નામ પડયું છે. યાગ કર્યા બાદ યજમાન કાળું મૃગચર્મ પાથરી તે પર બેસે છે. ઘાસ અને શણની બનાવેલી મેખલા પહેરે છે; માથાપર પાઘડી મુકે છે; કપડાંના ખુંટામાં એક હરણનું શીંગડું બાંધી હાથમાં ઉમરડાની ડાળીનો દંડ લે છે. આ યજમાનનો પોશાક થયો. યજમાનની પત્નીનો પોશાક પણ તેવોજ હોય છે; પાઘડીને બદલે તે માથાપર જાળ પહેરે છે. આ પોશાકનું તાત્પર્ય છે. દીક્ષા લીધાથી યજમાનનો નવો જન્મ થાય છે. યજ્ઞશાળા એ તેને માટે માતૃગર્ભરૂપ છે. ત્યાં ભ્રુણરૂપે તેને યજ્ઞ પૂર્ણ થતા સુધી વસવું પડે છે. યજ્ઞપૂર્ણ થયે તે એ ગર્ભમાંથી નવીન અવતાર રૂપે બહાર આવે છે, અર્થાત્ નવજીવન પામે છે. તેના પોશાકમાંના કયા પહેરવેશનું શું તાત્પર્ય છે તે ઐતરેય બ્રાહ્મણમાં સમજાવવામાં આવ્યું છે. જેમકે ગર્ભમાં ભ્રુણ મુઠીઓ વાળી પડયું રહે છે, એ માટે યજમાન પણ મુઠીઓ વાળી રાખે છે, ઇત્યાદિ. દીક્ષા સબબ જે ઇષ્ટિયાગ થાય, તેના દેવતા અગ્નિ અને વિષ્ણુ ગણાય છે. અગ્નિ બધા દેવતાઓની નીચે છે, અને વિષ્ણુ બધા દેવતાઓમાં ઉપર છે, માટે એ બે દેવતાઓનો યાગ કરવાથી બધા દેવતાનો યાગ થાય છે. એ બંને દેવતાઓને ઉદ્દેશે પુરોડાશ આપવામાં આવે છે. વિધિ પૂર્ણમાસ યાગ જેવીજ છે. દીક્ષિત યજમાનને કેટલાક નિયમો પાળવા પડે છે. તેનાથી અસત્ય બોલાતું નથી, ક્રોધ કરાતો નથી, ઉંચે સાદે બોલાતું નથી, સૂર્યનો ઉદયાસ્ત જોઇ શકાતો નથી, પાણીમાં પડી શકાતું નથી, વરસાદમાં ભીંજાઇ શકાતું નથી. ખાવા પીવામાં પણ કેટલાક નિયમો પાળવા પડે છે. દીક્ષા લીધા પહેલાં તે પેટ ભરીને ખાઇ શકે છે, પરંતુ દીક્ષા લીધા બાદ નિયમોનું બંધન નડે છે. ત્યારપછી તેને બે ટંક ફક્ત દૂધજ મળે છે. એ દૂધ વ્રતના નામથી ઓળખાય છે, અને દૂધ પીવું તે વ્રતપાનના નામથી ઓળખાય છે. એક વખત રાત પુરી થતાં, અને એકવાર બપોરે દૂધ પીવાનું મળે છે. દૂધનું પરિમાણ ધીમે ધીમે ઓછું કરવું પડે છે. પાંચમે દિવસે એટલે અસલ સોમયાગને દિવસે એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૂધ પણ બંધ કરવામાં આવે છે. તે દિવસે યજ્ઞના હવિઃશેષ સિવાય બીજું કશું ખાવાનું મળતું નથી.

બીજે દિવસઃ—એ દિવસે સવારમાં યજ્ઞનો આરંભ સૂચવતો એક ઇષ્ટિ-યાગ કરવામાં આવે છે; એનું નામ પ્રાયણીય ઇષ્ટિ. પ્રાયણ શબ્દનો અર્થ આરંભ થાય છે આ ઇષ્ટિના દેવતા પથ્યા, અગ્નિ, સોમ, સવિતા અને છેલ્લે અદિતિ ગણાય છે. દેવતાઓએ એક વખતે અદિતિને એક વરદાન આપ્યું હતું કે તમારા વડેજ યજ્ઞનો આરંભ થશે. ત્યારથી સોમ યજ્ઞના આરંભમાં અદિતિને ઉદ્દેશે એક યાગ કરવામાં આવે છે. અદિતિને પાયસાન્ન (દૂધપાક) આપવો પડે છે; અને બીજા ચારે દેવોને આજ્યની આહુતિ આપવામાં આવે છે.

આ યાગ પછી સોમ ખરીદવાની ક્રિયા થાય છે. યજ્ઞશાળા બહાર સોમ વેચનારો બેઠો હોય છે; તેની પાસેથી કિંમત આપી સોમ ખરીદવામાં આવે છે. પ્રથમ કહ્યું છે તેમ સોમલતા દુષ્પ્રાપ્ય જણસ ગણાતી હતી; પર્વતપરથી એકઠી કરી યજ્ઞ થતો હોય ત્યાં લાવવાનો એક જાતના લોકોનો વેપાર થઈ પડ્યો હતો. સોમ વેચનાર યજ્ઞશાળાની બહાર બેસી સોમલતા વેચતો. આ સોમ ખરીદવાની ક્રિયામાં એક નવાઇ છે. સોમ એક વખતે ગંધર્વોની પાસે હતો; દેવતાઓએ ગંધર્વોને ભુલાવામાં નાંખી સોમ લઈ લીધો અને પોતે નાસી આવ્યા, સોમ ખરીદતી વેળા આ ઘટનાનું નાટક ભજવાય છે. ઋત્વિજો સાથે યજમાન એક નાની વાછરડી લઈ સોમ વેચનારા પાસે જાય છે. એ સોમ વેચનાર ગંધર્વ ગણાય છે. અને પેલી વાછરડી વાગ્દેવતા ગણાય છે. થોડીવાર ભાવતાલ પૂછ્યા બાદ પેલી વાછરડીને કિંમત તરિકે આપી સોમ ખરીદ કરવામાં આવે છે. સોમ હસ્તગત થયા બાદ એકાએક લાકડી ઉપાડી પેલા સોમ વેચનારને નસાડી મુકવામાં આવે છે, અને વાછરડીને પાછી લઇ લેવામાં આવે છે. ગંધર્વનું બધું ગયું; સોમ પણ ગયો; વાગ્દેવી પણ ગઈ. યજમાન સોમલતા કપડાંમાં બાંધી માથાપર ચડાવી ગાડી પર મૂકે છે. યજમાન

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

અને અધ્વર્યુ ગાડીપર બેસી રહેછે; હોતા ઋક્‌મંત્ર ભણે છે અને સુબ્રહ્મણ્યા નામને ઋત્વિક્‌ ગાડી ખેંચી પ્રાગ્‌વંશશાળાને પ્રદક્ષિણા કરી અંદર જાય છે. ત્યાં સોમને ગાડી પરથી ઉતારી ઐષ્ટિકવેદિની પૂર્વ બાજુએ આહવનીયની પાસે લાકડાંના આસનપર મૂકવામાં આવે છે.

સોમ દેવતાઓનો એક રાજા છે, રાજા અતિથિરૂપે ઘેર આવે તો તેને આદરમાન આપવું પડે છે. રાજા સોમ અતિથિરૂપે યજમાનની યજ્ઞશાળામાં આવ્યો છે; માટે તેની અભ્યર્થના માટે એક ઇષ્ટિયાગ કરવામાં આવે છે. એનું નામ આતિથ્ય ઇષ્ટિ. એ યાગના દેવતા વિષ્ણુ અને હવ્ય દ્રવ્ય પુરોડાશ ગણાય છે. આ ઇષ્ટિમાં એક ખાસ વિધિ છે કે યાગ પહેલાં મંથનદ્વારા અગ્નિ ઉત્પાદન કરી આહવનીય અગ્નિમાં નાખવો પડે છે. પૂર્ણમાસાદિ ઇષ્ટિયાગમાં અગ્નિમંથનની જરૂર પડતી નથી. આતિથ્ય ઇષ્ટિ પછી પ્રવર્ગ્ય યજ્ઞ અને ઉપસત્‌ ઇષ્ટિ થાય છે. એ સમયે યજમાન અને બધા ઋત્વિજો એકીસાથે ઘીનો સ્પર્શ કરી પ્રતિજ્ઞા લે છે કે આ યજ્ઞમાં અમે બધા એકમત થઈ કાર્ય કરીશું, પરસ્પર વિરોધ નહિ કરીએ. આ ક્રિયાનું નામ **તાનૂનપત્ર.** અસુરોની સાથે યુદ્ધ કરતી વેળા દેવતાઓએ આ પ્રમાણે ઘીનો સ્પર્શ કરી પરસ્પર સંધિબંધન કર્યું હતું. અત્યારના જમાનામાં જેમ યુરોપનાં મિત્રરાજ્યોએ જર્મનિ વિરુદ્ધ સંધિબંધન સ્વીકાર્યું હતું તેમ. ઉપસત્‌ ઇષ્ટિ વખતે સોમલતાને તાજી રાખવા માટે તે પર પાણી છાંટવામાં આવે છે. એનું નામ **સોમ આપ્યાયન કર્મ.** આપ્યાયન બાદ સોમનું પૂજન થાય છે. પ્રસ્તરનું નામ આપને યાદ રહ્યું હશે. ઇષ્ટિયાગમાં વેદિ પર એક કોળી દાભ રાખવામાં આવે છે; એનું નામ પ્રસ્તર. યજમાન કેટલાક ઋત્વિજો સાથે પ્રસ્તરૂપર હાથ રાખી પૂજનના મંત્રો ભણે છે. દ્યાવાપૃથિવીને આ મંત્રોવડે પ્રણામ કરવામાં આવે છે. રાજા સોમ દ્યાવાપૃથિવીના સંતાનરૂપ છે; તેને પ્રણામ કરવાથી સોમની પૂજા થાય છે.

આતિથ્યેષ્ટિ પછી પ્રવર્ગ્ય અને ઉપસત્‌ ઇષ્ટિ કરવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમાં પ્રવર્ગ્યની વાત સ્પષ્ટ રીતે કહેવાની જરૂર છે. આ યજ્ઞમાંની કેટલીક ક્રિયા જુદીજ છે. આ કર્મમાં આહુતિનાં દ્રવ્યનું નામ ઘર્મ છે. ઉનાં ઘીમાં બકરી અને ગાયનું દૂધ મેળવી ગરમ કરવાથી ઘર્મ તૈયાર થાય છે. દેવતાનું નામ પણ ઘર્મ દેવતા છે. સંસ્કૃત ઘર્મ શબ્દપરથી આપણી ભાષામાં ગરમ શબ્દ આવ્યો છે. દૂધ ગરમ ગરમ અર્પણ કરવામાં આવે છે માટે તેનું નામ ઘર્મ પડ્યું છે. માટીના હાલ્લામાં ઘર્મ ઉનું કરવામાં આવે છે; એ હાલ્લાનું નામ મહાવીર. પુરોડાશ પણ આપવો પડે છે, એ પુરોડાશનું નામ રૌહિણ પુરોડાશ. ઘર્મપાક માટે જુદું સ્થાન હોય છે. ગાર્હપત્યમાંથી અગ્નિ લાવી ત્યાં અગ્નિ પ્રકટાવવામાં આવે છે. અધ્વર્યું અને બે ઋત્વિજો સાથે અગ્નિ ફૂંકે; પ્રસ્તોતા નામનો સામગાન કરનાર ઋત્વિક્ સામગાન કરે. હોતા ઋક્ મંત્ર ભણે; અધ્વર્યું અગ્નિ પર તપેલા મહાવીરમાં ઘી રેડે. ત્યારપછી રૌહિણ પુરોડાશની આહુતિ આપ્યા બાદ અધ્વર્યું ગાય દોહે; પ્રતિપ્રસ્થાતા બકરી દોહે; પ્રસ્તોતા એક બીજો સામમંત્ર ગાય અને હોતા એક બીજો ઋક્ મંત્ર ભણે. એક મોટા લાકડાંનો હાથો હોય છે, તે ઉપયમનીના નામથી ઓળખાય છે. એ હાથામાં તપેલું મહાવીર ઉતારી મુકવું પડે છે અને મહાવીરમાંનાં ઉનાં ઘીમાં પેલું ગાય અને બકરીનું દૂધ રેડી ઘર્મ તૈયાર કરવામાં આવે છે. અધ્વર્યું એ ઘર્મ લઈ અશ્વિદ્વયને ઉદ્દેશે એક આહુતિ આપેછે; અને અગ્નિને ઉદ્દેશે એક બીજી આહુતિ આપે છે. હોતા વિધિપૂર્વક યાજ્યામંત્ર ભણે છે. ઘર્મનો થોડો ભાગ હવિઃશેષરૂપે ભક્ષણ કરવો પડેછે. હવિઃશેષ ભક્ષણ પહેલાં એક બીજી રૌહિણ પુરોડાશની આહુતિ આપવી પડે છે. આનું નામ પ્રવર્ગ્ય કર્મ. આ પ્રવર્ગ્ય કર્મ યજમાનને નવો જન્મ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. ઐતરેય બ્રાહ્મણ કહે છે કે આ ઘર્માહુતિદ્વારા યજમાન દેવયોનિ અગ્નિમાંથી દેવતારૂપે ઉત્પન્ન થાય છે. પ્રવર્ગ્ય કર્મ પછી ઉપસત્ ક્રિયા કરવામાં આવે છે. ઉપસત્ ઇષ્ટિયાગ છે; તેના દેવતા અગ્નિ, સોમ અને વિષ્ણુ છે. આહુતિ આજ્યની ગણાય છે. અસુરોએ ત્રણે લોક જીતી એ ત્રણે લોકને સોનાની, રૂપાની અને લોઢાની દિવાલોથી વિંટી શહેર અથવા દુર્ગના રૂપમાં ફેરવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાખ્યાં હતાં, દેવતાઓએ એ ત્રણે દુર્ગો સમીપ આવી ઘેરો ઘાલ્યો હતો. તેઓએ અસુરોપર જે બાણ છોડયાં હતાં, તેનું નામ ઉપસદ્–ઉપ અર્થાત્ સમીપ, સદ્ એટલે આવવું. એ બાણમાં અગ્નિ, સોમ અને વિષ્ણુ, એ ત્રણ દેવતા આવી વસ્યા હતા, તેથી અસુરોનો પરાજય થયો. આ ત્રિપુરજયની વાત આપને પૌરાણિક ત્રિપુરજયની કથાનું સ્મરણ કરાવશે.

બીજે દિવસે સવારમાં આ પ્રવર્ગ્ય અને ઉપસત્‌ની ક્રિયા કરવામાં આવે છે; તેજ દિવસે સાંજે પણ બીજી વાર પ્રવર્ગ્ય અને ઉપસત્ કરવા પડે છે. ઉપસત્ કરતી વેળા રાક્ષસોને જીતી દેવોએ જેવું સંધિબંધન કર્યું હતું, તેવુંજ સંધિબંધન કરવું પડતું અને પાણીની અંજલીવડે સોમને આદરમાન આપી તેની નિહ્નવ અથવા પૂજા કરવી પડતી. ત્રીજે દિવસે સવારે પ્રવર્ગ્ય અને ઉપસત્ અને સાંજે પણ તેમજ કરવામાં આવતું. ઉપસત્‌ની સાથેજ સોમની પૂજા વગેરે ક્રિયા પણ કરવી પડતી. આ ત્રીજે દિવસે સાંજે સોમ-યાગ માટે મહા વેદિ રચવામાં આવતી.

ચોથો દિવસઃ—ચોથે દિવસે સવારમાંજ બે વાર પ્રવર્ગ્ય અને બે વાર ઉપસત્ યાગ કરી બીજી તૈયારી કરવી પડતી પ્રથમ તો અગ્નિ પ્રણયન કરવું પડતું. ઐષ્ટિક વેદિના આહવનીયમાંથી અગ્નિ લઈ ઉત્તરવેદિની નાભિમાં મુકવામાં આવતો. ત્યારથી આ અગ્નિજ સોમયજ્ઞના આહવનીયરૂપે ગણાતો; પુરાતન આહવનીય ગાર્હપત્ય અગ્નિ બની જતો. અગ્નિ લઈ જતી વેળા હોતા મંત્ર ભણતો. ત્યાર પછી હવિર્દ્ધાનપ્રવર્ત્તનનું કાર્ય કરવામાં આવતું. બે છાયેલી બળદગાડીનું નામ હવિર્દ્ધાન; સોમયજ્ઞમાં મુખ્ય હવિઃ સોમ ગણાતો. તે સોમ આ ગાડીપર રાખવામાં આવતો હોવાથી એ ગાડીનું નામ હવિર્દ્ધાન પડયું. યજમાનપત્ની ગાડીની ધરીપર ઘી ચોપડતી; અધ્વર્યુ એક ગાડીપર અને પ્રતિપ્રસ્થાતા બીજી ગાડીપર ચઢી ગાડીઓ મહાવેદિ તરફ ચલાવતા. ગાડીઓ ગડગડાટ કરતી ચાલતી; હોતા અને યજમાન મંત્ર ભણતા. મહાવેદિ ઉપર પહોંચ્યા બાદ બંને ગાડીઓ જોડાજોડ રાખવામાં



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવતી, તેનાપર મંડપ બાંધવામાં આવતો; એ મંડપનું નામ હવિર્દ્ધાન મંડપ પડતું. તેની પશ્ચિમે એક બીજો મંડપ તૈયાર કરવામાં આવતો; તેનું નામ સદઃશાલા; મહાવેદિની બંને બાજુએ બે નાનાં ઘર તૈયાર કરવામાં આવતાં તેનું નામ આગ્નીધ્રીય અને માર્જાલીય. સદઃશાલામાં ૭ અને આગ્નીધ્રીયમાં એક, એમ સાત ધિષ્ણ્ય તૈયાર કરવામાં આવતાં; ધિષ્ણ્ય એટલે અગ્નિસ્થાન. તેની પાસે બેસી ઋત્વિજો સોમની આહુતિ વેળા મંત્રો ભણતા. આ ધિષ્ણ્ય માટે પણ ઐષ્ટિક વેદિના આહવનીય અગ્નિમાંથી અગ્નિ આણવામાં આવતો. પ્રથમ આગ્નીધ્રીયનાં ધિષ્ણ્યમાં અગ્નિ પ્રકટાવવામાં આવતો. ત્યાર પછી બીજે દિવસે એ અગ્નિવડે બીજાં ધિષ્ણ્યમાં અગ્નિ પ્રકટાવવામાં આવતો. ધિષ્ણ્યને માટે અગ્નિ આણ્યા બાદ સોમની પધરામણી કરવામાં આવતી. આપને યાદ હશે કે બીજે દિવસે સોમ ખરીદ કરી ઐષ્ટિક વેદિની પૂર્વે મુકેલાં કાષ્ઠાસનપર પધરાવવામાં આવેલ હતો; તે પર દહાડામાં બે વખત પાણી છાંટી તેને તાજો રાખવામાં આવતો. આજે સોમને તે જગાએથી ઉપાડી પૂર્વ મુખે આણી હવિર્દ્ધાન મંડપમાંની ગાડીઓપર રાખવામાં આવતો. ધિષ્ણ્ય માટે અગ્નિ અને ગાડીઓપર મુકવા માટે સોમ લાવવાની ક્રિયાને અગ્નીષોમ-પ્રણયન કહેવામાં આવતું. આ બધી ક્રિયામાં હોતાને મંત્ર ભણવા પડતા.

અગ્નિ અને સોમ બંનેને મહાવેદિ પર પધરાવવામાં આવ્યા. એ વિના સોમયાગ થઈ શકે નહિ. અગ્નિ અને સોમ બંને દેવતા છે; હવે એ બંનેને ઉદ્દેશે એક પશુયાગ કરવાની જરૂર છે. આ ચોથા દિવસેજ પશુયાગ પણ કરવો પડે છે; કેવળ ઇષ્ટિયાગથીજ ચોથા દિવસની ક્રિયા સંપૂર્ણ થતી નથી. અગ્નિ અને સોમને બલિ આપવાનું પશુ અગ્નીષોમીય પશુના નામથી ઓળખાતું. પશુ કદાવર હોવું જોઇએ. આ પશુનું માંસ ખાવાથી નરમાંસ ભક્ષણ કર્યું મનાતું કે નહિ, તે માટે સંદેહ ઉત્પન્ન થયો હતો; તે બાબત મેં અગાઉ વિવેચન કર્યું છે. પશુયાગનું વિવરણ અગાઉ કર્યું છે-યૂપચ્છેદનથી માંડીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યાગ સમાપ્તિ પર્યંતની બધી ક્રિયા આ વખતે પણ કરવી પડે છે. પશુયાગ સમાપ્ત કરતાં સાંજ પડવા આવે છે. આવતી કાલનો દિવસ તો સોમયાગનો દિવસ છે. ચાર દિવસ તો તેની તૈયારીમાંજ ગયા. સોમયાગ માટે સોમલતા વાટી તેમાંથી સોમરસ બહાર કાઢવો પડે છે. તે માટે પાણીની જરૂર પડે છે, તેથી આજે જ સંધ્યાકાળે તે પાણી લાવી રાખવામાં આવે છે. એ પાણી વહેતા પ્રવાહનું હોય તો સારૂં. નદી અગર જળાશયમાંથી પાણી લાવવા વાદિત્રો વગાડતા ધામધૂમ સાથે જવું પડે છે, જે પાણી લાવવામાં આવે છે, તેનું નામ વસતીવરી છે. અપ્ શબ્દ નારીજાતિમાં વપરાય છે; માટે તેનું વિશેષણ વસતીવરી પણ નારીજાતિમાં છે. આ વસતીવરી પાણી અને હવિર્દ્ધાનમાંની સોમલતાને રાત્રે આગ્નીધ્રીય મંડપમાં રાખી મુકવામાં આવે છે અને યજમાન આખી રાત જાગી તેપર પહેરો ભરે છે.

પાંચમો દિવસઃ—તૈયારી કરવામાં ચાર દિવસો તો ગયા. પાંચમો દિવસ ખરી રીતે સોમયાગનો દિવસ છે. સોમલતા વાટી તેનો રસ પાણીમાં મેળવી આહુતિ આપવી પડે છે. સોમલતા વાટી તેનો રસ નિચોવવાની ક્રિયાનું નામ અભિષવ. સવારે, બપોરે અને સાંજે ત્રણવાર સોમનો અભિષવ અને સોમની આહુતિ આપવામાં આવે છે. સોમાભિષવ, સોમાહુતિ અને તેના સંબંધની બીજી ક્રિયાઓ સવનના નામથી ઓળખાતી. સવારે પ્રાતઃસવન, બપોરે માધ્યન્દિન સવન, અને સાંજે તૃતીય સવન થતું. સોમયાગની સાથે એક પશુયાગ પણ કરવો જોઇએ. ચોથે દિવસે એક પશુયાગ થઇ ગયો છે,– તે અગ્નીષોમીય પશુયાગ કહેવાતો; આજે વળી બીજો પશુયાગ કરવામાં આવે છે. આ પશુયાગ સવનીય પશુયાગ કહેવાય છે. ત્રણ સવનમાં ત્રણ પશુયાગ ન થતાં આખા દિવસમાં એકજ પશુયાગ થાય છે. એકજ પશુનાં અંગપ્રત્યંગોના ભાગ પાડી ત્રણ સવનમાં આહુતિરૂપે અપાય છે. પ્રથમ કહ્યું છે તેમ પશુયાગની સાથે પુરોડાશયાગ પણ હોય છે જ. સવનીય પશુયાગમાં પુરોડાશ તો હોય જ, તે સિવાય બીજાં કેટલાંક દ્રવ્યની આહુતિ અપાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેવાં કેઃ-ધાના, કરમ્ભ, પરિવાપ અને પયસ્યા. ધાના એટલે ઘીમાં શેકેલા જવ; કરમ્ભ એટલે ઘીમાં શેકેલો જવનો લોટ; પરિવાપ એટલે ઘીમાં પકવેલા ચોખા. દૂધમાં દહીં ભેળવી પયસ્યા તૈયાર થાયછે. સોમરસ, પશુમાંસ, અને ધૃતપક્વ જવ વગેરેનું નામ સાંભળી ભૈરવીચક્રના પંચમકારમાંનાં મદ્ય, માંસ અને મુદ્રા આપને યાદ આવશે! આપ દેવતાની પસંદગીની પ્રશંસા કરશો.

ગઈ કાલે સંધ્યાકાળ વખતે વસતીવરી જલ લાવી રાખ્યું હતું, અને આખી રાત યજમાને તે પર પહેરો ભર્યો હતો. તે યજમાન પરોઢિયામાં ઋત્વિજોને જગાડે છે. હોતા પ્રાતરનુવાક નામના ઋક્મંત્રો ભણવા શરુ કરે છે. અગ્નિ, ઉષા અને અશ્વિદ્રય એ બધા આ મંત્રોના દેવતા છે. ઘણા મંત્રો ભણવા પડે છે. પક્ષીઓનો કલરવ શરૂ થાય એટલે મંત્રપાઠ સમાપ્ત થાય છે. માટે જરૂર પડતાં સોથી વધુ અથવા હજારથી પણ વધુ મંત્રો ભણવા પડે છે. જેમ વધુ મંત્રો ભણાય તેમ પ્રજાપતિ વિશેષ સંતુષ્ટ થાય છે. મંત્રપાઠ પૂર્ણ થયે યજમાન અને તેની પત્ની કેટલાક ઋત્વિજો અને નોકરો સાથે જલાશયેથી જલ ભરી લાવવા જાય છે. જે ઘડામાં પાણી લાવવામાં આવે છે, તે ઘડામાંનું પાણી એકધનાના નામથી ઓળખાય છે. ચોથે દિવસે સંધ્યાકાળે વસતીવરી લાવવામાં આવ્યું હતું; આજે સવારમાં એકધના લાવવામાં આવ્યું. એ બંને પાણીમાંથી થોડું થોડું પાણી લઈ મિશ્ર કરવામાં આવતું, આમ કરવાથી જે ત્રીજું પાણી ઉત્પન્ન થતું તે નિગ્રાભ્ય કહેવાતું. વસતીવરી, એકધના અને નિગ્રાભ્ય એ ત્રણ પાણીની સોમરસ તૈયાર કરવામાં જરૂર પડતી હતી.

હવે સોમાભિષવ અર્થાત્ સોમ વાટી તેમાંથી રસ કહાડવાની ક્રિયા શરૂ થાય છે. ચોથે દિવસે હવિર્દ્ધાન ગાડીની નીચે ચાર ખાડા કરી રાખવામાં આવ્યા છે. એ ખાડાનું નામ ઉપરવ. ખાડા પર લાકડાનું ચોકઠું મુકી તેપર ગાયનું ચામડું બિછાવી તેપર સોમલતાના ટુકડા રાખવામાં આવે છે, પથ્થરવડે ખાંડી, વાટી એ લતામાંથી રસ બહાર કાઢવો પડે છે. પત્થરના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાથી ઉપરવના ખાડામાં શબ્દ થાય છે. અધ્વર્યું, અને બીજા ત્રણ ઋત્વિજો પત્થર લઈ રસ કાઢે છે. સોમના ટુકડા વખતોવખત નિગ્રાભ્ય જલમાં ડુબાવી ભીના કરવામાં આવે છે. જ્યાંસુધી કુચા ન રહે, ત્યાંસુધી રસ કાઢવો પડે છે. ત્રણે સવન વખતે આમ કરવું પડે છે. પ્રાતઃસવન અને માધ્યન્દિન સવનમાં પુષ્કળ રસની જરૂર પડે છે. એ માટે પ્રાતઃસવનમાં સોમનો લગભગ અર્ધો ભાગ વાટવો પડે છે. માધ્યન્દિન સવન વખતે બાકીનો અર્ધો ભાગ વાટી નાખવો પડે છે. ફક્ત એક મોટો ટુકડો ત્રીજા સવનમાટે રાખી મુકવામાં આવે છે. એ મોટો ટુકડો વાટતાં જેટલો રસ મળે, તેટલો રસ ત્રીજા સવનમાટે પુરતો થઇ રહે છે. આ પ્રમાણે કાઢેલો સોમરસ વસતીવરી અને એકધના એ બે પાણીમાં મેળવતાં આહુતિ માટેનો રસ તૈયાર થાય છે. રસ રાખવા માટે ત્રણ મોટા મોટા લાકડાંના કળશ રાખવામાં આવે છે. તેમાંના એકનું નામ આધવનીય, બીજાનું નામ દ્રોણકલશ અને ત્રીજાનું નામ પૂતભૃત્. આધવનીયમાં વસતીવરી અને એકધના એ બંને પાણી નાખી તેમાં સોમરસ નાખવામાં આવે છે. આ પ્રમાણે તૈયાર થયેલ રસને ગાળવાની જરૂર છે, માટે દ્રોણકલશ પર ઘેટાંના વાળનું ઢાંકણ રાખી આધવનીયનું પાણી તેમાં રેડી ગાળવામાં આવે છે. આ પ્રમાણે ગાળેલો રસ પવિત્ર અર્થાત્ શુદ્ધ થાય છે. ગાળેલો સોમરસ પવમાન સોમ કહેવાય છે. આ વિશુદ્ધ સોમરસનો અર્ધભાગ દ્રોણકલશમાં અને અર્ધો પૂતભૃત્માં રાખવામાં આવે છે. પૂતભૃત્માં રાખતી વેળા ભારે આડંબર કરવામાં આવે છે; તે વિષે આગળ કહેવાશે. સોમયાગમાં ઘણા દેવોને આહુતિ આપવી પડે છે. એક એક આહુતિમાં જેટલો સોમરસ લેવાય તે ભરવાનાં પાત્રનું નામ ગ્રહ છે. સોમરસ નાના નાના પાત્રમાં લઇ આહુતિ અપાય છે. દરેક પાત્રમાં એક વખતે જેટલો રસ લેવાય, તેનું નામ ગ્રહ. ત્રણ જાતનાં પાત્રની જરૂર પડે છે. પ્રથમ વર્ગનાં પાત્રને પાત્ર કહેવામાં આવે છે; તેની સંખ્યા અગિઆરની હોય છે. બીજી જાતનાં પાત્ર ચમસ કહેવાય છે; તે દશ હોય છે. આ વખતે યાગની શરુઆત થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) પ્રથમ પ્રાતઃસવન. પહેલી આહુતિ સૂર્યને ઉદ્દેશી અપાય છે. સૂર્યોદય પહેલાં અધ્વર્યું એક પાત્રમાં લગાર રસ લઇ ઉત્તર વેદિની નાભિમાં પ્રકટાવેલા આહવનીય અગ્નિમાં રેડે છે. આ યાગ નહિ પણ હોમ છે. અધ્વર્યું પોતેજ એક યજુર્મંત્ર ભણી આહુતિ આપે છે. ઉપાંશુ અર્થાત્ બહુ ઉંચા સૂરે નહિ એવી રીતે મંત્ર ભણાતા હોવાથી આ હોમ ઉપાંશુ હોમ કહેવાય છે. જે રસ આહુતિમાં આપવામાં આવે છે તે ઉપાંશુ ગ્રહ કહેવાય છે, જે પાત્રવડે એ રસ રેડાય છે, તે ઉપાંશુ પાત્ર કહેવાય છે. સૂર્યોદય પછી ફરીથી સૂર્યને ઉદ્દેશે અંતર્યામ હોમ થાય છે. આ પણ હોમ છે. અંતર્યામ પાત્રમાં અંતર્યામ ગ્રહ લઇ યજુર્મન્ત્ર સાથે અગ્નિમાં આહુતિ આપવામાં આવે છે. આ હોમ પછી ઋત્વિજો મહાવેદિની બહાર આવી પૂતભૃત્‌માં સોમરસ રેડે છે. દ્રોણકલશમાં અગાઉથી સોમ રેડવામાં આવેલ હોય છે. પૂતભૃત્‌માં સોમરસ ગાળવા માટે ખાસ પ્રકારનો આડંબર કરવામાં આવે છે. એક તરફથી સોમરસ પૂતભૃત્‌માં ગળાતો જાય છે અને બીજી તરફથી પવમાન સોમને ઉદ્દેશે ઉદ્‌ગાતા, પ્રસ્તોતા અને પ્રતિહર્ત્તા એ ત્રણ સામયાગી ઋત્વિજો સામગાન કરે છે. આ ગાનનું નામ બહિષ્પવમાન સ્તોત્રગાન છે. પવમાન સોમને ઉદ્દેશે મહાવેદિની બહાર ગાયન થતું હોવાથી તે સ્તોત્રનું નામ બહિષ્પવમાન સ્તોત્ર પડ્યું છે. ત્યારપછી ત્રણ ગ્રહાહુતિ ત્રણ જોડીઆ દેવોને ઉદ્દેશે આપવામાં આવે છે. પહેલી આહુતિ ઐન્દ્રવાયવ અર્થાત્ ઇંદ્ર અને વાયુને ઉદ્દેશે, બીજી આહુતિ મૈત્રાવરુણ અર્થાત્ મિત્ર અને વરુણને ઉદ્દેશે, અને ત્રીજી આહુતિ આશ્વિન અર્થાત્ બે અશ્વિને ઉદ્દેશે અપાય છે. અધ્વર્યું ક્રમસર આ ત્રણ ગ્રહની આહુતિ આપે છે. આ વખતે હોમ થતો નથી; પણ રીતસર યાગ થાય છે. હોતાનો સહકારી મૈત્રાવરુણ અનુવાક્યા મંત્ર અને હોતા પોતે યાજ્યામંત્રનો પાઠ કરે છે. વષટ્કાર બાદ અધ્વર્યું આહુતિ આપે છે. યાગ થઇ રહ્યા બાદ હવિઃશેષ ભક્ષણ કરવામાં આવે છે. આહુતિ-દાતા અધ્વર્યું અને વષટ્કર્ત્તા હોતા બંને એકીસાથે પ્રત્યેક ગ્રહનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છેવટનો ભાગ પી જાય છે. પીવાની ખાસ જરૂર નથી; સુંઘવાથી પણ ભક્ષણ કર્યું માની લેવાય છે, બહુ તો ઓઠ ભિંજાવવા પડે છે. ત્યારપછી શુક્રગ્રહ અને મન્થિગ્રહની આહુતિ અપાય છે. બંને આહુતિ ઇંદ્રને ઉદ્દેશે અપાય છે. અધ્વર્યું શુક્રગ્રહ અને પ્રતિપ્રસ્થાતા મન્થિગ્રહ ગ્રહણ કરી અડોઅડ ઉભા રહે છે; અને અનુવાક્યા અને યાજ્યા મંત્રો ભણાઇ રહ્યા બાદ વષટ્કાર થતાં આહુતિ આપે છે. હોમકર્ત્તા અને વષટ્કર્ત્તા સાથે ગ્રહશેષ પી જાય છે. આ વખતે સુંઘાતું નથી; રીતસર પીવું પડે છે. શુક્ર અને મન્થિ એ બે ગ્રહની આહુતિ આપ્યા બાદ " **निरस्तः शण्ड निरस्तो मर्कः** " એમ બોલવામાં આવે છે. તાત્પર્ય એ કે આવડે શન્ડ અને મર્ક નામના બે અસુરને અટકાવવામાં આવ્યા. આપે અસુરગુરુ શુક્રાચાર્યના શંડમાર્ક નામના બે પુત્રની પૌરાણિક વાત સાંભળી હશે. શુક્ર શબ્દનો અર્થ ઉજ્વળ એવો થાય છે; એ સોમરસનું સાધારણ વિશેષણ છે. શુક્રપાત્રમાં રાખેલા સોમરસને ખાસ કરીને શુક્રગ્રહ કહેવામાં આવે છે. કોઇપણ રીતે એ શુક્રગ્રહની સાથે આકાશમાંના શુક્ર ગ્રહનું (planet venus)નું એકીકરણ થયું હશે. શુક્રનો ગ્રહ (Planet venus) આકાશમાંના બધા ગ્રહો કરતાં વિશેષ ચળકતો છે. ત્યારે મન્થિગ્રહ એ શું ? શ્રીયુત બાલ ગંગાધર તિલક અનુમાન કરે છે કે એકજ ગ્રહ (planet)નાં બે નામ છે, શુક્ર અને મન્થિ. એક સવારનો તારો (morning star) અને બીજો સાંજનો તારો (evening star).

સોમાહુતિ માટે ત્રણ તરેહનાં પાત્ર વિષે ઉપર કહ્યું છે. એક જાતનાં પાત્રનું નામ ચમસ છે. યજમાન અને સોળ ઋત્વિજોમાંના નવ જણ, આ રીતે દસ જણ માટે દસ ચમસ રાખવામાં આવે છે; એ ચમસ રાખનારા ચમસી કહેવાય છે. એકેક ચમસ એકેક ચમસાધ્વર્યુંના કબજામાં રહે છે. ચમસાધ્વર્યું સોમરસથી પાત્ર-ચમસ ભરી ચમસીઓના હાથમાં આપે છે. ધિષ્ણ્ય નામના અગ્નિસ્થાન વિષે આગળ કહ્યું છે-તે ધિષ્ણ્યો આજ પ્રકટાવવામાં આવ્યાં હોય છે. એકેક ધિષ્ણ્ય એકેક ચમસીને સોંપી દીધેલું હોય છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચમસીઓ પોતપોતાનાં ધિષ્ણ્ય આગળ બેસી અનુવાક્યા અને યાજ્યા મંત્ર ભણી રહી વષટ્કાર કરે છે: અધ્વર્યુ તેઓના હાથમાંથી ચમસ લઇ તે ચમસમાંનો સોમ અગ્નિમાં રેડે છે. હવિ:શેષ ભોજન માટે બાકી રાખવામાં આવે છે. ત્યારબાદ એ હવિ:શેષ પીવાની ધામધૂમ મચી રહે છે. યજમાન અને ઋત્વિજો સદ:શાલામાં પેસી હોમ કરતાં બાકી રહેલો સોમરસ પીએ છે. સોમરસ પીવાના સંબંધમાં અનેક ગુંચવણી છે. તે બધી ક્રિયાનું વર્ણન કરવાની જરૂર નથી.

સોમાહુતિનાં પાત્રોમાંનાં બે પાત્રો ઋતુપાત્ર કહેવાય છે; તેમાંનું એક અધ્વર્યુને માટે અને એક પ્રતિપ્રસ્થાતા માટે હોય છે. ઋતુપાત્ર ભરી અધ્વર્યુ છ દેવતાને ઉદ્દેશે છ વાર અને પ્રતિપ્રસ્થાતા છ દેવતાને ઉદ્દેશે છ વાર સોમરસની આહુતિ આપે છે. તે વખતે હોતા અગર કોઇપણ ઋત્વિક યાજ્યામંત્ર ભણે છે. આહુતિ આપ્યા બાદ આહુતિદાતા અને વષટ્કર્ત્તા હવિ:શેષ પીએ છે.

આપને કંટાળો ઉત્પન્ન થતો હશે. પરંતુ કંટાળવાથી કંઈ વળે તેમ નથી. પ્રાત:સવનની પ્રધાન આહુતિ વિષે હજુ કંઇ કહેવાયું નથી. એ મુખ્ય આહુતિ ત્રણ છે, તેનાં નામ અનુક્રમે ઐન્દ્રાગ્ન, વૈશ્વદેવ અને ઉક્થ્ય આહુતિ છે. આહુતિ વખતે યાજ્યા મંત્ર પહેલાં એક ઋગ્મંત્ર–અનુવાક્યા મંત્ર,–પાઠ કરવાનો સાધારણ નિયમ છે. પરંતુ આ ત્રણ આહુતિઓમાં યાજ્યા-મંત્ર પહેલાં ઘણા ઋક્મંત્રો ભણવા પડતા. એ ઋક્ સમૂહ શસ્ત્રના નામથી ઓળખાતા. એ મંત્રોમાં દેવતાનું શંસન અથવા વખાણ કરવામાં આવતાં હોવાથી એનું નામ શસ્ત્ર પડયું છે. હોતા, મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસી અને અચ્છાવાક; આ ચાર ઋત્વિજોને શસ્ત્રપાઠ કરવાનો અધિકાર છે. પ્રત્યેક શસ્ત્રપાઠ પહેલાં ઉદ્દગાતા, પ્રસ્તોતા અને પ્રતિહર્ત્તા એ ત્રણ સામયાગી ઋત્વિક્ સામગાન કરે છે; એ ગાયન સ્તોત્રગાનના નામથી ઓળખાય છે. પ્રથમ સ્તોત્ર ગવાય છે, પછી શસ્ત્રપાઠ થાય છે. સદ:શાલામાં એક ઉંબરાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ડાળ દાટી રાખી હોય છે, તે ઔદુમ્બરી કહેવાય છે. સ્તોત્રગાન વખતે ગાનારાઓ ઔદુમ્બરીનો સ્પર્શ કરી ગાયન ગાય છે. જે શસ્ત્રપાઠ કરવાના હોય છે, તે પોતપોતાનાં ધિષ્ણ્યની પાસે પૂર્વ મોઢે બેસે છે, અને જેઓ આહુતિ આપવાના હોય છે, તેઓ શસ્ત્રપાઠકને પાછળ રાખી બે હાથને બે પગ પર ભાર રાખી ચતુષ્પાદની માફક અગ્નિ આગળ બેસી રહે છે. શસ્ત્ર-પાઠક પ્રથમ "**सु मत् पद् वक् दे पिता मातरिश्वा**" ઇત્યાદિ મંત્ર મનમાંને મનમાં જપે છે. ત્યારબાદ તે આહુતિદાતાને બોલાવી આહાવ મંત્ર ભણે છે. પ્રાતઃસવનના આહવમંત્ર '**शोंसावोम्**' છે. એનો અર્થ એ કે આપણે બંને શંસન કરીએ અથવા શસ્ત્રપાઠ કરીએ. આહુતિદાતા તેના જવાબમાં કહે છે કે "**शंसामोदैवोम्**" અર્થાત્ તમેજ શંસન કરો, તેથી મજા આવશે. આ ઉત્તરનું નામ પ્રતિગર છે. ત્યારપછી શસ્ત્રપાઠક તૂષ્ણીંશંસ નામનો એક બીજો મંત્ર મનમાંને મનમાં જપે છે. પ્રાતઃસવનમાં તૂષ્ણીંશંસ "**भूरग्निर्ज्योतिर्ज्योतिरग्निः**" એ છે, ત્યારબાદ શસ્ત્રપાઠક શસ્ત્રપાઠ કરવા માંડે છે. શસ્ત્રમાંના મંત્રો ઋગ્મંત્રો છે; પરંતુ તે સિવાય કેટલાક યજુર્મંત્રો પણ તે સાથે ભણવા પડે છે. એ યજુર્મંત્રો નિવિત્ મંત્રના નામથી ઓળખાય છે. શસ્ત્રપાઠ પછી તે બોલે છે કે "**उक्थं वाचि**" અર્થાત્ મારાં વાક્યથી ઉક્થ અથવા શસ્ત્રપાઠ થયો, અધ્વર્યુ તેના જવા-બમાં કહે છે કે "**उक्थशाः यज सोमस्य**"–ઉક્થ પાઠ પૂર્ણ થયો, હવે સોમની આહુતિના યાજ્યા મંત્ર ભણો. અધ્વર્યુની આ આજ્ઞાપરથી શસ્ત્ર-પાઠક યાજ્યા મંત્ર ભણે છે. "**ये यजामहे**" થી માંડીને યાજ્યા મંત્રની શરુઆત થાય છે, ત્યારપછી વૌષટ્નું ઉચ્ચારણ કરવું પડે છે. અધ્વર્યુ તે સમયે થોડાક સોમરસની આહુતિ આપે છે. શસ્ત્રપાઠક વળી કહે છે, "**सोमस्य अग्ने वीहि वौषट्**"–અગ્નિ, તમે સોમનું ભક્ષણ કરો અને તેનું વહન કરો, આ બીજી વખતના વૌષટ્ ઉચ્ચારણને અનુવષટ્કાર કહેવામાં આવે છે. અનુવષટ્કાર પછી અધ્વર્યુ બીજી વખત થોડો સોમરસ અગ્નિમાં રેડે છે. આહુતિ આપ્યા બાદ જે બાકી રહે છે તે આહુતિદાતા અને શસ્ત્ર-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાઠક બંને પી જાય છે, આ જ શસ્ત્રપાઠ પછી સોમાહુતિને સાધારણ નિયમ છે. પ્રત્યેક આહુતિ પછી ચમસીઓ સોમાહુતિ આપે છે અને ચમસમાંને અવશિષ્ટ રસ પી જાય છે.

ઐન્દ્રાગ્ન, વૈશ્વદેવ, અને ઉક્થ્ય એ ત્રણ આહુતિ વિષે ઉપર કહ્યું છે. પહેલી બે આહુતિ અધ્વર્યુ આપે છે; શસ્ત્રપાઠ હોતા કરે છે. ઉક્થ્ય ગ્રહ ત્રણ ભાગે આહુતિ અપાય છે. શસ્ત્રપાઠક અનુક્રમે મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસી અને આચ્છાવાક છે. એ ત્રણે હોતાના સહકારીઓ હોય છે.

પ્રાતઃસવન સમાપ્ત થયું. ત્યારબાદ માધ્યન્દિન સવન. માધ્યન્દિન સવનની ક્રિયા પ્રાતઃ સવનથી ટુંકી છે. એમાં ઉપાંશુ હોમ નથી, અન્તર્યામ હોમ નથી, દ્વિદેવત્ય યાગ નથી, ઋતુગ્રહ યાગ પણ નથી. શુક્રગ્રહ અને મન્થિગ્રહને યાગ છે. એની સાથે ચમસાહુતિ આપવાની છે. એ બધી આહુતિ બાદ ત્રણ મુખ્ય આહુતિઓ અપાય છે–તે માટે યથારીતિ શસ્ત્ર-પાઠ અને સ્તોત્રગાન થાય છે. પહેલી બે આહુતિ મરુત્વતીય અને માહેન્દ્ર છે. સ્તોત્રગાન પછી હોતા શસ્ત્રપાઠ કરે છે, અધ્વર્યુ આહુતિ દે છે. ત્રીજી આહુતિ ઉક્થ્ય ત્રણ ભાગે દેવામાં આવે છે. શસ્ત્રપાઠ કરનારા મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસી અને આચ્છાવાક હોય છે. વખતો વખત ચમસાહુતિ પ્રથમ માફક અપાય છે.

ત્રીજું સવન એથી પણ ટુંકું છે. એમાં ઉપાંશુ અને અન્તર્યામ હોમ નથી, દ્વિદેવત્ય નથી, ઋતુગ્રહ નથી, શુક્ર, મન્થિ પણ નથી. એ બધાંને બદલે આદિત્ય અને સાવિત્ર ગ્રહ તથા પાત્નીવત ગ્રહની આહુતિ છે. સ્તોત્રગાન અને શસ્ત્રપાઠપૂર્વક મુખ્ય આહુતિ બે ગણાય છે; વૈશ્વદેવ અને અગ્નિ મારુત વખતો વખત ચમસાહુતિ પ્રથમ માફક અપાય છે.

આ બધી આહુતિઓમાં સોમરસ ખુટી જાય છે! જે થોડો ઘણોં બાકી રહે, તેમાં જવનો લોટ મેળવી તેને માથાપર લઇ ઉન્નેતા નામને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઋત્વિક્ તેની આહુતિ આપે છે; હોતા યાજ્યા મંત્ર ભણે છે. આનું નામ હારિયોજન ગ્રહ. એમાં શસ્ત્રપાઠ કરવો પડતો નથી. અહીં સોમાહુતિ સમાપ્ત થઇ ગણાય છે. પશુયાગનું જે કંઈ કાર્ય બાકી હોય તે કર્યા બાદ તૃતીય સવન સમાપ્ત થાય છે. હવે યજમાનની સાથે ઋત્વિજો સામગાન સાંભળતા સાંભળતા અવભૃથ સ્નાન માટે જળાશય તરફ જાય છે. સોમયાગની સામગ્રી પાણીમાં ફેંકી દેવામાં આવે છે. વરુણ દેવતાને એક પુરોડાશ આપી યજમાન પત્ની સાથે નાહી, વસ્ત્રો બદલી લે છે. અને દીક્ષા વખતે જે પહેરવેશ પહેર્યો હોય છે, તે કાઢી નાંખે છે. હવે યજમાન સોમયાગ કરી પુનર્જન્મ પામ્યો ગણાય છે. પરંતુ હજુ છુટકારો થયો નથી. અવભૃથ સ્નાન કર્યા બાદ યજ્ઞશાળામાં આવી વળી એક ઇષ્ટિયાગ કરવો પડે છે. દીક્ષા લીધા પછી બીજે દિવસે પ્રાયણીય ઇષ્ટિયાગથી કર્મની શરુઆત થઇ હતી. હવે ઉદયનીય ઇષ્ટિયાગ કરી કર્મની સમાપ્તિ કરવી પડે છે. પ્રાયણ શબ્દનો અર્થ આરંભ એવો થાય છે; ઉદયન શબ્દનો અર્થ સમાપ્તિ થાય છે. ઉદયનીય યાગની પદ્ધતિ સર્વાંશે પ્રાયણીય યાગ જેવીજ છે. યજ્ઞનો આરંભ અને સમાપ્તિ એકજ રીતે થાય છે. ઐતરેય બ્રાહ્મણ કહે છે કે આખો યજ્ઞ એક લાંબી દોરી જેવો છે; પ્રાયણીય અને ઉદયનીય એ બે ઇષ્ટિયાગ દ્વારા એ દોરીને બે છેડે બે ગાંઠોવાળી મજબુત કરવામાં આવે છે.

આપ માનતા હશો કે હવે છૂટકારો થયો. પરંતુ હજુ છૂટકારો થવાનો નથી. ઇષ્ટિયાગ પછી એક પશુયાગ કરવો જોઇએ. વંધ્યા ગાય, અથવા તે ન મળે તો એક બળદદ્વારા પશુયાગ પાર પડે છે. આનું નામ અનૂબન્ધ્ય પશુયાગ છે. પશુયાગ પછી ફરીથી લાકડાં ઘસી અગ્નિ પ્રકટાવવામાં આવે છે, અને એ અગ્નિમાં વળી એક ઇષ્ટિયાગ કરવામાં આવે છે. એ ઉદવસાનીય ઇષ્ટિયાગ કહેવાય છે. એ યાગમાં અગ્નિને ઉદ્દેશે પુરોડાશની આહુતિ આપવી પડે છે. આટલું થયા પછી ખરેખરો છૂટકારો થાય છે. યજમાન એ ઇષ્ટિયાગ સમાપ્ત થયા બાદ સંધ્યાકાળે દેવયજન ભૂમિએથી ઘેર પાછો ફરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગ્નિષ્ટોમનું જે વિવરણ કર્યું છે, તેમાંનો ક્રમ યાદ રાખવો મુશ્કેલ હોવાથી આપણે ફરીથી તેનું પુનરાવર્તન કરી જઈએ; તેથી આપને યાદ રાખવામાં અડચણ નહિ પડે.

અગ્નિષ્ટોમમાં સોમાહુતિ એક દિવસમાં પૂર્ણ થાય છે. પરંતુ તે પહેલાં ચાર દિવસ યજ્ઞની તૈયારી કરવામાં પસાર થાય છે. બધી ક્રિયા પાંચ દિવસે પૂર્ણ થાય છે. પહેલે દિવસે યજમાન પોતાની સ્ત્રી સાથે દીક્ષા લે છે અને તે પ્રસંગે દીક્ષણીય ઇષ્ટિયાગ થાય છે. બીજે દિવસે સવારે યજ્ઞના આરંભસૂચક પ્રાયણીય ઇષ્ટિયાગ થાય છે. પછી સોમ ખરીદી યજ્ઞશાળામાં લાવવામાં આવે છે અને સોમના સત્કાર માટે આતિથ્ય ઇષ્ટિયાગ કરવામાં આવે છે. આતિથ્ય થઈ રહ્યા પછી સવારેજ પ્રવર્ગ્ય યજ્ઞ અને ઉપસદિષ્ટિ યાગ થાય છે. એ સમયે યજમાન અને ઋત્વિજો તાનૂનપત્રદ્વારા સંધિબંધન સ્વીકારે છે. ઉપસદની સાથે સોમ પર જળ છાંટી આપ્યાયન અને સોમની પૂજામાટે નિહ્નવ પાઠ કરવામાં આવે છે. તે દિવસે સાંજે પણ પ્રવર્ગ્ય અને ઉપસત્ યાગ કરવામાં આવે છે. ત્રીજે દિવસે સવારે પ્રવર્ગ્ય અને ઉપસત્ તથા સાંજેપણ એજ યાગો કરવામાં આવે છે. બપોરે મહાવેદિ રચવામાં આવે છે. ચોથે દિવસે સવારે બે વાર પ્રવર્ગ્ય અને બે વાર ઉપસત્ યાગ પૂર્ણ કરી ઉત્તર વેદિમાં અગ્નિ લાવવામાં આવે છે. એ અગ્નિમાં સોમની આહુતિ અપાવાની છે. અગ્નિ પ્રકટાવ્યા પછી સોમ રાખવાની બે ગાડીઓ–હવિર્દ્ધાનશકટ–મહાવેદિપર લાવવામાં આવે છે. ત્યારપછી અગ્નિ અને સોમ લાવવામાં આવે છે; અર્થાત્ ધિષ્ણ્ય સળગાવવા માટે અગ્નિ લાવવામાં આવે છે અને ઐષ્ટિક વેદિ પરથી સોમ લાવવામાં આવે છે. એ અગ્નિ અને સોમના સત્કાર માટે અગ્નીષોમીય પશુયાગ કરવામાં આવે છે. સંધ્યાકાળ પછી વસતીવરી પાણી લાવવામાં આવે છે. પાંચમે દિવસે સોમયાગ કરવામાં આવે છે. પરોઢીઆમાં ઉઠી હોતા પ્રાતરનુવાક મંત્ર ભણે છે; અને ઋત્વિજો એકધના પાણી લાવે છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારપછી સવનની શરૂઆત થાય છે. દરેક સવનમાં સોમનો અભિષવ થાય છે, અર્થાત્ નિગ્રાભ્યનાં પાણીમાં સોમ વાટી વસતીવરી અને એકધના સાથે મેળવાય છે; પછી તેને ગાળી દ્રોણકલશ અને પૂતભૃત્ ભરવાં પડે છે. જુદાં જુદાં પાત્રોમાંથી અથવા થાળીઓમાંથી અને ચમસોથી સોમની આહુતિ અપાય છે. ઘણી આહુતિ અપાય છે; બીજી આહુતિઓ તો ગૌણ છે; પણ ત્રણ આહુતિઓ મુખ્ય છે અને તે ભારે આડંબર સાથે અપાય છે. મુખ્ય આહુતિઓ પહેલાં સામગાયી ઋત્વિજો એકસાથે સ્તોત્ર ગાય છે, અને હોતા અથવા તેનો સહકારી ઋત્વિક્ શસ્ત્રપાઠ કરે છે. એક એક શસ્ત્રમાં ઘણા ઋક્ હોય છે. શસ્ત્રપાઠ પછી સોમની આહુતિ અપાય છે અને હવિઃશેષ પીવાય છે; ત્યારપછી ચમસાહુતિ અપાય છે અને ચમસપાન કરાય છે. ત્રણે સવનમાં આ પ્રમાણે થાય છે; પણ પ્રાતઃસવન કરતાં માધ્યન્દિન સવન ટુંકું છે; ત્રીજું સવન એથી પણ ટુંકું છે. ત્રણે સવન સુધીમાં એક પશુયાગ થાય છે-તેનું નામ સવનીય પશુયાગ છે.

ત્રણ સવન પૂર્ણ થયા બાદ યજમાન પત્ની સાથે અવભૃથ સ્નાન કરે છે. ત્યાં વરૂણને પુરોડાશ આપી યજ્ઞશાળામાં પાછા ફરી યજ્ઞ સમાપ્તિ સૂચક ઉદયનીય ઇષ્ટિયાગ કરે છે. ત્યાર પછી અનૂવન્ધ્ય પશુયાગ થાય છે. પશુયાગ બાદ મન્થનવડે નવીન અગ્નિ પ્રકટાવી તેમાં ઉદવસાનીય ઇષ્ટિયાગ કરવામાં આવે છે, આ ઇષ્ટિયાગ સાથે સોમયાગ સમાપ્ત થાય છે.

અગ્નિષ્ટોમ યજ્ઞ ખરચાળ છે, એ મેં પ્રથમથીજ જણાવી દીધું છે. ઓછામાં ઓછી એક સો ગાય દાનમાં આપવીજ જોઇએ. ઋત્વિજોને એ દાનનો ભાગ આ પ્રમાણે મળે છે; બ્રહ્મા, ઉદ્‌ગાતા, હોતા અને અધ્વર્યુ એ દરેકને બાર બાર ગાય આપતાં અડતાળીસ ગાયનો સરવાળો થાય છે. બ્રાહ્મણાચ્છંસી મૈત્રાવરુણ અને પ્રતિપ્રસ્થાતા એ દરેકને છ છ આપતાં ચોવીસ ગાય અપાય છે. પોતાક, પ્રતિહર્ત્તા, અચ્છાવાક અને નેષ્ટા એ દરેકને ચચ્ચાર આપતાં સોળ ગાય અપાય છે. અગ્નીત્, સુબ્રહ્મણ્યા, ગ્રાવસ્તુત્, ઉન્નેતા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ દરેકને ત્રણ ત્રણ ગાય આપતાં બાર ગાય અપાય છે. એ બધું મળી સો ગાયનું દાન કરવું જોઇએ. એ સિવાય થોડું ઘણું સોનું, ઘોડા, વસ્ત્ર, સોટ, તલ ઇત્યાદિ પણ દાન તરીકે આપવાં પડે છે. ચમસાધ્વર્યુઓ પણ સંભવ મુજબ દક્ષિણા મેળવે છે. આ બધું દાન માધ્યન્દિન સવન વખતે આપવું પડે છે. અગ્નિષ્ટોમનું વિવરણ પૂરૂં થયું. આપે ધીરજથી એ બધું સાંભળ્યું, તે માટે આપ સર્વને ધન્યવાદ આપું છું.

અગ્નિષ્ટોમની નાના પ્રકારની વિકૃતિઓ પણ છે; તેમાંના ઉકૃથ્ય, ષોડશી અને અતિરાત્ર, એ ત્રણના સંબંધમાં કાંઇ કહેવા ઇચ્છું છું. એ યજ્ઞોની પદ્ધતિ અગ્નિષ્ટોમ જેવીજ છે. તોપણ તેઓમાં થોડી થોડી વિધિ ઉમેરેલી છે. પ્રથમ ઉકૃથ્ય યાગ લઇએ. અગ્નિષ્ટોમનાં પ્રાતઃસવનમાં પાંચ શસ્ત્ર છે, તેમાં હોતાનાં બે અને તેના ત્રણ સહકારીનાં ત્રણ; માધ્યન્દિન સવનમાં પણ પાંચ શસ્ત્ર છે, હોતાનાં બે અને તેના ત્રણ સહકારીનાં ત્રણ; ત્રીજા સવનમાં શસ્ત્રની સંખ્યા બે છે–હોતાજ એ બંને શસ્ત્ર પાઠ કરે છે, સહકારીઓ કશું બોલતા નથી. આ રીતે અગ્નિષ્ટોમમાં ત્રણે સવનમાં મળી શસ્ત્ર સંખ્યા બારની થાય છે. પ્રત્યેક શસ્ત્ર પૂર્વે સ્તોત્રપાઠ થાય છે; માટે સ્તોત્રની સંખ્યા પણ બારની ગણાય છે. આનુષંગિક સવનીય પશુયાગમાં માત્ર એકજ પશુ વપરાય છે; તે સવનીય પશુ કહેવાય છે; અગ્નિને ઉદ્દેશે એક બકરૂં અર્પણ કરવામાં આવે છે. આ થયો અગ્નિષ્ટોમ યાગ. ઉકૃથ્ય યજ્ઞમાં પ્રાતઃસવન અને માધ્યન્દિન સવન અગ્નિષ્ટોમની માફકજ થાય છે. ત્રીજા સવનમાં હોતાનાં બે શસ્ત્ર સિવાય હોતાના ત્રણ સહકારી– મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસી અને અચ્છાવાકનાં પણ ત્રણ શસ્ત્ર છે. માટે દરેક સવનમાં પાંચ શસ્ત્ર થાય છે. ત્રણે સવનમાં પંદર શસ્ત્રપાઠ થાય છે. શસ્ત્રપાઠની પેઠે સ્તોત્રપાઠ પણ પંદર થાય છે. સવનીય પશુ બે ગણાય છે. અગ્નિને ઉદ્દેશે એક બકરૂં અને ઇંદ્ર તથા અગ્નિ બંનેને ઉદ્દેશે એક બીજું બકરૂં અર્પણ થાય છે. ત્યાર પછી ષોડશીયજ્ઞ, એમાં ઉકૃથ્ય યજ્ઞમાંના પંદર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શસ્ત્ર તો છેજ; તે પર એક બીજું શસ્ત્ર પણ બોલવામાં આવે છે. આથી શસ્ત્રસંખ્યા સોળની થાય છે. એટલે સ્તોત્ર પણ સોળ ભણાય છે. આ સોળની સંખ્યા પરથી યજ્ઞનું નામ ષોડશી પડ્યું છે. સવનીય પશુ ત્રણ હોય છે; અગ્નિ માટે બકરૂં, ઇંદ્ર અને અગ્નિ માટે પણ બકરૂં અને ઇંદ્ર એકલા માટે ઘેટું. ત્યાર પછી અતિરાત્ર યજ્ઞ; ઉપલા યજ્ઞો દિવસની વેળાએ કરવામાં આવે છે; તેમાં રાત્રે કશું કામ કરવાનું હોતું નથી. અતિરાત્ર યજ્ઞમાં ષોડશીમાં જે ક્રિયા થાય છે, તે ઉપરાંત રાત્રે કરવાની ક્રિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એ માટે એનું નામ અતિરાત્ર પડ્યું છે. રાત્રે ત્રણ વાશમાં ત્રણ સોમાહુતિ અપાય છે. દરેક વારે ચાર શસ્ત્રપાઠ થાય છે; હોતા એક અને તેના ત્રણ સહકારીઓ ત્રણ શસ્ત્રપાઠ કરે છે. આ પ્રમાણે બાર શસ્ત્રપાઠ રાતે થાય છે. રાત પૂરી થતાં એક શસ્ત્ર હોતાને ભણવું પડે છે. માટે ષોડશીનાં સોળ શસ્ત્ર ઉપરાંત આ યજ્ઞમાં બીજાં તેર શસ્ત્રો ભણવામાં આવે છે, અર્થાત્ બધાં મળીને ઓગણત્રીસ શસ્ત્ર થાય છે. એટલે સ્તોત્ર પણ ઓગણત્રીસ ગાવાં પડે છે. સવનીય પશુ ચાર હોય છે. અગ્નિ માટે બકરૂં; ઇંદ્રાગ્નિ માટે પણ બકરૂં, ઇંદ્ર એકલા માટે ઘેટું અને તે ઉપરાંત સરસ્વતી માટે એક બકરૂં અપાય છે.

અગ્નિષ્ટોમ, ઉક્થ્ય, ષોડશી, અતિરાત્ર વગેરે સોમયજ્ઞો એકજ દિવસમાં પૂર્ણ થાય છે. દીક્ષા અને બીજી તૈયારી તથા તેને લગતા ઇષ્ટિયાગાદિમાં કેટલાક દિવસો જાય છે ખરા, પણ ખરો સોમયાગ એકજ દિવસમાં પૂર્ણ થાય છે; એકજ દિવસે ત્રણ સવન પૂર્ણ થાય છે. પરંતુ મોટા મોટા સોમયાગો એક કરતાં વધુ દિવસો ચાલતા, તે અગાઉ કહેવામાં આવ્યું છે. બાર દિવસ અથવા તેથી વધુ દિવસ સુધી જે યજ્ઞ ચાલતો તે સત્ર કહેવાતો. દ્વાદશાહ નામનો સત્રયજ્ઞ બાર દિવસમાં સમાપ્ત થતો. ગવામયન નામનો સત્રયજ્ઞ એક વર્ષ ચાલતો. નૈમિષારણ્યમાં કુલપતિ શૌનક ઘણા વર્ષ પહોંચે એવો સત્રયજ્ઞ કરતા હતા, એવી પૌરાણિક વાત આપે સાંભળી છે. એ બહુદિનવ્યાપી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સત્રયજ્ઞોમાં દરરોજ સોમયજ્ઞ થતો; દરેક સોમનો અભિષવ, આહુતિ અને પશુયાગાદિ ક્રિયા થતી. દ્વાદશાહ યજ્ઞમાં પહેલે ને છેલ્લે દિવસે અતિરાત્ર યજ્ઞ થતો; વચમાંના દિવસોમાં કોઇ દિવસે અગ્નિષ્ટોમ તો કોઈ દિવસે ઉક્થ્ય, કોઇ દિવસ વળી ષોડશી એ પ્રમાણે ફરતા ફરતા યજ્ઞો થતા. આખું વર્ષ પહોંચતા યજ્ઞોમાં પણ એમજ થતું. ગવામયન સત્રયજ્ઞમાં પહેલે ને છેલ્લે દિવસે અતિરાત્ર યજ્ઞ થતો, બીજા દિવસોમાં અગ્નિષ્ટોમાદિ યજ્ઞો થતા. સંવત્સરને બે ભાગે વહેંચી નાખવામાં આવતો; પહેલા છ માસમાં યજ્ઞો જે ક્રમમાં થતા, તે કરતાં બીજા છ માસમાં તદ્દન ઉલટી ક્રિયા થતી, એટલે વરસના બે ભાગને બિમ્બ પ્રતિબિંબરૂપ (symmetrical) કરવામાં આવતા. એ બધી ચર્ચાની જરૂર નથી. હવે વાત લંબાવવી ઠીક નથી. સોમરસમાં માદકતા હતી, પરંતુ મેં સોમયજ્ઞનું જે વર્ણન આપ્યું છે, તેથી આપને કંટાળા સિવાય નિસો તો ચડ્યો જણાતો નથી. હવે એકાદ બે રૂચે તેવી વાતો કહી હું આજને માટે રજા લઈશ.

મેં અગાઉ જણાવી દીધું છે કે સોમલતા એ કઇ લતા તે આધુનિક-કાળમાં કોઇ જાણતું નથી. વેદ અને અવસ્તા એ બંને શાસ્ત્રોપરથી જણાય છે કે એ એક જાતની ઓષધિ છે. ઓષધિ શબ્દથી વર્ષ જીવી ઉદ્‌ભિદ્ એ અર્થ સમજાય છેઃ-જે વનસ્પતિ એક વરસમાં જન્મે, વધે ને મરી જાય; તે પછી પણ વર્ષે વર્ષે નવી પેદા થઈ વધે ને મરે તેવી વનસ્પતિ ઓષધિ કહેવાય. સોમને ઓષધિ ।તિ કહેવામાં આવે છે. સોમનો અથવા સોમરસનો રંગ અરુણ, પિંગળો હતો; સોમનું એક પ્રસિદ્ધ વિશેષણ શુક્ર છે; શુક્ર એટલે ઉજ્વળ, એના રસમાં મીઠાશ હતી; એનું બીજું નામ મધુ છે-વેદમાં તેને ઘણે સ્થળે મધુ કહેલ છે. એ ઉપરાંત એ માદકતા ઉત્પન્ન કરતો, બોલવામાં ચપળતા આણતો, શરીરમાં બળ આણતો, દેવતાઓ એનું પાન કરતા; ઇંદ્રે સોમપાન કરી વૃત્રને હરાવી માર્યો હતો. ફક્ત બળ આપતો એટલુંજ નહિ પણ સોમ અનેક વ્યાધિ મટાડતો. વધુ શું કહીએ, વેદની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાષામાં કહીએ તો સોમ અમરપણું આપતો. દેવતાઓ સોમપાન કરીનેજ અમર થયા હતા; ઋષિઓ પણ અમરપણું મેળવવા માટે સોમપાન કરતા. અમરપણું આપી શકતો હોવાથી જ સોમયાગનું માહાત્મ્ય છે. એ માટે જ સોમનું બીજું નામ અમૃત પણ છે. આ સોમ, મર્ત્યલોકમાં ઔષધિનો રાજા છે; સ્વર્ગમાં પણ તે દેવતાઓનો એક રાજા છે; બ્રાહ્મણ ગ્રંથો પરથી જણાય છે કે સોમને વારંવાર રાજા સોમ કહેવામાં આવ્યો છે. રાજા સોમ યજ્ઞશાળામાં પ્રવેશ કરે એટલે તેના સત્કાર માટે આતિથ્ય ઇષ્ટિયાગની ક્રિયા થાય છે. એક સમયે દેવતાઓને પણ તે દુર્લભ હતો. દેવતાઓ એને માટે વલખાં મારતા હતા; એનો પત્તો મળતાં તેઓ યુક્તિપૂર્વક તેને લઈ આવ્યા. સોમ લાવવાની આખ્યાયિકાઓથી વૈદિક સાહિત્ય પૂર્ણ થઈ રહ્યું છે. સ્વર્ગના કોઇ ઉચ્ચ દેશને વિષે સોમ ગુપ્ત રહ્યો હતો; સુપર્ણ અથવા શ્યેન ત્યાંથી દેવતાઓને માટે, ઇન્દ્રને માટે સોમ લઇ આવ્યું. ઋગ્વેદ સંહિતામાં ઘણે સ્થળે આ આખ્યાયિકાનો ઉલ્લેખ જોઈ શકશો. પુરાણમાં એ ઉપાખ્યાન ગરુડવડે અમૃતહરણનાં આખ્યાનના રૂપમાં ફેરવાઈ ગયું છે. વેદમાં લખ્યું છે કે સોમ પાણીમાં, સમુદ્રમાં હતો; પુરાણોમાં લખ્યું છે કે સોમ અથવા અમૃત મેળવવા માટે સમુદ્રમંથન કરવું પડયું હતું–દેવતાઓ અને રાક્ષસો બંને મળી અમૃત મેળવવા સમુદ્રમંથનમાં જોડાયા હતા. સમુદ્રમાંથી નાના પ્રકારનાં રત્નો નીકળ્યાં હતાં, છેવટે સોમ અથવા અમૃત પ્રકટ થયું. દેવતાઓએ અસુરોને હરાવી એ અમૃત મેળવ્યું હતું; ફક્ત મહાદેવને ભાગ વિષ આવ્યું હતું. બ્રાહ્મણ ગ્રંથોમાં પણ સર્વત્ર આ આખ્યાયિકા નાના રૂપમાં જોઈ શકશો. સોમ ગન્ધર્વોએ છુપાવ્યો હતો; કોઇ પક્ષી, શ્યેની અથવા સુપર્ણી એ સોમ લાવી; એ સુપર્ણી બીજું કોઈ નહિ પણ સ્વયં ગાયત્રી છે. એક જગાએ જણાવ્યું છે કે સોમ ગન્ધર્વો પાસે હતો; દેવતાઓએ વાગ્દેવીને એ સોમ આણવા માટે મોકલી; સ્ત્રીપ્રિય ગન્ધર્વોએ નગ્ન કુમારિકા વાગ્દેવીના લોભથી સોમ આપી દીધો. વાગ્દેવી સોમ લઇ દેવતાઓ પાસે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાલી આવી. સોમયજ્ઞની શરુઆતમાં સોમ ખરીદવાને બહાને આ ઘટના ભજવાતી, તે આપને જણાવ્યું છે. એ વાગ્દેવી અને ગાયત્રી એકજ છે; કારણ કે ગાયત્રી છંદોમાં શ્રેષ્ઠ છે. વેદના મંત્રોજ વાક્ છે, અને વેદનો સાર ગાયત્રીમંત્ર વેદનું ઉત્તમ વાક્ય છે; ગાયત્રીજ વાગ્દેવતા છે. સ્વયં વાગ્-દેવીજ સોમ લાવવા ગઈ હતી—તેણેજ સોમ લાવી દેવતાઓને અમરપણું આપ્યું હતું. દેવતાઓ સોમયાગ કરતા; પ્રજાપતિ પોતે સોમયાગ કરી સૃષ્ટિ ઉત્પન્ન કરતા. વિવસ્વાન્ અને ત્રિત આપ્ત્ય દેવોનાં પાન માટે સોમરસ તૈયાર કરતા. અવસ્તા શાસ્ત્રમાં પણ સોમનું આ બધું માહાત્મ્ય, આ બધી આખ્યાયિકાઓ, કોઇના કોઇ આકારમાં મળી આવે છે; અવસ્તા શાસ્ત્રમાં પણ વિવસ્વાન્ અને ત્રિત આપ્ત્યનાં નામો લગભગ અવિકૃત અવસ્થામાં મળી આવે છે. ગ્રીકોમાં પણ ઉપાખ્યાન છે કે દેવરાજ ઝ્યુસને માટે ઈગલ પક્ષી મધુ લાવ્યું હતું; જર્મન પ્રજામાં પણ ઉપાખ્યાન હતું કે દેવરાજ Odhin ઇગલનું રૂપ ધારણ કરી મધુ લાવ્યો હતો. એ ઇગલપક્ષી તે શ્યેન અથવા સુપર્ણ; એ મધુ એજ સોમ એમાં કશો શક નથી. એ સોમ કેવળ વેદપંથી સમાજનો જ મુખ્ય દેવ નથી; સમસ્ત આર્યજાતિનો અતિ પ્રાચીન અતિ પ્રધાન દેવ છે. સોમયજ્ઞ આર્યજાતિનું જ જાતીય અનુષ્ઠાન છે. એ ક્રિયા હાલમાં સર્વત્ર અપ્રચલિત થઈ પડી છે. કેવળ મુંબાઇ તરફના કેટલાક પારસી સંસ્થાનિકોએ હજુ પણ એ પ્રાચીન રિવાજ તજ્યો નથી.

આ સોમ દેવતા તે કોણ? આપે સોમલતા કદિપણ આંખે જોઇ નથી. સોમ શબ્દનો અર્થ શું છે, એ પ્રશ્ન કરતાં આપ કહેશો કે સોમ એટલે ચંદ્ર. ઐતરેય અને શતપથ બ્રાહ્મણમાં સોમને ચંદ્ર કહ્યો છે. તેમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે સોમ અને ચંદ્ર એકજ છે. ઋગ્વેદસંહિતાના મંત્રોમાં પણ કેટલેક સ્થળે સોમ એટલે ચંદ્ર એવો અર્થ નીકળી શકે છે. ઋગ્વેદ સંહિતાના દશમા મંડળમાં એક પ્રસિદ્ધ સૂક્ત છે; સૂર્યકન્યા સૂર્યા તેના ઋષિ છે. એ સૂક્તમાં સૂર્યાના વિવાહનું વર્ણન છે. અત્યંત ભારે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગંભીર ભાષામાં એ સૂક્તનો આરંભ થયો છે. "પૃથ્વી સત્યદ્વારા ઉત્તમ્ભિત રહી છે, દ્યુલોક સૂર્યદ્વારા ધારણ કરાયો છે, આદિત્યો ઋતને આશ્રયે રહી દ્યુલોકમાં રહ્યા છે; સોમ પણ ઋતને આશ્રયે ધારણ કરાયો છે. સોમનાં બળથીજ આદિત્યો બળવાન બન્યા છે, સોમનાં બળથીજ પૃથ્વી મહીયસી ગણાય છે. **अथो नक्षत्राणामेषामुपस्थे सोम आहितः** નક્ષત્રોની પાસેજ સોમ રહે છે." નક્ષત્રોની પાસે જે સોમ છે, તે સોમને ચંદ્ર માની શકાય. સોમની લતાને એ ચંદ્રની પાર્થિવ મૂર્તિ પણ માની શકાય. પરંતુ ઋષિ તરતજ સાવચેત થઈ કહે છે, "**सोम मन्यते पपिवान् यत् संपिषन्ति ओषधिम्, सोमं यं ब्रह्माणो विदुः न तस्याश्नाति कश्चन**" ઓષધિ સોમને વાટી લોકો માને છે કે અમે સોમપાન કર્યું, પરંતુ બ્રાહ્મણો જે સોમનું ગૂઢ રહસ્ય જાણે છે, તે સોમને કોઈ પી શકતું નથી. ફરીથી ભારપૂર્વક કહે છે કે "**न ते अश्नाति पार्थिवः**" પૃથ્વીમાંનું કોઇ સોમપાન કરી શકતું નથી. વળી કહે છે, "**यत् त्वा देव प्रपिबन्ति तत आप्यायसे पुनः**" દેવ સોમ, તમને પીવાથી તમારો ક્ષય થતો નથી, તમારી વૃદ્ધિજ થાય છે. આ સોમ દેવતા તે કોણ?

પ્રશ્ન સમસ્યા જેવો છે. પશ્ચિમના પંડિતો હજુ સુધી એ કોયડાનું રહસ્ય મેળવી શકયા નથી. જર્મન પંડિત હિલિબ્રન્ટ ભારપૂર્વક કહે છે કે ચંદ્રજ આર્યજાતિનો મુખ્ય દેવ હતો, ચંદ્રજ સોમ છે; ઋક્સંહિતામાં પણ સર્વત્ર સોમ એટલે ચંદ્ર એવો અર્થ કરેલો છે. બીજા પંડિતો કહે છે કે ઋક્સંહિતામાંનો સોમ વેલ માત્ર છે; ધીમે ધીમે તેમાં ચંદ્રત્વનો આરોપ થયો છે; બ્રાહ્મણ ગ્રંથોના પ્રચાર વખતે તે તદ્દન ચંદ્ર બની ગયેલ છે. જ્યારે પંડિતોમાં પણ આમ વાદવિવાદ થાય છે ત્યારે મારા જેવા મૂર્ખને માટે ચૂપ રહેવું એજ ઉચિત છે. પરંતુ ચંદ્રની સાથે પાર્થિવ સોમલતાનો આ સંબંધ કઇ રીતે કલ્પાયો તેની માનવવિજ્ઞાનપક્ષ તરફથી થોડી ચર્ચા કરવાની જરૂર છે.

પ્રશ્ન એ છે કે ચંદ્ર અને સોમલતાનું મળતાપણું ક્યાં છે? તદ્દન અનુ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માન પર આધાર રાખી આ પ્રશ્નનો જવાબ આપવો પડશે. સંસ્કૃત સાહિત્યમાં ઘણે સ્થળે એવો ઉલ્લેખ છે કે સૂર્ય અસ્ત પામે એટલે સૂર્યના તેજનો કેટલોક ભાગ ચંદ્રમાં પ્રવેશ કરે છે; કેટલોક ભાગ ઓષધિમાં પ્રવેશ કરે છે; તેથી રાત્રે ચંદ્ર ઉજ્વળ દેખાય છે, કોઇ કોઈ ઓષધિ પણ પ્રકાશિત જણાય છે. કોઇ કોઈ ઓષાંધ–જંગલી વેલા અથવા જંગલી વનસ્પતિ પ્રકાશક થાય; અર્થાત્ phosphoresce કરે, એ વાત તદ્દન બેહુદી નથી. વાસ્તવિક રીતે ચંદ્રનો પ્રકાશ અને જંગલી લતાનું ધોતન (phosphorescence) સૂર્ય કિરણોનું રૂપાંતર માત્ર છે. હિમાલય પર્વતમાં એવી પ્રકાશ ફેંકતી (phosphorescent) ઓષધિ છે, એ વાત કાલિદાસના સમયથી કવિઓ કહેતા આવ્યા છે. પર્વતની લતાની આ દીપ્તિએ કાલિદાસનાં કવિચિત્તને બહુ સારી રીતે આકર્ષ્યું હતું. કુમારસંભવના આરંભમાંજ **"भवन्ति यत्रौषधयो रजन्याम् अतैलपूराः सुरतप्रदीपाः"** એ શ્લોક છે, તે યાદ કરો. ઓષધિપતિ સોમલતાના વાસ્તવ રૂપને હજુસુધી કોઈ નક્કી કરી શક્યું નથી; પરંતુ એ સંભવિત છે કે એ લતા રાત્રે પ્રકાશ ફેંકનાર અથવા ચમકનાર હોય. લોક જોતા કે સંધ્યાકાળ પહેલાં આકાશમાં ચંદ્ર ઝાંખો જણાતો, સંધ્યાકાળ પછી અંધકાર ફેલાતાં આકાશમાં ચંદ્ર પ્રકાશિત થઈ રહેતો; એકની સાથે જાણે બીજી વાતનો સંબંધ હોય એમ જણાતું. આકાશનો ચંદ્ર ધીમે ધીમે નાનો થતો જતો, અમાવાસ્યાને દિવસે તે તદ્દન છુપાઇ જતો; પરંતુ થોડાજ રોજમાં વળી તે પાતળો થઈ દેખાવ આપતો. ધીમે ધીમે વધી તે પૂર્ણિમાને રોજ પૂર્ણ ચંદ્ર રૂપે આકાશમાં પ્રકાશતો. આ ચંદ્ર ક્યાં જતો હશે? દેવો તેનું પાન કરે છે, તેથીજ તે ધીમે ધીમે નાનો થાય છે. પરંતુ તે તદ્દન નાશ પામે એવી વસ્તુ નથી; તે ફરીથી વધે છે, તેનું આપ્યાયન થાય છે, વાસ્તવિક રીતે તે નાશ પામે તેમ નથી; તે અમૃતરૂપ છે. સોમલતા ઓષધિ છે, અર્થાત્ વર્ષજીવી વનસ્પતિ છે. એક વરસમાં ઉત્પન્ન થાય, વધે ને મરે. વળી બીજે વરસે પણ યોગ્ય સમયે ઉગે છે; જંગલમાં વનસ્પતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ વાવતું નથી, કોઇ સાચવતું નથી, છતાં મરતા છતાં તે મરતી નથી. આકાશનો ચંદ્ર જેમ નાશ પામવા છતાં નાશ પામતો નથી; તેજ રીતે પૃથ્વીપરની વેલ પણ મરવા છતાં મરતી નથી, બંને સ્વરૂપતઃ એક છે; બંને અમૃતસ્વરૂપ છે. આકાશમાં જે ગ્રહપતિ છે, પૃથ્વીપર તે ઓષધિપતિ છે. બંને એક છે, બંને સોમ છે. આકાશનાં નક્ષત્રો દેવતાઓનાં ઘર છે; **देवगृहाणि वै नक्षत्राणि.** દેવતાઓ પોતપોતાનાં ઘરમાં બેઠા રહે છે; સોમ તે ઘેરઘેર ભટકે છે; દેવતાઓ તેનું પાન કરે છે; પીધા પછી સોમપાત્ર ખાલી થતાં સોમનું વળી આપ્યાયન અથવા પૂરણ થાય છે. આકાશમાંનાં નક્ષત્રોમાં વિચરણ કરતી વેળા નાના નાના ગ્રહો પણ–planet પણ–કદાચ નાનાં નાનાં સોમપાત્ર ગણાતાં હશે; એ પાત્ર પણ અમૃતપૂર્ણ હોય દેવતાઓ એ ગ્રહ પૂર્ણ કરી સોમપાન કરે છે. પૃથ્વીપર ઓષધિ સોમ ઘુલોકમાંના સોમના પ્રતિનિધિરૂપ છે. યજમાન અને ઋત્વિજો પાત્ર પૂર્ણ કરી સોમરસના ગ્રહ પીએ છે. એ સોમ પણ ખૂટતો નથી; તે માટે તેની આપ્યાયન ક્રિયા થાય છે.

આ સોમદેવતા, કે જે મૂળ ઘુલોકવિહારી ચંદ્ર હતો, કે જંગલમાં થતી લતામાત્ર હતી, તેનો વિચાર વૈજ્ઞાનિક પંડિતો ભલે કરે. વેદપંથી યાજ્ઞિક અને યજમાનને તેનો વિચાર કરવાની ખાસ જરૂર નથી. વૈજ્ઞાનિક પંડિત ટેલરની સ્વીકારોક્તિ અગાઉ આપને સંભળાવી છે. Sacrifice has passed in tho course of religious history into transformed conditions, not only of the rite itself, but of the intention with which the worshipper performs it.* કોઈપણ ક્રિયાનું ઐતિહાસિક મૂલ્ય ગમે તે હોય, પણ યજમાનને માટે અને યાજ્ઞિકોને માટે તો આ પ્રયોજન જ મોટી વાત છે, એટલ વાત છે. સોમ દેવતા મૂળે ગમે તે હો, યાજ્ઞિકો અને યજમાન તેને કઇ નજરે

* ભાષાંતર માટે "ઇષ્ટિયાગ ને પશુયાગ"નું પ્રકરણ જુઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કઇ રીતે જોતા, એજ મોટી મુખ્ય વાત છે. યાજ્ઞિકોની પાસે એ સોમ "**एषो देव अमर्त्यः;**" એનાં સ્તુતિગાનોથી વેદસાહિત્ય પરિપૂર્ણ છે, મુખરિત થઈ રહ્યું છે. યજ્ઞ વખતે હોતા અને તેના સહકારીઓ તેનાં વખાણના મંત્રો ભણતા, ઋક્‌મંત્રો ભણતા, ઉદ્‌ગાતા અને તેના સહકારીઓ સામમંત્રા વડે તેની સ્તુતિ ગાતા. ઋક્‌સંહિતાનું નવમું મંડલ એના સ્તુતિમંત્રોથી ભરપૂર છે.–આખી ઋક્‌સંહિતામાં એનાં વખાણનાં વાક્યો ફેલાઈ રહ્યાં છે. ઋષિઓ પરસ્પર સ્પર્દ્ધા સાથે એનાં ગુણગાન ગાતા; વાક્યથી એ કાર્ય પૂર્ણ થતું નહિ, એ અમર્ત્ય દેવ, એ ચિરનવીન શિશુ, એ જ્યોતિર્મય ગન્ધર્વ, આકાશના ઉર્ધ્વ ભાગમાં રહેતો; ત્યાંથી જગતનું નિરીક્ષણ કરતો; એનું શુભ્ર તેજ પ્રકાશ મારતું; ઘુલોક અને ભૂલોકને પ્રકાશિત કરી પ્રકાશ મારતું. એ સ્તંભની માફક ઘુલોકને ધારણ કરી રહ્યો છે, તેણે ભૂલોકને ઘુલોક સાથે જોડયું છે; તે સપ્તસિન્ધુથી ઘુલોક પર્યંત વ્યાપી રહ્યો છે. આ નવીન યુવાન વિશ્વ જય કરવા જન્મ્યો છે, તે દિવ્ય રૂપથી રૂપાળો બન્યો છે, તે નર પ્રતિ કૃપાળુ છે, તે જગતની આવરદા રૂપ છે. દિવોદાસપુત્ર પ્રતર્દન કહે છે કે એ દેવોમાં બ્રહ્મા, વિપ્રોમાં ઋષિ, મૃગોમાં મહિષ, ગૃધ્રોમાં શ્યેન પક્ષી છે. એ "**ऋतस्यगोपा**"–સત્યનો રક્ષક છે; એ વિદ્વાન છે, ઉર્ધ્વેથી એ વિશ્વરૂપી ભવનપર દૃષ્ટિ કરે છે. "**ऋतस्य तन्तुर्वितत: पवित्रे, आ जिह्वाया अग्रे वरुणस्य मायया**"–એનાંજ માયાબળવડે વરુણદેવની જિહ્વાના અગ્ર ભાગમાં સત્યધર્મનું તન્તુસૂત્ર પવિત્ર ઉપર વિસ્તાર પામી રહ્યું છે. ઋષિ કશ્યપની સાથે આપણે પણ તેને (સોમને) સંબોધી બોલીએઃ—

**ऋतं वदन् ऋतद्युम्न**
**सत्यं वदन् सत्यकर्मन्**
**श्रद्धां वदन् सोमराजन्**
**धात्रा सोम परिष्कृतः ।**
**इन्द्रायेन्दो परिस्रव ॥**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હે ઋતદ્યુમ્ન, તમે ઋતવાક્ય બોલતા રહો; હે સત્યકર્મા, તમે સત્ય વચન બોલતા રહો; હે સોમરાજા, તમે શ્રદ્ધાવાળાં વચનો બોલતા રહો; ધાતાવડે સાફ થઈ તમે ઇન્દ્રને માટે ક્ષરિત થાઓ.

सत्यमुग्रस्य बृहतः
संस्रवन्ति संस्रवाः
संयन्ति रसिनो रसाः
पुनानो ब्रह्मणा हरे ।
इन्द्रायेन्दो परिस्रव ॥

ખરેખર તમે ઉગ્ર છો; તમે બૃહત્ છો; તમે રસસ્વરૂપ છો; તમારી રસધારા સર્વત્ર મળતી રહે છે; અરે હરિ, બ્રહ્મવાક્યથી પવિત્ર થઈ તમે ઇન્દ્રને માટે ક્ષરિત થાઓ.

यत्रानुष्कामं चरणं
त्रिनाके त्रिदिवे दिवः
लोका यत्र ज्योतिष्मन्तः
तत्र माममृतं कृधि ।
इन्द्रायेन्दो परिस्रव ॥

ઉર્ધ્વ સ્થિત પેલાં ત્રિનાકમાં, પેલાં ત્રિદિવમાં, જ્યાં ઇચ્છા મુજબ ખુલ્લી રીતે વિચરણ કરી શકાય, જ્યાં બધા લોકો જ્યોતિષ્માન્ છે, ત્યાં મને અમૃતપદ આપો; ઇન્દ્રને માટે તમે ક્ષરિત થાઓ.

यत्र राजा वैवस्वतो
यत्रावरोधनं दिवः
यत्रामूर्यह्वतीरापः
तत्र माममृतं कृधि
इन्द्रायेन्दो परिस्रव ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યાં વૈવસ્વત રાજા છે, જ્યાં દ્યુલોકનું અવરોધ દ્વાર છે, જ્યાં અપ-સમૂહ વહ્યે જાય છે, ત્યાં મને અમૃતપદ આપો; ઇન્દ્રને માટે તમે સ્રવો.

यत्र ज्योतिरजस्रं
यस्मिन् लोके स्वर्हितम्,
तस्मिन् मां धेहि पवमान
अमृते लोके अक्षिते ।
इन्द्रायेन्दो परिस्रव ॥

જ્યાં અજસ્ર જ્યોતિઃ છે, જ્યાં સ્વર્ગલોક છે, હે પવમાન સોમ, તે અક્ષય અમૃતલોકમાં મને લઇ જાઓ; ઇન્દ્રને માટે તમે સ્રવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખ્રિસ્ત-યજ્ઞ

ખ્રિસ્તીઓ પોતાના દેવનું ભક્ષણ કરે છે, ખ્રિસ્તીઓના સંબંધમાં એવી મશ્કરીની વાત પ્રચલિત છે.

આ દેવનાં ભક્ષણની વાત મેં ઉપાડી છે. Eucharistic Sacrifice સબબ જે રોટલી અને મદ્ય અર્પણ કરવામાં આવે છે, એ ખ્રિસ્તનું માંસ અને લોહી છે. એ ખાધાથી ખ્રિસ્તનું ભક્ષણ થયું ગણાય છે. એ દ્વારા ખ્રિસ્ત સાથે ખ્રિસ્તીઓનું ઐક્ય થાય છે. ખ્રિસ્તીઓ ખ્રિસ્ત થઇ જાય છે; મનુષ્ય દેવતા થઇ જાય છે. આપ હસશો અને કહેશો કે એકાત્મતા કરવા માટે આવો રહેલો રસ્તો બીજો એકે નથી; ચાવી ખાઇ જઇ એકાત્મતા કરવા જેવો ઉપાય બીજો નથી.

હસવાથી કંઇ વળવાનું નથી; માનવતત્ત્વજ્ઞ પંડિતો જુદા જુદા દેશોનાં દૃષ્ટાંતો સંઘરી બતાવે છે કે દેવતા સાથે ઐક્ય કરવાનો આ ઉપાય કેવળ ખ્રિસ્તીઓની જ શોધ નથી. દેવતાને ઉદરસ્થ કરવાનો આવો ઉપાય ઘણા દેશોમાં શોધાયો છે.

એક માનવતત્ત્વજ્ઞ પંડિતની ઉક્તિ ઉતારી આપને એ વાત સ્પષ્ટ રીતે સમજાવવા ઇચ્છું છું.

"Sacrifice is primarily a sacramental meal at which the communicants are a deity and his worshippers, and the elements the flesh and blood of the sacred victims. Primitive tribes everywhere seem to regard themselves as related to their gods by the

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

bond of kinship and every tribe has certain sacred animals which it regards as related to the tribal god by precisely the same bond. These sacred animals are probably a survival of the totem-stage through which all civilised races seem to have passed.*

આપે આ સાંકેતિક ચિહ્ન (totem) ની વાત સાંભળી હશે. ઘણી અશિષ્ટ જાતિઓ પોતાને કોઇપણ જંતુના વંશધર માને છે. એ જંતુને પોતાની જ્ઞાતિ માને છે; તેની પૂજા કરે છે, એટલુંજ નહિ પણ આચાર વ્યવહારમાં પણ તે જંતુનું અનુકરણ કરે છે. એ જંતુનું નામ સાંકેતિક ચિહ્ન; જંતુ ન હોતાં ઝાડપાલો અથવા બીજું કંઇ પણ સાંકેતિક ચિહ્ન થઇ શકે છે. પુરાણમાં વર્ણવેલી નાગજાતિ, પક્ષીજાતિ વગેરેની વાત આપે સાંભળી હશે; વાસુકિ, તક્ષક વગેરે નાગની વાત; સમ્પાતિ, જટાયુ વગેરે પક્ષીની વાત; વાલી, સુગ્રીવ વગેરે વાનરની વાત, અને જામ્બુવાન વગેરે રીંછોની વાત આપે સાંભળી હશે. વંશની પ્રતિષ્ઠા જે પશુથી થાય, તે પશુ પોતાના વંશજો પાસેથી પૂજા મેળવેજ; પંડિતો કહે છે કે આ રીતે ઘણાં પશુઓ દેવતા બની ગયાં છે. પશુ આવી રીતે દેવતા બને છે, અને બીજી બાજુએ મનુષ્ય અને દેવતા જ્ઞાતિના સંબંધથી જોડાય છે. ઉપરનો વિદ્વાન કહે છે કે યજ્ઞક્રિયા એ એક પવિત્ર ભોજન માત્ર છે; યજ્ઞ પછી બધા લોકો યજ્ઞમાં હલાલ થએલાં પશુના માંસનું ભક્ષણ કરે છે.

* યજ્ઞ એ એક પવિત્ર ભોજન છે, એવી એ વિષે મૂળ ભાવના છે; તેમાં ભાગ લેનાર ઇષ્ટ દેવતા અને યજમાન છે, તથા યજ્ઞના પદાર્થ તરીકે પવિત્ર ભોગ્યનું લોહી અને માંસ ગણાય છે. અસલનું જનમંડળ સર્વત્ર દેવને પોતાના બાંધવ અગર સંબંધીઓ તરીકે ગણતું. દરેક મંડળમાં યજ્ઞિય પશુઓ હતાં અને તેઓ પણ ઇષ્ટદેવની સાથે એવાજ સંબંધથી જોડાયલાં મનાતાં. દરેક સંસ્કારી પ્રજા સાંકેતિક ચિહ્નની સ્થિતિમાંથી (totem-stage) પસાર થએલી જણાય છે, અને યજ્ઞિય પશુઓ તે સ્થિતિનું અવશિષ્ટ ચિહ્ન છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એથી તેઓ દેવતા સાથે એકતાનાં સૂત્રે જોડાય છે. પશુવધ એ યજ્ઞનું મુખ્ય અનુષ્ઠાન નથી; બધા મળી પશુમાંસ ભક્ષણ કરે, એજ મુખ્ય અનુષ્ઠાન છે– "The significant part of a sacrifice is not the slaying of the victim, but the sacrificial meal which follows. During this meal the life of the sacrificial animal with its mysterious nature, nature is supposed to pass physically into the communicants, whereby the natural bond of union between the god and his clients is sacramentally confirmed and sealed. The object is always to renew and strengthen the ties of kinship and friendship between the god and his worshippers*

યજ્ઞાનુષ્ઠાન સંબંધમાં આધુનિક કાળના પંડિતોના આવા વિચાર છે. આ વિચારનું સમર્થન કરવા માટે ઘણા દેશોમાંથી તેઓએ દૃષ્ટાંતો એકત્ર કર્યાં છે; ચીનથી પેરુ સુધી ભટક્યા છે. મતભેદનો પણ પાર નથી. આ સાંકેતિક ચિહ્ન સંબંધમાં કોઈ પંડિત કહે છે કે અશિષ્ટ જાતિમાત્ર સાંકેતિક ચિહ્નને માને છે; આધુનિક કાળમાં જે જાતિઓ સુધરેલી ગણાય છે, તેના પૂર્વજો પણ એક સમયે સાંકેતિક ચિહ્નને માનતા હતા. બીજો એક પંડિત સાંકેતિક ચિહ્નનો ફેલાવો સંકીર્ણ કરવા ઇચ્છે છે. વિખ્યાત પંડિત ફ્રેઝર કહે છે કે "We may say broadly that totemism is practis-

* પ્રાણીનો વધ કરવો એ યજ્ઞનો અગત્યનો વિભાગ નથી; યજ્ઞનો મુખ્ય વિધિ તો યજ્ઞિય ભોજન છે. આ ભોજન સમયે યજ્ઞિય પશુના પ્રાણતત્ત્વ, તેની ગૂઢ પ્રકૃતિથી, યજમાન અને ઈષ્ટ દેવતામાં સંક્રાન્ત થાય છે, એવું માનવામાં આવેલું છે. આ વિધિથી દેવતા અને તેના પૂજકો વચ્ચેનો સ્વાભાવિક સંબંધ પવિત્ર રીતે મજબૂત અને દૃઢ થાય છે. પૂજ્ય તથા પૂજક વચ્ચેનો સંબંધ તથા મિત્રભાવ તાજો રહે અને દૃઢ થાય એજ હેતુ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ed by many savage peoples, whose complexion shades off from coal black through dark brown to red. With the somewhat doubtful exception of a few Mongoloid tribes in Assam, no yellow and no white race is totemic.* અર્થાત્ કાળી, પિંગળી ને રાતી પ્રજા સાંકેતિક ચિહ્ન માને છે. ધોળી ને પીળી પ્રજા માનતી નથી. સાંકેતિક ચિહ્નની વાત હવે જતી કરીએ; દેવતાનું ભક્ષણ કરવાનાં એકાદ બે દૃષ્ટાંતોની ચર્ચા કરીએ.

મેક્સિકોમાં એક સમયે નરયજ્ઞ થતો. તેઓના પ્રાચીન દેવતાઓનું નામ ઉચ્ચારવું એ બહુ મુશ્કેલ કાર્ય છે. તેઓના એક દેવતાનું નામ હતું-તેજકોટ્લિ પોકાશ અથવા એવું કશું. આબરૂદાર માણસોના છોકરાઓને પકડી લાવી એનું દેવતાને બલિદાન આપવામાં આવતું. થોડો વખત એ બિચારાને દેવતા તરીકે માન આપવામાં આવતું; તે એકી સાથે મનુષ્ય અને દેવતા બનતો; છેવટે તેને મારી તેનું માંસ બધા મળી વહેંચી ખાતા. મેક્સિકોમાં હુઇજિ-પુજલિ નામનો એક બીજો દેવ હતો; તેની મેંદાના લોટની મૂર્તિ બનાવી બધા લોકો ખાતા; અને મનમાં ધારી લેતા કે અમે દેવતાનું માંસ ખાઇએ છીએ. મિસરના મુખ્ય દેવતા ઑસિરિસનું નામ આપે સાંભળ્યું હશે. પશુઓમાં બળદ એ ઑસિરિસની પાર્થિવ મૂર્ત્તિ ગણાઇ પૂજાતો. આપણા દેશમાં ગાય ભગવતી મનાય છે, તે મુજબ મિસર દેશમાં બળદ એ ભગવાન ગણાતો હતો. પરંતુ મિસર દેશના લોકો એ બળદરૂપી દેવનો વધ કરી તેનું માંસ આનંદપૂર્વક ખાતા. Encyclopedia of Religion and Ethics આ પ્રસંગે કહે છે, કે "From a very early stratum of religion comes the idea of feeding on

* જે લોકોની મુખમુદ્રાનો રંગ કાળો અને લગભગ બદામી રંગનો હોય છે, તેવા જંગલી લોકો સાંકેતિક ચિહ્ન સ્થિતિનું પાલન કરે છે, એમ આપણે કહી શકીએ. પીળી કે ગોરી ચામડી સાંકેતિક ચિહ્ન સ્થિતિમાં નથી. તોપણ આસામની મોંગોલ પ્રજાની થોડી વસ્તી એનો અપવાદ હશે, એવી શંકા રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

the God."× ગ્રીકોમાં, રોમનોમાં આવી રીતે દેવતાનું ભક્ષણ કરવાનો રિવાજ હતો કે નહિ તે સંબંધમાં ઘણો વાદવિવાદ થયો છે. વાદવિવાદ થવાનું એક કારણ છે–ધર્માંધ ખ્રિસ્તીઓ ભાર દઈને જણાવવા ચાહે છે કે દેવતાનું ભક્ષણ કરવાની બાબત એ અમારા ખ્રિસ્તી ધર્મનીજ વિશિષ્ટ ક્રિયા છે; બીજા કોઇ પણ ધર્મમાં દેવતાનું ભક્ષણ કરવાનો વિધિ નથી. જેઓ વૈજ્ઞાનિક આલોચનાના પક્ષમાં છે, તેઓ આ વાત માનતા નથી. તેઓ કહે છે કે બધા દેશોમાં, બધા સમાજોમાં એ વિધિ પ્રચલિત હતો. આ રીતે બંને પક્ષ વચ્ચે વાદવિવાદ મચ્યો છે, એ વાદવિવાદનો પાર આવે તેમ નથી. દેવતાને ઉદ્દેશે પશુવધ કરવો અને એ વધ કરેલ પશુનું માંસ ખાવું એ રિવાજ ઘણા દેશોમાં છે. પરંતુ તે પશુ દેવતા મનાય છે કે નહિ, તે પશુમાં દેવતા અધિષ્ઠિત થાય છે કે નહિ, એમાં દેવતાનું વાસ્તવ અસ્તિત્વ છે કે નહિ, એ પશુનું માંસ ખાતાં દેવતાનું ભક્ષણ કર્યું મનાય છે કે નહિ, દેવતાને આત્મસાત્ કરી દેવતારૂપ થવાય છે કે નહિ, એ સંબંધમાં તર્ક ઉઠી શકે છે. ખ્રિસ્તીઓ કહે છે, કે એ પ્રમાણે દેવત્વ મેળવવાની પ્રાર્થના ફક્ત અમેજ કરીએ છીએ. બીજા તો પશુમાંસ કેવળ પેટ ભરવા માટેજ ખાય છે; બહુ તો દેવતાની પ્રસાદી માની પોતાનું પેટ ભરે છે. ખ્રિસ્તીઓમાં આ ક્રિયાનું ગૂઢ રહસ્ય છે, બીજી જાતિઓના ધર્માનુષ્ઠાનમાં જો એવી જાતનો વિધિ હોય તો ખ્રિસ્તીઓ બોલી ઉઠે છે કે એ શયતાનની ચાલાકી છે.

આજકાલ Mithraismના સંબંધમાં બહુ ચર્ચા ચાલે છે. એ મિથ્ર દેવતા પ્રાચીન પારસીઓનો બહુજ જૂનો દેવતા મનાય છે; વેદપંથી સમાજના પ્રાચીન મિત્ર દેવતા તે એજ દેવતા છે. વેદમાં જે મિત્રના નામથી ઓળખાય છે, તેજ અવસ્તા શાસ્ત્રમાં મિથ્રના નામથી ઓળખાય છે. આપણે તેને મિત્રના નામથી જ ઓળખીશું. વેદમાં તે આદિત્યોમાંનો એક છે; ઋગ્વેદ સંહિતામાં તે લગભગ સર્વત્ર વરુણ દેવતાના સહચરરૂપે વર્ણવાયો છે; મિત્ર

× ધર્મના અતિ પ્રાચીન થરમાંથી દેવભક્ષણનો વિચાર ઉદ્ભવેલો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને વરુણ એ બંનેની જાણે જોડ ન હોય. ભટ્ટિકાવ્યનો '**इतः स्म मित्रावरुणौ किमेतौ**" એ શ્લોક યાદ કરો. વનવાસી રામ લક્ષ્મણને જોઇ લોકો વાતો કરતા કે આ શું મિત્ર અને વરુણ સ્વર્ગમાંથી ઉતરી આવી પૃથ્વીપર વિચરણ કરે છે? સોમયજ્ઞમાં પ્રાતઃસવન વખતે એક સોમાહુતિ મિત્ર અને વરુણ એ બે જોડીઆ દેવોને અપાતી, એ વાત અગાઉ કહેવાઇ ગઇ છે. તેઓ માદક-પ્રિય નથી; માટે સોમરસની માદકતા ઓછી કરવા માટે તેમાં દહીં ભેળવવું પડતું. આપણે વરુણને અત્યારે પણ યાદ રાખેલ છે; તે અત્યારે જલધિપતિ અને પશ્ચિમ દિશાનો અધિપતિ દેવ ગણાય છે; પરંતુ મિત્રને આપણે લગભગ ભૂલીજ ગયા છીએ. જૂના પારસી ધર્મમાં મિત્ર અને વરુણનું સ્થાન બહુજ ઉંચું છે–વરુણ પોતે અહુરમજદ છે–અસુરોમાં શ્રેષ્ઠ છે; મિત્ર તેનો સોબતી છે, પદવીમાં લગભગ વરુણ જેવોજ છે. મિત્ર દેવનું માન–મર્યાદા–પારસી સમાજમાં ધીમે ધીમે બહુ વધ્યું હતું. તે વરુણ દેવનો પુત્ર અને પ્રિય સોબતી ગણાતો; પતિત માનવો પ્રતિ તે કરુણામય ગણાતો; મિત્ર શબ્દ પરથી જ તે સમજી શકાય છે; તે માનવોનો તારનાર–Saviour, Redeemer અને Mediator થઈ પડયો હતો. ખ્રિસ્તની સાથે મિત્ર દેવતાની સરખામણી આપ કરી લેશો.

આ મિત્ર દેવતાની પૂજા પારસી સમાજની હદ ઓળંગી રોમન સામ્રાજ્યમાં ફેલાઇ રહી હતી. આજકાલ તેની ઘણી સાબીતિઓ મળી આવી છે. ફિલાડેલ્ફિઆ શહેરના અધ્યાપક Groten ગ્રોટેને એ ખ્રિસ્તી પ્રભુભોજનના સંબંધમાં એક ચોપડી લખી છે. તેણે રોમન સામ્રાજ્યમાંની મિત્રપૂજાનો વિષય ચર્ચતાં તે ઉપર લખ્યું છે કે We can almost trace its progress along the southern and western shores of the Black Sea, up the Danube, into the forests of Germany, then down into Italy, then westward through Gaul across the Channel into the

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

land of the Briton. It followed the Roman army and through the Missionary Zeal of Roman Officers made its triumphant headway. The remarkable paralleism between its tenets and the doctrines of Christianity has awakened deep surprise and has led some modern students mistakenly to view Christianity as simply a revamping of Mithraism.[1] લેખક ખ્રિસ્તી Divinity–અધ્યાત્મશાસ્ત્રનો અધ્યાપક છે; તે કહે છે "ભૂલથી" પરંતુ ઘણા પંડિતો ભારપૂર્વક જણાવે છે, કે રોમન સામ્રાજ્યમાં ખ્રિસ્ત પૂજા કરતાં મિત્રપૂજા વિશેષ પ્રમાણમાં ફેલાઇ હતી; સમ્રાટ્ કોન્સ્ટન્ટાઇન પણ પહેલાં મિત્રપૂજાના પક્ષમાં હતો; પાછળથી તે ખ્રિસ્તી થયો. તેણે અને તેની પાછળના સમ્રાટોએ કાયદાના જોરથી, શરીરબળના જોરથી, મિત્રપૂજા બંધ કરી દીધી. મિત્રપૂજા બંધ પાડી દીધી ખરી, પરંતુ ખ્રિસ્તી ધર્મ મિત્રપૂજાની ઘણી ક્રિયા, ઘણાં તત્ત્વો આત્મસાત્ કરી પુષ્ટ થતો ગયો; નહિ તો સાધારણ લોકો મિત્રને તજી ખ્રિસ્તને સ્વીકારત નહિ.

આ મિત્રપૂજામાં ખ્રિસ્તીઓની પ્રભુભોજનની ક્રિયાના જેવી એક ક્રિયા થતી. જૂના પારસી ધર્મમાં ઋત્વિજો રોટલી અને સોમરસ દેવને અર્પણ કરતા. મિત્રપૂજાની ઉન્નતિના સમયમાં સોમરસ દુષ્પ્રાપ્ય થતો જતો હતો; તેથી તેને બદલે દ્રાક્ષનો રસ પાણી સાથે મેળવી અર્પણ કરાતો હતો.

---

૧ કાળા સમુદ્રના દક્ષિણ અને પશ્ચિમ કિનારા ઉપર, પછી ઇટાલિમાં, ત્યારપછી પશ્ચિમ તરફ ગૉલ દેશમાં અને ચાલન ઓળંગી બ્રિટનની ભૂમિમાં તેની પ્રગતિ થઇ, એવો આપણને પત્તો મળે છે. રોમન લશ્કર સાથે તે ધર્મ દાખલ થયો અને રોમન અધિકારી ધર્મપ્રચારનાં કાર્યમાં ઉત્સાહી હોવાથી તેનો સારી રીતે પ્રસાર થયો. તે મત અને ખ્રિસ્ત ધર્મના સિદ્ધાંતો વચ્ચે ખાસ સામ્ય હોવાથી ભારે આશ્ચર્ય ઉપજે છે, અને કેટલાક અર્વાચીન વિદ્વાનો ખ્રિસ્ત મતને ભૂલથી મિથ્રેઈઝમનું માત્ર પુનઃબંધારણ માને છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ દ્રાક્ષારસનેજ સોડવતાં મદ્ય તૈયાર થાય છે. " They placed before the mystic a loaf and a cup full of water over which the priest pronounced the sacred formulas. This oblation of bread and water, with which they mingled wine, is compared by the Christian apologist with tho Christian communion.[1]

મિત્રપૂજામાં આ ખ્રિસ્તીધર્મની ક્રિયા જોઇ જૂના જમાનાના ખ્રિસ્તી પાદરીઓ બહુજ ગુસ્સે થતા. તેઓમાંના એકાદ બેનાં વચનો સાંભળો. જસ્ટિન માર્ટર કહે છેઃ "Tho wicked devils have imitated the Christian institution in the mysteries of Mithras, commanding the same thing to be done. For, bread and a cup of water are placed with certain incantations in the mystic rites of one who is being initiated."[2] ટર્ટુલિયન કહે છેઃ "The devil, by the mysteries of his idol, imitates even the main parts of the divine mysteries; Mithra even celebrates the oblation of bread."[3]

ઇસુખ્રિસ્તે વાતવાતમાં પોતાનાં રક્તમાંસને ખોરાક સાથે, અન્ન સાથે

---

૧ તેઓ પાણીથી ભરેલ પ્યાલો અને રોટલી દેવ પાસે મૂકતા ને પાદરી તે પર મંત્ર ભણતો. આ બલિદાન સાથે તેઓ મદિરા મેળવતા તેથી એ પદ્ધતિને ખ્રિસ્ત ધર્મના ઉપાસકો સાયુજ્યની પદ્ધતિ સાથે સરખાવે છે.

૨ મિથ્ર ધર્મ ગૂઢ રહસ્યમાં ખ્રિસ્ત ધર્મ સમાજનું પિશાચોએ કરેલું અનુકરણ છે. કારણ કે દીક્ષા દેતી વખતે સંસ્કારમાં રોટલી અને પાણીનો પ્યાલો મંત્ર ભણી મૂકવામાં આવે છે.

૩ તેની મૂર્તિના રહસ્યથી પ્રભુના રહસ્યના મુખ્ય ભાગનું પિશાચ અનુકરણ કરે છે. મિથ્ર રોટલીનું નૈવેદ્ય પણ ઉજવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરખાવ્યું છે; અને તે અન્ન અમૃતસ્વરૂપ છે, એમ પણ કહ્યું છે. આપણા શાસ્ત્રોમાં કહેલ અન્નબ્રહ્મની વાત આપને યાદ આવશે. ઇસુખ્રિસ્તનું વચન આ પ્રમાણે છે: I am the bread of life–હું પ્રાણનું અન્નસ્વરૂપ છું. He that eateth my flesh and drinketh my blood, dwelleth in Me and I in him–જે મારૂં માંસ ખાય છે અને મારૂં લોહી પીએ છે, તે મારામાંજ અવસ્થાન કરે છે અને હું તેનામાં અવસ્થાન કરૂં છું–બંનેની એકતા થાય છે. Except ye eat flesh of the Son of Man and drink His blood, ye have no life in you.–જે આ માનવસન્તાનનું માંસ ખાતું નથી અથવા લોહી પીતું નથી તે મરેલું છે. ઇસુખ્રિસ્ત અહીં પોતાને માનવરૂપી–જીવરૂપી–તરીકે ઓળખાવે છે. ફરીથી કહે છે: "Whoso eateth my flesh and drinketh my blood hath eternal life." જેણે મારૂં માંસ ખાધું છે, મારૂં લોહી પીધું છે, તેણે અમરતા મેળવી છે.

વધુ ઉદાહરણો આપી પુસ્તક મોટું કરવાની જરૂર નથી. ખ્રિસ્તીઓ જે રોટલી અને મદ્ય અર્પણ કરી ભક્ષણ કરે છે, તે ખ્રિસ્તનું માંસ અને લોહી છે; એ ખાધાથી ખ્રિસ્તનુંજ લોહી તથા માંસ ખવાય છે; ખ્રિસ્ત તેઓના દેવતા છે; જનકેશ્વરમાં અને તનયેશ્વરમાં કશો ભેદ નથી; બંનેનો આત્મા એકજ છે. ધર્માંધ ખ્રિસ્તીઓ માને છે કે આ અમારી પોતાનીજ ક્રિયા છે; બીજા કોઈપણ સમાજમાં જો એના જેવી ક્રિયા હોય તો તે શયતાનની ચાલાકી છે–diabolical parody છે. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આપણા વેદપંથી સમાજમાં આવો વિધિ હતો કે નહિ? અવસ્તાપંથી સમાજમાં તો હતોજ; વેદપંથી સમાજમાં હતો કે નહિ?

આ ચર્ચા શરુ કરતા પહેલાં મારે થોડો ખુલાસો કરવાની જરૂર છે. આપ એમ ધારશો કે ખ્રિસ્તી સમાજ જેવો વિધિ આપણા વેદપંથી સમાજમાં પણ હતો, એવું સાબીત કરી હું વૈદિક ધર્મનું માહાત્મ્ય વધારવાનો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રયાસ કરૂં છું; અને એથી આપણું ગૌરવ વધશે. પરંતુ એવો મારો ઇરાદો નથી. તોપણ હું અહીં તુલનામૂલક આલોચના કરવા તત્પર થયો છું. વૈદિક ધર્મ સાથે ખ્રિસ્તી ધર્મનું કંઈ પણ મળતાપણું હોય, તો તે સ્પષ્ટ રીતે દેખાડી આપવું એને હું મારૂં કર્તવ્ય માનું છું. એ ન બતાવું તો વેદપંથી સમાજનાં યજ્ઞાનુષ્ઠાનનું તાત્પર્ય પુરી રીતે સમજાવાય નહિ. એ સરખાપણું ક્યાંથી, કેવી રીતે આવ્યું તેનો વિચાર તમે જ કરી લેશો. હું તો એ સરખાપણુંજ બતાવીશ. વૈદિક અનુષ્ઠાનમાં પુરોડાશ અથવા રોટલી આપવામાં આવતી, તથા તે સિવાય સોમરસની આહુતિ અપાતી. રોટલી પશુના માંસને બદલે અપાતી; એ પશુમાંસમાં કોઈ પણ દેવતાના આરોપની ભાવના હતી કે નહિ એ જોવાની જરૂર છે. લોહીની આહુતિ વેદપંથીઓએ નિષિદ્ધ માનેલી હતી; કારણ કે વેદપંથીઓના દેવતા લોહી પીતા નહિ. લોહી રાક્ષસોનો પ્રિય પદાર્થ હતો. ખ્રિસ્તનું લોહી અમરતા આપી શકે, પરંતુ આપણો સોમરસ એ કંઈ લોહી નથી; એ તો અમૃત છે. એ પીવાથી અમર થવાય છે–દેવત્વ મેળવાય છે. કણ્વનો પુત્ર પ્રગાત્થ ઋષિ કહે છેઃ **"अपाम सोममृता अभूम, अगन्म ज्योतिरविदाम देवान्"**–હું સોમપાન કરીને અમર થયો છું, મેં જ્યોતિ મેળવી છે અને દેવોને જાણ્યા છે. એ પુરોડાશ અને સોમરસ દેવોને અર્પણ કરવામાં આવતો, અને ઋત્વિજો યજમાન સાથે એનું ભક્ષણ કરતા. સોમરસપાન એ તો અમૃતપાન ગણાતું. પુરોડાશ–ભક્ષણનું તાત્પર્ય શું તે આપણે સારી રીતે સમજવું જોઇએ, અને ખ્રિસ્તીઓના વિધિનાં તાત્પર્ય સાથે તેનું કંઈ મળતાપણું છે કે નહિ તે સમજવું જોઇએ. તે પહેલાં ખ્રિસ્તીઓના વિધિનું તાત્પર્ય શું છે તે સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે.

ખ્રિસ્તના જન્મ પછી સવા ત્રણસો વર્ષ વીતી ગયાં છે, આખા રોમન સામ્રાજ્યમાં ખ્રિસ્તની પૂજા ફેલાઇ રહી છે; પરંતુ હજીસુધી એ મિત્રપૂજાને ઠેલી શકી નથી. ખ્રિસ્તીઓએ આખા સામ્રાજ્યને કેટલાક વિભાગોમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વહેંચી નાખ્યું છે; અકેક ઇલાકામાં અકેક બિશપ નીમવામાં આવ્યો છે; રોમનો સમ્રાટ્ કૈસર કોન્સ્ટન્ટાઇન અત્યાર સુધી સંદેહરૂપી હિંડોળે હિંચતો હતો; ત્રાજવાના એક પલ્લામાં મિત્ર અને બીજા પલ્લામાં ખ્રિસ્તને બેસાડી તુલના કરતો હતો. છેવટે તે ખ્રિસ્ત તરફ ઢળી પડયો. ખ્રિસ્તપૂજા રોમન સામ્રાજ્યનો રાષ્ટ્રીય ધર્મ બન્યો. પરંતુ એ દરમિઆન તર્ક ઊઠયો કે આ ખ્રિસ્ત તે કોણ? ઇશ્વરની સાથે એનો શો સંબંધ? એ ઇશ્વરનો પુત્ર ખરો, પણ પિતાપુત્ર સરખા છે કે નહિ? બંનેનો દરજ્જો સરખો કે નહિ? પુત્ર સોળેસોળ આના ઇશ્વર છે કે નહિ? સોળેસોળ આના ઇશ્વર હોય તો એકેશ્વરવાદ રહ્યો કયાં? ખ્રિસ્તી સમાજમાં આ પ્રશ્નોને લીધે વાડા બંધાયા, વાદવિવાદો થયા, છેવટે લોહી પણ રેડાયું. કૈસર કોન્સ્ટન્ટાઇને નાઇસિયા નગરમાં ખ્રિસ્તીઓની સંગીતિ બોલાવી–ઘણા વર્ષો પહેલાં અશોકે જેમ બૌદ્ધ સંગીતિ બોલાવી હતી તેમ. જુદા જુદા દેશોથી ખ્રિસ્તી પાદરીઓ આવવા લાગ્યા; બે હજાર પાદરીઓ એકત્ર થયા; તેમાં ત્રણસોથી વધુ બિશપો હતા. રાજમહેલના મોટા ઓરડામાં તેઓ હારબંધ બેઠા; ઓરડાના મધ્ય ભાગમાં ઊંચા આસન પર બાઇબલ મૂકવામાં આવ્યું; રત્નખચિત જાંબુઆ રંગનો ઝભો (purplo robe) પહેરી કૈસર પોતે સિંહાસનપર બેઠો; આજે તે રોમનો राष्ट्रगोपः पुरोहितः pontifex maximus હતો. પાદરીઓના મત લઈ તે ખ્રિસ્તનું ઇશ્વરપણું મંજૂર કરવાનો હતો. એક તરફ એરાયસનું ટોળું હતું; તેઓ ખ્રિસ્તને સોળેસોળ આના ઇશ્વર માનવાને નારાજ હતું. બીજી બાજુએ આથેનેસિયસનું ટોળું હતું; તેઓના મત મુજબ ખ્રિસ્ત પરિપૂર્ણ ઇશ્વર હતો. આથેનેસિયસનો જય થયો. એકત્ર થએલા પાદરીઓના કોલાહલમાં એરાયસનાં ટોળાનો ક્ષીણ અવાજ ડુબી ગયો. રાષ્ટ્રગોપ પુરોહિતે રાષ્ટ્રના કલ્યાણ માટે વધુ મતે પસાર થએલ ઠરાવને અનુમોદન આપ્યું. ખ્રિસ્તનું પરિપૂર્ણ ઇશ્વરત્વ પ્રતિષ્ઠિત થયું. કૈસરનો આદેશ રોમન સામ્રાજ્યમાં ફેલાવવામાં આવ્યો–રોમના કૈસરે માની લીધું છે કે ખ્રિસ્ત પરિપૂર્ણ ઇશ્વર છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે રોમન એ પ્રમાણે નહિ માને, તે રાષ્ટ્રનો શત્રુ ગણાશે. એરાયસનાં રચેલાં પુસ્તકો ચંડાળના હાથવડે સળગાવી મૂકવામાં આવ્યાં; તેના ટોળામાંના જે બે બિશપોએ સ્વીકારપત્રમાં સહી ન કરી તેઓને દેશપાર કરવામાં આવ્યા. ત્યારથી આજ સુધી કેટલાક યુનિટેરિયન સિવાય બધા ખ્રિસ્તીઓ ખ્રિસ્તને પરિપૂર્ણ ઇશ્વર તરીકે માનતા આવ્યા છે. જે આ વાતમાં સંદેહ લાવે, તે ખ્રિસ્તી મનાતો નથી.

નાઇસિયા નગરમાં સમસ્ત ખ્રિસ્તી સમાજે બહુમતે સ્વીકારેલ આ ઠરાવ નાઇસિયન ક્રીડના નામથી ઓળખાય છે; બધો ખ્રિસ્તી સમાજ એ ઠરાવ માને છે. આપ જાણો છો કે ઇંગ્લાંડ રોમના વિભાગ બહાર છે; તેણે પોપની તાબેદારી છોડી પ્રોટેસ્ટંટ ધર્મ સ્વીકાર્યો છે. રાણી એલિઝાબેથના અમલમાં ચર્ચ ઓવ્ ઇંગ્લાંડના ધર્મ સંબંધી ધારાધોરણો નકી થયાં છે. તે ધારાધોરણો ૩૯ કલમોમાં રચાયાં છે. એ અંગ્રેજોના ચર્ચના પ્રખ્યાત થર્ટિનાઇન આર્ટિકલ્સ કહેવાય છે. બિશપોએ એ નિયમો ઘડી કાઢ્યા છે; અને રાણી એલિઝાબેથે પાર્લમેન્ટમાં મંજૂર થયા પછી એને અનુમોદન આપ્યું છે. એટલું યાદ રાખશો કે અંગ્રેજોનો રાજા પણ ઇંગ્લાંડમાં રાષ્ટ્રગોપ પુરોહિત છે–Defender of the Faith છે; તોપણ તે પ્રજાના પ્રતિનિધિઓની સંમતિ વિના કશું કરી શકતો નથી. તેથીજ એ નિયમો પાર્લમેન્ટ પાસે મંજૂર કરાવવાની જરૂર પડી હતી. પાર્લમેન્ટમાં મતોવડે જનકેશ્વર સાથે તનયેશ્વરનો સંબંધ સ્પષ્ટ થઇ ગયો, અને તે સંબંધ આજ સુધી ઇંગ્લાંડમાં કાયમ રહ્યો છે.

નાઇસિયન ક્રીડ સ્વીકારે છે કેઃ—We believe in one God, the Father almighty, maker of all things visible and invisible, and in one Lord, Jesus Christ, the word of God, God from God, Light from Light, Life from Life, true God from true God, the only be-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

gotton Son, begotten not made, of the same essence, with the Father, the first born of every creature, begotten of God the Father before all ages, through whom also all things were made, who for our salvation took flesh and lived amongst men, and suffered, and rose again on the third day, and ascended unto the Father, and will come again in glory.[1]

ચર્ચ ઓવ્ ઈંગ્લાંડ માને છે કે:—There is but one living and true God, everlasting, without body, parts or passions, of infinite power, wisdom and goodness, the maker and preserver of all things both visible and invisible; And in unity of this Godhead there be three persons of one substance, power and eternity, the Father the Son and the Holy Ghost. The Son, which is the Word of the Father, begotten from everlasting of the Father, of one substance with the Father, took man's nature, so that two whole and perfect natures, that is to say, the God-

---

૧ દૃશ્ય અને અદૃશ્ય વસ્તુઓના સ્રષ્ટા સર્વશક્તિમાન પિતા એકજ પ્રભુ જિસસ ક્રાઈસ્ટમાં અમને શ્રદ્ધા છે. તે પરમાત્માનો શબ્દ છે, ઇશ્વરમાંથી ઈશ્વર થયેલો છે, પ્રકાશમાંથી પ્રકાશ છે, પ્રાણમાંથી પ્રાણ છે, પૂર્ણ ઈશ્વરમાંથી પૂર્ણ ઇશ્વર છે. ખ્રિસ્ત ઇશ્વરનો પુત્ર, ઇશ્વરથી જન્મેલો અને સર્વથી અગ્રજન્મા છે. યુગાન્તર પૂર્વે પ્રભુથી ઉત્પન્ન થયેલો છે, અને પ્રાણીમાત્રનો સરજનહાર છે. તે પ્રભુ ભૂતોના તારણ માટે મનુષ્ય દેહ ધારણ કરી મનુષ્યોની વચ્ચે રહી પ્રાણ આપી ત્રીજે દિવસે સમાધિમાંથી ઊઠી પોતાના પિતા સમીપ હાજર થયો અને ફરી તેનું મહિમામય પુનરુત્થાન થશે.

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

head and manhood, were joined together in one Person, never to be divided, whereof one is Christ, very God and very man, who truly suffered, was crucified, dead, and buried, to reconcile his Father to us and to be a sacrifice, not only for original guilt, but also for all actual sins of men.[૨]

આપ આ ઉતારાપરથી જોઇ શકશો કે ઇંગ્લિશ ચર્ચે ઘણાં ખરાં વિશેષણો સ્પષ્ટ રીતે આપ્યાં છે, એવાં સ્પષ્ટ વિશેષણો નાઇસિયન ક્રીડમાં નથી, તેમાં અસ્પષ્ટ રીતે છે. નાઇસિયન ક્રીડ પ્રચારમાં આવ્યા બાદ તે વધુ વિશાળ બની હતી; એવી વિશાળ ક્રીડનું નામ આથેનેસિયન ક્રીડ છે; ચર્ચ ઓવ્ ઇંગ્લાંડે એ ક્રીડ પણ માની લીધી છે, તે માટેજ તેમાં આટલી બધી સ્પષ્ટતા આવી છે.

ખ્રિસ્તી શાસ્ત્રકારોના મત મુજબ એ દરેક વિશેષણોનું ગૂઢ તાત્પર્ય છે. ખ્રિસ્તી ન હોય તેવા લોકોથી એ વિશેષણોનું તાત્પર્ય સમજાવું મુશ્કેલ છે. હું મારી શક્તિ મુજબ આપણી ભાષામાં તેનો અનુવાદ કરવાનો પ્રયત્ન

---

૨. એકજ ચૈતન્યમય અને પૂર્ણ ઇશ્વર છે. એ સનાતન, અમૂર્ત્ત, નિષ્કલ, શાંત, સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને કૃપાનિધાન, દશ્ય અને અદશ્ય વસ્તુઓનો સ્રષ્ટા અને રક્ષણહાર છે. તે પરમાત્માના સાયુજ્યમાં એકજ વસ્તુ, શક્તિ અને શાશ્વતતાનું ત્રિપુરૂપતત્વ છે. જેમાંનો એક જનકેશ્વર, બીજો તનયેશ્વર અને ત્રીજો અંતરાત્મા છે. તનયેશ્વર કે જે જનકેશ્વરનો શબ્દ છે, જે જનકની શાશ્વતતામાંથી જન્મ્યો છે, જે જનકસમાન તત્વવાળો છે; તેણે મનુષ્યનો અવતાર ધારણ કર્યો અને તેથી કરીને પૂર્ણ ઇશ્વરત્વ અને જીવત્વ હંમેશાને માટે એકજ વ્યક્તિમાં મળ્યું છે. જેનું સંમેલન એજ ક્રાઈસ્ટ છે, અને તે પૂર્ણ ઇશ્વર અને પૂર્ણ જીવ છે. તેણે તેના પિતાને આપણી સાથે જોડવા માટે અને મૂળ પાપને માટે તેમજ મનુષ્યનાં સર્વ પાપોને માટે આત્મબલિદાન આપવા ઘણાં દુઃખો સહન કર્યાં, ક્રોસપર જડાઇ આત્મબલિદાન આપ્યું અને ભૂમિશાયન કર્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરીશ. ઇંગ્લિશ ચર્ચ કહે છે, There is but one God-ઇશ્વર એક અને અદ્વિતીય છે, તેજ God the Father છે-यो नः पिता जनिता; તે living God છે-તે પ્રાણ સ્વરૂપ છે, स उ प्राणस्य प्राणः; તે everlasting-અજ અથવા જન્મરહિત, નિત્ય, શાશ્વત છે; without body-અમૂર્ત અથવા મૂર્તિરહિત છે; without parts, કલાહીન અથવા નિષ્કલ છે, નિરવયવ છે, અખંડ છે; without passions-શુદ્ધ શાન્ત, નિરવદ્ય, નિરંજન છે. આ બધાં વિશેષણોને એકત્ર કરતાં આપણી ભાષામાંના "निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरंजनं दिव्योह्यमूर्तः पुरुषः सो बाह्याभ्यान्तरो ह्यजः" એ બધા શબ્દો લગભગ આવી જાય છે. ફક્ત ભાષાફેર છે એટલુંજ. નિષ્ક્રિય વિશેષણ નથી. ખ્રિસ્તીઓને એમાં અડચણ હોઇ શકે. दिव्य અથવા ज्योतिर्मय વિશેષણ પણ નથી. પરંતુ નાઇસિયન ક્રીડમાં છે. बाह्याभ्यन्तरः અથવા सर्वव्यापी એ વિશેષણ પણ નથી. ખ્રિસ્તીઓને એ બાબતમાં ખાસ અડચણ હશે કે નહિ તે મારા જાણવામાં નથી. ત્યારપછી કહે છે: "of infinite power"-સર્વશક્તિ; "of infinite wisdom"-સર્વજ્ઞ-આ બે વિશેષણો આપણા બધાં શાસ્ત્રોમાં જાણીતાં છે. ત્યાર પછીનું વિશેષણ-of infinite goodness છે. અહીં goodnessનો અર્થ kindness-it denotes the Divine will realising itself in imparting happiness to creatures છે-એનું બીજું નામ Grace, કૃપા અથવા કરુણા થાય છે. અદ્વૈતવાદી પોતાના પરબ્રહ્મને આ વિશેષણ આપતાં અચકાય; પરંતુ રામાનુજ સ્વામીએ તો પોતાના બ્રહ્મને, પોતાના વાસુદેવને કંઈપણ આનાકાની વગર આ વિશેષણ આપ્યું છે,-"समस्तकल्याणगुणात्मकोऽसौ" "जगतामुपकाराय चेष्टा तस्याप्रमेयस्य;" તે 'अपार-कारुण्य-सौशील्य-वात्सल्य-औदार्य-महौषधि." ત્યાર પછી કહ્યુંછે કે તે maker and preserver of all things, visible and invisible-તે

બધાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ પ્રાણીઓનો સૃષ્ટિકર્ત્તા અને સ્થિતિવિધાતા છે; અર્થાત્ તે ભૂતયોનિ–**यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति**–છે.

જનકેશ્વરનાં વિશેષણો તો આપે સાંભળ્યાં. ઇશ્વરની સાથે ખ્રિસ્તનો સંબંધ નક્કી કરવા માટે ખ્રિસ્તી સમાજમાં ઘણી ગરબડ મચી હતી. ખ્રિસ્તનું ઇશ્વરત્વ પૂર્ણ કે આંશિક માનવું, એ સંબંધમાં આ વિરોધ જામ્યો હતો. નાઇસિયન ક્રીડમાં જે સંબંધ હંમેશને માટે નક્કી થયો છે, તેજ વિખ્યાત ટ્રિનિટિ તત્ત્વ, અથવા ત્રિપુરુષ તત્ત્વ છે. પહેલો પુરુષ તે જનકેશ્વર, બીજો પુરુષ તે તનયેશ્વર, અને ત્રીજો પુરુષ તે Holy Spirit ( અંતરાત્મા ). ટ્રિનિટિ તત્ત્વના મત મુજબ ઇશ્વર એક છતાં આ ત્રણ પુરુષરૂપે વિદ્યમાન છે; એ ત્રણે રૂપો પૂર્ણ ઇશ્વર છે, છતાં ઇશ્વર ત્રણ નથી, એક છે. "The three Persons are of the same essence, power and eternity. Each is God; in each dwells the whole fullness of the godhead. દરેક નિત્ય છે, દરેક સર્વ શક્તિમાન છે. અહીં એક ટોળું કહેતું કે પુત્ર પિતાની સમાન છે; બીજું ટોળું કહેતું, પુત્ર પિતા સરખો છે. એક ટોળાના મત મુજબ આ સંબંધનું નામ homo ousia–સમાત્મકતા છે, બીજાં ટોળાના મત મુજબ આ સંબંધનું નામ homoi–ousia સદૃશાત્મકતા છે. પિતા અને પુત્ર બંને એકજ essence, substance અથવા વસ્તુ છે, છતાં બંને વચ્ચે એક પ્રકારનો ઉપાધિગત ભેદ છે. ખ્રિસ્ત ઇશ્વરનો પુત્ર છે, ઇશ્વરથી ઉત્પન્ન થયો છે; બધાની પહેલાં જન્મ્યો છે; begotten of the Father, first begotten of the Father. પિતા ઇશ્વર બધાં પ્રાણીઓનો બનાવનાર છે–maker of all things; પણ પુત્રનો તે સૃષ્ટા નથી; સૃષ્ટિકર્ત્તા નથી; તે begetter માત્ર છે, જન્મદાતા માત્ર છે; આનો અર્થ એ કે પ્રાણીમાત્રનું તે નિમિત્ત કારણ માત્ર છે, પરંતુ પુત્રનું તે નિમિત્ત કારણ પણ છે, ઉપાદાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારણ પણ છે. કુંભાર ઘડાનું નિમિત્ત કારણ છે; તે માટીવડે ઘડો ઘડે છે; પરંતુ પિતા એ પુત્રનું નિમિત્ત કારણ છે, તેમ ઉપાદાન કારણ પણ છે; તેણે પોતાના ઉપાદાનમાંથી પુત્રને જન્મ આપ્યો.

પિતાએ પુત્રને જન્મ આપ્યો, બધા પહેલાં જન્મ આપ્યો. અહીં એ સવાલ ઉત્પન્ન થઇ શકે કે કયારે કયે વખતે જન્મ દીધો ? ખ્રિસ્તીઓ એનો જવાબ એવો આપે છે કે before all ages અર્થાત્ જ્યારે કાળ પણ નહોતો, તે વખતે. આનો અર્થ એટલોજ કે પુત્ર પણ પિતાની માફક અનાદિ અને નિત્ય છે. પિતાએ જે તારીખે સૃષ્ટિ ઉત્પન્ન કરી, તે તારીખનો હિસાબ ખ્રિસ્તીઓ આપે છે. પરંતુ પુત્રના જન્મની કોઇ પણ તારીખ બતાવી શકતા નથી. પરિણામે ખ્રિસ્ત કાલાતીત; beyond time ગણાય છે; જ્યારે સત્ પણ નહોતું, અસત્ પણ નહોતું, તે કાળમાં જન્મેલો ગણાય છે.

અહીં પિતા અને પુત્ર વચ્ચે થોડો ભેદ છે. પિતા અનાદિ અને નિત્ય છે, પુત્ર પણ અનાદિ અને નિત્ય છે, છતાં પુત્ર પિતાથી ઉત્પન્ન થયો છે. પિતાનાં જે વિશેષણો છે, તે બધાં પુત્રને વિષે વિદ્યમાન છે; એ સિવાય, એ ઉપરાંત એક વધુ વિશેષણ પુત્રને લાગેલું છે; તે પિતાથી ઉત્પન્ન થયો છે, તે જાત છે.

ખ્રિસ્તનું આ વિશેષણ જોઈ આપને હિરણ્યગર્ભ યાદ આવશે. "**हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत्**"–હિરણ્યગર્ભનો જન્મ થયો હતો; છતાં તે બધાની પહેલાં વિદ્યમાન હતો; તેજ અગ્રજન્મા ઇશ્વર છે. જન્મતાં જ તે ભૂતમાત્રનો પતિ થયો હતો, ભૂતપતિ અને પ્રજાપતિ જો એક જ અર્થમાં લઇએ તો પ્રજાપતિ પણ પ્રથમથી વિદ્યમાન હતા, એ આપણાં શાસ્ત્રોએ વારંવાર કહ્યું છે. આ પ્રજાપતિ જ ભૂતસકલના સ્રષ્ટા છે–તેણેજ કામના કરી, અને બધાં પ્રાણીઓની, બધી પ્રજાની ઉત્પત્તિ થઇ. ખ્રિસ્તના સંબંધમાં પણ ખ્રિસ્તીઓ કહે છે, તે અગ્રજન્મા પુત્ર છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના વડેજ પિતાએ-ઇશ્વરે-બધાં પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં હતાં-through Him all things were made;[1] ખ્રિસ્તના જન્મથીજ સૃષ્ટિનો આરંભ થયો-His everlasting birth is the first step towards creation and the universe of things owes its origin to Him.[2] હિરણ્યગર્ભ જેમ પ્રાણીમાત્રનો પતિ છે, તેજ મુજબ ખ્રિસ્તને પણ ખ્રિસ્તીઓ બધાં પ્રાણીઓનો પતિ માને છે, ખ્રિસ્તનું દરરોજ વપરાશમાં આવતું વિશેષણ our Lord છે; એક બીજું વિશેષણ છે:—King,-King of Kings or Lord of Lords; far above all authority and power and every name which is named.[3]

આપે જોયું કે પિતા અને પુત્ર બધી રીતે એક સરખા, પરિપૂર્ણ ઇશ્વર છે; તોપણ બંને વચ્ચે ઉપાધિભેદ છે. બંને અનાદિ અને નિત્ય છતાં પેતા જન્મ રહિત અથવા અજ છે; અને પુત્ર પિતાથી જન્મેલો અને ગ્રજાત છે. આટલો ભેદ છતાં અભેદ સ્પષ્ટ બતાવવા માટે કેટલાંક બીજાં શેષણો વપરાય છે, પુત્ર પિતાવડે જન્મ્યો છે. કોણ કોનાથી જન્મ્યું છે, તેના જવાબમાં કહેવાય છે કે God from God-ઇશ્વરવડે ઇશ્વર જન્મ્યો છે; very God from very God-પૂર્ણ ઇશ્વરમાંથી પૂર્ણ ઇશ્વર જન્મ્યો છે. ત્યારપછી કહ્યું છે કે Light from Light-પિતા જ્યોતિઃ સ્વરૂપ છે, પુત્ર પણ જ્યોતિઃ સ્વરૂપ છે. Life from Life-પિતા પ્રાણસ્વરૂપ છે. પુત્ર પણ પ્રાણ સ્વરૂપ છે. બ્રહ્મસૂત્રનાં આ ત્રણ સૂત્રો યાદ કરો:-'**ज्योतिश्चरणाभिधानात्**" "**प्राणस्तथानुगमात्**" "**अतएव प्राणः**" છાંદોગ્ય અને કૌષીતકિ ઉપનિષદના વાક્યના અવલંબન પર આ ત્રણ સૂત્ર રચાયાં છે.

---

૧. તેમાંથી બધી ચીજો સરજાઇ છે. ૨. તેનો સનાતન જન્મ સૃષ્ટિ તરફ પ્રથમ પગલું છે અને જગતનું મૂળ તે પોતે છે. ૩. જે રાજાઓનો રાજા, માલેકોનો માલેક, અને બધા અધિકાર, સત્તા અને નામોથી પર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છાંદોગ્ય કહે છે–"**अथो यद् अतः परो दिवो ज्योतिर्दीप्यते, विश्वतः पृष्ठेषु, सर्वतः पृष्ठेषु, अनुत्तमेषु उत्तमेषु लोकेषु, यदिदं बाव तद्, यदिदं अन्तःपुरुषे ज्योतिः**" જે જ્યોતિ ઘુલોકની ઉપર, વિશ્વનાં પૃષ્ઠ પર, સર્વલોકનાં પૃષ્ઠ પર પ્રકાશી રહી છે, પુરુષનાં અંતઃશરીરમાં જે જ્યોતિ પ્રકાશી રહી છે, તે પરજ્યોતિ જ એ જ્યોતિ છે. ઇશ્વરને જ્યોતિઃસ્વરૂપ ગણવામાં આવ્યો છે, કારણ કે "**तमेव भान्तमनुभाति सर्वं, तस्यभासा सर्वमिदं बिभाति**"–તેની પ્રભાવડે બીજાં બધાં પ્રભા આપે છે, તેની, પ્રભાથી બીજાં બધાં પ્રભાન્વિત થાય છે. કૌષીતકિ કહે છે કે "**प्राणोऽस्मि प्रज्ञात्मा तं मामायुरमृतं इत्युपास्व**"–હું પ્રાણ સ્વરૂપ અને પ્રજ્ઞા સ્વરૂપ છું, આયુઃસ્વરૂપ અને અમૃત સ્વરૂપ છું; મારી ઉપાસના કરો. છાંદોગ્યે પ્રશ્ન પૂછ્યો છેઃ **कतमा सा देवता?** જવાબમાં કહ્યું છે કે "**प्राण इति होवाच**" તે પ્રાણ છે. આના કરતાં સ્પષ્ટ ભાષા હોઇ શકેજ નહિ.

આ ખ્રિસ્ત જેમ દેવપુત્ર કહેવાય છે, તેમ માનવપુત્ર પણ કહેવાય છે. નાઇસિયન ક્રીડ આ માનવ પુત્રના સંબંધમાં બહુજ ટુંકાણમાં કહે છે કે, Who for our Salvation became flesh, and lived amongst men, and suffered, and rose again on the third day and ascended unto the Father. આ પ્રમાણે ટુંકાણમાં ખ્રિસ્તનાં માનવ જીવનની કથા વર્ણવી છે. તે માનવોને તારવા માટે માનવનું રૂપ ધારણ કરી માનવોમાં વસ્યો હતો, અને મનુષ્યો માટે પ્રાણ આપી ત્રીજે દિવસે સમાધિમાંથી ઉઠી પિતા સમીપ ગયો. આ માટે તેને Saviour કહ્યો છે. Saviour શબ્દનો અનુવાદ આપ જાણવા ઇચ્છો છો? તારાસાર ઉપનિષદમાં એનો અનુવાદ મળી આવે છે–અતિશય પરિચિત ભાષામાં તેનો અનુવાદ મળી આવે છે–Saviourનો અનુવાદ તારક–બ્રહ્મ છે.

મનુષ્યના રૂપમાં અથવા જીવના રૂપમાં ઇશ્વરનું અવતરણ એ ખ્રિસ્તી

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

ધર્મનો પાયો છે. જે ઇશ્વર રૂપે અમૂર્ત્ત છે, તેણેજ જીવ રૂપે મૂર્તિ ધારણ કરી છે. તેનું ઇશ્વરપણું જેમ પરિપૂર્ણ છે, તેમ જીવત્વ પણ પરિપૂર્ણ છે. જે રીતે તે ઇશ્વર સાથે એકાત્મ રૂપ છે, તેજ રીતે તે જીવ સાથે પણ એકાત્મ રૂપ છે. એકી સાથે તે પૂર્ણ ઇશ્વર અને પૂર્ણ જીવ છે. એવું ન ધારશો કે મેરીના ગર્ભમાં જન્મવાથીજ તેને જીવત્વ પ્રાપ્ત થયું; તે તો અનાદિ જીવ છે. મેરીના ગર્ભમાં જન્મ લીધો તે Incarnation અથવા માનવવિગ્રહધારણ કહેવાય છે; પરંતુ તે પહેલાં પણ તે જીવ હતો કારણ કે He was in the flesh, as before the Incarnation, in the bosom of the Father." તે માનવજન્મ ગ્રહણ પહેલાં જીવ રૂપે પિતા સાથે જોડાએલો હતો. મર્ત્યભૂમિના ત્યાગ પછી તેણે એ જીવત્વ તજ્યું નથી. આ પ્રમાણે પૂર્ણ ઇશ્વરત્વ અને પૂર્ણ જીવત્વ બંને હમેશને માટે તેનામાં એકત્ર થઇ રહ્યાં છે. "Two whole and perfect natures, the Godhead and the manhood, were joined together in one Person, never to be divided." આમ પૂર્ણ ઇશ્વિરત્વ અને પૂર્ણ જીવત્વનાં સંમિલનથી એક જ ખ્રિસ્ત બન્યો છે; ઇશ્વિરત્વ અને જીવત્વ તેનામાં એકત્ર થઇ ગએલ છે. કદી પણ એ બંનેમાં વિચ્છેદ થયો નથી, અથવા થશે પણ નહિ.

બીજા જીવો સાથે આ ખ્રિસ્તનો સંબંધ કઈ રીતનો છે? જીવમાત્ર ઇશ્વરના પુત્રસ્થાને હોવા છતાં તેઓ પુત્રના અધિકારથી વંચિત છે; જીવના અપરાધથી તેની અને ઇશ્વિર વચ્ચે દારૂણ અંતર પડી ગયું છે. આ અપરાધનું ખ્રિસ્તી નામ Sin–પાપ છે. અધ્યાપક ડયુસને બતાવી આપ્યું છે કે ખ્રિસ્તીઓ જેને પાપ કહે છે, વેદપંથી તેને અવિદ્યા કહે છે. ખ્રિસ્તીઓ કહે છે કે આ અપરાધથી જીવ પોતાના અધિકારથી ચ્યુત થયેલ છે. એટલુંજ નહિ પણ ઇશ્વિર સાથે જીવની શત્રુતા બંધાઇ છે–enmity બંધાઇ છે. પિતા કરૂણામય છે–તે પુત્રોને ખોળામાં લેવા ઇચ્છે છે, તેમ ન કરે તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેઓનો આરો શો ? જીવોનું પાપ એવું તો ભયંકર છે કે ઈશ્વર વિના કોઇ પણ તેને એ પાપમાંથી મુક્ત કરી શકે તેમ નથી; વેદપંથી કહે છે કે "त्वं हि नः पिता, योऽस्माकं अविद्यायाः पारं तारयति-" તમેજ અમારા પિતા છો, તમે જ અમને અવિદ્યામાંથી પેલે પાર તારવાને શક્તિમાન છો, બીજું કોઇ તેમ કરવાને શક્તિમાન નથી. ખ્રિસ્તીઓ કહે છે, કે— Man's sin was so great that God only could pay it; therefore one must pay it who is God and Man. Hence the necessity of the Incarnation. The son of God died for man in his own nature and thus wrought out a perfect satisfaction for his sin. Being originally in the absolute from of God, He emptied Himself of the invisible splendours of the Deity and took upon Him the from of a *bondman* and appeared in the likeness of man.† જીવના તારણ માટે ખ્રિસ્ત પોતે જીવ બન્યો. બધા જીવધર્મો ગ્રહણ કર્યા. તે જાણતો હતો કે હું પોતે ઇશ્વર છું; I and my Father are one–મારૂં ઐશ્વર્ય પરિપૂર્ણ છે; તો પણ તે પોતાનું બધું ઐશ્વર્ય તજી ક્ષુદ્ર જીવ બન્યો. તે મોટો છતાં નાનો બન્યો; તે મુક્ત પુરુષ છતાં બદ્ધજીવ–bondman બન્યો. આ બદ્ધજીવ વિશેષણ આપ યાદ રાખશો. ક્ષુદ્ર જીવ બની તેણે દીન દરિદ્રોમાં જન્મ લીધો. તેને ઘર નહોતું, આજીવિકા નહોતી; તેના સ્વજનોએ તેને

---

† મનુષ્યનું પાપ એટલું મોટું હતું કે ઈશ્વરજ તેનો પ્રતીકાર કરી શકે. તેટલા માટે ઇશ્વર અને મનુષ્ય બંનેએ તેવું બલિદાન આપવું જોઇએ. આને લીધેજ અવતારની જરૂર ઉત્પન્ન થાય છે. તનયેશ્વરે પોતાની પ્રકૃતિમાં મનુષ્યને ખાતર દેહનું બલિદાન આપ્યું અને તેના પાપને માટે પૂર્ણ સંતોષ પ્રાપ્ત કર્યો. તે મૂળ મુક્ત આત્મા હોઇને પોતાનું અખિલ ઐશ્વર્ય ખાલી કરીને બદ્ધજીવ બન્યો અને મનુષ્યના જેવો જણાયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તજ્યો હતો; તેના પર રાજ્ય તરફથી કામ ચાલ્યું; રાજપુરુષોએ તેને સોટીઓ મારી; સાધારણ માણસો તેના પર થુંક્યા; તેના શિષ્યે જ તેને પકડાવી દીધો; બીજા શિષ્યોએ પણ અંતકાળ વખતે તેને તજી દીધો; છેવટે બે ચોરો વચ્ચે ક્રોસ પર જડાઈ મરણપીડા ભોગવતો ભોગવતો મરણ પામ્યો.

સાધારણ માણસોની પેઠે દારુણ પીડા અને અતિ દારુણ અપમાન સહન કરતાં કરતાં મરણ થયું, તેજ ખ્રિસ્તનો આત્મદાન-રૂપ મહાયજ્ઞ છે. તેણે પુરેપુરો જીવધર્મ સ્વીકાર્યો હતો; જાતિધર્મનો ભેદ રાખ્યા સિવાય માનવ માત્રનો તે પ્રતિભૂ હતો; માટે બધી માનવજાતિના નિષ્ક્રય રૂપે તેણે પોતાને નરપશુ રૂપે ગણી આ પુરુષયજ્ઞને વિષે પોતાની આહુતિ આપી; ઘેટાની માફક તેને યજ્ઞભૂમિ પર વધ માટે લાવવામાં આવ્યો હતો. તેણે પોતાને Lamb of God રૂપે-ઇશ્વરને બલિદાન આપવાના ઘેટા રૂપે ઓળખાવ્યો હતો-ઘણે સ્થળે તેને ઘેટા સાથે સરખાવવામાં આવ્યો છે. જેહોવાના ઉદ્દેશે ઘેટાંનું બલિદાન આપવામાં આવતું; તેણે એ ઘેટા રૂપે આત્મોત્સર્ગ કર્યો હતો-બીજા યાજકની જરૂર પડી નહોતી માટે તે એકીસાથે ઋત્વિક્ અને પશુ,-Priest અને Victim હતો. સમસ્ત માનવ તેનાં યજમાન બન્યાં હતાં; તેણે પોતે પોતાના ઋત્વિક્ બની પોતાને પશુ કલ્પી આત્માહુતિ આપી. આ આત્માહુતિ કોને માટે અપાઇ હતી? તેના પિતાને ઉદ્દેશે અપાઇ હતી. તે પિતાથી જુદો છતાં જુદો નથી. મરણ પછી તે ઉત્થાન પામ્યો હતો; મૃત્યુ તેને જીતી શક્યું નહોતું. પિતા ઇશ્વરની પાસે ઉભો રહી માનવનો એ પુરોહિત માનવ-યજમાન તરફથી એ આહુતિ પિતાની પાસે અદ્યાપિ અર્પણ કરે છે-હંમેશાં અર્પણ કરશે. એ આહુતિદ્વારા જીવનું પાપ છૂટયું; ઇશ્વર અને જીવ વચ્ચે જે જુદાઇ હતી, તે દૂર થઇ-જીવ ફરીથી પિતાવડે પુત્રરૂપે સ્વીકારાયો. બંને વચ્ચે ઐક્ય (atonement) થયું; આ atonementનો અર્થ at-one-ment અર્થાત્ making at one થાય છે. ખ્રિસ્તી કહે છે કે એ reconciliation છે; જીવ અને ઈશ્વર વચ્ચેની સંધિ છે. વેદપંથી કહે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે કે આ કેવળ સંધિ નથી પણ એકાત્મતા છે. યજમાન આથી દેવતા બને છે; જીવ શિવ થાય છે. યાદ રાખશો કે આ યજ્ઞદ્વારાજ જીવની સાથે શિવનું મિલન થયું. આ યજ્ઞનો ઋત્વિક્ ઇશ્વર પોતે છે. આહુતિનું દ્રવ્ય ઇશ્વર પોતે છે, અને ઉદ્દિષ્ટ દેવતા પણ ઇશ્વર પોતે છે. વાસ્તવિક રીતે આ **ब्रह्मार्पणं ब्रह्महविः ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्**–બ્રહ્મે પોતે બ્રહ્માગ્નિમાં બ્રહ્મરૂપ હવ્યને બ્રહ્મને માટે અર્પણ કર્યું છે.

બાઇબલનાં વર્ણન મુજબ મરણને ત્રીજે દિવસે ખ્રિસ્ત સમાધિમાંથી ઉઠયો હતો; લોકોએ જોયું કે તેની કબર ખાલી છે; કોઇ કોઇ ભક્તને તેણે તે અવસરે સશરીરે દર્શન પણ આપ્યાં હતાં. ત્યારપછી તે અન્તર્ધાન થયો, સ્વર્ગમાં ગયો. આ બનાવ Resurrection અથવા પુનર્જન્મલાભના નામથી ઓળખાય છે. વૈજ્ઞાનિક યુક્તિવડે આ ઘટના ટકી શકતી નથી. આ બનાવના પક્ષમાં જે જે સાબીતિઓ આપવામાં આવે છે, તે સાબીતિઓથી કોઇ પણ ઐતિહાસિક સંતોષ પામે તેમ નથી; પરંતુ ખ્રિસ્તી સમાજ આ બનાવને દૃઢતાથી વળગી રહ્યો છે–આ ઘટનાને ખોટી માનતાં ખ્રિસ્તી ધર્મનું મૂળ ઉખડી જાય છે. આ બનાવથીજ ખ્રિસ્ત મૃત્યુને જીતનારો છે તે સાબીત થાય છે. જે મૃત્યુ જીવોનાં પાપનું અવશ્યંભાવિ ફળ છે. તે મૃત્યુનો તેણે જય કર્યો હતો, તે અમર હતો, તે અમરજ રહ્યો; મરણધર્મી જીવોને પણ તેણે અમરતા બક્ષી. ઇશ્વરમાં જે અમરતા સ્વાભાવિક રીતેજ રહેલી છે, તે અમરતાનો અધિકાર સાધારણ જીવોને પણ મળ્યો. આ અમરતા પ્રાપ્તિનું નામ Salvation અથવા મુક્તિ. આથી જીવ ઇશ્વરની સમીપ આવ્યો. આપણી ભાષામાં સાલોક્ય અથવા સામીપ્ય મુક્તિ પામ્યો એમ કહી શકાય. ઇશ્વરની સાથે સાયુજ્ય મેળવવું અથવા તદ્દન ઈશ્વર રૂપ બની જવું એ ખ્રિસ્તીઓને પ્રિય નહિ હોય; આપણા દેશમાં ભક્તિમાર્ગના પથિકો પણ એવું સાયુજ્ય માગતા નથી. ખ્રિસ્તીઓ પણ લગભગ તેમના જેવુંજ સામીપ્ય માગે છે. અમરતાપ્રાર્થી ખ્રિસ્તીઓ સ્વર્ગમાં અથવા ઇશ્વરની પાસે જવા ઇચ્છે છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સશરીરે સ્વર્ગમાં જવા માગે છે. કોઇ પણ રૂપે સૂક્ષ્મ શરીર ધારણ કરી સ્વર્ગમાં જવું એમને ગમતું નથી. મૃત્યુલોકનાં જુનાં વસ્ત્રો તજી વિદેહ મુક્તિ મેળવવી એ તેમને પોસાતું નથી–તેઓ એકી સાથે કૉલર નેકટાઈ સાથે સશરીરે ઈશ્વરની પાસે જવા માગે છે. સશરીરે સ્વર્ગમાં જવાની કથા આપણી પૌરાણિક આખ્યાયિકાઓમાં પણ છે.–યયાતિ, ત્રિશંકુ, હરિશ્ચંદ્ર વગેરેનાં સશરીરે સ્વર્ગ–ગમનના પ્રયત્નની વાત આપે સાંભળી હશે. યુધિષ્ટિર તો ખરેખર કાંઇ પણ વિઘ્ન વિના સશરીરે સ્વર્ગ ગયા હતા. પરંતુ વેદ-પંથીઓ આ સ્વર્ગને હલકું માનતા હતા; એ બ્રહ્મલોક ગણાતો નહિ. વેદની ભાષામાં એ દેવોનું પ્રિયધામ ગણાતું; તે મોક્ષ માગતા, તે એવું સ્વર્ગ માગતા નહિ. યુધિષ્ટિર સશરીરે સ્વર્ગમાં ગયા હતા છતાં તેમને એક વખત નરક જોવું પડ્યું હતું. જીવને માટે બધી તરફથી જીવધર્મ તજી શકાતો નથી. ઇસુખ્રિસ્ત પણ ક્રોસ પર મરણ પામ્યા પછી અને સમાધિમાંથી ફરી ઉઠ્યા પહેલાં એક વાર અધોભુવન અથવા નરકમાં ગયો હતો–આથેનેસિઅન ક્રીડમાં આ વાત સ્પષ્ટ રીતે માના લીધેલી છે. ખરેખર તે નરક જોવા ગયો હતો, નહિ તો તેનું જીવત્વ પરિપૂર્ણ થાત નહિ. ક્ષુદ્ર જીવને જે કંઇ સહેવું પડે, તે બધું ઇશ્વરને પણ જીવરૂપ લેતાં સહેવું પડે છે.

ખ્રિસ્ત દેવતા તે કોણ, એ વાત હજુ પણ સમજવી બાકી રહી કે શું ? ખ્રિસ્તીઓનાં શાસ્ત્રોમાં ખ્રિસ્તને જે જે વિશેષણો આપવામાં આવ્યાં છે, તે વિશેષણોનો મેં મારી શક્તિ મુજબ આપણી ભાષામાં અનુવાદ કરી આપ્યો છે–એ અનુવાદ જોઇ આપ કદાચ ચમક્યા હશો. અધિકાંશ સ્થળે ખ્રિસ્તીઓ અને વેદપંથીઓની ભાષા અક્ષરેઅક્ષર મળતી આવે છે. પરિ-ણામે હું આપને સ્પષ્ટતાપૂર્વક કહેવા ઇચ્છું છું, કે આપણા શાસ્ત્રમાં જેને જીવ કહ્યો છે, તેજ ખ્રિસ્તી શાસ્ત્રોમાં ખ્રિસ્ત છે. ખ્રિસ્તની સાથે ઇશ્વરનો સંબંધ જીવની સાથે ઇશ્વરના સંબંધ જેવો જ છે. આપણા દેશમાં એ સંબંધ સમજાવવા જતાં જેમ અદ્વૈતવાદ, દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ વગેરે જુદા જુદા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાદપ્રતિવાદની સૃષ્ટિ થઇ છે, તેમ ખ્રિસ્તી સમાજમાં પણ એ સંબંધ સમજાવવા જતાં એવા જ નાના પ્રકારના વાદપ્રતિવાદ સરજાયા છે, કેટલાંક વરસો એવા વાદપ્રતિવાદનાં મોજાંથી ખ્રિસ્તી સમાજ ઉછળી રહ્યો હતો. છેવટે આપે જોયું તેમ ખ્રિસ્તી સમાજે જે સંબંધ સ્વીકારી લીધો છે, તે તદ્દન વિશુદ્ધ અદ્વૈતવાદ ન છતાં તે અદ્વૈતવાદને ઘસાઇને ચાલ્યો ગયો છે. ખ્રિસ્તીઓએ માની લીધું છે કે ઇશ્વર સૃષ્ટિકર્ત્તા છે–તેણે ઇચ્છા કરતાંજ સૃષ્ટિ બની છે–God said Let there be light, and there was light[1]-ઇત્યાદિ. વેદાન્તમાં પણ '**स ऐक्षत**' '**सोऽकामयत**' ઇત્યાદિ વાક્યો સૃષ્ટિપ્રસંગે બોલાયાં છે. પંચદશી એ બધાંની ચર્ચા કરી કહે છે કે "**संकल्पेनासृजत् लोकान्**"–સંકલ્પદ્વારા જ તેણે બધાં લોકોને બનાવ્યાં છે. બાઇબલ કહે છે, કે He made man after his own image–આપણે પણ કહીએ છીએ, કે ઇશ્વર જ જીવ બન્યો છે; બંનેનો સંબંધ બિમ્બપ્રતિબિમ્બના સંબંધના જેવો છે. Image શબ્દનો અર્થ પ્રતિબિમ્બ થાય છે. ખ્રિસ્ત એક તરફથી દેવપુત્ર છતાં પોતે true God, very God, perfect God અથવા મહેશ્વર અથવા પરમેશ્વર છે; તેમ બીજી બાજુથી તે માનવપુત્ર છતાં perfect Man, Sinless Man અથવા પુરૂષોત્તમ છે. બંને અનાદિ છે, નિત્ય છે; બંને સર્વેશ્વર છે, બંને ઇશ્વરત્વથી પરિપૂર્ણ છે. ખ્રિસ્ત અને ઇશ્વર બંને જુદા જુદા છતાં અને બંને સમાન રીતે ઇશ્વર છતાં ઇશ્વિર એકજ છે, બે નથી. There is but one God, but not two Gods. ખ્રિસ્તમાં ઇશ્વરત્વ અને જીવત્વ એકી સાથે રહેલું છે, ખ્રિસ્ત એકલો પૂર્ણ ઇશ્વર અને પૂર્ણ જીવ છે. આ અદ્વૈતવાદ નહિ તો બીજું શું? ખ્રિસ્તી સમાજમાંના જુદા જુદા પંથોનો ઉપર ઉલ્લેખ કર્યો છે. એરાયસ કહે છે, કે ખ્રિસ્ત જયારે પુત્ર છે, ત્યારે તે પિતાની પછીજ જન્મ્યો હોવો જોઇએ,

---

૧. પ્રભુએ કહ્યું કે પ્રકાશ થાઓ, અને પ્રકાશ થયો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે અનાદિ, નિત્ય હોઇ શકે નહિ. Apollonarious કહે છે, કે ખ્રિસ્ત એકલોજ એક પુરુષ છે. તે કાં તો પુરેપુરો ઇશ્વર છે, અગર પુરેપુરો જીવ છે. તે એકલો બંને રૂપ શી રીતે હોઈ શકે? આ પ્રશ્નનો જવાબ બૃહદારણ્યકમાં આવેલો છે-" **पूर्णमदः पूर्णमिदं** " એ પણ પૂર્ણ, આ પણ પૂર્ણ; " **पूर्णात् पूर्णमुदच्यते** " પૂર્ણમાંથી પૂર્ણ જાય છે. " **पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते** " પૂર્ણમાંથી પૂર્ણ જતાં જે બાકી રહે તે પણ પૂર્ણ છે. Nestorious કહે છે, કે ખ્રિસ્ત જયારે ઈશ્વર છતાં જીવ છે, ત્યારે તે એક નથી; એક ખ્રિસ્તમાં બે પુરુષ વિદ્યમાન છે. Eutychius કહે છે, કે ખ્રિસ્ત એક પુરુષ છે; તે કાં તો ઇશ્વર છે, કાં તો જીવ છે; એકી સાથે બંને હોઈ શકે નહિં. ખ્રિસ્તી સમાજે છેવટે એ બધા મત તજી દીધા. તેણે સ્વીકારી લીધું કે ખ્રિસ્ત એકજ પુરુષ છે; તે એકી સાથે ઈશ્વર અને જીવ બંને છે. જે ઈશ્વર, તેજ જીવ-જીવેશ્વરમાં કશો ભેદ નથી. અદ્વૈતવાદ આથી તે બીજો કયો? ત્યારબાદ જયારે ખ્રિસ્ત પોતાને મોંએ કહે છે, કે હું અને મારો પિતા અભિન્ન છીએ; I and my Father are one-ત્યારે " **अहं ब्रह्मास्मि** " એ મહાવાકયનો પ્રતિધ્વનિ જ તેના મોંએ સાંભળીએ છીએ, એ કેવી રીતે નાકબુલ કરવું?

આ જે ઈશ્વર, જે અનાદિ છે, નિત્ય છે, કાલાતીત છે, જે ચિરમુક્ત છે, તેજ બદ્ધ થયો છે, bondman બન્યો છે; તે વાસ્તવિક રીતે **ભૂમા** છતાં ક્ષુદ્ર બન્યો છે; પોતાને દેશકાલથી પરિછિન્ન કરી જન્મમૃત્યુને અધીન થયો છે; તે નરદેહ ધારણ કરી દુઃખને અધીન થયો છે. પરંતુ એ નરદેહ લીધા છતાં બદ્ધ અવસ્થામાં આવી પડયા છતાં તેનું ઈશ્વરત્વ અણુમાત્ર ઓછું થતું નથી. ખ્રિસ્તીઓ કહે છે, Though he humbled Himself, He never for one moment ceased to be God. આપણે પણ કહીએ છીએ, કે જીવ હંમેશનો મુક્ત છે, તેનું બંધન એ એક જાતનો અભિનય માત્ર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપે ભાગવત અને પાઞ્ચરાત્ર વૈષ્ણવોના ચતુર્વ્યૂહવાદની વાત સાંભળી હશે. એ ભાગવત મત ખ્રિસ્તના જન્મ પહેલાં ઘણાં વર્ષો પૂર્વે સ્થપાયો હતો. તેની ઐતિહાસિક સાબિતી મળી આવે છે. મહાભારતમાં એ મતનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ કરેલો છે; મહાભારતનો એ ભાગ ખ્રિસ્તના જન્મ પછી મહાભારતમાં પ્રક્ષિપ્ત રૂપે ઉમેરાયો હતો, એ વાત ભારપૂર્વક કહી શકાય તેમ નથી. આ ભાગવત મતનું નામ ચતુર્વ્યૂહવાદ છે; રામાનુજ સ્વામી એને ચાતુરાત્મ્ય ઉપાસના કહે છે. એ વાદ ખ્રિસ્તીઓના Trinity અથવા ત્રિવ્યૂહવાદ જેવો જ છે. બંને વચ્ચે એટલી બધી સમાનતા છે, કે કોણે કોની પાસેથી ઉધાર લીધું છે તે પ્રશ્ન એ પરથી એની મેળે ઉત્પન્ન થાય છે. ખ્રિસ્તીઓ કહે છે, કે એકજ ઈશ્વર ત્રણ રીતે રહેલ છે; ત્રણ પુરુષ રૂપે રહેલ છે—Father, Son અને Holy Ghost; છતાં એ ત્રણે પુરુષ સરખેસરખી રીતે ઈશ્વર છે. ત્રણે સરખી રીતે નિત્ય અને શાશ્વત છે, છતાં પિતાએ પુત્રને જન્મ આપ્યો છે, beget કરેલ છે, અને પવિત્રાત્મા પિતા અને પુત્ર બંને વડે ઉત્પન્ન થયેલ છે. હવે પ્રશ્ન એ ઉઠે છે કે જો પુત્ર પિતાથી જન્મ પામ્યો હોય, તો બંને નિત્ય—co-eternal બન્યા શી રીતે? બંને સમાન અને પૂર્ણ ઈશ્વર બન્યા શી રીતે? એરાયસ અને તેના અનુયાયીઓએ એ પ્રશ્ન ઉપસ્થિત કરી પુત્રને પિતા કરતાં હલકો પાડવાનો પ્રયત્ન કર્યો હતો—ઘણાં વર્ષો સુધી તે માટે વાદવિવાદ ચાલ્યો હતો. છેવટે ત્રણ પુરુષની એકતા અને પૂર્ણતા સ્વીકારાઈ હતી. પાઞ્ચરાત્ર મત મુજબ એક વાસુદેવ નામનો પરબ્રહ્મ ચાર તરેહથી અવસ્થિતિ કરી રહેલ છે—વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ. આ ચાર વ્યૂહરૂપે રહેલ છે; એ બધા પૂર્ણ ઈશ્વર છે, પરબ્રહ્મ સ્વરૂપ છે. છતાં એક બીજામાંથી ઉત્પન્ન થએલ છે. કોણ કોનાથી જન્મ્યું, તે સંબંધમાં કહ્યું છે કે **"परमकारणात् परब्रह्मभूताद् वासुदेवात् संकर्षणो नाम जीवो जायते, संकर्षणात् प्रद्युम्नसंज्ञं मनो जायते, तस्मादनिरुद्धसंज्ञोऽहंकारो**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

जायते." પરબ્રહ્મ સ્વરૂપ વાસુદેવથી સંકર્ષણ જન્મ્યા, આ સંકર્ષણ જ જીવ છે. સંકર્ષણથી પ્રદ્યુમ્ન જન્મ્યા, આ પ્રદ્યુમ્ન તે મન; પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ જન્મ્યા, આ અનિરુદ્ધ તે જ અહંકાર. પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધનું આપણે અહીં કામ નથી; વાસુદેવ અને સંકર્ષણનો સંબંધ જોઇએ. વાસુદેવ પરબ્રહ્મ છે, પરંતુ સંકર્ષણ જીવ છે. પરબ્રહ્મથી જીવ જન્મેલ છે, છતાં તે જીવ પણ પરબ્રહ્મ છે. રામાનુજ સ્પષ્ટ રીતે કહે છે, કે "संकर्षणप्रद्युम्नानिरुद्धानामपि परब्रह्मभावे सति," એક જણ જીવ છે, બીજો ઇશ્વર છે, જીવ ઇશ્વરથી જન્મેલ છે, છતાં બંને બ્રહ્મ છે, આ એક મોટી સમસ્યા છે. ખ્રિસ્તીઓમાં જે સમસ્યા ઉત્પન્ન થઇ હતી, બરાબર તેજ સમસ્યા આ છે. વેદવાક્ય એ સમસ્યાને વધુ મુસ્કેલી ભરી કરી મૂકે છે. વેદશાસ્ત્ર અને વેદને પગલે ચાલનારાં બીજાં શાસ્ત્રો પણ એક વાક્યે જીવને નિત્ય અને જન્મરહિત માને છે. જીવને માટે કહેવાયું છે કે "न जायते म्रियते वा विपश्चित" "अजो नित्यः शाश्वतोऽयं पुराणः" "स वा एष महान् अज आत्मा अजः अजरोऽमृतोऽभयः ब्रह्म" વગેરે. વેદપંથી રામાનુજ આ બધાં વેદવાક્ય અને સ્મૃતિવાક્યની અવજ્ઞા કરી શક્યા નહિ. તે કહે છે, કે જીવરૂપી સંકર્ષણ નિત્ય છે, તે બાબતની મને જરા પણ શંકા નથી. વાસુદેવથી ઉત્પન્ન થએલો છતાં તે નિત્ય છે, તે બાબતમાં સંશય રાખતો નથી. તોપણ પાઞ્ચરાત્ર શાસ્ત્રમાં સંકર્ષણની જે ઉત્પત્તિ કહી છે, તે અચેતન ભૂતોત્પત્તિના જેવી નથી. "वासुदेवाख्यं परं ब्रह्मैव आश्रितवत्सलं स्वाश्रित-समाश्रयणीयत्वाय स्वेच्छया चतुर्द्धा अवतिष्ठते," વાસુદેવ નામક પરબ્રહ્મ આશ્રિતવત્સલ છે, તે આશ્રિતોનો આશ્રય થવા માટેજ સ્વેચ્છાપૂર્વક ચતુર્ધા વિભક્ત થઈ અવસ્થિતિ કરી રહેલ છે. રામાનુજ પરમ વૈષ્ણવ છે; પાઞ્ચરાત્ર મતનું રક્ષણ કરવાને બંધાએલા છે. શંકરાચાર્યને ભાગવત મત પ્રત્યે અનુરાગ નહોતો. તેણે તો એકજ શ્વાસે ભાગવત મત ઉડાવી દીધો. તેણે કહ્યું છે, કે વેદમતે જીવ નિત્ય છે, અને પાઞ્ચરાત્ર મતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીવ વાસુદેવથી ઉત્પન્ન થએલ છે; જેની ઉત્પત્તિ થઈ છે, તે નિત્ય હોઇ શકે નહિ; માટે પાઞ્ચરાત્ર મત વેદવિરુદ્ધ છે અને અગ્રાહ્ય છે. એરાયસ પણ ખ્રિસ્તના સંબંધમાં શંકરાચાર્ય છે.

આપ જોઇ શકયા હશો કે ખ્રિસ્તીઓના જનકેશ્વરને ઠેકાણે વાસુદેવને અને તનયેશ્વરને ઠેકાણે સંકર્ષણને મૂકતાં પાઞ્ચરાત્ર અને ખ્રિસ્તી મત વચ્ચે કશો ભેદ રહેતો નથી. જનકેશ્વર વાસુદેવ પોતે છે; તે આશ્રિતવત્સલ છે; આશ્રિતોને ઉદ્ધારવા તેણે ખ્રિસ્તને જન્મ આપ્યો છે. તનયેશ્વર સંકર્ષણ પોતેજ છે, તે વાસુદેવથી જન્મેલ છે, છતાં વાસુદેવથી જુદો નથી. તે વળી Son of man, Perfect Man છે, માટે તેજ જીવ છે. જીવ ઇશ્વિરથી ઉત્પન્ન થયો છે, છતાં ઇશ્વિરની માફક નિત્ય છે.

ખ્રિસ્તનું સ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન કર્યો. ખ્રિસ્તીઓની ભાષા સાથે વેદપંથીની ભાષામાં તેનો અનુવાદ પણ આપ્યો. પરંતુ ખ્રિસ્તના એક મોટા વિશેષણ વિષે કશું કહ્યું નથી. બધા ખ્રિસ્તીઓ એક વાકયે ખ્રિસ્ત સંબંધમાં કહે છે કે તે Word of God છે. ચર્ચ ઓવ્ ઈંગ્લાંડ પણ એ વાત માને છે-the Son which is the Word of the Father. આ વિશેષણનું મૂળ જોને પ્રચારમાં મૂકેલ સુવાર્તામાં મળે છે, તે આપ જાણતા હશો; છતાં હું આપને સંભળાવવા ઇચ્છું છું. "In the beginning was the Word, and the Word was with God and the Word was God. All things were made by him; and without Him was not anything made that was made."[1] ફરીથી કહે છે કે, And the Word was made flesh, and dwelt among us, and we beheld

---

૧. સૃષ્ટિના પ્રારંભમાં શબ્દ હતો, તે શબ્દ દેવની સાથે હતો, તે પોતેજ દેવ હતો. તેના વડે બધી ચીજો સરજાઇ એટલે જે કંઇ ઉત્પન્ન થયું તે તેના સિવાય ઉત્પન્ન થયું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

his glory, the glory as of the only begotten of the Father, full of grace and truth.[1]

મિશનરીઓનાં ભાષાંતરોમાં "પ્રારંભમાં વાક્ય હતું" એવા શબ્દો વાંચી આપને હસવું આવતું હશે; હું Word શબ્દનું ભાષાંતર વાક્ય નહિ કરૂં-હું તેનું ભાષાંતર વાક્ અથવા શબ્દ કરીશ. તરતજ આપ સ્તબ્ધ થઈ જશો. જોનનું ભાષાંતર કરતાં જો હું એમ કહું કે "પ્રારંભમાં વાક્ અથવા શબ્દ હતો," તો તરત આપ ચમકી ઉઠશો અને કહેશો કે ત્યારે તો આ ખ્રિસ્ત તે બીજું કોઇ નથી; એ આપણો ચિરપરિચિત શબ્દબ્રહ્મ અથવા વાગ્દેવતા છે. વેદપંથીઓનું સાહિત્ય શબ્દબ્રહ્મનાં માહાત્મ્યકીર્તનથી ભરપૂર છે; હવે જોનનાં વાક્યમાં આપને કશી સમસ્યા નહિ નડે. શબ્દ જ બ્રહ્મ છે; શબ્દથી જ બધું સરજાયું છે; શબ્દ જ મૂર્ત્તિ ધારણ કરી જીવરૂપે ઉત્પન્ન થયો છે; આ બધી વાતો આપણને બહુ જાણીતી છે, અને એજ વાતો જોનની સુવાર્ત્તામાં ગ્રીક ભાષામાં લખાઈ હતી; અંગ્રેજી Word શબ્દનો લાટિન અનુવાદ Verbum થાય છે; ગ્રીક અનુવાદ Logos થાય છે. સ્વર્ગમાં તે અમૂર્ત્ત Logos છે, મર્ત્યભૂમિ પર તે મૂર્ત્ત Logos-Word made flesh છે. શબ્દબ્રહ્મ સ્થૂળ દેહ સાથે અવતરેલ છે. આ Logos નામની પાછળ પાંચસો વર્ષનો ઇતિહાસ ખડો છે. ખ્રિસ્તના જન્મ પહેલાં પાંચસો વર્ષ પૂર્વે ગ્રીક પંડિત હીરાક્લિટસના ગ્રંથમાં આ Logos સ્પષ્ટ રીતે જોવામાં આવે છે; વેદમાં જેને ઋત કહેવામાં આવે છે, એજ અર્થ એ પંડિત Logos શબ્દનો સમજતો હતો; એ ઋતદ્વારા જગત ધારણ કરાયું છે; એજ પેલો કોસ્મિક લૉ છે, કે જેનાવડે નક્ષત્રો પોતપોતાને સ્થાને રહ્યાં છે. ગ્રહો પોતપોતાને માર્ગે ગતિ કરે છે. વેદપંથીઓની ભાષામાં એ ઋત અને ધર્મ જુદાં નથી. બૌદ્ધોએ પણ એને ધર્મનું નામ

---

૧. અને શબ્દ સંદેહ થયો, ને આપણી મધ્યે વસ્યો. અમે તેનો મહિમા પિતાના એકાકીજનિત પુત્ર જેવો જોયો; તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપી ત્રિરત્નમાંનું એક રત્ન માની લીધું છે. એનું બીજું નામ Pryche અથવા Principle of Life છે. સ્ટોઇક મતવાદીઓને હાથે એ Reason અથવા પ્રજ્ઞાના રૂપમાં પરિણામ પામેલ છે, એ પ્રજ્ઞામાંથી જગત ઉત્પન્ન થયું છે. બૌદ્ધોએ પણ વખત જતાં ધર્મને પ્રજ્ઞા અથવા પ્રજ્ઞાપારમિતાના રૂપમાં ફેરવી નાખ્યો છે. અલેક્ઝાંડ્રિયા શહેરમાં યહુદીઓનો ભપકાદાર અખાડો હતો. ત્યાંના યહુદીઓ ગ્રીક સુધારાથી રંગાઈ ગયા હતા. યહુદીઓનું એક જૂનું સૃષ્ટિતત્વ હતું. ઇશ્વરે કહ્યું, જગત થાઓ, કે તરત જગત થયું; અહીં ઈશ્વરના વાક્યથી અથવા શબ્દથી જગતની ઉત્પત્તિ બતાવી છે. આ શબ્દને તેઓ Memra કહેતા. અલેક્ઝાંડ્રિયા નગરમાં યહુદીઓનો આ Memra શબ્દ ગ્રીકોના Logos શબ્દ સાથે મળી ગયો. આ તત્ત્વની પરિણતિ Philo નામના ગ્રીક સુધારાથી રંગાએલા યહુદીને હાથે થઇ. શબ્દની સાથે ધર્મ અને પ્રજ્ઞા મળી ગયાં; અને જગતનું કર્તૃત્ત્વ અને વિધાતૃત્વનો આ પ્રજ્ઞાત્મા શબ્દબ્રહ્મ પર આરોપ થયો. Philo ની ભાષામાં આ શબ્દ ઈશ્વરવડે ઉત્પન્ન થયો છે, સૌ પહેલાં જન્મ્યો છે; તે આદિ જીવ છે, બીજા જીવો તેનાં પ્રતિબિમ્બરૂપી છે; તે ઇશ્વરની સાથે રહી જગદ્વિધાન નિયમિત કરે છે; પ્રજ્ઞા તેની મા છે; કોઇ સ્થળે તે પોતેજ પ્રજ્ઞાત્મા છે. સુવાર્ત્તાપ્રચારક જોનને અલેક્ઝાંડ્રિયામાંથી જ આ શબ્દબ્રહ્મનો પત્તો મળ્યો હશે, તેમાં કોઇને કશો શક નથી. Philo ખ્રિસ્તી નહોતો. જોન ખ્રિસ્તની સુવાર્ત્તા ફેલાવતો હતો, માટે તેણે ખ્રિસ્તને જ શબ્દબ્રહ્મરૂપે જાહેર કર્યો, અને શબ્દબ્રહ્મનાં બધાં વિશેષણો ખ્રિસ્તને લગાડ્યાં. ઇશ્વર માણસનું શરીર ધારણ કરી શકે, કોઈ પણ જીવ ઈશ્વર થઇ શકે, તે યહુદીઓની કલ્પનાથી અતીત છે. જોને પરંતુ ખ્રિસ્તની આ બાજુ પરજ ભાર મૂક્યો. તે પ્રથમ શબ્દ રૂપે વિદ્યમાન હતો; તે નરદેહ ગ્રહણ કરી પોતે પોતાની મેળે ક્ષુદ્ર બન્યો; જીવના ભલા માટે તેણે પોતે જીવલીલાનો અભિનય કર્યો. ખ્રિસ્તનું ક્રોસ પર ચઢવું એ એક જાતનો યજ્ઞ અથવા આત્મોત્સર્ગ છે, એ બાબતમાં તો કશો શક રહ્યો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી. ખ્રિસ્તનું આખું જીવન યજ્ઞરૂપ છે, કારણ કે ઈશ્વર જીવરૂપ બને એજ એક જાતનો આત્મોત્સર્ગ છે. જે મહાન છે, તે ક્ષુદ્ર બને એ એક જાતનો આત્મોત્સર્ગ જ છે. ખ્રિસ્તનું આખું જીવન યજ્ઞ છે. એ કોઇ આકસ્મિક ઘટના નથી; સૃષ્ટિના પ્રારંભથીજ એની વ્યવસ્થા થઈ ચુકી છે. ખ્રિસ્તીઓની ભાષામાં the Incarnation and the Passion, as the Sacrament of the divine Self-sacrifice, were parts of the counsels of God from all eternity. The Logos before Incarnation was Man. ઈશ્વિર જીવ બને, જે નિત્ય મુક્ત છે, તે બદ્ધ થાય, એ જગતસૃષ્ટિનું નિગૂઢ તાત્પર્ય છે; એજ તેના જગતમાંના આત્મપ્રકાશનું ગૂઢ રહસ્ય છે.

હું તુલનામૂલક આલોચના કરૂં છું-ચોથાં ફેંદી ખ્રિસ્તી ધર્મતત્ત્વનું જે તાત્પર્ય સમજ્યો છું, તેજ આપને જણાવ્યું છે. ખ્રિસ્તીઓના મત મુજબ ખ્રિસ્ત શબ્દસ્વરૂપ છે, વાક્યસ્વરૂપ છે,-વેદપંથીઓની ભાષામાં તે શબ્દબ્રહ્મ છે, વાગ્દેવતા છે, તે પોતે ઇશ્વર છે. વળી તે પોતેજ જીવ છે. તે એકીસાથે ઈશ્વિર અને જીવ છે. મુક્ત જીવ અને ઇશ્વરમાં કશી જુદાઇ નથી. તે ચિરમુક્ત છતાં બદ્ધ થયો છે,-તેણે બનાવેલા જગતમાં આત્મપ્રકાશ કરવા માટે બદ્ધજીવરૂપે પોતે પોતાને જાહેર કર્યો છે-એમ કરવામાં તેને ક્ષુદ્ર થવું પડયું હતું-જે મહાન હતો તેને ક્ષુદ્ર થવું પડયું હતું, જગતની આગળ પોતાનું ઐશ્વર્ય જણાવવા ખાતર જ તેણે આ પ્રમાણે ક્ષુદ્રપણું સ્વીકાર્યું હતું. આપણી ભાષામાં એનું જ નામ **લીલા કૈવલ્ય** છે. એ જગતનું વિધાન છે-જગતસૃષ્ટિ એજ આ આત્મવિસર્જન છે. જે બીજા નાના જીવો છે,-ઇશ્વરનું પ્રતિબિમ્બ સ્વરૂપ ધારણ કરી જે નાના જીવો હયાત છે, જેઓ પોતાનાં પાપના ભારથી ઇશ્વરથી જુદા પડી તેનાથી દૂર રહ્યા છે, જેઓ એ પાપના ભારથી મરણવશ થયા છે, અમરતાથી વંચિત થયા છે-એ અગ્રજન્મા આદિ જીવે એ આત્મવિસર્જનદ્વારા તેઓનાં પાપનો

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

નાશ કર્યો. તેઓને બતાવ્યું કે પાપ ચિરસ્થાયી નથી; ખ્રિસ્તને જાણવાથી, ખ્રિસ્તનું સ્વરૂપ જાણવાથી, જીવેશ્વરનો ખરો સંબંધ જાણવાથી, એ પાપ ટકવાનું નથી, ત્યારે તે અમરતા મેળવશે–તેઓનું સ્વેચ્છાકૃત બંધન તૂટી જશે. જે નિત્યમુક્ત છતાં પોતાને બદ્ધ માને છે, બદ્ધની પેઠે આચરણ કરે છે, તે મુક્ત થશે. ઈશ્વર અને જીવ વચ્ચે જે ભયંકર અંતર છે, જે તેણે ઇરાદાપૂર્વક કલ્પ્યું છે, તે અંતર ઓછું થઈ જશે. એ માટે ખ્રિસ્ત સાથે તેની એકાત્મતા કરવાની જરૂર છે. ખ્રિસ્તે માનવલીલા કરતાં ક્રોસ પર મૃત્યુનો અભિનય કરી યજ્ઞ પૂર્ણ કર્યો છે; તેણે મરણના અભિનયદ્વારા મરણ-જયનો અભિનય બતાવ્યો છે; મૃત્યુદ્વારા મૃત્યુનો જય કર્યો છે. એ યજ્ઞનો અંગીકાર કરી એ યજ્ઞના હવિઃશેષરૂપ તેનાં શરીરનું ભક્ષણ કરવું જોઇએ. આ યજ્ઞ, આ મૃત્યુનો સ્વીકાર, એ એક જાતનો અભિનય છે, મિથ્યા જ્ઞાનથી ઉત્પન્ન થતો અભિનય છે, એ અવિદ્યા છે. વિદ્યા અથવા સત્ય-જ્ઞાન મેળવવાથી મૃત્યુ રહેતું નથી. "**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते**"–અવિદ્યાદ્વારા મૃત્યુને તરી જઈ વિદ્યાદ્વારા અમરતા મેળવાય છે. આ ખ્રિસ્ત જે યજ્ઞિય પશુ બનેલ છે, તે પશુનું લોહી ને માંસ ભક્ષણ કરી ખ્રિસ્તની સાથે એકાત્મતા (Communion) કરવી પડશે. એ માટે દરેક ખ્રિસ્તી ખ્રિસ્તનું લોહી અને માંસ ખાય છે–હવિઃશેષ ખાય છે; ખ્રિસ્તના છેલ્લા આદેશ મુજબ અર્પણ કરેલી રોટલી અને મદ્ય લઇ ખ્રિસ્તે સંપન્ન કરેલા યજ્ઞનો ફરીથી અભિનય કરે છે–યજ્ઞનું હવિઃશેષ ભક્ષણ કરી ખ્રિસ્તને આત્મસાત્ કરે છે, આત્મસ્થ કરે છે, તેથી ખ્રિસ્તની સાથે એકતા મેળવાય છે. બદ્ધજીવ આ પ્રમાણે મુક્તિના માર્ગ તરફ વળે છે.

ખ્રિસ્તીઓ પોતાના દેવનું ભક્ષણ કરે છે; એ વાક્યથી મેં શરૂઆત કરી છે. ક્રોસ પર ચઢયા પહેલાંની રાતે તેણે શિષ્યો સાથે ભોજન કર્યું હતું. ટેબલપર રોટલી અને મદ્ય મૂકવામાં આવ્યાં હતાં. ખ્રિસ્તે કહ્યું, કે આ રોટલી મારૂં માંસ છે, આ મદ્ય મારૂં લોહી છે; એ તમે ખાઓ અને પીઓ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ કહી તેણે શિષ્યોને રોટલી અને મદ્ય વહેંચી આપ્યાં. બીજે દિવસે તેણે પશુરૂપે ઇશ્વરની આગળ પોતાની આહુતિ આપી. પૂર્વ દિનનું એ અનુષ્ઠાન પછીના દિવસના યજ્ઞાભિનયની પુનરાવૃત્તિ ( rehearsal ) રૂપ છે. ખ્રિસ્તીઓ ત્યારથી એ રોટલી અને મદ્ય ખાતા આવે છે; તેથી એ યજ્ઞિય પશુનું લોહી ને માંસ ખવાય છે-એ યજ્ઞના હવિઃશેષનું ભક્ષણ થાય છે. આ ભક્ષ્ય દ્રવ્યનું નામ પ્રભુભોજન છે; પ્રભુભોજન ખ્રિસ્ત સાથે એકતા કરવાને અનુકૂળ છે. યાદ રાખશો કે ખ્રિસ્ત યજ્ઞમાં પશુ થએલ હતો; ક્રોસ તે યજ્ઞનો યૂપ હતો. જે પોતે પશુપતિ છે, તેજ પશુ બની યૂપ પર બંધાયો હતો, અને પશુરૂપે મૃત્યુનો સ્વીકાર કરી તેણે મૃત્યુ પર જય મેળવ્યો હતો; બીજાં પશુઓ એ પશુનું માંસ ખાઈ પશુપતિની સાથે એકાત્મતા મેળવે છે; અને એ રીતે પશુજન્મથી મુક્ત થાય છે. આશ્ચર્ય એ છે કે આપણા દેશમાં પણ પાશુપત દર્શનની ભાષામાં, શૈવસંપ્રદાય અને શાક્તસંપ્રદાયની ભાષામાં પશુ શબ્દનો અર્થ બદ્ધજીવ થાય છે, પશુપાતનો અર્થ ઇશ્વર થાય છે; પશુજન્મથી છૂટકો થાય તેનું નામ મુક્તિ છે. ખ્રિસ્તીઓનાં પ્રભુભોજન સંબંધમાં ખ્રિસ્તીઓની વાતો નહિ સાંભળો તો આપ કદાચ મારૂં કથન સ્વીકારશો નહિ; તેથી ફરીથી એક ખ્રિસ્તી શાસ્ત્રકારનાં વચનો સંભળાવું છું-" The sacrifice of Christ was once offered on the cross "-ક્રોસ પર આત્મદાન કરી ખ્રિસ્તે યજ્ઞાનુષ્ઠાન કર્યું છે-ઇતિહાસમાં આ એકજ યજ્ઞાનુષ્ઠાન છે. " It is offered to the Father, and to the son, and in it our Lord offers and is offered and receives the sacrifice. " આ યજ્ઞનો દેવતા જનકેશ્વર છે, આ યજ્ઞનો દેવતા તનયેશ્વર છે; આ ખ્રિસ્ત પોતે એકી સાથે ઋત્વિક્, પશુ અને દેવતા છે. તેણે પોતાની પોતાના માટેજ આહુતિ આપી છે, વળી કહું છું, કે **ब्रह्मार्पणं ब्रह्महविः ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्।** " on the Cross and in the Eucharist there is one

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Sacrifice "–ક્રોસ પર જે યજ્ઞ થયો હતો, તેજ યજ્ઞનો ફરીથી અભિનય પ્રભુભોજન વખતે થાય છે–બંને એકજ યજ્ઞ છે. "He unites man with Himself and this means of reconciliation is in the Eucharist." આ હવિઃશેષનું ભક્ષણ કરવાથી જ મનુષ્ય ખ્રિસ્ત સાથે ભેળાઇ જાય છે–જીવ અને ઇશ્વર વચ્ચે એકતા થાય છે. "It is not a symbol of a sacrifice, but really a sacrifice, in which that which is offered in sacrifice is the body of Christ, and in which the moment of sacrifice is when the bread and wine are changed into His body and blood.'[1]–મંત્રોચ્ચાર પછી જ્યારે રોટલી અને મદ્ય ખ્રિસ્તના લોહી અને માંસના રૂપમાં પરિણામ પામે, બરાબર તેજ વખતે આ યજ્ઞનું અનુષ્ઠાન થાય છે. 'He has not ceased from His priestly office and exercises an abiding ministry in our behalf as a priest for ever"–ક્રોસ પરના મહાયજ્ઞમાં તે પોતે ઋત્વિક્ હતો–પરંતુ એ ઋત્વિક્‌ના કાર્યથી તે હજુ સુધી નિવૃત્ત થયો નથી; તેના પિતા આગળ એ યજ્ઞ આજે પણ અર્પણ થાય છે, અને હમેશાં અર્પણ થશે.

આજે તો હું અહીંથીજ રજા લેવા માગું છું. આજે મેં વૈદિક યજ્ઞની વાત જરા પણ ઉપાડી નથી, એમ કહીએ તો ચાલે. આજે મેં એક કલાક સુધી ખ્રિસ્તયજ્ઞ વિષે કહ્યું છે. હવે હું એકજ વાર આપની સમક્ષ ઉપસ્થિત થવા ઇચ્છું છું. તે વખતે વેદપંથી સમાજમાં વૈદિક યજ્ઞનું તાત્પર્ય શું ગણાતું હતું, તે બતાવવાની ઇચ્છા છે. હું એ બતાવવા માગું છું કે આ

---

૧ તે યજ્ઞનું ચિહ્ન નથી, પણ ખરેખર યજ્ઞ જ છે, જેના યજ્ઞમાં અપાતું બલિ તે ક્રાઈસ્ટનું શરીર છે અને દ્રવ્યાંતરવિધિ અર્થાત્ રોટલી અને મદ્યનું ક્રાઇસ્ટના શરીર અને લોહીના રૂપમાં પરિણામ પામવું, તે યજ્ઞનો સમય છે.

યજ્ઞાનુષ્ઠાનને લીધેજ વેદપંથી સમાજ ટકી રહ્યો હતો; ટકી રહ્યો હતો કેમ, હજુ પણ ટકી રહ્યો છે. અત્યારે શ્રૌતયજ્ઞોનાં નામ પણ આપણે ભૂલી ગયા છીએ. યજ્ઞના દેવતાઓનાં નામ પણ ભૂલી ગયા છીએ; છતાં આપણે જાણ્યે અજાણ્યે પણ યજ્ઞને પકડી રાખ્યો છે; યજ્ઞનું તાત્પર્ય જાળવી અત્યંત વ્યાપક અર્થમાં યજ્ઞને જાળવી રાખ્યો છે. આપણું સામાજિક જીવન, આપણું ગાર્હસ્થ્ય જીવન, આપણી લોકસ્થિતિ અને લોકયાત્રા પણ યજ્ઞ પર સ્થપાઇ રહ્યાં છે; માટે એ તાત્પર્ય નહિ સમજી શકીએ તો વેદપંથી સમાજની લોકસ્થિતિનું ગૂઢ રહસ્ય સમજી શકાશે નહિ. ભારતવર્ષમાં વેદપંથી સમાજનો પાયો જે એક અવચ્છેદહીન સૂત્ર પર દૃઢ રીતે નંખાયો છે, તે સમજી શકાશે નહિ. યજ્ઞમાં હવિઃશેષ ભક્ષણ એ એક પ્રતીક છે; સમાજમાં આપણે કયે રસ્તે ચાલવાનું છે, કયા ઉદ્દેશ તરફ ગતિ કરવાની છે, તેનુંજ પ્રતીક અથવા સંકેત ચિહ્‌ન છે, આ હવિઃશેષ ભક્ષણની ક્રિયાનું ગૂઢ તાત્પર્ય સમજવાની જરૂર છે. મેં આપને કેટલાક નાના યજ્ઞોનું વિવરણ સંભળાવ્યું છે, અગ્નિહોત્ર, ઇષ્ટિયાગ, પશુયાગ, સોમયાગ વગેરે યજ્ઞોનું વર્ણન સંભળાવ્યું છે. અગ્નિહોત્ર યજ્ઞમાં દૂધની આહુતિ આપી તેનો બાકી રહેલો ભાગ પીવો પડે છે; પૂર્ણમાસાદિ ઇષ્ટિયાગમાં પુરોડાશની આહુતિ આપી તેનો બાકી રહેલો ભાગ ખાવો પડે છે; પશુયજ્ઞમાં પશુમાંસની આહુતિ આપી તેનો બાકી રહેલો ભાગ ખાવો પડે છે; સોમયજ્ઞમાં સોમરસ દેવતાને અર્પણ કરી તેનો બાકી રહેલો ભાગ પીવો પડે છે. આનું નામ હવિઃશેષ ભક્ષણ છે. આ હવિઃશેષ એકલો યજમાન જ ખાતો નથી; ઋત્વિક્ અને યજમાન બધાને એકી સાથે ખાવો પડે છે. આ એકી સાથે ખાવું એજ સાયુજ્ય ( Communion ) છે. આ એક સામાજિક અનુષ્ઠાન છે. ગૃહસ્થની સાથે એક તરફથી સમાજનું, અને બીજી તરફથી દેવતાનું મિલન ઘટાવવું એજ આ સાયુજ્ય ( Communion ) છે. આ અનુષ્ઠાન વિના યજ્ઞ સંપૂર્ણ થતો નથી—ઊંડી રીતે જોઇએ તો આ ક્રિયા સાથેજ યજ્ઞની પૂર્ણાહુતિ થાય છે. આ સંકીર્ણ

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

અનુષ્ઠાનનું એક વ્યાપક તાત્પર્ય છે. સામાજિક જીવનમાં આ તાત્પર્ય વાપરવું પડશે. આ તાત્પર્ય મુજબ સમાજમાં જીવનયાત્રા ચલાવવી પડશે. મેં બતાવ્યું તેમ આ અનુષ્ઠાન એક રીતે જોતાં સમસ્ત માનવસમાજનું અનુષ્ઠાન છે. જુદી જુદી જાતિઓમાં આના જેવુંજ અનુષ્ઠાન છે. ખ્રિસ્તી સમાજમાં આ હવિઃશેષ ભક્ષણ અનુષ્ઠાન તે પ્રભુભોજન છે. ખ્રિસ્તીઓના મત મુજબ આ પ્રભુભોજનનું તાત્પર્ય શું છે, તે મેં આજે યથાશક્તિ સમજાવ્યું છે. આવતે વારે વેદપંથી સમાજમાં આ અનુષ્ઠાનનું તાત્પર્ય શું છે, તે સમજવાનો પ્રયત્ન કરીશું.

ખ્રિસ્તી સમાજ જે તાત્પર્ય બતાવે છે, અને તેનાથી બહુ જુનો વેદપંથી સમાજ જે તાત્પર્ય બતાવે છે, તે બંનેની તુલના કરવાથી આપ વિસ્મય પામશો. એક પક્ષે બીજા પક્ષ પાસેથી આ તાત્પર્ય ઉધાર લીધું છે કે નહિ, તે પ્રસંગ હું ચર્ચવાનો નથી. હું તો સાદૃશ્ય બતાવી અટકીશ. ત્યારપછી હું બતાવવા ઇચ્છું છું કે આ અનુષ્ઠાન અથવા આ અનુષ્ઠાનનું આ તાત્પર્ય આપણા વેદપંથી સમાજે કેવા વ્યાપક અર્થમાં ગ્રહણ કરેલ છે. મેં જે તુલનામૂલક આલોચના કરી છે, તે પરથી આ વ્યાપકતા સમજવાની સગવડ થશે. સગવડ થશે એમ ધારીનેજ મેં ખ્રિસ્તયજ્ઞ વિષે આટલું કહ્યું છે; નહિ તો ખ્રિસ્તયજ્ઞની બાબત ઉપાડવાની કશી જરૂર નહોતી. ખ્રિસ્તીઓ જેને પ્રભુભોજન કહે છે તેનેજ વેદપંથીઓ ઇડા કહે છે. આ ઇડાનો અર્થ સમજવાની જરૂર છે. આપ જાણો છો કે સાંકડા અર્થમાં આ ઇડાભક્ષણથી યજ્ઞની સમાપ્તિ થાય છે; પરંતુ વ્યાપક અર્થમાં આ ઇડાભક્ષણથી માનવજીવનની સંપૂર્ણતા થાય છે. માનવનું ગાર્હસ્થ્ય જીવન અને સામાજિક જીવન, એટલુંજ નહિ પણ માનવનું આધિભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન, માનવનું પાર્થિવ જીવન અને અપાર્થિવ પારમાર્થિક જીવન–ટુંકામાં સમગ્ર માનવજીવનની આ ઇડાભક્ષણથી સંપૂર્ણતા, સમાપ્તિ અને સાર્થકતા થાય છે. આ જ આપણો ધર્મ (religion) અને આ જ આપણી નીતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ethics) છે. આ ઇડાભક્ષણનો અર્થ અને તત્પરતા સમજાવી વેદપંથી સમાજનો પાયો ક્યાં છે, વેદપંથી સમાજનું ચણતર ક્યાં છે, તે હું બતાવવા ઇચ્છું છું. હવે એકજ વાર આપની સમક્ષ ઉપસ્થિત થઇ આ પરમ તત્ત્વ સમજાવવા માટે હું મારી ક્ષુદ્ર શક્તિ અર્પણ કરીશ. આપને તે માટે તૈયાર રહેવાની વિનંતિ કરૂં છું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પુરુષ-યજ્ઞ

ખ્રિસ્તયજ્ઞ વિષે ગયા વારે મેં સમજણ આપી છે. ખ્રિસ્તયજ્ઞમાં હવિઃશેષનું નામ યુકેરિસ્ટ છે. યથાવિધિ મંત્રોચ્ચારણ બાદ રોટલી અને મદ્યમાં દેવતાનો આવિર્ભાવ થાય છે; એ ખાવાથી દેવતાનું ભક્ષણ કર્યું મનાય છે; દેવતાને ઉદરસ્થ કરવાથી દેવતા સાથે એકતા મેળવાય છે, આ દેવતા તે કોણ ? એ ઈશ્વર પોતે છે-ઈશ્વરનો અગ્રજાત પુત્ર છતાં તે અનાદિ, નિત્ય અને પરિપૂર્ણ ઈશ્વર છે. તે વળી પરિપૂર્ણ જીવ છે-જે ઈશ્વર છે, તે જ જીવ છે. તેણેજ યજમાનરૂપે યજ્ઞ કર્યો છે; અને તે યજ્ઞમાં પોતાને જ પશુ-રૂપે-ઘેટાંરૂપે-કલ્પી જીવોના હિત માટે પોતાનું બલિદાન આપ્યું છે. યુકેરિસ્ટ તે પશુનું લોહી અને માંસ છે-એ ખાવાથી યજમાન દેવતા સાથે એકતા મેળવે છે, મૃત્યુ જીતી અમરતા મેળવે છે. કારણ કે ખ્રિસ્તનું લોહી અને માંસ-અમૃતરૂપ છે.

હવે વેદપંથીના યજ્ઞની વાત કરીએ. વેદપંથીઓના યજ્ઞમાં પશુમાંસ અપાતું-ઇષ્ટિયાગમાં માંસને બદલે પુરોડાશ અથવા રોટલી અપાતી. સોમ-યાગમાં સોમરસ અપાતો. કેટલાક યજ્ઞોમાં સોમરસને બદલે સુરા અથવા બીજું કંઈ અપાતું. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે એ બધાં દ્રવ્યોમાં કોઈ દેવતાનું અધિષ્ઠાન થતું કે નહિ? થતું તો તે દેવતા કોણ? તે દેવતાની સાથે યજમાનનો શો સંબંધ?

પ્રથમ સોમરસની આલોચના કરીએ. યહુદિઓનો દેવતા જેહોવા રક્તપ્રિય હતો. ખ્રિસ્ત ઘેટાંરૂપ થયો હતો; ઘેટાંરૂપેજ તેણે પોતાનું લોહી અર્પ્યું હતું, ખ્રિસ્તીઓ જે સુરાપાન કરે છે, એ સુરા તે ખ્રિસ્તનું લોહી છે. પરંતુ સોમરસ એ દેવતાનું લોહી હોઈ શકે નહિ, કેમકે વેદપંથીઓના દેવોને લોહી પ્રિય નહોતું. પશુયજ્ઞમાં પણ લોહી રાક્ષસોને અર્પણ થતું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાક્ષસોને માટે તે વેદિની પાસે ઉત્કરમાં ફેંકી દેવામાં આવતું. સોમરસ લોહી નથી, પણ તે અમૃત સ્વરૂપ છે, તે બાબતમાં કશો સંદેહ નથી. એ વાત મેં સોમયાગ પ્રસંગે વારંવાર કહી છે. સોમપાન કરવાથી અમરતા મળે છે. પ્રથમ કહ્યું છે તેમ સોમરસને બદલે ક્ષત્રિયો વડ, પિપળો વિગેરેનો રસ પીતા. ઐતરેય બ્રાહ્મણ કહે છે કે એથી પ્રત્યક્ષ ભાવે નહિ પણ પરોક્ષ ભાવે સોમપાન થતું. કારણ કે વડનું ઝાડ એ પરોક્ષ ભાવે સોમનુંજ સ્વરૂપ છે. ક્ષત્રિય "**सोमं राजानमिह भक्षयामि**" એ મંત્ર ભણી વડના રસનું પાન કરતા. રાજસૂય યજ્ઞમાં અભિષેક પછી ક્ષત્રિય રાજા સુરાપાન કરતો. રાજાના હાથમાં સુરાપૂર્ણ કાંસાનું વાસણ આપવામાં આવતું. "**स्वादिष्ठया मदिष्ठया पवस्व सोम धारया, इन्द्राय पातवे सुतः**" આ મંત્રથી એ પાત્ર રાજાના હાથમાં આપવામાં આવતું. આ મંત્રમાં સુરાનેજ સોમ માની સંબોધવામાં આવેલ છે. તેમાં કહ્યું છે, કે હે સોમ, ઇન્દ્રનાં પાન માટે તારો અભિષવ થાય છે; તારી સ્વાદુ અને માદક ધારવડે આ રાજાને પવિત્ર કર. પીધા પછી રાજા એ બાકી રહેલી સુરા પોતાના કોઇ મિત્રના હાથમાં આપતો. એકજ પાત્રમાંની સુરા પીવાથી બંનેની મિત્રતા બંધાતી. સૌત્રામણિ યજ્ઞમાં સુરા આપવામાં આવતી. રીતસર fermentation દ્વારા સુરા તૈયાર કરી તે સુરા આપવામાં આવતી. એ યજ્ઞના દેવતા અશ્વિદ્વય, સરસ્વતી અને ઇન્દ્ર સુત્રામા હતા. અધ્વર્યુ અગ્નિમાં દૂધ રેડતો; તે સાથે તેનો સહકારી પ્રતિપ્રસ્થાતા સુરા રેડતો. સુરાહુતિનો મંત્ર–"**यस्ते रसः सम्भृत ओषधीषु सोमस्य शुष्मः सुरया सुतस्य, तेन जिन्व यजमानं मदेन, सरस्वत्यश्विनाविन्द्रमग्निं स्वाहा**" છે. આ મંત્રમાં સુરાને સ્પષ્ટ રીતે સોમને સ્થાને વર્ણવેલ છે. વખત જતાં આ યજ્ઞમાં પણ સુરાપાન અપ્રચલિત થઇ પડયું. આપસ્તંબે કહ્યું છે કે સુરાને બદલે દૂધ ચાલશે; તે વખતે દ્વિજાતિ સમાજમાં–ખાસ કરીને બ્રાહ્મણોમાં–સુરાપાનનો નિષેધ થયો હતો. બૃહસ્પતિના પુત્ર કચની હત્યાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અપરાધથી શુક્રના શાપે કરીને સુરા અપેય ગણાવા લાગી હતી. આ દંતકથા તે સમયે પ્રસિદ્ધ થઇ પડી હતી. પરંતુ તંત્રશાસ્ત્રે સુરાને ન છોડી. મંત્રદ્વારા સુરાને બ્રહ્મહત્યાના પાપથી મુક્ત કરી સુરાપાનની વ્યવસ્થા કરી. સુરાને પાપ-મુક્ત કરવા માટે બ્રહ્મની દુહાઈ આપવામાં આવી. "**वेदानां प्रणवो बीजं ब्रह्मानंदमयं यदि, तेन सत्येन ते देवि ब्रह्महत्यां व्यपोहतु**"–આવી દુહાઇ આપતાં શું બ્રહ્મહત્યાનું પાપ રહી શકે? તાંત્રિકોનો સુરા–શોધનનો અસલ મંત્ર વૈદિક મંત્ર છે–"**हंसः शुचिषत् वसुरन्तरीक्षसत्, होता वेदिषत् अतिथिर्दुरोणसत्, नृषत् वरसत् ऋतसत् व्योमसत्, अब्जा गोजा ऋतजा अद्रिजा ऋतम्.**" આ મંત્ર ઋગ્વેદસંહિતાના ચોથા મંડળમાં છે. આ મંત્રના ઋષિ વામદેવ પોતે છે, કે જે માતાના ગર્ભમાં બ્રહ્મજ્ઞાન પામ્યા હતા. આ ઋક્નું નામ હંસવતી ઋક્ છે. ઋગ્વેદમાં ગાયત્રી મંત્ર પછી આ મંત્ર પ્રસિદ્ધ છે. તાંત્રિકોના હંસમંત્ર અથવા અજપામંત્રનું મૂળ આ હંસવતી ઋક્ છે. આ મંત્રમાં જે હંસનો ઉલ્લેખ કરેલો છે, તે હંસ એક વખતે કદાચ આદિત્ય ગણાતો હતો, પરંતુ આગળ જતાં તે એકવાક્યે બ્રહ્મના અર્થમાં વપરાવા લાગ્યો. પુરાણમાં એ હંસ બ્રહ્માનું વાહન ગણાએલ છે. ઉપલા મંત્રનો અર્થ એ થાય છે કે, આ જે હંસ અથવા બ્રહ્મ, તે દ્યુલોકમાં છે, અંતરિક્ષમાં વસે છે, હોતા રૂપે વેદિ પર રહેલ છે, અતિથિરૂપે ઘેર ઘેર વિચરણ કરે છે, મનુષ્યોમાં છે, જે કંઈ શ્રેષ્ઠ છે ત્યાં રહ્યો છે, આકાશમાં રહ્યો છે, સત્યમાં રહ્યો છે, અપસમૂહમાંથી તેનો જન્મ થયો છે; ગો અર્થાત્ વાક્યમાંથી તેનો જન્મ થયો છે; અદ્રિ-માંથી તેનો જન્મ થયો છે, સત્યમાંથી તેનો જન્મ થયો છે, તે સત્યસ્વરૂપ છે. તાંત્રિકો આ મંત્રવડે સુરાશોધન કરે છે, એટલે સુરા બ્રહ્મરૂપ બની જાય છે. ખ્રિસ્તી ધર્મોપદેશકો જેમ મંત્રદ્વારા અર્પણ કરે કે તરત સુરા ખ્રિસ્તનું લોહી બની જાય છે, તેમ અહીં પણ સુરા મંત્રોચ્ચારણ સાથે બ્રહ્મરૂપ થઈ જાય છે. સોમ જેમ અમરતા બક્ષે છે, સુરા પણ તેજ મુજબ અમરતા આપે છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે આપ ખ્રિસ્તીઓના સુરાપાન સાથે વેદપંથીઓના સોમપાન અને તાંત્રિકોના સુરાપાનનો સંબંધ સમજી શક્યા હશો. ખ્રિસ્તીઓ જેમ દેવતાને આત્મસાત્ કરે છે, તેમ વેદપંથીઓ પણ કરે છે. સોમ જાતે એક દેવતા છે, દેવતાઓનો એક રાજા છે. સોમયજ્ઞમાં સોમ વેચાતો લઈ જ્યારે યજ્ઞશાળામાં લાવવામાં આવે છે, ત્યારે તેને રાજાને લાયક માન આપવામાં આવે છે. યજ્ઞશાળામાં તેને રાજાની માફક ઉંચા આસન પર રાખવામાં આવે છે. રાજા અતિથિરૂપે યજ્ઞશાળામાં આવેલ છે, એમ માની તેના સત્કાર માટે આતિથ્ય ઇષ્ટિયાગ કરવામાં આવે છે. સોમયાગ પહેલાં જ્યારે તેને ત્યાંથી મહાવેદિ પર હવિર્ધાન મંડપમાં લઇ જવામાં આવે છે, ત્યારે તેના સત્કાર માટે પશુયાગ કરવામાં આવે છે. સોમયજ્ઞમાં આ દેવતાઓના રાજા સોમનુંજ ભક્ષણ કરવામાં આવે છે. સ્પષ્ટ રીતે કહેવામાં આવે છે કે " **सोमं राजनम् इह भक्षयामि ।** " હવે આપ ખ્રિસ્તીઓના દેવભક્ષણ સાથે વેદપંથીઓના દેવ-ભક્ષણની તુલના કરો.

ખ્રિસ્તીઓનો ખ્રિસ્ત તો અનાદિ નિત્ય વાગ્દેવતા છે. સોમની સાથે વાગ્દેવતાનો સંબંધ શો? મારી સાથે આવો; ચમકશો નહિ. આપણા વેદસાહિત્યમાં સોમની સાથે વાગ્દેવતાનો સંબંધ પ્રથમથીજ મેં આપને જણાવ્યો છે. વાગ્દેવતાજ સોમ લાવેલ છે. ઋગ્વેદસંહિતામાં ઘણે સ્થળે સોમ લાવવાની આખ્યાયિકા લખેલી છે. કોઇ પક્ષી દેવતાઓ માટે સોમ લાવ્યું હતું; તે પક્ષીને શ્યેન અથવા સુપર્ણ નામ આપવામાં આવ્યું છે. કોઈ સ્થળે કહ્યું છે, કે શ્યેનનો પુત્ર સુપર્ણ ઘણે દૂર આવેલા એક દેશમાંથી સોમ લાવ્યો હતો. કોઇ સ્થળે કહ્યું છે, કે તાર્ક્ષ્ય પક્ષી સોમ લાવ્યું હતું. ઐતરેય બ્રાહ્મણમાં લખ્યું છે, કે ગાયત્રી સુપર્ણી બની સોમ લાવેલ છે; તાર્ક્ષ્ય પક્ષીએ અગ્રણી થઇ તેને માર્ગ બતાવ્યો હતો. વેદનું આ તાર્ક્ષ્ય પક્ષી તે પુરાણનું ગરૂડ પક્ષી છે. ઐતરેય બ્રાહ્મણમાં બીજે એક સ્થળે જણાવ્યું છે, કે દેવતાઓએ સોમ લાવવા માટે વેદના છંદોને નીમ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ છંદો પક્ષી અથવા સુપર્ણનું રૂપ લઈ ઉંચા ઉડયા. પ્રથમ જગતી, પછી ત્રિષ્ટુપ અને છેવટે તેઓ થાકી ગયા પછી ગાયત્રી ઊંચે ચઢયાં. સોમ ગંધર્વો પાસે હતો. કૃશાનુ નામના ગંધર્વના બાણથી ક્ષતવિક્ષત થયા છતાં ગાયત્રીરૂપી સુપર્ણી બે પગ અને મુખવડે સોમને પકડી લઇ આવ્યાં, માટે જે પક્ષી સોમને લાવ્યું, તે ગાયત્રી દેવીજ હતાં; બીજું કોઈ નહોતું. આ ગાયત્રી છંદોમાં મુખ્ય ગણાય છે; તે છંદોની માતા ગણાય છે. આ અર્થમાં તે વેદવાકયોમાં મુખ્ય, સ્વયં વાગ્દેવતા છે. સોમ ખરીદવાને બહાને ઐતરેય બ્રાહ્મણ કહે છે, કે રાજા સોમ ગંધર્વો પાસે હતો. વાગ્દેવીએ દેવોને કહ્યું કે ગંધર્વો સ્ત્રીપ્રિય છે, તેથી તમે મને મોકલો, હું ગંધર્વોને ભુલાવી સોમ લાવીશ. એમ કહી વાગ્દેવી નગ્ન કુમારીરૂપે સોમ લાવવા ગયાં અને ગંધર્વોને છેતરી સોમ લઇ આવ્યાં. આ ઘટનાનો અભિનય કરવા સોમયજ્ઞમાં એક વાછરડી આપી સોમ ખરીદ કરવામાં આવતો. એ વાછરડીને વાગ્દેવી તરીકે માનવામાં આવતી. યાદ રાખશો કે 'ગો' શબ્દનો એક અર્થ 'વાકય' અથવા 'વાક્' પણ થાય છે. સોમહરણ સંબંધનાં કેટલાંક ઉપાખ્યાનો આપણે જોઈ ગયા. તૈતિરીયસંહિતા આ કેટલાંક ઉપાખ્યાનોને સેળભેળ કરી કહે છે કે કદ્રુ અને સુપર્ણી વચ્ચે હરિફાઇ ચાલતી. વેદની આ સુપર્ણી પુરાણમાં વિનતા થઈ છે. આ વિનતાનો પુત્ર ગરૂડ ગણાય છે. હરિફાઈમાં કદ્રુનો જય થયો. સુપર્ણી તેની દાસી થઈ. કદ્રુએ કહ્યું કે ત્રીજા સ્વર્ગમાં (દ્યુલોકમાં) જે સોમ છે, તે જો લાવી શકે તો તારૂં દાસીપણું છૂટે. વેદના છંદો આ સુપર્ણીનાં છોકરાં હતાં. માની આજ્ઞાથી છંદો સોમ લાવવા ગયા, જગતી અને ત્રિષ્ટુપ નિષ્ફળ નીવડતાં સૌથી નાની ગાયત્રી સફળ થયાં. તે બે પગ અને મુખવડે સોમને પકડી ઉડયાં. રસ્તામાં ગંધર્વ વિશ્વાવસુએ સોમ અટકાવ્યો. ત્યારે દેવતાઓએ વાગ્દેવીને મોકલ્યાં. વાગ્દેવી ગંધર્વોને ભુલાવી સોમ લાવ્યાં. ગાયત્રીએ એ સમયે રોહિણી અથવા લાલરંગની મૃગલીનું રૂપ ધારણ કર્યું હતું; તે મુજબ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાલ રંગની વાછરડી આપી સોમ વેચાતો લેવાતો. અહીં ગાયત્રી અને વાગ્દેવીને જુદાં જુદાં બતાવવામાં આવ્યાં છે; પરંતુ બંને સોમ લાવવાના કામમાં જોડાએલાં છે છેવટે વાગ્દેવીજ સોમ લાવ્યાં છે. હવે વાગ્દેવીની સાથે સોમનો સંબંધ આપ સમજી શકયા હશો. અમૃતસ્વરૂપ સોમને પહેલાં કોઈ ઓળખતું નહોતું; પણ વાગ્દેવતાએ દેવો માટે તે જાહેરમાં મૂક્યો. ત્યારપછી મનુષ્યોને પણ મળ્યો. ખ્રિસ્તીઓનો ખ્રિસ્ત પોતે વાગ્દેવતા છે– Word become flesh છે. તે પણ સ્વર્ગમાંથી મર્ત્યલોકમાં અમૃત લાવ્યો છે. ખ્રિસ્તી લોકો જેમ સુરાપાન કરી અમરતા મેળવે છે, તેજ રીતે સોમપાન કરી વેદપંથીઓ પણ અમરતા મેળવે છે. સોમપાન કરતી વેળા તેઓ બોલે છે કે "**वागदेवी जुषाणा सोमस्य तृप्यतु**"–વાગ્દેવી પ્રસન્ન થઇ સોમરસથી તૃપ્ત થાઓ; વળી કહે છે કે "**देवकृतस्य एनसोऽवयजनमसि, मनुष्यकृतस्य एनसोऽवयजनमसि, पितृकृतस्य एनसोऽवयजनमसि**"–દેવોએ કરેલાં પાપોનો તમે નાશ કરો, મનુષ્યોએ કરેલાં પાપોનો તમે નાશ કરો, પિતૃઓએ કરેલાં પાપોનો તમે નાશ કરો–વળી કહે છે "**अपाम सोमम् अमृता अभूम, अगन्म ज्योतिरविदाम देवान्, किं नूनमस्मान् कृणवत् अरातिः, किमु धूर्त्तिरमृत मर्त्यस्य**–અમે સોમપાન કરી અમર થયા છીએ, પ્રકાશ મેળવ્યો છે અને દેવોને જાણ્યા છે; અમે અમર છીએ; મર્ત્ય પાપ હવે અમને શું કરવાનું છે? જે સોમપાન કરે, તેને વાગ્દેવી પોતે આવી અમરતા આપે છે. કારણ કે તેણેજ સોમને જાહેર કર્યો છે.

સોમ વિષે કહ્યું. હવે પુરોડાશ વિષે વિચાર કરીએ. પુરોડાશની આહુતિ આપ્યા પછી જે બાકી હોય તે ખાવું પડે છે. બાકી રહેલા ભાગના કેટલાક નાના ભાગો કરી ખાવું પડે છે. એકેક ભાગ ઋત્વિક્ માટે હોય છે. આ બધા ભાગનાં નામ ઇષ્ટિયાગનાં વિવરણ વખતે કહ્યાં છે. પુરોડાશનો એક ટુકડો યજમાન અને ઋત્વિજો સાથે બેસી ખાય છે. આ ટુકડો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઈડા કહેવાય છે. મેં આપને જણાવ્યું છે કે ઇડાભક્ષણ એ યજ્ઞની સૌથી મોટી ક્રિયા છે. ઇડાભક્ષણથીજ યજ્ઞ સમાપ્ત થાય છે, યજ્ઞ સાર્થક થાય છે. ખ્રિસ્તીઓમાં યુકેરિસ્ટ ભક્ષણની નાના પ્રકારની ગુંચવણ ભરેલી ક્રિયાઓ છે. તેમાંની એનો ઉલ્લેખ કરવો જોઇએ. પહેલી ક્રિયા રોટલી ભાગવાની (breaking of the bread)છે; ખ્રિસ્તે શિષ્યો સાથે ભોજન કરતાં રોટલી ભાગી હતી, અને તે ભાગેલી રોટલીના ટુકડા શિષ્યોને વહેંચી આપ્યા હતા. તે વખતે તેણે કહ્યું હતું કે This is My body which is broken for many for the remission of sins. તે મુજબ ખ્રિસ્તી પાદરીઓ વેદિ ઉપર રોટલીને ભાગે છે અને પછી યજમાનોને વહેંચી આપે છે. ખ્રિસ્તીઓએ આ રોટલી ભાગવાની ક્રિયાને ગંભીર રૂપ આપ્યું છે. જીવોના હિત માટે ખ્રિસ્તે પોતાના ટુકડા કરી વહેંચી આપ્યા છે–the breaking of the bread is a symbol of the suffering and death of the Lord on the cross. વળી–Broken and divided is the Lamb of God, who is broken and not severed. બીજી ક્રિયા અભિમંત્રણ અને આહ્વાનની (Consecration and Invocation) છે. ભક્ષણ પૂર્વે મંત્રદ્વારા દેવોને બોલાવી રોટલી અર્પણ કરવીપડે છે. અર્પણ કરવાના મંત્રો દરેક સંપ્રદાયોમાં જુદા જુદા છે. કોઇ વાગ્દેવતારૂપી ખ્રિસ્તને બોલાવે છે, કોઇ પવિત્રાત્માને બોલાવે છે; અને કોઈ ટ્રિનિટિને બોલાવે છે. ઘણાખરાના મત મુજબ આ આહ્વાનના મંત્રો ભણ્યા બાદ દેવતાનો આવિર્ભાવ થાય છે અને રોટલી માંસના રૂપમાં ફેરવાઇ જાય છે. ખ્રિસ્તીઓના યજ્ઞની પેઠે વેદપંથીઓના યજ્ઞમાં પણ બરાબર એવુંજ અનુષ્ઠાન છે. મુખ્ય દેવતાને ઉદ્દેશે પુરોડાશની આહુતિ આપ્યા બાદ જે કંઇ બાકી રહે, તેના ટુકડા કરવા પડે છે. એક ટુકડાનું નામ પ્રાશિત્ર, એ બ્રહ્મા ખાય છે. એક બીજો ટુકડો અગ્નીત્ ખાય છે; એનું નામ ષડવત્ત. ત્રીજા એક ટુકડાના ચાર ભાગ કરી બ્રહ્મા, હોતા, અધ્વર્યુ, અને અગ્નીત્ એ ચારે જણા ખાય છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એનું નામ ચતુર્દ્ધા કૃત ભાગ. બીજા બે ટુકડા બ્રહ્મા અને યજમાન યજ્ઞ સમાપ્ત થયા બાદ ખાય છે, એ બ્રહ્મા અને યજમાનના ભાગ હોય છે. આ પ્રમાણે પુરોડાશને ભાંગી ટુકડા કરવાનું નામ પુરોડાશનું અવદાન છે; અંગ્રેજીમાં fraction અથવા breaking કહી શકાય. આ બધા ભાગ સિવાય યજમાન અને ઋત્વિક્ બધાને એકીસાથે ભક્ષણ કરવાનો એક ભાગ હોય છે, એનું નામ ઇડા છે. એ રાખવા માટે એક લાકડાનું પાત્ર હોય છે; એનું નામ ઇડાપાત્ર. પૂર્ણમાસ યાગમાં અધ્વર્યુ પુરોડાશના ટુકડા કરી એ ઇડાપાત્રમાં રાખે છે. પ્રથમ ઇડાપાત્રમાં થોડું ઘી રેડવામાં આવે છે; એ ઘી પર બે પુરોડાશમાંથી બે ટુકડા ભાગી મૂકવામાં આવે છે; તે પર પાછું થોડું ઘી રેડવામાં આવે છે. આ પ્રમાણે ઉપર નીચે ઘી રેડેલું હોય એવા પુરોડાશનું નામ ઇડા કહેવાય છે. અધ્વર્યુ હોતાનાં આંગળાં પર ઘી ચોપડે છે. હોતા એ આંગળાંવડે પોતાના ઓઠનો સ્પર્શ કરે છે. અધ્વર્યુ હોતાને ઇડાપાત્ર પકડવા આપે છે. યજમાન અને ઋત્વિજો બધા ઈડાપાત્રનો સ્પર્શ કરે છે. હોતા કેટલાક મંત્રો ભણે છે. એ મંત્રવડે ઇડા દેવતાને બોલાવાય છે. મંત્રપાઠનું નામ ઇડાનું ઉપહ્‌વાન છે; અંગ્રેજીમાં Invocation છે, આ આહ્‌વાન પછી ઇડાદેવી પુરોડાશના ખંડમાં આવિર્ભાવ કરે છે. ત્યારપછી બીજાં કેટલાંક અનુષ્ઠાનો બાદ બધા મળી એ ઇડાનું ભક્ષણ કરે છે. ઇડા દેવતાનું ભક્ષણ કરવામાં આવે છે, ખ્રિસ્તીઓ અને વેદપંથીઓની ક્રિયામાં કેટલું સરખાપણું છે તે જોયું.

આ ઇડાદેવતા તે કોણ ? યુકેરિસ્ટનો ખ્રિસ્ત જાતે યજમાન, જાતે પશુ, અને જાતે દેવતા–વાગ્દેવતા–Word of God છે. તૈત્તિરીય બ્રાહ્મણ કહે છે, કે "**यजमानो वै पुरोडाशः**" આ જે પુરોડાશ તેજ યજમાન છે; પુરોડાશની આહુતિદ્વારા યજમાન પોતાનીજ આહુતિ આપે છે. પોતાના નિષ્ક્રયરૂપે યજમાન પશુની આહુતિ આપી શકે; કારણ કે, "**पशावः पुरुषः**," પશુઓજ પુરુષ સ્વરૂપ અર્થાત્ મનુષ્યને સ્થાને છે. અહીં યજમાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ પશુને બદલે પુરોડાશનો ટુકડો આપે છે. માટે એ પુરોડાશનો ટુકડો અથવા ઇડા એ પશુને સ્થાને છે. તૈત્તિરીય બ્રાહ્મણ વળી કહે છે, કે "**पशवो वै इडा**"–આ જે ઇડા, એજ પશુ છે. ખ્રિસ્તીઓની રોટલી જેમ ખ્રિસ્તરૂપી પશુનું માંસ છે, તેમ આ ઇડા પણ યજમાનરૂપ પશુનું માંસ છે. વારૂ, પણ હોતા મંત્રદ્વારા કયા દેવતાને બોલાવે છે? એ દેવતાપણ ઇડા દેવી છે. આપ આ ઇડાદેવીને ઓળખો છો? તમને નવાઇ લાગશે કે આ ઇડાદેવી તે પોતે વાગ્દેવતા છે; એક વખતે આખું વૈદિક સાહિત્ય એના માહાત્મ્યથી ભરપૂર હતું. જે મંત્રવડે ઇડાનું આહ્વાન કરવામાં આવે છે, એ મંત્ર સાંભળો–હોતા ઇડાદેવીને બોલાવે છે:—

"**सुरूपवर्षवर्णे एहि**"–હે દેવિ, તમારૂં રૂપ સુંદર છે, વર્ણ સુંદર છે. વર્ષણ–શક્તિ (અથવા ઉત્પાદન શક્તિ) સુંદર છે, તમે અહીં પધારો. "**इमान् भद्रान् दुर्य्यान् अभ्येहि**"–અમારા આ સજ્જિત યજ્ઞગૃહ તરફ પધારો. "**मामनुव्रता नि उ शीर्षाणि मृड्ढ्वम्**"–અમે જે વ્રત લીધું છે, તે તરફ અનુકૂળ થઈ અમારા માથા પર કલ્યાણ અર્પણ કરો. "**इडे एहि, अदिते एहि, सरस्वति एहि**"–ઇડા તમે પધારો, અદિતિ તમે પધારો, સરસ્વતિ તમે પધારો. "**रन्तिरसि, रमतिरसि, सुन्दरीरसि,**" તમે આનંદમયી છો, તમે આનંદદાયિની છો, તમે સુંદરી છો. "**जुष्टे जुष्टिं ते अशीय**"–અમે તમારી પૂજા કરીએ છીએ, તમે અમારા પર પ્રસન્ન થાઓ. "**उपहुते उपहवं ते अशीय**"–અમે તમને બોલાવીએ છીએ, તમે અમને બોલાવી લો. "**सत्या आशीरस्य यज्ञस्य भूयात्**"–આ યજ્ઞમાં અમે આશિષ માગીએ છીએ તે સત્ય થાઓ. "**अरेडता मनसा तच्छकेयम्**"–સ્થિર મનવડે તેની શક્તિ મેળવીશું. "**यज्ञो दिवं रोहतु, यज्ञो दिवं गच्छतु, यो देवयानः पन्था तेन यज्ञो देवान् अप्येतु**"–આ યજ્ઞ દેવલોકને વિષે આરોહણ કરો, દિવ્યલોકને વિષે ગમન કરો, દેવોનો જે માર્ગ છે, તે માર્ગે દેવો સમીપ ગતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરો. "**अस्मान् इन्द्र इन्द्रियं दधातु**"–જે બળવિધાતા ઇન્દ્ર છે, તે અમારૂં બળવિધાન કરો. "**अस्मान राय उत यज्ञाः सचन्त**" અમે શ્રેષ્ઠ ધન મેળવીએ, અમે યજ્ઞ મેળવીએ. "**अस्मासु सन्तु आशिषः, सा नः प्रिया सुप्रतूर्त्तिः मघोनी**" અયિ ઇડે, તું અમારી પ્રિયા છે, તું વિઘ્નઘાતિની છે, તું કલ્યાણદાયિની છે, અમારી પ્રાર્થના પૂર્ણ થાઓ.

આ મંત્ર પરથી ઇડાદેવીનું માહાત્મ્ય જણાશે. એ મંત્રમાં ઇડાનાં બીજાં બે નામો મળ્યાં–અદિતિ અને સરસ્વતી. હવે જોઇએ કે ઈડાદેવીનાં બીજાં કોઈ નામો છે કે નહિ? **ऋग्वेदसंहिता** માં ઇડાનું નામ વારંવાર આવે છે. પશુયાગ પ્રસંગે આપ્રી મંત્રની વાત કહી છે. મુખ્ય યાગ પહેલાં પ્રયાજ યાગ કરવો પડે છે. પશુયાગમાં અગિઆર દેવતાના ઉદ્દેશે અગિઆર પ્રયાજ યાગ થાય છે. પ્રત્યેક પ્રયાજ યાગ પૂર્વે હોતા જે મંત્ર ભણે છે, તેનું નામ આપ્રી મંત્ર છે. દેવતા અગિઆર માટે મંત્ર પણ અગિઆર છે. ઋગ્વેદના જે સૂક્તમાં આવા અગિઆર આપ્રી મંત્ર છે. તે સૂક્ત આપ્રી સૂક્ત કહેવાય છે. ઋક્ સંહિતામાં દશ આપ્રી સૂક્ત છે. વશિષ્ઠ, વિશ્વામિત્ર, જમદગ્નિ જેવા મોટા મોટા ઋષિઓએ આપ્રી સૂક્તનો પ્રચાર કર્યો છે; આપ્રી સૂક્તના પ્રચારમાં વધુ બહાદુરી હોય એમ જણાય છે. જે યજમાન જે ઋષિનાં ગોત્રમાં જન્મ્યો હોય તે તેનુંજ આપ્રી સૂક્ત વાપરતો, બીજાનું નહિ. એથીજ આપ્રી સૂક્તનું માહાત્મ્ય સમજાય છે. આપ્રી સૂક્તના અગિઆર મંત્રોના અગિઆર દેવતા છે. પરંતુ આઠમા દેવતાનું નામ બોલતી વેળા એકીસાથે ત્રણ નામ બોલાય છે–ઇડા, ભારતી અને સરસ્વતી. થોડા આપ્રી મંત્ર સાંભળો. "**इडा सरस्वती मही, त्रिस्रो देवीर्मयोभुवः, बर्हिः सीदन्तु अस्त्रिधः**" આ મંત્ર મેધાતિથિનો છે. "**भारतीडे सरस्वती, या वः सर्वा उपब्रुते, ता नश्चोदयत श्रिये**" આ મંત્ર અગસ્ત્યનો છે. "**आ भारती भारतीभिः सजोषा, इडादेवैर्मनुष्येभिरग्निः, सरस्वति सारस्वतेभिरर्वाक्, तिस्रो देवीर्बर्हिरेदं सदन्तु,**" આ મંત્ર વશિષ્ઠનો છે. આ પ્રમાણે દશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્રો છે. દરેક મંત્રમાં ઇડા, ભારતી અને સરસ્વતીનાં નામ મળે છે. એમને "**तिस्रो देव्यः**" કહેલ છે, છતાં તે ત્રણે એક છે. કારણ કે અકેક મંત્ર અકેક દેવતાને ઉદ્દેશી બોલાવવામાં આવે છે. આમાંની ભારતી અને સરસ્વતીનું નામ આજ સુધી આપ જાણો છો. એ બંને વાગ્દેવીનાં નામ છે. ઇડા દેવીને આપણે ભુલી ગયા છીએ, પરંતુ ભારતી અને સરસ્વતી જો વાગ્દેવી હોય, તો ઇડા પણ વાગ્દેવી છે એ નક્કી. અતિ પ્રાચીન કાળમાં કદાચ એ જુદી જુદી દેવતા ગણાતી હોય; પરંતુ વખત જતાં એ ત્રણે મળી એકજ રૂપ થએલું છે. ઋગ્વેદમાં સરસ્વતીનું નામ ઘણે સ્થળે નદીના અર્થમાં વાપરેલું છે. અત્યારે સરસ્વતી નદી હયાત નથી, પરંતુ એક વખતે એ વહેતી હતી. અત્યારે જેટલું ગંગાનું માહાત્મ્ય છે, તેટલુંજ માહાત્મ્ય તે વખતે સરસ્વતીનું ગણાતું હતું. બ્રહ્માવર્ત્ત દેશમાં સરસ્વતીને તીરે બ્રહ્મવાદી ઋષિઓએ વેદના કર્મકાંડની પ્રતિષ્ઠા સાથે વેદપંથી સમાજનો પાયો નાખ્યો હતો. ઐતરેય બ્રાહ્મણમાં વાત છે, કે એક વખતે ઋષિઓએ સરસ્વતીને કિનારે સત્ર આરંભ્યું હતું. કવષ નામનો માણસ ત્યાં હાજર હતો; તે દાસીપુત્ર હતો અને બ્રાહ્મણ પણ નહોતો. ઋષિઓએ તેને મરુભૂમિ તરફ હાંકી કહાડયો. તૃષાતુર કવષના મુખમાંથી ઋગ્વેદના મંત્રો બહાર પડવા લાગ્યા. એ મંત્ર સાંભળી સરસ્વતી પોતે પોતાનો પ્રવાહ વાળી એ મરુભૂમિમાં તેની પાસે આવી અને કવષની તરસ છિપાવી. ત્યારથી કવષ ઋષિ થયો. કવષના મંત્રોને સોમયજ્ઞમાં સ્થાન મળ્યું. એ મંત્રોનું નામ અપોનપ્ત્રીય મંત્ર છે. સોમયજ્ઞને દિવસે સવારમાં જ્યારે 'એકધના' નામનું પાણી લાવવામાં આવે છે, ત્યાર પહેલાં હોતા એ મંત્રો ભણે છે. જે સરસ્વતીનું આટલું બધું માહાત્મ્ય હતું, તે સરસ્વતી પાછળથી વેદવાક્યની દેવી અથવા વાગ્દેવતા તરીકે સ્વીકારાય, તેમાં કશી નવાઇ નથી. ત્યાર પછી ભારતી. એ કદાચ ભરતવંશની કુળદેવી હોય. ભરતવંશની કીર્તિના વર્ણનથી આપણું સાહિત્ય પરિપૂર્ણ છે. કાલિદાસના પ્રસાદથી દુષ્યન્તના પુત્ર સર્વદમન ભરતનું નામ કોણ નથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણતું! ઐતરેય બ્રાહ્મણ પરથી જણાય છે કે દીર્ઘતમા નામના ઋષિએ રાજસૂય યજ્ઞમાં ભરતનો અભિષેક કર્યો હતો. તેણે પૃથ્વીના છેડા સુધી વિજય મેળવી એકસો ત્રીસ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. કાલિદાસનો દિલીપ મહાબળવાન પુત્ર રઘુની મદદથી પણ શતક્રતુ થઈ શક્યો નહોતો. ઐતરેય બ્રાહ્મણ કહે છે કે મનુષ્ય જેમ હસ્તદ્વારા દ્યુલોકનો સ્પર્શ કરી શકતો નથી, તેમ ભરતે કરેલાં મહાકર્મો તેની અગાઉ કે પછી કોઇ કરી શક્યું નથી. આ ભરતવંશની કીર્તિની કહાણીઓથી મહાભારત રચાયું છે. વધુ તો શું કહું, આ ભરતના નામ પરથીજ આપણા દેશનું નામ ભારતવર્ષ પડ્યું છે. ભરત-વંશની કુલદેવતા ભારતી ધીમે ધીમે વેદપંથીની મુખ્ય દેવતા થએલ છે. સરસ્વતી અને ભારતી પછી ઇડાદેવી આવે છે. ઋગ્વેદમાં તેનું એક વિશેષણ મનુષ્વતી અથવા માનવી આપેલું છે. આ વિશેષણ શી રીતે આવ્યું, તેની શોધ માટે શતપથ બ્રાહ્મણ તપાસવાની જરૂર છે. શતપથ બ્રાહ્મણની એક વાર્તા કહું છું.

આપ વૈવસ્વત મનુનું નામ જાણો છો. કાલિદાસની ભાષામાં છંદમાં જેમ પ્રણવ, તેમ રાજાઓમાં તે આદિ રાજા હતો. તે મનુ એક દિવસ પ્રાતઃકાળમાં હાથપગ ધોતો હતો. તેવામાં તેના હાથ આગળ એક માછલી આવી. માછલીએ કહ્યું, મને મોટી માછલી ખાઇ જાય છે, માટે તું મારૂં રક્ષણ કર, હું યોગ્ય વખતે તારૂં રક્ષણ કરીશ. મનુએ માછલીને ઉપાડી પાણીના ઘડામાં રાખી. માછલી તો વધવા લાગી. ઘડામાં જ્યારે ન સમાઇ ત્યારે તેને ખાઇમાં નાખી. ખાઈમાં જ્યારે ન સમાઈ, ત્યારે સમુદ્રમાં નાખી. થોડા વખત બાદ પૃથ્વીનો પ્રલયકાળ આવી પહોંચ્યો. માછલીના ઉપદેશ મુજબ મનુએ નૌકાનો આશ્રય લીધો. માછલી નૌકાની પાસે પાસે તરવા લાગી; તેણે પોતાના શિંગ પર નૌકા બાંધી. માછલી નૌકાને લઈ ઉત્તરગિરિ પર આવી પહોંચી. કહેવાની જરૂર નથી, કે આ માછલી એજ પુરાણનો મત્સ્યાવતાર છે. પાણીની રેલથી બધી પ્રજા મરણ પામી; કેવળ મનુ એકલો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બચ્ચો. વખત જતાં પાણી ઊતર્યું, મનુએ પાણી પરજ યજ્ઞ કર્યો. યજ્ઞમાં જે આહુતિ આપી તેમાંથી વરસ દરમિઆન એક કન્યા જન્મી. આ કન્યાનું નામ ઇડા. મનુકન્યા હોવાથી તેનું નામ મનુષ્વતી અથવા માનવી પડયું. ઇડાએ મનુને કહ્યું, હું તમારી કન્યા છું, તમારા યજ્ઞવડેજ જન્મી છું. માટે હવે તમે યજ્ઞમાં મારીજ આહુતિ આપશો. એ યજ્ઞથી નવી પ્રજા ઉત્પન્ન થશે. મનુએ તેનો યજ્ઞમાં પ્રયોગ કર્યો. તેથી નવી પ્રજા ઉત્પન્ન થઈ; મનુનો વંશ રહ્યો. આ વંશ એજ માનવવંશ. ત્યારથી યજ્ઞમાં ઇડા વપરાય છે. યજ્ઞમાં જે પુરોડાશની આહુતિ અપાય છે, એ પુરોડાશનો ભાગ ઇડા છે. તેમાં ઇડાદેવી રહે છે; માનવો તે ખાય છે. મનુકન્યા ઇડાના ગર્ભથી પુરુરવાનો જન્મ થયો. વેદમાં તેનું નામ ઐડ પુરુરવા આપેલું છે. પુરાણના મત પ્રમાણે પુરુરવાનો પિતા બુધ છે; બુધનો પિતા સોમ છે. આ સોમ તે રાજાસોમ છે. જે દેવોનું અમૃત છે, તે સોમ છે. માટે આ ઇડાદેવીથીજ સોમ વંશ અથવા ચંદ્રવંશની ઉત્પત્તિ થઇ છે. જે વંશમાં દુષ્યન્તનો પુત્ર જન્મ્યો હતો, તે વંશ ઇડાદેવીથીજ ઉત્પન્ન થયો છે. ભરતવંશની અધિષ્ઠાત્રી ઇડાદેવી એજ વંશની કુલદેવતા ભારતી સાથે ભેળાઇ જાય, તેમાં શી નવાઇ?

ઇડાદેવીનાં કેટલાંક નામ મળ્યાં. ઇડા આહ્વાનના મંત્રમાં અદિતિ અને સરસ્વતી એ બે નામ મળ્યાં હતાં. આપ્રી મંત્રમાં ભારતી અને સરસ્વતીનાં નામ મળ્યાં હતાં. વેદપંથી પોતાના દેવતાને સો નામે–હજારો નામે બોલાવતા છતાં સંતોષાતા નથી. ઇડાદેવીનું એક બીજું નામ પણ છે. યાસ્કના 'નિરુક્ત' માં તપાસો. એ નિરુક્ત વૈદિક ભાષાની ડિક્ષનૅરિ છે. એની શરુઆતમાં નિઘણ્ટુમાં અનેક વૈદિક શબ્દોના પ્રતિશબ્દ અથવા પર્યાય (Synonym) આપેલ છે. 'વાક્' શબ્દ આગળ તપાસો. તેના સત્તાવન પ્રતિશબ્દ જોવામાં આવશે. એ સત્તાવનની આપણે જરૂર નથી. તેમાંના થોડાક ચુંટી લઇએ. 'વાક્' અથવા વાકયના પ્રતિશબ્દ–શબ્દ, સ્વર, ઘોષ, વાણી ઇત્યાદિ. ત્યારપછી જુઓ–ઇડા, ભારતી, અને સરસ્વતી. આપ્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્રમાં આ ત્રણે નામ એકીસાથેં મળ્યાં છે. ત્યારપછી જુઓ, સુપર્ણી-આ સુપર્ણીએ ગાયત્રી અથવા વાગ્દેવીરૂપે સોમ આણ્યો છે. આટલાં વિવેચન પછી ઇડા એ વાગ્દેવી છે, તેમાં આપને કશો શક નહિ રહે. ત્યારપછીનાં કેટલાંક નામ જોઈ નવાઇ પામશો. એક નામ અદિતિ. ઇડાનું આ નામ અગાઉ ઇડાના આહ્વાન મંત્રમાં મળ્યું છે, છતાં આ અદિતિ અત્યારે દેવોની મા ગણાય છે. ત્યાર પછી શચી એ અત્યારે ઇન્દ્રપત્ની ગણાય છે. વેદમાં એ યજ્ઞક્રતુરૂપિણી ગણાય છે. ત્યારપછી સ્વાહા-એ અગ્નિની પત્ની ગણાય છે. ત્યારપછી જુઓ. ગૌરી-એ અત્યારે મહેશ્વરપત્ની ગણાય છે. કેનોપનિષદમાં બ્રહ્મવિદ્યાસ્વરૂપિણી બહુ શોભાવાળી ઉમા હૈમવતીનું નામ આવે છે. એ ઉમા હૈમવતી હિમાલયકન્યા પાર્વતીના રૂપમાં ફેરવાઈ ગઈ છે, અને તેનુંજ નામ ગૌરી પડ્યું છે. નિરુક્તકાર ગૌરી આગળ આવી થોભ્યો નથી; તેણે એક બીજું નામ આપ્યું છે મેના અથવા મેનકા; એ ગૌરીની જનની છે. છેવટે મહી અથવા પૃથ્વી, ગો, અને ધેનુનાં નામ આપ્યાં છે. પૃથ્વી ગાયરૂપ છે, તે પ્રસિદ્ધ છે; કાલિદાસનાં '**दुदोह गां स यज्ञाय,**' અને '**दुदोह गो-रूप-धरामिवोर्वीम्**' એ વાક્યો યાદ કરો. વાગ્દેવી પણ ગાયરૂપ છે, તે ઘણા દિવસો થયાં સ્વીકારાયું છે. સાધારણ ભાષામાં પણ ગો શબ્દથી વાક્ય સમજાય છે. સોમયજ્ઞમાં એક વાછરડી આપી સોમ ખરીદાય છે. એ વાછરડી વાગ્દેવીરૂપ છે. બૃહદારણ્યકમાં કહ્યું છે, કે-'**वाचं धेनुम् उपासीत। तस्याः चत्वारः स्तनाः, स्वाहाकारो वषट्कारो हन्तकारः स्वधाकारः**"-વાગ્દેવતાની ધેનુરૂપે ઉપાસના કરવી જોઇએ; તેનાં ચાર સ્તન સ્વાહાકાર, વષટ્કાર, હન્તકાર, અને સ્વધાકાર છે. સ્વાહાકાર અને વષટ્કાર દેવતાઓની ઉપજીવિકા છે; હન્તકાર મનુષ્યોની અને સ્વધાકાર પિતૃઓની ઉપજીવિકા છે. પ્રાણ તેના વૃષસ્થાને છે અને મન વત્સસ્થાને છે. વાગ્દેવતાની મૂર્તિ હોવાથીજ ગાય આપણી ભગવતી થઈ છે. વાક્પતિ પોતે ગોપતિ અથવા ગો-પાલરૂપે ગો-ગોપ સંઘથી વિંટળાઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગો–લોક અથવા વાઙ્મય વિશ્વભુવન ભરી દઇ અધિષ્ઠાન કરે છે. આ વાત આગળ જતાં સમજાવવાનો પ્રયત્ન કરીશ.

આપે જોયું કે આ વાગ્દેવતા સર્વદેવમયી અને સર્વમયી છે. વેદપંથી એને ભૂલી શક્યા નથી, છોડી શક્યા નથી. એથી પણ વધુ ઉચ્ચ પગથીઆ પર ચઢી આપણાં શાસ્ત્રો લગભગ એક વાક્યે કહે છે, "वाग् वै ब्रह्म" વાક્ એજ બ્રહ્મ છે–"The word is God." પશ્ચિમના પંડિતો અહીંજ જરા મુંઝાયા છે. ઉપનિષદમાં અર્થાત્ વેદાન્તમાં બ્રહ્મ શબ્દ ઇશ્વરવાચક છે; વાક્યને એકીસાથે અનાદિ, નિત્ય ઇશ્વરના રૂપમાં ગણાવવું એ ખ્રિસ્તી સિવાયના માટે સંભવિત છે, એ ધારતાંજ ખ્રિસ્તી પંડિતોનાં માથાં ફરી જાય છે. એ પંડિતો કહે છે, કે વેદના મન્ત્રોમાં, એટલુંજ નહિ પણ બ્રાહ્મણ ગ્રંથોમાં પણ બ્રહ્મ શબ્દથી વેદવાક્યજ સમજાય છે, સ્પષ્ટરીતે ઇશ્વરનો બોધ થતો નથી. સુવાર્ત્તાપ્રચારક જોનની પહેલાં બ્રહ્મ નામક વાક્યને બ્રહ્મરૂપી ઇશ્વર માનેલ છે, એ સ્વીકારતાં તેઓને બહુ સંકોચ થાય છે. પરંતુ વાક્ એજ ઇશ્વર છે, શબ્દ એજ બ્રહ્મ છે, એ વેદપંથીઓ માટે અતિશય જાણીતી વાત છે. અતિશય જૂની વાત છે. હિરાક્લિટસ જન્મ્યા પહેલાં સેંકડો વર્ષ પૂર્વે વેદપંથીઓ આગળ એ વાત તદ્દન જાણીતી હતી. વેદપંથી સમાજના ઇતિહાસ વ્યાપી–ઓછામાં ઓછું ઋગ્વેદસંહિતાનું દશમું મંડળ ગ્રથિત થયું ત્યારથી આજસુધી, આ તત્ત્વે વેદપંથીઓનાં અધ્યાત્મ જીવનને નિયમિત કરી રાખ્યું છે, એમ કહીએ તો એમાં કશી અતિશયોક્તિ થતી નથી. વેદના બ્રાહ્મણ ગ્રંથોમાં મુખ્ય દેવતા પ્રજાપતિ છે; પરંતુ મંત્રસંહિતામાં પ્રજાપતિની બ્રાહ્મણ ગ્રંથો જેટલી પ્રતિષ્ઠા જણાતી નથી. ઋગ્વેદસંહિતાના દશમા મંડળમાં ફક્ત ચાર વાર પ્રજાપતિનું નામ મળે છે. પરંતુ ઋગ્વેદસંહિતામાં એક બીજો દેવ વારંવાર નજરે પડે છે, તેનું નામ બ્રહસ્પતિ–નામાન્તર બ્રાહ્મણસ્પતિ–બ્રહ્મનો અર્થાત્ વેદવાક્યનો પતિ છે. પાછળથી તેનું નામ વાચસ્પતિ પડયું છે. એ પરથી સમજાય છે કે વાક્ અથવા વેદવાક્યજ બ્રહ્મ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઋક્સંહિતાના દશમા મંડળમાં એક સૂક્ત છે, તેમાં બૃહસ્પતિ પોતે કહે છે, અતિશય નવાઇ પામી બોલતા હોય નહિ તેવી રીતે બોલે છે, કે ' આ જે વાક્, જે સૃષ્ટ પદાર્થોનાં નામ પડ્યા પહેલાં આવિર્ભૂત થએલ છે, તે કઈ ગુફામાં મૂકાએલ હતી ! કયા પ્રેમના બળવડે તે ગુફામાંથી બહાર આવી'? " **उत त्वः पश्यन् अददर्श वाचम् , उत त्वः शृण्वन् न शृणोति एनाम्** "–લોકો એને જોયા છતાં જોતા નથી, સાંભળ્યા છતાં સાંભળતા નથી. " **उतो तु अस्मै तन्वं विसस्रे, जायेव पत्ये उशती सुवासाः**" સ્ત્રીની જેમ સુંદર વસ્ત્રો પહેરી પતિની પાસે જાય છે, તેમ એ પણ પ્રેમપૂર્વક પોતાનો દેહ પ્રકટ કરે છે. બૃહસ્પતિ પોતે વાક્નો પતિ છે, તેને માટે આવી ભાષાજ યોગ્ય છે. આ જે વાક્, તે ખાસ કરીને બ્રહ્મવિદ્યા છે. બૃહસ્પતિએજ કહ્યું છે–" **ऋचां त्वः पोषमास्तेपुपुष्मान्, गायत्रं यो गायति शक्करीषु, ब्रह्मा त्वो वदति जातविद्यां यज्ञस्य मात्रां विमिमीत उ त्वः**" આ વાક્ હોતાના મુખમાંથી ઋક્રૂપે બહાર નીકળી યજ્ઞને પુષ્ટ કરે છે; ઉદ્‌ગાતાના શક્કરી સામરૂપે ગવાય છે; અધ્વર્યુના મુખવડે યજુર્મંત્રરૂપે યજ્ઞનું શરીર નિર્માણ કરે છે; બ્રહ્મા આ વિદ્યાને યજ્ઞકર્મમાં જોડે છે. માટે આ 'વાક્'નો અર્થ ખાસ કરીને વેદવાક્ય એવોજ સમજવો જોઇએ. બૃહદારણ્યકની ભાષામાં આ વેદવાક્ય "**महतो भूतस्य निःश्वसितम्** " અર્થાત્ તે મહાભૂત ઈશ્વરના નિશ્વાસરૂપ છે. શતપથ બ્રાહ્મણની ભાષામાં કહીએ તો પ્રજાપતિએ પ્રજારૂપે બહુ થવાની કામના કરી તપ કર્યું હતું, અને તપદ્વારા પ્રથમ બ્રહ્મરૂપ ત્રયીવિદ્યા પ્રકટ કરી હતી. આ વેદવાણી પુરાણ કવિ વિશ્વવિધાતાનાં ચતુર્મુખમાંથી પ્રથમ બહાર પડેલી હતી, એમ વેદપંથીઓએ માની લીધું છે. કહ્યું છે કે " **अनादिनिधना नित्या वाग् उत्सृष्टा स्वयंभुवा**;" સ્વયંભુવડે પ્રકટ થએલ છતાં આ વાક્ નિત્ય છે; એનો આદિ કે અંત નથી. ખ્રિસ્તીઓના જનકેશ્વરથી ઉત્પન્ન થએલ તનયેશ્વર–ખ્રિસ્ત અથવા શબ્દરૂપી ઈશ્વરના નિત્યત્વની વાત આ પ્રસંગ યાદ કરો. વેદભા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ષ્યકાર સાયણાચાર્ય દરેક અધ્યાયની શરુઆતમાં "**यस्य निःश्वसितं वेदाः**" કહી મહેશ્વરને પ્રણામ્ કરે છે; પરંતુ આગળ કહે છે, કે "**यो वेदेभ्योऽखिलं जगत् निर्ममे**"–જેણે વેદવાકયદ્વારા અખિલ જગત્ નિર્માણ કર્યું છે. ખ્રિસ્તીઓ પણ કહે છે, કે પિતા ઇશ્વરે શબ્દરૂપી પુત્ર ખ્રિસ્તદ્વારા સમસ્ત જગત્ બનાવ્યું છે. વેદપંથીઓ પણ કહે છે કે, શબ્દ-વડેજ આ અખિલ જગત નિર્માણ થયું છે. પૂર્વમીમાંસા દર્શનના આચાર્યો કોઇ પણ શરીરધારી દેવતાને માનતા નથી, સાધારણ ભાષામાં કહીએ તો ઇશ્વરને પણ માનતા નથી. છતાં તેઓ આ વેદવાકયને નિત્ય અને અપૌરુષેય માની લે છે. વેદવાકય મૂર્તિહીન શબ્દરૂપે ચિરકાલ વિદ્યમાન છે; એ શબ્દોએ ઋષિઓને દેખા દીધી અને તેની સન્મુખ મૂર્તિ ધારણ કરી આત્મપ્રકાશ કર્યો. વેદવાકય એજ વાગ્દેવતા અથવા બ્રહ્મ છે. વેદમંત્રનો સારભૂત જે ગાયત્રીમંત્ર, તેનેજ ખાસ કરીને વાગ્દેવીની મૂર્તિરૂપે ગ્રહણ કરવામાં આવ્યો છે. વસ્તુતઃ ગાયત્રી એક છંદનું નામ છે; એ છંદે સુપર્ણીનું રૂપ લઇ સોમ અથવા અમરતા આણી છે. તે છંદોમાં મુખ્ય છે, તે '**छन्दसां माता**' છે. તૈત્તિરિય આરણ્યકના સમયથી આજસુધી આપણે દરરોજ સન્ધ્યોપાસના વખતે '**आयातु वरदा देवी अक्षरं ब्रह्मसम्मितं, गायत्री छन्दसां माता इदं ब्रह्म जुषस्व नः**" આ મંત્રવડે ગાયત્રીને '**छन्दसां माता**' અને બ્રહ્મરૂપિણી ગણી બોલાવીએ છીએ. છાન્દોગ્ય ઉપનિષદ્ ભારપૂર્વક કહે છે, કે "**गायत्री वै इदं सर्वं भूतं यदिदं किंच; वाग् वै गायत्री, वाग् वै इदं सर्वं भूतं गायति च त्रायते च**" સમસ્ત પ્રાણી કે જે કંઇ વિદ્યમાન છે તે સમસ્ત ગાયત્રી છે; ગાયત્રીજ વાક્ છે, વાક્જ સમસ્ત પ્રાણી છે; ગાયત્રીજ વાક્રૂપે સકલ ભૂતનું નામ પાડે છે અને બધાંનું રક્ષણ કરે છે. ગાયત્રી છંદના જે મંત્રને આપણે વેદવાકયનો સારરૂપ મંત્ર માની ગ્રહણ કરેલ છે, તે મંત્રના દેવતા સવિતા હોવાથી એને સાવિત્રી મંત્ર કહ્યો છે. એ માટે ગાયત્રીનું બીજું નામ સાવિત્રી છે. વિશ્વામિત્ર ઋષિએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ મંત્રનો પ્રચાર કર્યો હતો. સંભવિત છે, કે ત્યારથી તે આજ સુધી એજ વેદનો શ્રેષ્ઠ મંત્ર ગણાતો આવે છે. વેદપંથી સમાજનો દરેક બાળક ઉપનયન વખતે આચાર્ય પાસેથી એ મંત્ર ગ્રહણ કરે છે. અને તે પછી આખી જિંદગી એ મંત્રનો જપ કરવાને બંધાય છે. બૃહદારણ્યક કહે છે, કે–"**स यामेष अमूं सावित्रीम् अन्वाह एव एष सा**" તે આચાર્ય બાળકને જે સાવિત્રી મંત્ર આપે તે સાવિત્રી મંત્ર ખાસ કરીને ગાયત્રી છે. "**एषा गायत्री अध्यात्मं प्रतिष्ठिता**"–આ ગાયત્રી આત્મા ઉપર પ્રતિષ્ઠિત છે. આ ગાયત્રીમાં સમસ્ત જગત્ પ્રતિષ્ઠિત છે. વિષ્ણુના ત્રિપાદદ્વારા જગત રોકી દેવાનું ઉપાખ્યાન ઋક્સંહિતામાં વારંવાર આવે છે. એનું મૂળ તાત્પર્ય ગમે તે હો પરંતુ અત્યારે તો વિષ્ણુનાં ત્રણ ડગલાંવડે આ ત્રણે લોક અથવા બધું દૃશ્યમાન જગત રોકાઈ રહ્યું છે, એ તાત્પર્ય રહી ગયું છે. આ ત્રણ પદ સિવાય વિષ્ણુના એક ચોથા પદ અથવા પરમ પદની વાત વારંવાર સંભળાય છે, તે પરમ પદ વ્યોમને વિષે રહેલ છે, અર્થાત્ પ્રત્યક્ષથી અતીત, ઈંદ્રિયોથી અતીત લોકને વિષે રહેલ છે આ પ્રમાણે બ્રહ્મરૂપી વિષ્ણુને ચાર પદ છે. પણ ગાયત્રી છંદમાં તો ત્રણજ ચરણ છે; ગાયત્રીનું બ્રહ્મરૂપ દૃઢ કરવા માટે બૃહદારણ્યક કહે છે કે, ભૂમિ, અંતરિક્ષ, અને દ્યુલોક આ ગાયત્રીનું પ્રથમ પદ છે, ઋક્, યજુઃ, સામ આ ગાયત્રીનું બીજું પદ છે; પ્રાણ, અપાન, વ્યાન આ ગાયત્રીનું ત્રીજું પદ છે; પરંતુ એ ઉપરાંત એક તુરીય અથવા ચતુર્થ પદ છે, જે '**परोरजा**' અર્થાત્ પ્રત્યક્ષથી અતીત છે.

આ વાગ્દેવતાના બ્રહ્મસ્વરૂપ વિષે હજુ પણ આપને સંદેહ રહેતો હોય, તો ઋગ્વેદસંહિતાના દશમા મંડળમાંનું એક સૂક્ત આપને સંભળાવવા ઇચ્છું છું. એ સૂક્તનું નામ દેવીસૂક્ત છે. આજસુધી શરત્કાલમાં દેવીપૂજા સમયે તે આપણે ઘેર ઘેર ભણાય છે. આપણી દેવીપૂજા અથવા શક્તિપૂજા એ સૂક્ત પર સ્થપાઇ છે. એ સૂક્તનાં ઋષિનું નામ વાક છે, તે અમ્ભૃણ ઋષિની કન્યારૂપે કલ્પાએલ છે. તે ગમે તે હો, પણ ખ્રિસ્તની સુવાર્તા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રચારક જોન પહેલાં સેંકડો વર્ષ પૂર્વે, એટલુંજ નહિ પણ હીરાક્લિટસથી પણ સેંકડો વર્ષ પૂર્વે, તેણે પોતાને વાક્ અથવા શબ્દબ્રહ્મરૂપે ઓળખાવી છે. આપણી એ પુરાતન ઋષિકન્યા વાક્ ભારપૂર્વક કહે છેઃ—

अहं रुद्रेभि र्वसुभिश्चरामि,
अहं आदित्यैरुत विश्वदेवैः;
अहं मित्रावरुणोभा बिभर्मि,
अहं इन्द्राग्नी अहम् अश्विनोभा,—

હું રુદ્રો અને વસુઓ સાથે વિચરણ કરૂં છું; આદિત્યો અને વિશ્વદેવો સાથે વિચરણ કરૂં છું; મિત્ર અને વરુણ બંનેને મેં ધારણ કરી રાખ્યા છે; ઈંદ્રને, અશ્વિદ્વયને પણ મેં ધારણ કરી રાખ્યા છે.

अहं रुद्राय धनुरातनोमि;
ब्रह्मद्विषे शरवे हन्त वा उ,
अहं जनाय समदं कृणोमि,
अहं द्यावापृथिवी आविवेश,

હું બ્રહ્મદ્વેષીના નાશ માટે રૂદ્રનું ધનુષ્ય ખેંચું છું, હું માણસોનાં હિતને માટે સંગ્રામ કરૂં છું, હું જ સ્વર્ગ અને મૃત્યુલોકને વિષે પ્રવેશ કરી રહી છું.

अहं सुवे पितरमस्य मूर्द्धन्,
मम योनिरप्सु अन्तः समुद्रे,
ततो वितिष्ठे भुवनानि विश्वा,
उतामूं द्यां वर्ष्मणोप स्पृशामि,—

મેં ઉર્દ્ધભાગને વિષે પિતા દ્યૌનો પ્રસવ કર્યો છે. સમુદ્રના પાણીને વિષે મારો ગર્ભ રહ્યો છે; વિશ્વભુવનને વિષે મેં પ્રવેશ કર્યો છે; દ્યુલોકનો પણ મેં મારા દેહવડે સ્પર્શ કર્યો છે.

૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**अहं एव वात इव प्रवामि,**
**आरभमाणा भुवनानि विश्वा,**
**परो दिवा पर एना पृथिव्या,**
**एतावती महिमा सम्बभूव,—**

વિશ્વભુવન રચવા તૈયાર થઇ હું વાયુની માફક સર્વત્ર ફરૂં છું; પૃથ્વીથી પર, ધુલોકથી પર, જે કંઇ વિદ્યમાન છે, ત્યાં સર્વત્ર હું મારા મહિમાદ્વારા ઉત્પન્ન થાઉં છું.

આના કરતાં વધુ ભારપૂર્વક શું કહી શકાય; આના કરતાં સ્પષ્ટ વાત બીજી કઈ હોઈ શકે? મેરીના ગર્ભમાં જીવરૂપે અવતરેલા શબ્દરૂપી ખ્રિસ્તે કહ્યું હતું, કે હું અને મારા પિતા એકજ છીએ. તે પહેલાં, સેંકડો વર્ષ પૂર્વે અમ્ભૃણ-કન્યારૂપે અવતરેલી વાગ્દેવીએ પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, હું વિશ્વની સૃષ્ટા છું-**अहं ब्रह्मास्मि.** પશ્ચિમના પંડિતો ઋગ્વેદના મંત્રોમાં દાર્શનિક અદ્વૈતવાદ શોધી શકતા નથી; આ સૂક્તની તેઓએ ઉપેક્ષા કરી છે.

ઇડાદેવીને આપે ઓળખી. એ વેદપંથીઓની સનાતન વાગ્દેવી છે. શ્રૌતકર્મ સાથે ઇડાભક્ષણ અત્યારે અપ્રચલિત થઇ ગયું છે; ઇડાભક્ષણથી ઇડાદેવીને-વાગ્દેવીને-આત્મસ્થ કરાય છે. ઇડા સર્વદેવમયી છે; બધા યજ્ઞમાં ઇડાભક્ષણ કરાતું. યજ્ઞ પુરો થતાં યજમાન વિષ્ણુપદ મેળવતો. ઇડાદેવીનું નામ પણ આપણે વિસરી ગયા છીએ. પરંતુ વાગ્દેવીને વેદપંથી ભૂલી શક્યા નથી. તેને અવલંબીને વેદપંથી સમાજ સ્થપાયો છે. વેદપંથીને હું સાધારણ રીતે શબ્દાત્મવાદી અથવા અભિધાનવાદી ( nominalist ) માનું છું. પૂર્વમીમાંસા દર્શનના આચાર્યોએ છેવટનો ફેંસલો આપી દીધો છે, કે દેવતાને સ્થૂળ અથવા સૂક્ષ્મ કોઇ પણ જાતનું શરીર નથી; કોઇ પણ જાતનું રૂપ નથી. જે કોઈ પદાર્થનું-જે કોઈ ગ્રાહ્યનું (concept) અથવા વિજ્ઞેયનું (ideaનું) એકાદ નામ આપી શકાય, તે પદાર્થજ દેવતા છે. જે કંઇ વિચારનો વિષય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, તે દેવતા છે. જે વાક્યમાં તે ઉદ્દેશ્યનું (conceptનું) તાત્પર્ય અથવા અભિધેય સ્વરૂપ ( connotation ) મળી આવે, તે વાક્ય-તે વિધાન-દેવતાનો મંત્ર છે; માટે દેવતા મંત્રાત્મક છે. આ તદ્દન અભિધાનવાદ ( nominalism ) છે, જગત્‌માં જે કંઈ મનનયોગ્ય અથવા વિચારના વિષયરૂપ છે અથવા હોઈ શકે, તે જ દેવતા. અને જે દેવતાને જે નામ આપી શકાય, તે નામજ તે દેવતાનું શરીર. આ અર્થમાં દેવતામાત્ર શબ્દ-મય છે, વર્ણમય છે. જેઓ ભક્તિમાર્ગના વટેમાર્ગુઓ છે, તેઓ દેવતાનાં નામને દેવતા જેટલીજ કિંમતનું ગણી લે છે. એટલુંજ નહિ પણ સત્યભામા ત્રાજવાનાં પલ્લાંવડે પોતાના હરિનું મૂલ્ય નક્કી કરવા જતાં મુંઝાયાં ત્યારે રૂક્મિણીએ તેમને બતાવી આપ્યું કે હરિના કરતાં હરિના નામનું મહત્વ વધુ છે. વેદપંથીનો આ અભિધાનવાદ ચેતન્યના નામ-માહાત્મ્ય-પ્રચારમાં છેલ્લી હદે પહોંચ્યો છે. ૐ આ એકાક્ષરી શબ્દનો પ્રાચીન અર્થ 'હા' છે; છે કે નહિ, એ પ્રશ્નના જવાબમાં કહેવાનું કે "ૐ" અર્થાત્ હા,-છે. બ્રહ્મ છે એ વિષયમાં જેઓને શક નહોતો, તેઓએ આ ૐ અક્ષરનેજ બ્રહ્મનું સૌથી વ્યાપક અને પ્રસિદ્ધ નામ માની સ્વીકારી લીધું. એ માટે ૐકારનું માહાત્મ્ય સર્વોપરિ છે. તન્ત્રપંથી દાર્શનિકોએ પણ વેદપંથીનું આ અભિ-ધાનતંત્ર ગ્રહણ કર્યું છે. ૐકારનું અનુકરણ કરી તેઓ પણ x. y, z, અથવા ક ખ ગ અથવા હિં, ટિં, છટ્ ઇત્યાદિ અર્થશૂન્ય સાંકેતિક નામ કે બીજમંત્રદ્વારા દેવતાનું જુદું જુદું સ્વરૂપ પ્રકટ કરવા ઇચ્છે છે. અર્થ વગરનાં સાંકેતિક નામની સગવડ એ છે કે સાધક પોતાના સ્વભાવ મુજબ એ સંકેતમાં કોઈ પણ સંકીર્ણ તાત્પર્યનો આરોપ કરી શકે છે-પોતાની મરજી મુજબ પોતાના દેવતાને ઘડી લે છે. પરંતુ તેથી પણ તેમને સંતોષ થતો નથી. તંત્રપન્થી એકીસાથે દાર્શનિક અને સાધક છે; તે દરેક નામને એકાદ રૂપ આપી અનુભવમાં ઉતારવા ઇચ્છે છે, રૂપનાં જગતમાં તાણી લાવી દેવતાની સાથે મેળાપ કરી રસ ભોગવવા ઇચ્છે છે. તે અહીં કલાકાર બને છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દરેક નામનું, દરેક દેવતાનું, તે એકાદ રૂપ કલ્પી લે છે; તે નામનું જે તાત્પર્ય અથવા અભિધેય સ્વરૂપ આપવા માગે, તે મુજબ રૂપ કલ્પી લે છે. એ રૂપનું ધ્યાન કરી તે તૃપ્ત થાય છે. આ વિષયમાં તેની સાથે વાદવિવાદ કરવાથી કશો લાભ નથી. તંત્રશાસ્ત્રે વેદપંથીઓની વાગ્દેવીને શ્રેષ્ઠ દેવતારૂપે ગ્રહણ કરેલ છે; તંત્રમાં તેનું નામ માતૃકા સરસ્વતી છે; તે શબ્દાત્મિકા છે–અ થી ક્ષ સુધીના પચાસ અક્ષરોથી એનો દેહ બન્યો છે; દરેક અંગમાં કેટલાક વર્ણ અથવા અક્ષરો બેસાડી તેનો શબ્દમય–વર્ણમય દેહ રચાયો છે; માટે તે **पञ्चाशल्लिपिभिर्विभक्तमुखदोः पन्मध्यवक्षःस्थला** છે. તે **भास्वन्मौलिनिबद्धचन्द्रशकला**–તેના મસ્તકપર સોમકલા નિબદ્ધ થઈ શોભે છે. આ તેજ સોમકલા છે કે જેની વાગ્દેવીએ પોતે શોધ કરી હતી. તેના એક હાથમાં મુદ્રા, એક હાથમાં અક્ષમાલા, એક હાથમાં વિદ્યા, અને ચોથા હાથમાં સુધાથી ભરપૂર કળશ છે,–અમૃતપૂર્ણ કળશ–એ પણ તે સોમ કળશ કે જે અમૃતરસથી ભરપૂર છે. એ ત્રિનયના છે, વિશાદપ્રભા છે, આપીનતુંગસ્તની છે. આવું રૂપ તે ત્રિભુવનમાં હોય? એ વાગ્દેવતા સર્વદેવમયી છે, સર્વમયી છે, પૂજનાર ગમે તે દેવતાની પૂજામાં બેઠો હોય, છતાં તે પોતાને આ માતૃકા સરસ્વતીથી જુદો ગણતો નથી. પોતાનાં દરેક અંગો પર અ, આ, ક, ખ ઇત્યાદિ વિવિધ અક્ષરો ગોઠવી પોતાના સ્થૂળ દેહને વાગ્દેવતાના વાઙ્મય દેહરૂપે કલ્પે છે; પોતાના અંતઃશરીરનાં ચક્રેચક્રમાં પણ એ રીતના અક્ષરો ગોઠવી અંતર્દેહને પણ વાગ્દેવીના વાઙ્મય દેહરૂપે કલ્પે છે. તંત્રમત મુજબ પૂજા વખતે ભૂતશુદ્ધિ પછી આ પ્રમાણે માતૃકાન્યાસ કરવો પડે છે. બહારનો દેહ અને અંતર્દેહને વિષે વર્ણવિન્યાસદ્વારા વાગ્દેવીનો શબ્દમય વાઙ્મય દેહ રચવો એનું નામ માતૃકાન્યાસ. આ પ્રમાણે પૂજામાં બેસવાથી પૂજકની સાથે વાગ્દેવતાનું અદ્વૈત કલ્પાય છે; જીવની સાથે ઈશ્વરનું ઐક્ય કલ્પાય છે. વૈદિક યજ્ઞમાં ઇડાભક્ષણનો અભિપ્રાય પણ યજમાન સાથે વાગ્દેવતાનું–શબ્દબ્રહ્મનું–ઐક્ય કરવાનો છે. તાંત્રિક પૂજાનો પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એજ અભિપ્રાય છે. ખ્રિસ્તીઓએ પોતાના વાગ્દેવતાને ગ્રીકો પાસેથી ઉછીનો લીધેલ છે; તેને મૂર્તિનું રૂપ આપી ખ્રિસ્તમૂર્તિ તરીકે જાહેરમાં મૂકેલ છે. પરંતુ તે આ શબ્દબ્રહ્મતત્ત્વને વધુ વ્યાપક કરી શકેલ નથી. વેદપંથીઓ તો જે માને તેને છેલ્લું રૂપ આપ્યા સિવાય છોડતા નથી.

હવે આપ ઈડાભક્ષણનું તાત્પર્ય સમજ્યા હશો. હસશો નહિ, ઇડા-ભક્ષણ એ ખ્રિસ્તીઓની દેવતાભક્ષણના જેવી જ ક્રિયા છે. ઇડા ખાવાથી વાગ્દેવતા ખવાય છે, વાગ્દેવતા સાથે સાયુજ્ય થવાય છે, અમૃત–ભોજન કર્યું ગણાય છે. સોમપાનથી જે ફળ મળે, તેજ ફળ ઇડા ખાવાથી મળે છે. ઇડા-ભક્ષણનું તાત્પર્ય ન સમજાય તો યજ્ઞાનુષ્ઠાનનું તાત્પર્ય સમજી શકાતું નથી. ઇડાભક્ષણથીજ યજ્ઞ સંપૂર્ણ થાય છે, સાર્થક થાય છે. પ્રાચીનકાળમાં વેદપંથી સમાજમાં યજ્ઞાનુષ્ઠાને કેટલી બધી જગા રોકી હતી, તે હવે સમજી શકાશે. યજ્ઞનું વિવરણ કરતાં યજ્ઞાનુષ્ઠાનને મેં બહુજ સાંકડા અર્થમાં ગ્રહણ કરેલ છે; પરંતુ હવે તેને ખૂબ વ્યાપક અર્થમાં ગ્રહણ કરવાનો સમય આવ્યો છે. વેદના બ્રાહ્મણ ગ્રંથોમાં વાત વાતમાં યજ્ઞ સંબંધના ઉપાખ્યાનો જોવામાં આવે છે. બધા યજ્ઞ કરે છે. રાજાઓ યજ્ઞ કરે છે, ઋષિઓ યજ્ઞ કરે છે, અંગિ-રાઓ યજ્ઞ કરે છે, આદિત્યો, પિતૃઓ, સાધ્યો, દેવો–બધા યજ્ઞ કરે છે. એટલુંજ નહિ પણ ગાયો અને વૃક્ષોપણ યજ્ઞ કરે છે. યજ્ઞને માટે દેવો સાથે અસુરોને વાદવિવાદ થાય છે. યજ્ઞદ્વારા દેવો અસુરોનો પરાજય કરે છે. દેવતાઓ યજ્ઞને શોધી શકતા નથી, યજ્ઞ પોતેજ તેમની આગળ આવે છે; દેવોની બધી ઇચ્છાઓ પૂર્ણ કરે છે. મનુ યજ્ઞ કરી લુપ્ત માનવવંશનું રક્ષણ કરે છે. સંવત્સરરૂપી અર્થાત્ કાલરૂપી પ્રજાપતિ પોતે યજ્ઞ કરે છે; ઋતુઓ અને માસો એ યજ્ઞમાં ઋત્વિજોનું કામ કરે છે. પ્રજાપતિને ઇચ્છા થઈ કે હું એકલો છું, બહુ થાઉં. તેણે તપ કર્યું; તપ કરી તેઓ પોતાના પ્રાણમાં દ્વાદશાહ યજ્ઞ જોઇ શક્યા. એ દ્વાદશાહ યજ્ઞની શોધ કરી તેમણે તે યજ્ઞ કર્યો; તેથીજ તે બહુ થયા અને પ્રજાપતિ થયા. દેખાદેખીથી ઇંદ્ર પણ દ્વાદ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાહ યજ્ઞ કર્યો; તેથી તે દેવોમાં જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ થયો. પ્રજાપતિ એક વખતે ગૃહપતિ થયા હતા; દેવોએ પણ યજમાન થઇ પ્રજાપતિ સાથે એકીસાથે યજ્ઞ કર્યો હતો. આ યજ્ઞમાં તેઓની ચિતિ સ્રુક્ થઈ હતી, ચિત્ત આજ્ય થયું હતું, વાક્ય વેદિ થયું હતું, ધ્યાન બર્હિઃ અથવા દાભ થયું હતું. જ્ઞાન અગ્નિ થયું હતું, વિજ્ઞાન અગ્નીત્ થયું હતું, પ્રાણ ગવ્ય થયો હતો, સામ અધ્વર્યુ થયો હતો, વાચસ્પતિ હોતા થયા હતા, મન મૈત્રાવરૂણ થયું હતું. વધુ શું કહું, આ વિશ્વસૃષ્ટિરૂપ વ્યાપાર પણ એક યજ્ઞ છે. વિરાટ્ પુરુષે પોતે પોતાની ઇચ્છાથી યજ્ઞ કર્યો છે. યાદ રાખશો કે યાજ્ઞિકની પરિભાષા મુજબ કોઈ દેવતાને ઉદ્દેશે કોઈ પણ દ્રવ્યનો ત્યાગ કરવો, તેનું નામ યજ્ઞ છેઃ આ જગત્સૃષ્ટિવ્યાપારમાં વિરાટ્ પુરુષે પોતાનોજ ત્યાગ કર્યો છે. પોતાનીજ આહુતિ આપી છે. કયા દેવતાને ઉદ્દેશે આહુતિ આપી હતી? યજ્ઞદેવતાને ઉદ્દેશે આહુતિ આપી હતી. પ્રજાપતિ પોતેજ યજ્ઞપુરુષ–યજ્ઞદેવતા છે, તે વારંવાર કહેવાયું છે. વિશ્વસૃષ્ટિ–વ્યાપારમાં તેને કશો લાભ હોઇ શકે નહિ; તેણે સૃષ્ટિને માટેજ સૃષ્ટિ કરી છે–ત્યાગને માટે જ ત્યાગ સ્વીકાર્યો છે. આ લીલાકૈવલ્ય છે. આપે પ્રખ્યાત પુરુષ–સૂક્ત સાંભળ્યું હશે. એ પુરુષ–સૂક્તમાં સૃષ્ટિકર્ત્તાએ કરેલા એ આદિ યજ્ઞનું–એ પુરુષયજ્ઞનું–વિસ્તારપૂર્વક વિવરણ આપેલું છે. સૃષ્ટિકર્ત્તા એક પુરુષ છે–એક Person છે, તેના સંકલ્પમાત્રથી, કામનામાત્રથી, તપમાત્રથી આ વિશ્વની સૃષ્ટિ થઈ છે. આ જે પુરુષ તેને હજાર માથાં, હજાર આંખ અને હજાર પગ છે. તે વિશ્વવ્યાપી છે અને તે ઉપરાંત દશ આંગળ વધુ વ્યાપેલો છે. જગતનાં સમસ્ત પ્રાણી તેનું એક ચરણમાત્ર છે, તેનાં બીજાં ત્રણ ચરણો વિશ્વભૂતને ઓળંગી રહ્યાં છે. જે કંઈ છે, જે કંઇ હતું અથવા હશે તે લઇને આ પુરુષ છે. છતાં એ બધું તેનું એકજ ચરણ છે, તેનાં બીજાં ત્રણ ચરણ એ બધાંને ઓળંગી અદ્ધર રહ્યાં છે. તે વિરાટ્રૂપે જન્મી જાહેર થયો; અને જન્મતાં જ આગળ અને પાછળ બધાંને હઠાવી, ઓળંગી રહ્યો છે. તે સૌથી પ્રથમ જન્મ્યો છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે જન્મ્યો ત્યારે કોઇ પણ દેવતા નહોતા, ઋષિ નહોતા, મનુષ્ય નહોતાં, છતાં એ ભાવી પુરુષોએ કોણ જાણે ક્યાંથી આવી આ અગ્રજન્મા વિરાટ્ પુરુષને લઇ યજ્ઞ શરુ કર્યો. આથી ચમકતા નહિ; સૃષ્ટિઘટના એ કાલથી પર છે, કલાતીત છે; અહીં અતીત અને ભવિષ્ય વર્તમાન સાથે મળી જાય છે. યજ્ઞમાં પશુની જરૂર પડે છે. આ પુરુષનેજ તેઓએ પશુ બનાવ્યો. "**तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रतः तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये**"–ઋષિઓ સાધ્યો, દેવો વગેરેએ એ અગ્રજાત પુરુષનેજ પશુરૂપે અભિષિક્ત (મંત્રદ્વારા શુદ્ધ) કરી યજ્ઞ શરૂ કર્યો. "**देवा यद् यज्ञं तन्वाना अबध्नन् पुरुषं पशुम्**" દેવોએ યજ્ઞ શરૂ કરી એ પુરુષનેજ પશુરૂપે બાંધ્યો. આ યજ્ઞ સર્વહુત યજ્ઞ કહેવાય છે. જે કંઇ હતું તે બધું આ પુરુષમાંજ હતું; તે સર્વરૂપ પુરુષની યજ્ઞમાં આહુતિ આપવામાં આવી; તે પશુના ટુકડેટુકડા કરી આહુતિ આપવામાં આવી. તેની નાભિમાંથી અંતરિક્ષ, મસ્તકમાંથી દ્યુલોક, પગમાંથી ભૂમિ, અને કાનમાંથી બધી દિશાઓ ઉત્પન્ન થઇ. તેના મનમાંથી ચંદ્ર, ચક્ષુમાંથી સૂર્ય, મુખમાંથી ઇંદ્રાગ્નિ, અને પ્રાણમાંથી વાયુ ઉત્પન્ન થયો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર વગેરે જુદાં જુદાં અંગોમાંથી ઉત્પન્ન થયા. જંગલી ને ગ્રામ્ય પશુઓ પણ ઉત્પન્ન થયાં. ભવિષ્યના જીવોના હિતમાટે વિરાટ્ પુરુષે પોતે આ યજ્ઞ કર્યો હતો–પોતાની આહુતિ આપી યજ્ઞ કર્યો હતો; ભવિષ્યના જીવો, દેવો, અને ઋષિઓએ યજમાન અને ઋત્વિક્ થઇ તેની સાથે એકઠા મળી તેનેજ પશુ કરી એ યજ્ઞ પુરો કર્યો હતો. આ પ્રસંગે ખ્રિસ્ત યજ્ઞની વાત યાદ લાવશો. આજ વિશ્વમાં થએલો પહેલો યજ્ઞ હતો; કેવળ યજ્ઞને માટેજ, બીજી કામના જતી કરી કેવળ યજ્ઞને માટેજ આ પ્રથમ યજ્ઞ થયો હતો. "**यज्ञेन यज्ञमयजन्त देवाः तानि धर्म्माणि प्रथमान्यासन्**"–અત્યારે જે યજ્ઞ કરવામાં આવે છે, તે એ આદિ યજ્ઞનુંજ અનુકરણ છે.

વિરાટ્ પુરુષના આ વિશ્વસૃષ્ટિરૂપ મહાયજ્ઞે ઋષિઓની કલ્પનાને ઝાંખી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાડી દીધી હતી. તેથી તેઓ વિસ્મય પામી પ્રશ્ન કરે છે. "**कासीत् प्रमा प्रतिमा किं निदानम्**"-આ જે યજ્ઞ થયો હતો, તેનું પરિણામ શું હતું, પ્રતિમા શું હતી, તેનો સંકલ્પ શો હતો ? "**आज्यं किमासीत् परिधिः क आसीत्, छन्दः किमासीत् प्रउगंः किमुकुथम्; यद् देवा देवम् अयजन्तः विश्वे**-વિશ્વને વિષે દેવતાઓએ યજ્ઞપુરુષનો જે યાગ કર્યો હતો, તેમાં આજ્ય શું હતું, પરિધિ શું હતી; છંદ શું હતો, શસ્ત્ર શું હતું ? તે સિવાય કહ્યું છે કે "**यो यज्ञो विश्वतस्तन्तुभि स्तत एकशतं देवकर्मेभिरायतः**" વિશ્વવ્યાપી આ જે યજ્ઞરૂપ વસ્ત્ર વણવામાં આવે છે, તેમાં દેવોનાં બધાં કર્મો તાંતણારૂપ થયાં છે. "**इमे वयन्ति पितरो आ यजुः, प्र वय अप वय इत्यासते तते**"-સામેની બાજુએથી વણો, પહોળાઈની બાજુએથી વણો, એમ કહેતા કહેતા પિતૃઓ પણ આવી આ વણવાના કાર્યમાં જોડાય છે. "**चा कप्रे तेन ऋषयो मनुष्याः, यज्ञे याते पितरो नः पुराणे**"-એ જુનો યજ્ઞ પૂરો થતાં તેનુંજ અનુકરણ કરી આપણા પિતૃઓ, મનુષ્યો, અને ઋષિઓએ યજ્ઞાનુષ્ઠાન કર્યાં હતાં. "**पश्यन् मन्ये मनसा चक्षुसा तान्, य इमं यज्ञम् अयजन्त पूर्वे**" પૂર્વે જેઓએ આ યજ્ઞ કર્યો હતો, તેને હજુ પણ અમે માનસનેત્રે જોઈ શકીએ છીએ. વાસ્તવિક રીતે આ સૃષ્ટિયજ્ઞ કદિ પણ પૂરો થવાનો નથી. તે કાલવ્યાપી છે. જગતના બધા વ્યાપારો આ યજ્ઞકર્મનાં અંગસ્વરૂપ છે. દેવો, પિતૃઓ, અને માણસો આ યજ્ઞવ્યાપારમાં લેપાઈ રહ્યાં છે; આ સૃષ્ટિયજ્ઞમાં મદદ કરવા માટેજ તેઓ નીમાયાં છે. તેઓની હયાતીની બીજી કશી સાર્થકતા નથી. સૃષ્ટિકર્ત્તા વિરાટ્ પુરુષે પોતે આ યજ્ઞમાં આત્માની આહુતિ આપી છે. તે મુક્ત પુરુષ પોતે પોતાનીજ ઇચ્છાથી પોતાને યૂપ સાથે બાંધી યજ્ઞિય પશુ બન્યો છે; અને પોતાના દેહના ટુકડેટુકડા કરી વિશ્વને રચે છે. આખું વિશ્વ એ યજ્ઞિય પશુનો દેહ છે; બધા જીવોના હિતને માટે તે યજ્ઞમાં જોડાયો છે. બધા જીવોને માટે તે ભોજ્યરૂપે- અન્નરૂપે નક્કી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થએલ છે. બધા જીવો હવિઃશેષરૂપે એને આત્મસ્થ અને આત્મસાત્ કરી તે વિરાટ્ પુરુષનાં શરીરમાં પોતાનું શરીર ભેળે છે. વિરાટ્ પુરુષ કેવળ પોતાનો ત્યાગ કરે છે, કેવળ પોતાને નષ્ટ કરે છે, કેવળ પોતાની હત્યા કરે છે; છતાં તે નષ્ટ થતો નથી, મરતો નથી, તેનું આ સંપૂર્ણ આત્મસમર્પણ, તે એક દિવસની ક્રિયા નથી–તે મહાકાલ વ્યાપીને ચાલ્યાજ કરે છે. આ યજ્ઞમાં પ્રાયણ પણ નથી, ઉદયન પણ નથી; આરંભ પણ નથી, સમાપ્તિ પણ નથી; કેમકે આ યજ્ઞ પોતેજ વિશ્વવ્યાપાર છે. વેદપંથી સમાજમાં અગ્નિચયન નામની એક સંવત્સર ચાલતી ક્રિયા થતી. તૈત્તિરીય અને શતપથ બ્રાહ્મણમાં તેનું તાત્પર્ય વિસ્તારપૂર્વક કહેવાયું છે. એ ક્રિયામાં એક વેદિ રચવામાં આવતી, તે વેદિ ચિતિના નામથી ઓળખાતી. ઇંટની બાજુએ ઇંટ મૂકી ઇંટ પર ઇંટ પગથિઆં મુજબ ગોઠવી આ ચિતિ બનાવવામાં આવતી. તે માટે ઘણી ઇંટોની જરૂર પડતી. એ ચિતિના મધ્ય ભાગમાં ઉત્તર વેદિ બનાવી તેમાં અગ્નિની સ્થાપના કરવામાં આવતી; અને તે અગ્નિમાં આહુતિ આપવામાં આવતી. કોઈ વખતે આ અનુષ્ઠાન આખું વર્ષ ચાલતું. અનુષ્ઠાનભેદે આ અગ્નિનાં જુદાં જુદાં નામ પડતાં. કોઇ સ્થળે સાવિત્ર અગ્નિ, કોઇ સ્થળે વૈશ્વસૃજ અગ્નિ, કોઇ સ્થળે ચાતુર્હોત્ર અગ્નિ, અને કોઈ સ્થળે નાચિકેત અગ્નિ એવાં નામ આપવામાં આવતાં. તૈત્તિરીય બ્રાહ્મણના છેવટના ભાગમાં બીજા અગ્નિ સાથે નાચિકેત અગ્નિનાં ચયનનું વિસ્તૃત વિવરણ છે. નાચિકેત અગ્નિનો પ્રસંગ કઠોપનિષદમાં યમ–નચિકેતાના સંવાદમાં મળે છે. યમ નચિકેતાને આ અગ્નિચયનને વિષે ઇંટોની સંખ્યા અને ઇંટો મૂકવાની પદ્ધતિ તથા અગ્નિનું તાત્પર્ય બતાવી કહે છે કે તારા નામ પરથી એ અગ્નિનું નામ પડશે; જે ત્રણ વાર આ નાચિકેત અગ્નિનું ચયન કરશે, તે જન્મ–મૃત્યુ ઓળંગી પરમ શાંતિ મેળવશે. તૈત્તિરીય બ્રાહ્મણમાં પણ આ ઉપાખ્યાનનો ઉલ્લેખ કર્યો છે. એક બીજા અગ્નિનું નામ આરૂણકેતુક અગ્નિ છે–તૈત્તિરીય આરણ્યકના આરંભમાંજ આ અગ્નિનું સવિસ્તર વિવરણ અને વ્યાખ્યા આપેલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. ઉત્તર વેદિને સ્થળે ખાડો કરી તેમાં પાણી રેડવામાં આવતું, તેના પર પદ્મની દાંડી સહિત પદ્મફૂલ બિછાવી એક પદ્મપત્રને વિષે સોનાના પતરાં ઉપર સોનાની પુરુષમૂર્ત્તિ રાખવામાં આવતી; તેની પડખે એક કાચબો રાખવામાં આવતો. ત્યાર બાદ ત્યાં અગ્નિનું સ્થાપન કરી અગ્નિની ચારે બાજુએ ઇંટો ગોઠવી ચિતિ તૈયાર થતી. આ અગ્નિનું નામ આરૂણકેતુક અગ્નિ હતું. તૈત્તિરીય આરણ્યકે તેનું તાત્પર્ય સમજાવ્યું છે. સૃષ્ટિપૂર્વે બધું જળમય હતું. ઋક્સંહિતાના દશમા મંડળમાં વિખ્યાત નાસદીય સૂક્તમાં આ પાણીની વાત છે–"**तम आसीत् तमसा गूढमग्रे, अप्रकेतं सलिलं सर्वमा इदम्;**"[1] એ પાણીમાં પદ્મપત્રને વિષે એકલા પ્રજાપતિ બેઠા હતા. તેને ઇચ્છા થઇ, કે હું સૃષ્ટિ બનાવું. અહીં પણ તૈત્તરીય આરણ્યક નાસદીય સૂક્તની દુહાઈ આપી કહે છે. "**कामस्तदग्रे समवर्त्तताधि, मनसो रेतः प्रथमं यदासीत्**" પ્રથમ કામ ઉત્પન્ન થયો, તે મનમાંથી બીજરૂપે પ્રથમ જન્મ્યો. સૃષ્ટિકર્ત્તાની આ સૃષ્ટિકામનાને જ પૌરાણિકોએ પ્રજાપતિના માનસપુત્ર મનસિજ કામનું રૂપ આપેલું છે. જળમાં પદ્મપત્ર પર બેઠેલા પ્રજાપતિને પણ કારણ રૂપ જળપર સુતેલા નારાયણના નાભિકમળમાંથી ઉત્પન્ન થએલા બ્રહ્માનું રૂપ આપેલું છે. એ વાત જવા દઇએ. સૃષ્ટિની ઇચ્છા કરી પ્રજાપતિએ તપ કર્યું અને પોતાનું શરીર ધ્રુજાવ્યું. એટલે શરીરમાંથી કેટલાક ઋષિઓ ઉત્પન્ન થયા. ઋષિઓના એક ટોળાનું નામ અરૂણકેતુ હતું. પ્રજાપતિએ જોયું કે પાણીમાં એક કાચબો વિચરણ કરી રહ્યો છે. પ્રજાપતિએ એ કાચબાને પૂછ્યું, તું શું હમણાં જ જન્મ્યો? કાચબે કહ્યું, ના, હું અગાઉથી જ છું; એમ કહી કાચબે સહસ્ર માથાવાળા, સહસ્ર પગવાળા પુરૂષની મૂર્ત્તિ ધારણ કરી. એ વિશેષણો પરથી સમજાશે કે આજ પુરૂષસૂક્તનો વિરાટ્ પુરૂષ હતો. અહીં નારાયણનાં કૂર્માવતારનું મૂળ પણ મળશે. પ્રજાપતિએ કહ્યું, ત્યારે

---

૧. આરંભમાં તમ હતુ, તમથી નિગૂઢ,
કહેવાતું ભેદ વીણ જે જળ માત્ર સર્વ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તુંજ જગત્ બનાવ. ત્યારે તે પુરુષ અંજલિમાં પાણી લઈ આજુબાજુ છાંટવા લાગ્યો. ચાર દિશાઓમાંથી ચાર દેવતા–આદિત્ય, અગ્નિ, વાયુ, ઈંદ્ર વગેરે દેવતા જન્મ્યા. તે પાણીનાં બિંદુઓમાંથી પિતૃઓ, મનુષ્યો, ગંધર્વો, અપ્સરાઓ, અસુરો, રાક્ષસો વગેરે જન્મ્યા. આ કૂર્મરૂપી પુરુષ, કે જે પ્રથમથીજ પ્રજાપતિમાં હતો, તે પ્રજાપતિને સૃષ્ટિ બનાવવાની ઇચ્છા થતાં જ બહાર આવ્યો. એટલે વાસ્તવિક રીતે પ્રજાપતિએજ આ જગત બનાવી તે જગતને વિષે તેઓ ઓતપ્રોત થઈ રહ્યા. તૈત્તિરીય આરણ્યક ઉપસંહારમાં કહે છે કે **विधाय भूतानि विधाय लोकान्, विधाय सर्वान् प्रदिशो दिशश्च, प्रजापतिः प्रथमजा ऋतस्य, आत्मना आत्मानम् अभिसंविवेश**–સત્યસ્વરૂપ અગ્રજન્મા પ્રજાપતિએ બધાં પ્રાણીઓની, બધી દુનિઆની વ્યવસ્થા કરી, દિશાઓની સૃષ્ટિ કરી પોતે પોતાની સૃષ્ટિને વિષે ઓતપ્રોત થઈ રહ્યા. અંગ્રેજી છાયામાં કહીએ તો તે વિશ્વથી પર રહ્યા છતાં તેમાં અંતર્યામી થઈ રહ્યા.

આરૂણકેતુક નામની અગ્નિચયનની ક્રિયા પ્રજાપતિએ જગત્સૃષ્ટિ કરી તેનું અનુકરણ છે. ઉત્તર વેદિની નીચે જે પાણી રેડવામાં આવે છે, તેજ સૃષ્ટિનાં પૂર્વે કારણરૂપ પાણી છે; પદ્મપત્ર પર બેઠેલા અથવા **सरसिजासन सन्निविष्ट** હિરણ્યવપુઃ પુરુષ કારણરૂપ જળ પર સુતેલા નારાયણ છે; પડખે રાખવામાં આવતો કાચઓ કૂર્મરૂપી વિરાટ્ પુરુષ છે. એ વિરાટ્ પુરુષે પોતાના દેહવડે જગત્ બનાવ્યું છે, એજ તેણે કરેલો પુરુષયજ્ઞ છે. ચિતિમાં ઉત્તર વેદિને વિષે જે અગ્નિની પ્રતિષ્ઠા થાય છે, એ અગ્નિ પ્રજાપતિનું તૈજસરૂપ છે; વૈશ્વાનર અગ્નિરૂપે તે જગતનાં બધાં કર્મોની પ્રેરણા કરેછે. અગ્નિની ચારે બાજુએ ઈંટો મૂકી જે ચિતિ રચવામાં આવે છે, તે પ્રજાપતિનો સ્થૂળ દેહ–વિશ્વરૂપી સ્થૂળ દેહ છે; ઈંટો એ શરીરનાં જુદાં જુદાં અંગો છે,–કૂર્મ પુરુષે છાંટેલાં કારણરૂપ પાણીનાં બિંદુમાંથી ઉત્પન્ન થએલા જગતના લોકો છે, પ્રાણીમાત્ર છે. અરૂણકેતુ ઋષિઓના નામાનુસાર આ અગ્નિનું નામ આરૂણ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેતુક અગ્નિ છે. આ અગ્નિમાં આહુતિ આપવાથી પુરુષયજ્ઞનું ફળ મળે છે. શતપથ બ્રાહ્મણે આ અગ્નિચયનની પ્રણાલિને વધુ વિશાળતા આપી છે. આ અગ્નિ તે વૈશ્વાનર અગ્નિ છે–જગતનાં બધાં કર્મોનો પ્રેરક છે. આ ચિતિ પ્રજાપતિનો સ્થૂળ દેહ છે–તે પ્રજાપતિનો દેહ તો છે જ, પણ તે ઉપરાંત શતપથ બ્રાહ્મણ કહે છે કે તે યજમાનનો પણ દેહ છે–કારણકે યજમાન પ્રજાપતિથી જુદો નથી. વળી તે સંવત્સરનો પણ સ્થૂળ દેહ છે, માટે તે કાલસ્વરૂપ છે; પ્રજાપતિ જ સંવત્સર છે, સંવત્સર જ કાલ છે. અગ્નિચયનની ક્રિયા આખું વર્ષ ચાલે છે. પ્રજાપતિ પણ સૃષ્ટિકર્મ અનંતકાળ સુધી કરે છે, તેને આદિ કે અંત નથી. ચિતિને શ્યેન પક્ષીનો આકાર આપવામાં આવતો. આ શ્યેન પક્ષી બહુ ઊંચે ઉડી શકે છે; આ શ્યેન પક્ષીએજ એક વખતે કોઈ ઉર્ધ્વલોકમાંથી સોમરૂપી અમૃત આણ્યું હતું. શતપથ બ્રાહ્મણ સમજાવે છે કે ચિતિને વિષે પ્રકટાવેલો આ અગ્નિ, તે જગતનાં કર્મોનો પ્રેરક વૈશ્વાનર અગ્નિ છે; તેજ પ્રજાપતિનું સ્વરૂપ છે. વળી તે યજમાનનું પણ સ્વરૂપ છે; કારણકે યજમાન પ્રજાપતિથી જુદો નથી. એમાં જે આહુતિ આપવામાં આવે છે, તે આહુતિ વિશ્વયજ્ઞને વિષે પ્રજાપતિએ આપેલી આત્માહુતિ છે; તે જીવનયજ્ઞને વિષે યજમાને આપેલી આત્માહુતિ છે. શતપથ બ્રાહ્મણ કહે છે કે આ આત્માહુતિને આપણે મૃત્યુ કહીએ છીએ; આ આહુતિનો અંત નથી; મૃત્યુનો પણ અંત નથી. પ્રજાપતિ ત્યાગદ્વારા પોતાની હત્યા કરે છે; યજમાન પણ ત્યાગદ્વારા પોતાની હત્યા કરે છે. પ્રજાપતિ મૃત્યુસ્વરૂપ છે; યજમાન પણ મૃત્યુસ્વરૂપ છે આ મૃત્યુનો પણ અંત નથી, કેમકે આ મૃત્યુદ્વારાજ અમરતા મેળવાય છે. પ્રજાપતિ મૃત્યુંજય છે–યજમાન પણ મૃત્યુંજયી છે. ખ્રિસ્તયજ્ઞનો પ્રસંગ આ સ્થળે યાદ લાવશો.

વેદપંથી સમાજમાં યજ્ઞનું સ્થાન શું છે તે હું બતાવવા માગું છું. ઇષ્ટયાગાદિ યજ્ઞ જુના સમયની ક્રિયાઓ છે; તેથી પણ જુના સમયના અવશેષ છે. ઐતિહાસિક કારણોથી એ બધી ક્રિયાઓ સમાજમાં ચાલતી હતી–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યાજ્ઞિકોએ તેનો નવીન અર્થ કર્યો હતો. આપણે એ નવીન અર્થ માનવાનો છે; અને એ અર્થ મુજબ યજ્ઞને ખૂબ વ્યાપક અર્થમાં સમજી લેવા પડશે. એ વાત ટેલર સાહેબે પણ માન્ય કરેલી છે. વેદપંથીઓ યજ્ઞને કેવા વ્યાપક અર્થમાં જોતા, તે સમજાવ્યું. ઋગ્વેદના મંત્રોના પ્રચાર સમયે પણ કેવા વ્યાપક અર્થમાં જોતા, તે સમજાવ્યું. ખ્રિસ્તયજ્ઞ સાથે પુરુષયજ્ઞની તુલના કરી જોશો. વેબરના જેવા વિદેશી અને કૃષ્ણમોહન બંદોપાધ્યાય જેવા દેશી ખ્રિસ્તીઓ આ સમાનતા જોઈ થોડા ઘણા ચમકયા હતા; પરંતુ એની વ્યાપકતા જોઇ શકયા નહોતા. ખ્રિસ્તીઓના મત મુજબ ઇશ્વરે પોતે જીવોના હિતને માટે યજ્ઞના પશુરૂપે પોતાની આહુતિ આપી હતી–એ યજ્ઞનું હવિ શેષ ખાધાથી બીજા જીવો ઇશ્વર સાથે એક્તા પામે છે. ખ્રિસ્તીઓ આ એકતા શબ્દ વાપરે છે ખરા, પરંતુ સાધારણ ખ્રિસ્તીઓ આગળ આ એક્તાનો અર્થ સાલોક્ય અથવા સામીપ્ય એટલોજ થાય છે; તેથી વધુ અર્થ થતો નથી. વેદપંથીઓના મત મુજબ પુરુષયજ્ઞનું તાત્પર્ય વધુ વ્યાપક છે. ઇશ્વરે પોતાની આહુતિ આપી વિશ્વ બનાવ્યું છે; આ સૃષ્ટિવ્યાપારને વિષે તે પોતેજ યજ્ઞનું પશુ બન્યો છે. જે મુક્ત છે, તેજ બદ્ધ બન્યો છે, જે મહાન છે, તેજ ક્ષુદ્ર બન્યો છે; જે અમૃત છે, તેણે જ મૃત્યુનો સ્વીકાર કર્યો છે. બીજા જીવો જાણતા નથી કે તેઓ પોતે તે ઇશ્વરથી જુદા નથી; તે પોતેજ ઇશ્વર છે–તેની બહાર બીજો કોઇ ઇશ્વર નથી; માટે તે હંમેશાં મુકત છે છતાં તેને બદ્ધભાવે સંસારયાત્રા ચલાવવી પડે છે, અમૃત છતાં મૃત્યુનો સ્વીકાર કરવો પડે છે; તેઓ પણ આખું જીવન પશુની માફક યૂપ સાથે બંધાઇ પુરુષયાગને વિષે પોતાની આહુતિ આપવા માટે નિર્માણ થયા છે. મનુષ્ય માત્રનું જીવન એ એક યજ્ઞ છે, મનુષ્ય માત્રની જીવનયાત્રા એ એક યજ્ઞાનુષ્ઠાન છે. આ વાત છાંદોગ્ય ઉપનિષદે અતિ સ્પષ્ટ ભાષામાં કહી છે–**पुरुषो वाव यज्ञस्तस्य यानि चतुर्विंशति वर्षाणि तत् प्रातःसवनम्, यानि चतुश्चत्वारिंशत् वर्षाणि तत् माध्यन्दिनं सवनम्, अथ यानि अष्टा-**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**चत्वारिंशत् वर्षाणि तत् तृतीय सवनम्**–મનુષ્યનું આખું જીવનજ યજ્ઞ છે; તેનું આયુષ્ય એકસો સોળ વર્ષનું ગણતાં પહેલાં ચોવીશ વરસ તે યજ્ઞનું પ્રાતઃસવન, મધ્યનાં ચુમાળિશ વર્ષ તે મધ્ય સવન, અને છેવટનાં અડતાળિશ વર્ષ તે ત્રીજું સવન ગણી શકાય. વળી કહ્યું છે કે મનુષ્ય બાળપણમાં જે ખાયપીએ, તેજ આ યજ્ઞની દીક્ષા છે; બાળપણમાં જે રમત રમે, તેજ ઉપસદ્ છે; જુવાનીમાં જે ગૃહસ્થધર્મ ભોગવે, તેજ સ્તોત્રગાન અને શસ્ત્ર-પાઠ છે; અને વૃદ્ધાવસ્થામાં જે તપ કરે, તેજ દક્ષિણા છે; છેવટે મૃત્યુ થાય તેજ અવભૃથસ્નાન છે. છાંદોગ્ય કહે છે કે ઘોર આંગિરસ ઋષિએ પોતાના શિષ્ય દેવકીનંદન કૃષ્ણને માનવજીવન સંબંધમાં આ ઉપદેશ આપી છેવટે કહ્યું હતું કે—"**अक्षितमसि, अच्युतमसि, प्राणसंहितमसि**"–ઓ સૂક્ષ્મ પ્રાણધારી મનુષ્ય, તું અચ્યુત છે, તું અક્ષય છે. આગળ જતાં આખા ભરત-ખંડે આ દેવકીનંદન કૃષ્ણને અચ્યુત અને અક્ષય પુરુષરૂપે ગ્રહણ કરેલ છે. ઘોર આંગિરસના ઉપદેશને જ પલ્લવિત કરી ગીતાશાસ્ત્રરૂપે તેના મુખજ વડે ફેલા-વવામાં આવ્યો છે. આધુનિક કાળના અનેક પંડિતો કહે છે કે યજ્ઞની નિંદા કરવા માટે જ ગીતાનો ફેલાવો થયો છે; વેદનાં કર્મકાંડને મારી હઠાવવા માટે જ આધુનિક કાળમાં ઉપનિષદો અને ગીતાશાસ્ત્રના જ્ઞાનકાંડનો ફેલાવો થયો છે. એ બધી મિથ્યા વાતો ઉપર ધ્યાન આપવાની જરૂર નથી. ઋગ્વેદના પ્રચાર વખતે જ યજ્ઞનું તાત્પર્ય કેટલા બધા વ્યાપક અર્થમાં ગ્રહણ કરવામાં આવતું, તેનાં પુષ્કળ પ્રમાણો મેં આપ્યાં છે–કર્મકાંડમાંથી પ્રમાણ સંગ્રહ કરી મેં તે બાબતનું સમર્થન કર્યું છે કર્મકાંડ અને જ્ઞાનકાંડમાં કશો ઉંડો વિરોધ નથી.

આ દેવકીનંદન કૃષ્ણે ગીતામાં જ કહ્યું છે કે–'**सहयज्ञाः प्रजाः सृष्टाः पुरोवाच प्रजापतिः, अनेन प्रसविष्यध्वम् एष वोऽस्त्विष्टकामधुक्**' –પ્રજાપતિએ પોતે યજ્ઞની સાથે પ્રજાસૃષ્ટિ કરી કહ્યું છે કે આ યજ્ઞદ્વારા તમે વૃદ્ધિ પામો; એથીજ તમારી કામના પૂર્ણ થશે. "**यज्ञशिष्टाशिनः सन्तो मुच्यते सर्वकिल्बिषैः**"- જેઓ યજ્ઞના હવિઃશેષરૂપે બધા ભોગ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદાર્થોનો ભોગ કરે છે, તેઓ સર્વ પાપથી મુક્ત થાય છે. "**यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम्**" યજ્ઞનો જે હવિઃશેષ છે, તેજ અમૃત છે; તે અમૃતનું ભોજન કરવાથી જ સનાતન બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. વધારે શું કહું, "**तस्मात् सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम्**"-નિત્ય સર્વગત બ્રહ્મ યજ્ઞને વિષે જ રહેલું છે. આ યજ્ઞ તે કયો યજ્ઞ? એક રીતે જોતાં તે વિશ્વકર્માનો પુરુષયજ્ઞ છે, બીજી રીતે જોતાં એ બીજાં મનુષ્યોનો જીવનયજ્ઞ છે; એક યજ્ઞ બીજા યજ્ઞનો જ જુદો પ્રકાર છે. જીવનના દરેક કર્મને યજ્ઞના અંગસ્વરૂપ જોવાનાં છે. બ્રાહ્મણ ઘોર આંગિરસનો પણ એજ ઉપદેશ છે-તેના ક્ષત્રિય શિષ્ય દેવકીનંદન કૃષ્ણનો પણ એજ ઉપદેશ છે. ઉપનિષદ્‌માં બ્રાહ્મણ અને ક્ષત્રિયોનો વિરોધ કલ્પી જેઓ પરમ તૃપ્તિ અનુભવે છે, તેઓ અહીં ધ્યાન આપશે એમ ઇચ્છું છું. દેવકીનંદન કહે છે. "**यत् करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्, यत् तपस्यसि कौन्तेय तत् कुरुष्व मदर्पणम्**" તું જે કર્મ કરે, જે દાન કરે, જે તપ કરે, જે પૂજા કરે, જે કંઈ પીએ, ખાય, તે બધું તું યજ્ઞરૂપે મને અર્પણ કરી દે; હું અચ્યુત જ એ યજ્ઞનો દેવ છું. તંત્રપંથીઓ આજ વાક્યને જરા ફેરવી કહે છે, "**यत् करोमि जगन्मातस्तदेव तव पूजनम्**" યાદ રાખશો કે યજ્ઞ અને પૂજા બંનેનું તાત્પર્ય સમાન છે. યજ્ઞ નાના પ્રકારના છે-"**द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे, स्वाध्याय-ज्ञान-यज्ञाश्च**"-કોઇની આગળ દ્રવ્યત્યાગ એજ યજ્ઞ છે, કોઇની આગળ તપ એજ યજ્ઞ છે, કોઇની આગળ યોગ એજ યજ્ઞ છે, કોઇની આગળ વેદાધ્યયન અને જ્ઞાનાર્જન એ જ યજ્ઞ છે. કોઇ વળી બધી ઇંદ્રિયોને સંયમરૂપી અગ્નિને વિષે હોમી દે છે, કોઇ વળી રૂપરસાદિ ભોગ્ય દ્રવ્યને ઇંદ્રિયોરૂપી અગ્નિને વિષે હોમી દે છે; વળી કોઇ બધી ઇંદ્રિયોનાં કર્મ અને પ્રાણનાં કર્મને આત્મસંયમરૂપી યોગાગ્નિને વિષે હોમી દે છે. પરિણામે કર્મમાત્ર યજ્ઞ છે-ત્યાગાત્મક કર્મમાત્ર યજ્ઞ છે; યજ્ઞ દેવતાને ઉદ્દેશી કરાતો યજ્ઞ છે કોણ કોને માટે કયું દ્રવ્ય હોમે છે? તેના જવાબમાં આંગિરસશિષ્ય કૃષ્ણ ગીતામાં યજ્ઞતત્ત્વની છેવટની વાત કહે છે-"**ब्रह्मार्पणं**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ब्रह्महविः ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्, ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्म समाधिना**"–આ જીવનયજ્ઞ તે બ્રહ્મકર્મ છે; બ્રહ્મ જ અહીં યજમાન અથવા ઋત્વિક્ બની આહુતિ આપે છે, બ્રહ્મ જ અહીં અગ્નિ છે, બ્રહ્મ જ અહીં હોમનું દ્રવ્ય છે. બ્રહ્મ જ અહીં દેવતા છે; આ બ્રહ્મકર્મ સંપાદન કરવાથી બ્રહ્મલાભ થાય છે.

જીવનનાં કર્મમાત્ર યજ્ઞ છે. યજ્ઞનો મૂળ અર્થ ત્યાગ છે; ત્યાર પછી જે બાકી રહે તેજ ભોગવવું જોઇએ–આનુંજ નામ હવિઃશેષભોજન, એટલે અમૃતભોજન; **यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम्.**" જીવનમાં દરેક કર્મને આ યજ્ઞરૂપે જોતાં જીવન ઉચ્ચ દશાને પામે છે–નીચલાં પગથિએથી ઉંચામાં ઉંચા પગથીએ ચઢે છે; જીવનનો અર્થ પણ બદલાઈ જાય છે. અતિ પ્રાચીન કાળથી–વેદપંથી સમાજમાં કર્મકાંડ જ્યારે અતિશય ગુંચવણભરેલું, યન્ત્રવત્ થઈ ગયું હતું–તે સમયથી આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ મળી આવે છે. અત્યારે પણ આપણે જીવનયજ્ઞનાં આ તત્ત્વને ધારણ કરી રાખ્યું છે, તેનાં એકાદ બે દૃષ્ટાંતો આપવાથી સમજણ પડશે.

ગૃહસ્થોએ હંમેશાં કરવાના પંચમહાયજ્ઞની વાત દરેક હિંદુ જાણે છે. મનુષ્યમાત્ર જન્મથીજ કેટલાંક ઋણોથી બંધાઇ અવતરે છે, આ માનવજન્મ સંબંધની અતિ પ્રાચીન માન્યતા છે. '**जायमानो वै ब्राह्मणस्त्रिभिः ऋणवान् जायते.**" આગળ જતાં એ ત્રણ ઋણ પાંચ ઋણ બન્યાં છે. દેવો મનુષ્યના ભાગ્યના વિધાતા છે; પિતૃઓએ તેને મનુષ્યજન્મ આપ્યો છે; ઋષિઓ જે વિદ્યા ફેલાવી ગયા છે, તે વિદ્યાએજ તેમને બીજો ઉત્તમ જન્મ આપ્યો છે; સગાંવહાલાં, પાડોશીઓથી માંડીને સમાજની દરેક વ્યક્તિ તેમની રક્ષા કરે છે; પશુપક્ષી, જીવજંતુ વગેરે પણ કોઇને કોઇ રીતે તેમનું જીવન ટકાવી રાખવામાં મદદ કરે છે. માટે એ બધાંના દેવામાં મનુષ્યો બંધાએલાં છે. આ પાંચ ઋણ લઇ મનુષ્યો અવતરે છે. ઋણનો બોજો કાયમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખી જીવનયાત્રા ચલાવવાનું કાર્ય મુશ્કેલ છે. આખી જિંદગી આ ઋણ વાળવા માટે પ્રયત્ન કરવા પડે છે. એક એક ઋણ પતાવવાનો પ્રયત્ન કરવો તે એક એક યજ્ઞ છે. દરેક યજ્ઞમાં કંઈને કંઈ ત્યાગવું પડે છે. તૈત્તિરીય આરણ્યક કહે છે, "**यदग्नौ जुहोति अपि समिधं, तत् देवयज्ञः सन्तिष्ठते**"–દેવતાને માટે ફક્ત એકાદ સમિત્ અગ્નિમાં નાખવાથીજ દેવયજ્ઞ પૂર્ણ થાય છે. "**यत् पितृभ्यः स्वधा करोति अपि अपः तत् पितृयज्ञः सन्तिष्ठते–**" પિતૃઓને ફક્ત એક અંજલિ પાણી આપતાં પિતૃયજ્ઞ પૂર્ણ થાય છે. "**यद् भूतेभ्यो बलिं हरति, तद् भूतयज्ञः सन्तिष्ठते,–**" ભૂતગણ અર્થાત્ પશુપક્ષીને થોડું પાણી આપતાંજ ભૂતયજ્ઞ પૂર્ણ થાય છે. "**यद् ब्राह्मणेभ्यो अन्नं ददाति, तन्मनुष्ययज्ञः सन्तिष्ठते**"–બ્રાહ્મણ અતિથિને થોડું અન્ન આપવાથી મનુષ્યયજ્ઞ પૂર્ણ થાય છે. "**यत् स्वाध्यायं अधीयीत एकामपि ऋचं, यजुः, साम, वा तद् ब्रह्मयज्ञः सन्तिष्ठते**" –વેદાધ્યયન કરવાથી, ઓછામાં ઓછું એક ઋક્, એક યજુઃ અથવા એક સામનું અધ્યયન કરવાથી બ્રહ્મયજ્ઞ અથવા ઋષિયજ્ઞ પૂર્ણ થાય છે. ગૃહસ્થના આ નિત્યયજ્ઞના અનુષ્ઠાનમાં કશી ગુંચવણ નથી; તેથી વેદપંથી સમાજના ઘણાખરા ગૃહસ્થો અદ્યાપિ એ પાંચ યજ્ઞ કરતા રહે છે.

ગૃહસ્થમાત્રે આ પાંચ યજ્ઞ કરવા જોઇએ. જગતમાં તે એકલો આવ્યો નથી, અને એકલો જવાનો નથી. આખા જગત સાથે તેનો સંબંધ બંધાએલો છે. આખા જગતે એકીસાથે મદદ કરી તેની હયાતી ટકાવી રાખી છે, આ વાત સ્મરણમાં રાખી જગતનાં બધાં પ્રાણીઓ પાસે ઋણ સ્વીકારવાને તે બંધાએલો છે. અને દરરોજ કંઈ ને કંઈ ક્રિયા શ્રદ્ધાપૂર્વક કરી હું જે ઋણી છું, દેવાદાર છું એ વાત હંમેશાં યાદ રાખવાને બંધાએલો છે. વાસ્તવિક રીતે આ ઋણ કોઈ વાળી શકે તેમ નથી; તો પણ આ ઋણનો સ્વીકાર ન કરવાથી જગતની વ્યવસ્થા પ્રતિ, વિશ્વના વ્યાપાર પ્રતિ, ઉદ્ધતાઈ અને અવજ્ઞા બતાવાય છે. માનવ, વિશ્વવ્યાપારને તું પ્રણામ કર; અને આ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અભિપ્રાયથી દરરોજ કંઈ ને કંઈ ત્યાગ કરવાની ટેવ પાડ. વ્યાપક અર્થમાં ત્યાગનું બીજું નામ યજ્ઞ છે. આ સ્થળે આખું જગત દેવતા છે. જગતમાં જે કંઈ છે, તે બધું દેવમય છે. દરેકની આગળ મનુષ્ય દેવાદાર છે અને એ ઋણનો સ્વીકાર કરવા માટે દરેકને માટે કંઈ ને કંઈ ત્યાગ કરી યજ્ઞ કરવો પડે છે. શાસ્ત્રમાં આ પાંચ યજ્ઞને મહાયજ્ઞ કહ્યા છે. તૈત્તિરીય આરણ્યક કહે છે, **"पंच वा एते महायज्ञाः सतति प्रतायन्ते, सतति सन्तिष्ठिन्ते"**— આ પાંચ મહાયજ્ઞ સતત અર્થાત્ દિવસોદિવસ કરવાના છે, સતત અર્થાત્ દિવસોદિવસ સમાપ્ત કરવાના છે. નવાઈ એ છે કે આ યજ્ઞોમાં ઋષિયજ્ઞને બધા યજ્ઞની ઉપર, એટલું જ નહિ પણ દેવયજ્ઞની પણ ઉપર સ્થાન આપવામાં આવ્યું છે. આ ઋષિયજ્ઞ તે વેદાધ્યયન અથવા વિદ્યા પ્રાપ્ત કરવી એ છે; એનું જ બીજું નામ બ્રહ્મયજ્ઞ છે. એ વિદ્યાના જે ઋષિ છે, તેઓજ સમાજની વિશિષ્ટ સંસ્કૃતિના પ્રતિષ્ઠાતા છે; આ સમાજમાં જે પ્રાણ છે, તે પ્રાણના પ્રતિષ્ઠાતા છે. તૈત્તિરીય આરણ્યક કહે છે કે— "સમાજના એ આદિ પ્રતિષ્ઠાતાઓએ તપ કર્યું એટલે સ્વયંભૂ પોતે તેની આગળ આવી ઉભા અને તેઓને બ્રહ્મયજ્ઞનો ઉપદેશ આપ્યો. ત્યારથી તેઓ ઋષિ થયા." વેદપંથી સમાજના દરેક ગૃહસ્થને એ ઋષિઓ પાસેથી વેદવિદ્યા મળી છે, અને તે વિદ્યાનું રક્ષણ કરવાને તેઓ બંધાએલા છે. એ વિદ્યાના રક્ષણ માટે દરરોજ તેનું અધ્યયન કરવાની જરૂર છે અને એ અધ્યયન એ જ બ્રહ્મયજ્ઞ છે. યજ્ઞ કરવા માટે નાના પ્રકારના સામાનની જરૂર પડે છે, નાના પ્રકારની ક્રિયાની જરૂર પડે છે. શતપથ બ્રાહ્મણ કહે છે "આ જે બ્રહ્મયજ્ઞ, તેનું વાક્ય એ જુહુ છે, મન ઉપભૃત્ છે, ચક્ષુ ધ્રુવા છે, મેધા સ્રુવ છે, સત્ય અવભૃથસ્નાન છે, અને સ્વર્ગલોક એ તેની સમાપ્તિ છે. ઋગ્મંત્ર આ યજ્ઞમાંની ક્ષીરાહુતિ છે, યજુર્મન્ત્ર એ આજ્યાહુતિ છે, સામમંત્ર એ સોમાહુતિ છે, અથર્વાંગિરસ મંત્ર એ મેદાહુતિ છે, પુરાણ, ઇતિહાસ વગેરે એની મધુ આહુતિ છે. પાણી ચાલે છે, આદિત્ય ચાલે છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્ર ચાલે છે, નક્ષત્રો ચાલે છે. એની ગતિક્રિયા શાંત થતાં જગતરૂપી યંત્રની જે અવસ્થા થાય, તેવીજ અવસ્થા અધ્યયન ન કરનાર ગૃહસ્થના ઘરની થાય છે." આ છેલ્લું વાક્ય આપણી યુનીવર્સિટિના સેનેટ હાઉસના દરવાજા પર કોતરી રાખવું જોઇએ.

મનુષ્યનું જીવન એ એક રીતે પશુનું જીવન છે–મનુષ્ય બીજાં પશુની માફક ખાય છે, કુદે છે, ઉંઘે છે, અને બીજાને છેતરી પોતાનો સ્વાર્થ સાધે છે. ઉપર ઉપરથી જોતાં જીવનનો એકમાત્ર ઉદ્દેશ જીવનનું રક્ષણ કરવાનો છે–બીજાનું જીવન નષ્ટ કરીને પણ પોતાનું જીવન ટકાવી રાખવાનો છે. પ્રાણીવિદ્યા અથવા બાયોલોજીના મત મુજબ મનુષ્ય જીવનનો બીજો એકે ઉદ્દેશ હોઈ શકે નહિ. પરંતુ એવાં જીવનમાં કશો રસ નથી, કશું ગૌરવ નથી. માનવજીવનને પશુજીવન કરતાં ઉંચા દરજ્જાનું રાખવા માટે જીવનને વિષે તદ્દન ઉલટા તાત્પર્યનો આરોપ કરવો પડશે. જીવનનાં દરેક નાનાં કર્મોને મોટાં કરી જોવાં પડશે. મનુષ્યનાં ક્ષુદ્ર જીવનને વિશ્વનાં જીવન સાથે મિલાવી ઔચિત્ય જાળવી રાખવું પડશે. શાસ્ત્રોની ભાષામાં કહીએ તો જે વૈશ્વાનર અગ્નિ જગતનાં સર્વ કર્મોની પ્રેરણા કરે છે, તેજ અગ્નિ માનવના પ્રાણને પણ જીવનનાં કર્મને વિષે પ્રેરે છે, એમ ધારી લેવું પડશે. આ વૈશ્વાનર અગ્નિનેજ અગ્નિચયનની ક્રિયા વખતે ઉત્તર વેદિમાં પ્રકટાવવામાં આવે છે–એજ વિરાટ્ પુરુષરૂપી પ્રજાપતિનો પ્રાણ છે, એટલે જીવોનો પણ પ્રાણ છે. પ્રશ્નોપનિષત્ કહે છે, "**स एष वैश्वानरो विश्वरूपः प्राणः अग्निरुदयते**" એ વિશ્વરૂપ વૈશ્વાનર જીવદેહને વિષે પ્રાણાગ્નિરૂપે ઉદય પામે છે. તેનાજ પ્રસાદથી તમે "**अत्सि अन्नं, पश्यसि प्रियम्**"–તમે અન્ન ભોજન કરો છો અને પ્રિયનું દર્શન કરો છો. આ પ્રાણની ભૂખ મટાડવા માટે બધા જીવો અન્નની શોધમાં, ભોગ્ય વસ્તુની શોધમાં ભટકે છે. અને તે પ્રાણાગ્નિને વિષે તે અન્ન, તે ભોગ્ય વસ્તુ સમર્પણ કરે છે. આ એક જાતનું હંમેશનું અગ્નિ હોત્ર છે, પ્રાણીમાત્રને પોતાના દેહને વિષે હંમેશાં આ અગ્નિહોત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવું પડે છે. '**यथेह क्षुधिता बाला मातरं पर्युपासते, एवं सर्वाणि भूतानि अग्निहोत्रमुपासते** " ભૂખ્યું બાળક જેમ ધાવવાને માટે પોતાની મા આગળ આવે છે, તે પ્રમાણે બધા જીવો આ અગ્નિહોત્ર આગળ આવી હાજર થાય છે. વિશ્વરૂપ પ્રજાપતિના દેહમાં આ અગ્નિ સંચરણ કરી રહ્યો છે; પ્રાણીઓનાં શરીરમાંની અગ્નિમાં અન્નની આહુતિ આપવાથી એ વિશ્વરૂપી પ્રજાપતિને જ આહુતિ અપાય છે. "**प्रजापतिश्चरसि गर्भे अन्तः, त्वमेव प्रतिजायसे, तुभ्यं प्राण प्रजास्त्विमा वलिं हरन्ति, यः प्राणैः प्रतितिष्ठसि** "–હે પ્રાણ, તમેજ પ્રજાપતિ બની ગર્ભમાં વિચરણ કરો છો, અને તમેજ જીવરૂપે જન્મ ગ્રહણ કરો છો; બધા પ્રાણ તમારા વિષે પ્રતિષ્ઠા પામી રહ્યા છે; બધી પ્રજા તમારે માટે બલિદાન આણી તમને અર્પણ કરે છે. પ્રાણને વિષે હંમેશાં ક્ષુધા અને પિપાસાની આગ ધગધગે છે, તેની તૃપ્તિ જરૂરની છે–એ તેનું હંમેશનું અગ્નિહોત્ર છે. પશુધર્મી મનુષ્ય ભૂખ મટાડવાને માટે અન્ન જમે છે, તેને કેવળ એક પ્રકારની શરીરયાત્રાજ (biological need) ધારવાની નથી. તે આ અગ્નિહોત્રની આહુતિ છે. એનું નામ પ્રાણાગ્નિહોત્ર છે. જીવન બચાવવા માટે કુતરાંબિલાડાંની માફક અન્નના કોળિઆ ગળે ઉતારવાથી કશી વિશિષ્ટતા સચવાતી નથી; પરંતુ એ પાશવિક કર્મને હંમેશાં કરવાના અગ્નિહોત્રરૂપે જોવાથી તેમાં પાશવિકતાની મેલાશ રહેતી નથી. ઉલટું તે કર્મ માનવપણાના ગૌરવથી શોભે છે. છાંદોગ્ય કહે છે, "**तद् यद् भक्तं प्रथममागच्छेत्तद् होमीयं, स यां प्रथमामाहुतिं जुहुयात्, तां जुहुयात् प्राणाय स्वाहा इति, प्राणस्तृप्यति** "–ભાતનો પહેલો કોળિઓ હોમદ્રવ્ય ગણાય છે; **प्राणाय स्वाहा** કહી એ કોળિઆની આહુતિ આપવી, એથી પ્રાણ તૃપ્ત થશે. ફક્ત પોતાના જ પ્રાણ નહિ પણ આખી દુનિયાના પ્રાણ તેથી તૃપ્ત થશે; "**सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेषु चात्मसु हुतं भवति,** " આ પ્રમાણે જે આહુતિ અપાય, તે સર્વ લોક, સર્વ ભૂત, અને સર્વ આત્માને આહુતિરૂપે

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

અર્પણ થાય છે. તૈત્તિરીય આરણ્યકમાંનું યાજ્ઞિકી ઉપનિષત્ આ અંગ વધુ સ્પષ્ટ કરવા ઇચ્છે છે. તેમાં અન્નનો કોળિઓ લેવાનો મંત્ર આ પ્રમાણે છે,–"**प्राणे निविष्टः अमृतं जुहोमि, प्राणाय स्वाहा**"–હું પ્રાણમાં પ્રવેશી પ્રાણાગ્નિમાં જે આહુતિ આપું છું, તે અમૃતની આહુતિ છે; આ અન્ન તે અમૃત છે. પ્રાણ અપાનાદિ પાંચ પ્રાણને ઉદ્દેશે આવી પાંચ આહુતિ આપ્યા પછી સમાપ્તિ વખતે કહેવાય છે કે "**ब्रह्मणि मे आत्मा अमृतत्वाय**"–મારો આત્મા બ્રહ્મ સાથે જોડાઈ અમૃત મેળવો. ધર્મિષ્ઠ ગૃહસ્થોએ હજુ પણ દરરોજ જમતી વેળા આ પ્રમાણે પાંચ કોળિઆં ભરવાની રીત ચાલુ રાખી છે. તો પછી કોઈ વખતે ઇષ્ટિયાગ કરી ઇડાભક્ષણ કરવાની શી જરૂર છે? દરરોજ પેટ ભરવા માટે અન્ન જમતી વેળા આપણે ઇડાભક્ષણની ક્રિયા કરીએ છીએ. અન્નનો પ્રત્યેક કોળિઓ ઇડા છે; અન્ન જમવાની ક્રિયાને કેવળ પેટ ભરવાની ક્રિયા ન માનતાં તેને આપણે પ્રજાપતિને ઉદ્દેશે યજ્ઞને વિષે વૈશ્વાનર અગ્નિમાં અર્પણ કરવામાં આવેલ આહુતિના હવિઃશેષરૂપ માનતાં, વિશ્વના હિતને માટે નક્કી થએલા પોતાના દેહને પુરુષયજ્ઞ કરવાને સમર્થ રાખવાના ઉપાયરૂપ માનતાં એ ઉદરપૂરણનું કર્મ પશુપણાના પગથિએથી એકદમ માનવપણાના પગથિઆ પર ચઢી જાય છે.

આ દૃષ્ટાંત એ એક નાનું દૃષ્ટાંત છે. મૂળ વાત આ છે કે આપણું આ જીવન, એ વૈશ્વાનર અગ્નિનું ચયનમાત્ર છે. આખી જિંદગી આપણે ઈંટની પાસે ઈંટ મૂકી, ઈંટ પર ઈંટ ગોઠવી પુરુષયજ્ઞની ચિતિ રચીએ છીએ; તેના કેંદ્રમાં વૈશ્વાનર અગ્નિની સ્થાપના કરી તેમાં કેવળ પોતાની આહુતિ આપીએ છીએ. આ કેવળ ત્યાગ છે; ભોગ ભોગવવાનો અહીં જરાપણ અવસર નથી. આ તો પુરુષ યજ્ઞ છે, વિશ્વયજ્ઞનું અનુકરણ છે, કેમકે વિશ્વયજ્ઞમાં પણ વિશ્વકર્માએ પોતાનો ત્યાગ કર્યો હતો. અહીં આપણેજ યજમાન, આપણેજ ઋત્વિક્, આપણેજ દેવતા અને આપણું આખું જીવન એજ યજ્ઞ અથવા આત્માહુતિ છે. વેદપંથીઓ આ જીવનયજ્ઞમાં તત્ત્વને બહુજ વ્યાપક રૂપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપી જુએ છે; એટલું બધું વ્યાપકરૂપ આપે છે કે પશ્ચિમના પંડિતોમાંના જેઓ ઝીણી નજરે જોનારા છે, તેઓએ પણ આ તત્ત્વની ઝાંખી કરી લીધી છે. જેને એ જાણવાની ઇચ્છા હોય તેઓ Eggeling સાહેબની શતપથ બ્રાહ્મણની અને Keith સાહેબની તૈત્તિરીય સંહિતાનાં અગ્નિચયન અનુષ્ઠાનની ભૂમિકા જોશે તો આ વાતની ખાત્રી થશે. જીવનયજ્ઞ એ પુરુષયજ્ઞનોજ પ્રકાર છે, અને એ ભોગ ભોગવવાનો વિષય નથી, પણ ત્યાગ કરવાનો વિષય છે. દરેક કર્મ યજ્ઞપુરુષ વિષ્ણુને અર્પણ કરવાનું છે; વેદપંથીઓ પ્રત્યે તેમનાં શાસ્ત્રોનો આ છેવટનો આદેશ છે. "**यत् करोमि यदश्नासि यज्जुहोषि ददासि यत् , तत् कुरुष्व मदर्पणम्**"–દાનધ્યાનથી માંડીને આહાર, નિદ્રા, નાચવું, કૂદવું વગેરે બધાં કર્મો કેવળ સ્વભાવપ્રેરિત જીવધર્મરૂપે ન માનતાં તે એક દેવતાને અર્પણ કરવાનાં છે. તંત્રની ભાષામાં કહીએ તો જે કંઈ કરીએ, તે જગન્માતાની પૂજારૂપે અર્પણ કરવાનું છે. આ પ્રમાણે સર્વ કર્મ પૂજારૂપે અર્પણ કરવાથી પૂજક દોષયુક્ત થતો નથી. ઉલટો તે તેમ કરી પોતાનો મહિમા વધારે છે; કેમકે પૂજામાત્ર આત્મપૂજા છે, પૂજક પોતેજ પોતાનો દેવ છે. તંત્રમત મુજબ માનસપૂજાની સ્તુતિ યાદ કરો,

**आत्मा त्वं, गिरिजा मतिः, सहचराः प्राणाः, शरीरं गृहं,**
**पूजा ते विषयोपभोगरचना, निद्रा समाधिस्थितिः,**
**सञ्चारः पदयोः प्रदक्षिणविधिः, स्तोत्राणि सर्वा गिरः,**
**यद् यत् कर्म करोमि तत् तदखिलं शम्भो तवाराधनम् ।**

હે શંભુ, હુંજ તુંરૂપ છું, તારા મારા વચ્ચે કશો ભેદ નથી. મારી બુદ્ધિ એજ તારી પાર્વતી છે. મારા પ્રાણ તારા સહચર છે; મારૂં શરીર એજ તારૂં ઘર છે. હું જે વિષયો ભોગવવાની વ્યવસ્થા કરી રાખું છું, એજ તારી પૂજા છે. હું જ્યારે ઉંઘું છું, ત્યારે તારે વિષે સમાધિ પ્રાપ્ત કરૂં છું. પૃથ્વી પર પગ મૂકી આમ તેમ હરૂં ફરૂં છું, તેથી તારી પ્રદક્ષિણા કરાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. હું જે કંઇ બોલું છું, તે તારી સ્તુતિ છે. હું જે જે કર્મ કરૂં છું, તે બધાં તારી આરાધનારૂપ છે. આંગિરસ ઘોર ઋષિએ દેવકીનંદન કૃષ્ણને જે કહ્યું હતું, તેની પુનરૂક્તિ તેનીજ ભાષામાં તંત્ર પણ કરે છે, એમ આ પરથી સ્પષ્ટ જણાય છે.

હું તુંરૂપ છું, એના કરતાં મોટી વાત મનુષ્યના મુખમાંથી કદી પણ બહાર પડી શકે તેમ નથી. હુંજ વિશ્વકર્મા છું; વિશ્વ બનાવવાનો સરંજામ મારા હાથમાં છે; એ મસાલાવડે હું મારૂં જગત્ મારી ઇચ્છા મુજબ રચી શકું છું. "**मधुमत् पार्थिवं रजः**"—પૃથ્વીની ધૂળને હું મારી ઇચ્છા મુજબ મધના રૂપમાં ફેરવી શકું છું. આ માટે વેદપંથીઓને પોતાને બહુજ મોટા જોવાની ટેવ પડી છે. જગતની બધી વસ્તુઓને તે વ્યાપક અર્થમાં જુએ છે; દરેક નમાલી ઘટનાને બહુજ મોટું રૂપ આપી જુએ છે. તેના હાથમાં જે પારસમણિ છે, તેના સ્પર્શથી માટી સોનું થઈ જાય છે. **नाल्पे सुखमस्ति**-થોડાંથી તેને સુખ વળતું નથી. તેથી લૌકિક વ્યવહારમાં પણ કોઇ પણ આંકડા પર દશબાર મીંડાં ચડાવતાં તેને કશો સંકોચ નડતો નથી. તેના દર્શનમાં, વિજ્ઞાનમાં, સાહિત્યમાં, સર્વત્ર તેના આ અભ્યાસનો–લોકો કદાચ કહેશે કે નઠારા અભ્યાસનો–પરિચય મળી આવે છે. ઘણી વેળા એ માટે લોકો હસે છે; પરંતુ તેઓ પોતાને બહુજ મોટા માને છે, અને જગતમાં જે કંઈ છે, તે બધાંને તે પ્રમાણમાં મોટું કરી જોવાની ટેવ રાખે છે. વાંચકોએ વ્યક્તિસ્વાતંત્ર્યવાદ વિષે સાંભળ્યું હશે. પશ્ચિમના સમુદ્રનાં ફીણ સાથે એ વસ્તુ હાલમાં આપણા દેશમાં ધસડાઇ આવી છે. એનો અર્થ પોતાને સ્વાધીન અને મોટા કરવાનો છે–નૈસર્ગિક પ્રવૃત્તિ તરફ પોતાને ધકેલી પોતાની ઉન્નતિ કરવાનો છે, બધા નિયમો, સંયમો, આચારો, અને નિષ્ઠાનાં બંધનથી પોતાને મુક્ત કરી પોતાની ઉન્નતિ કરવાનો છે. યુરોપનું રાષ્ટ્રતંત્ર રોમન પાયા પર સ્થપાયું છે. રોમન રાષ્ટ્રનીતિ મુજબ રાષ્ટ્ર આગળ મનુષ્યજીવનની સ્વતંત્ર રીતે કશી કિંમત નથી. આ રાષ્ટ્રનીનિ પશ્ચિમના દેશોમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનુષ્યનાં સામાજિક અને ગાર્હસ્થ્ય જીવનને ઘંટીની પેઠે દળી નાંખે છે; પરિણામે વિદ્રોહી માનવપ્રકૃતિ ચીત્કાર કરી બધાં સામાજિક, એટલુંજ નહિ પણ બધાં ગાર્હસ્થ્ય બંધનો પણ તોડી નાખી સ્વતંત્રતા મેળવવા ઇચ્છે છે. આ એક જાતની સ્વતંત્રતા છે ખરી, પરંતુ વેદપંથીઓનો વ્યક્તિસ્વાતંત્ર્યવાદ તદ્દન જુદી જાતનો છે. વાસ્તવિક રીતે મારી પાસે હું જેટલો મોટો છું, તેટલો મોટો બીજો કોઈ નથી. હોઈ શકે પણ નહિ. ખરી વાત છે કે હુંજ આ જગતનો બનાવનાર છું. તાજવાના એક પલ્લામાં મને રાખો અને બીજા પલ્લામાં આખા બ્રહ્માંડને રાખો તો પણ મારો ભાર વધવાનોજ. બૃહદારણ્યક સ્પષ્ટ વાક્યમાં સ્વીકારે છે કે મારી પાસે મારા કરતાં પ્રિય બીજું કશું નથી–**पुत्रात् प्रेयः, वित्तात् प्रेयः, अन्यस्मात् सर्वस्मात् अन्तरतरं यदयम् आत्मा**–મારા અંતરને વિષે આ જે 'હું' રહેલ છે, તે 'હું' પુત્ર, પૈસો, અને બીજા બધા કરતાં પ્રિય છે. પંચદશી ટુંકાણમાં કહે છે, "**अयमात्मा परानंदः परप्रेमास्पदं यतः**" આ જે "હું" એના કરતાં પ્રેમાસ્પદ બીજું કશું નથી, માટે તેજ પરમ આનંદરૂપ છે. પોતાને બધાં બંધનોથી મુક્ત કરી સ્વતંત્ર ન કરે ત્યાં સુધી તેને–'હું' ને–નિરાંત વળી શકે નહિ. એવી સ્વતંત્રતા મેળવવા માટે બહાર જે કંઈ છે, તે બધાંને આત્મસાત્, આત્મગત, આત્મસ્થ કરી નાંખવું પડે છે. પરંતુ એમ કરવાના બે રસ્તા છે. એક પ્રકૃતિએ બતાવેલો કુદરતી રસ્તો છે–તે વિરોધનો રસ્તો છે અને વિરોધદ્વારા ભોગ ભોગવવાનો માર્ગ છે. પ્રાકૃતિક નિયમની બહાર જે કંઈ છે, તે બધું મારૂં દુશ્મન છે. તેને દબાવી, ચાવી ખાઈ જવાનું છે. દરેક પશુ તેમજ કરે છે–બહાર જે જડજગત્ ભોગ ભોગવવા માટે પથરાઇ રહ્યું છે, તેને તાણી, કાપી, ચાવી તેમાંથી બધો રસ ચુસવાનો પ્રયત્ન કરે છે. પ્રોફેસર હક્સલી આ ભોગવાસનાને પ્રકૃતિતંત્રના વિભાગમાં મૂકે છે. એમ કરવાથી મનુષ્યનું ખાસ ગૌરવ જળવાતું નથી. જગતને ચાવી જતાં જે છોતા બાકી રહે, તેના કોહવાટની-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગંધથી જગતમાં ઉભું રહી શકાય નહિ. હક્સલી જેને પુરુષનું નૈતિકતંત્ર (ethical process) કહે છે, તેની સાથે આ પ્રકૃતિતંત્રને (cosmic process) સનાતન વિરોધ છે. આ નૈસર્ગિક પ્રકૃતિતંત્રને (cosmic process) હરાવી પુરુષના નૈતિક અથવા ધર્મતંત્રની (ethical process) સ્થાપના કરવી એજ મનુષ્યોનું ખાસ કામ છે. ઇ. સ. ૧૮૯૩ માં શેલડોનિઅન થિએટરમાં ઉભા રહી હક્સલીએ સ્પષ્ટ રીતે કહ્યું છે કે, "The practice of that which is ethically best involves a course of conduct which, in all respects, is *opposed* to that which leads to success in the cosmic struggle for existence."[1] વળી, "moral precepts are directed to the end of *curbing* the cosmic process."[2] વળી "the ethical progress of society depends, not on imitating the cosmic process, but in *combating* it."[3] ચાર વર્ષ પછી બરાબર તેજ સ્થળે આ પ્રકૃતિતંત્રના સંબંધમાં જોન મોર્લિએ કહ્યું હતું કે–"Nature does *not* work by moral rules. Nature, red in tooth and claw, does by system all that good men by system avoid."[1] દરેક મનુષ્ય–પશુ આ પ્રમાણે જગતને ચાવી ખાઈ જવા ઇચ્છે છે; કંઇ પણ બાકી ન રાખતાં ભોગવવા ઇચ્છે છે. એજ તેનો કુદરતી સ્વભાવ છે. પરંતુ મનુષ્ય–પશુને વિષે

---

૧. જે નૈતિકદૃષ્ટિએ ઉત્કૃષ્ટ છે, તેનું આચરણ એવી પ્રવૃત્તિની આપેક્ષા રાખે છે કે જે સર્વ રીતે પ્રકૃતિના જીવનકલહમાં વિજય પ્રાપ્ત કરાવનાર માર્ગનું વિરોધી છે.

૨ વળી પ્રકૃતિતંત્રને દાબી દેવાનો નૈતિક સિદ્ધાંતોનો ઉદ્દેશ હોય છે.

૩. વળી જનમંડળના નૈતિક વિકાસનો આધાર પ્રકૃતિતંત્રના અનુકરણ ઉપર નથી, પરંતુ તેની સામે થવામાં છે.

૧ પ્રકૃતિનું તંત્ર નૈતિક કાનુન પ્રમાણે ચાલતું નથી. દાંત અને પંજામાં ખરડાયલી પ્રકૃતિ જે સાધુપુરુષો પદ્ધતિસર ત્યાગ કરે છે તે બધું વ્યવસ્થાપૂર્વક કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક બીજો મનુષ્ય છૂપી રીતે બેઠો છે, તે કેવળ ના–ના–ના–ના કહે છે. મનુષ્ય વિરોધદ્વારા ભોગને રસ્તે ચાલવાની પેરવી કરે કે તરત એ અંતઃપુરુષ મનુષ્યની પ્રવૃત્તિની લગામ તાણી ફક્ત ના–ના–ના–ના કહ્યા કરે છે. એજ આદિ પુરુષ પ્રજાપતિ છે, જે **चरति गर्भे अन्तः।** તે કહે છે, હું વિશ્વ-યજ્ઞને વિષે મારૂં પોતાનું દાન કરી મોટો થયો છું, મહાન થયો છું–જગતને ચાવી ઉદરસ્થ ન કરતાં મેં મારા દેહને વિસ્તારી જગતને વહેંચી આપ્યો છે, આ પ્રમાણે મારૂં સંપ્રસારણ કરી હું મહાન બન્યો છું. આ ત્યાગનો રસ્તો છે, ત્યાગદ્વારા મિલનનો રસ્તો છે. આ રીતે ઉલટે રસ્તે મારામાં બીજાને મેળવી તેઓને મેં આત્મસ્થ અને આત્મસાત્ કર્યા છે–મારી આગળ પારકું કોઇ નથી–આ પ્રમાણે હું બીજાના બંધનમાંથી મુક્ત થઈ સ્વતંત્ર થયો છું. આ શુદ્ધ વ્યક્તિસ્વાતંત્ર્યવાદ છે, કેમકે પારકા બધા પોતામાં મળી જતાં પરાધીન થવાની સંભાવના પણ રહેતી નથી. પરંતુ આ મુક્તિ મેળવ્યા પૂર્વે બંધન જરૂરનું છે–વિશ્વના બધા પદાર્થો સાથે મિલનનો સંબંધ બાંધી પોતાને હજારો બંધનોથી બંધાવું પડે છે–યમનિયમનાં હજારો બંધનો વચ્ચે કુદરતી પશુને બાંધી રાખવું પડે છે–સંસારના યૂપસ્તંભ સાથે તે પશુને બાંધી તેની પુરુષયજ્ઞને વિષે આહુતિ આપવી પડે છે.

માનવજીવનની માન્યતાના સંબંધમાં વેદપંથીઓ સાથે ખ્રિસ્ત પંથીઓને જે નવાઈ જેવું મળતાપણું છે, તે મેં બતાવ્યું. પરંતુ યુરોપના ખ્રિસ્તીઓએ મનુષ્યજીવનને બે ભાગમાં વહેંચી નાંખ્યું છે; એક ભાગનું નામ ઐહિક અથવા સાંસારિક (secular, temporal) છે. અને બીજા ભાગનું નામ પારલૌકિક અથવા પારમાર્થિક ( religious, spiritual ) છે. આ બે ભાગ વચ્ચે તેઓએ એક દિવાલ ચણી લીધી છે. જુના સમયમાં રોમનોનું જીવન પહેલા વિભાગમાં બંધાએલું હતું; ખ્રિસ્તીઓનું જીવન બીજા વિભાગમાં બંધાએલું હતું. ખ્રિસ્તી સમાજે આત્મરક્ષણ માટે રોમન રાષ્ટ્રતંત્રનો આશ્રય લેવા જતાં આ વિરોધ ઉભો કર્યો હતો અને આજે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ તેનું ફળ ખ્રિસ્તી સમાજ ભોગવે છે. આખી પૃથ્વી જીતી લેવાને તૈયાર થએલા ઇસ્લામ ધર્મની જયપતાકાને પિરિનીઝને પેલે પાર હડસેલી ચાર્લ્સ માર્ટેલે ખ્રિસ્તી સમાજનું રક્ષણ કર્યું હતું. તેનાં પરિણામે રોમના બાબાજી પોપ મહારાજે જે દિવસે ચાર્લ્સ માર્ટેલના વંશધર મોટા ચાર્લ્સના-શાર્લમાનના-માથા પર રોમના કૈસરનો મુગટ પહેરાવી રાષ્ટ્રપાલ સાથે ધર્મપાલની એક અસ્વાભાવિક સંધિ સ્થાપી, તે દિવસથી આ વિરોધનાં બી વવાયાં; બંને વચ્ચેની સંધિ ટકી નહિ; પરંતુ એ સંધિનાં પરિણામે યુરોપના ઇતિહાસમાં એક હજાર વર્ષ થયાં એક પ્રકારના ઊંડા વિરોધે ખ્રિસ્તપંથીઓનાં જીવનના એક ભાગને બીજા ભાગનો હરીફ કરી રાખેલ છે. યુરોપ આજે બાલક-બાલિકા અને વૃદ્ધ સ્ત્રીઓના રુધિરના ધરામાં નાહી એ વિરોધ મટાડવાનો પ્રયત્ન કરે છે. ભોગથી મસ્ત બનેલી આસક્તિની ઇચ્છા ઉપર ઉભી રહી, યુરોપની શિષ્ટતા કપાઈ ગએલાં મસ્તકના વેશમાં પોતાનું લોહી પોતેજ પીએ છે. ભારતવર્ષના વેદપંથીઓના જીવનમાં આવી રીતે બે વિરોધી વિભાગો હોઈ શકે નહિ. વેદપંથીઓની માન્યતા મુજબ આખું જીવન એ એક યજ્ઞ છે. જીવનનાં દરેક કર્મો યજ્ઞનાં અંગ છે,-કુરુક્ષેત્રની લડાઇથી માંડીને દાતણ કરવાનું લાકડું નક્કી કરવા સુધીનાં દરેક કર્મને એકજ વિભાગમાં મૂકવાને વેદપંથીઓ બંધાએલા છે-એમાં ક્ષોભ રાખવાથી અથવા એની મશ્કરી કરવાથી કશું વળે તેમ નથી. રાંધવાનાં હાલ્લાંમાં ધર્મ રહ્યો છે, એમ કહી મશ્કરી કરવાથી કશું વળે તેમ નથી. તેમ ન હોવાથી યુરોપની આશ્રિત અબાધ્ય હરીફાઈનું પરિણામ આવું ભયંકર આવ્યું છે. આજકાલ હરીફાઇને સ્થાને સહકારને બેસાડવાનો પવન વાયો છે, પણ તેથી કશું વળવાનું નથી; તેમ કરતાં છતાં અંતરમાંનું પશુ પોતાના દાંત બહાર કાઢશેજ. તેનું અકસીર ઔષધ તો સોળેસોળ આના યજ્ઞ ( sacrifice ) છે-જેનો અર્થ ત્યાગ અથવા આત્મસમર્પણ છે, તે છે. સ્વાધીન રીતે આત્મસમર્પણ કરવાથીજ આત્મા કૃતાર્થ થશે; આ વિષયમાં સ્વતંત્રતા મેળવવી એજ ખરો વ્યક્તિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વાતંત્ર્યવાદ છે. ભારતવર્ષમાં વેદપંથીઓના વ્યક્તિસ્વાતંત્ર્યની સ્વતંત્રતા આ આત્મસમર્પણમાં છે.

આપે પુરાણમાંના ઋષિઓની બહુવર્ષવ્યાપી સત્રાનુષ્ઠાનની કથા સાંભળી હશે. ભારતવર્ષના વેદપંથી સમાજના ઇતિહાસને હું એક હજારો વર્ષવ્યાપી સત્રાનુષ્ઠાનની કથા માનું છું. આ ધારણા આપણાં જીવનનો ધ્રુવતારો છે. ભારતવર્ષની યજ્ઞભૂમિમાં એક પ્રચંડ ચિતિ નિર્માણ થઈ રહી છે; વેદપંથી સમાજના સ્થાપકોએ તેમાં વૈશ્વાનર અગ્નિની પ્રતિષ્ઠા કરી છે. તે અગ્નિના પ્રકાશથી અર્ધ પૃથ્વી પ્રકાશિત થઈ રહી છે. સિંહલદ્વિપથી સૈબિરિઆ સુધી, જાવાથી અલેક્ઝાંડ્રિઆ સુધી, જાપાનથી કાસ્પીઅન સમુદ્ર સુધીની અર્ધ પૃથ્વી એ અગ્નિના પ્રકાશથી પ્રકાશિત થઇ રહી છે. ભારતમાતાએ તે યજ્ઞાગ્નિમાં પોતાની આહુતિ આપી છે; આપણી માએ ભોગ્ય અન્નરૂપે બુભુક્ષિત પૃથ્વીને વિષે પોતાની વહેંચણી કરી દીધી છે. જગતનાં પ્રાણીઓને માટે આત્મોત્સર્ગ કરતાં માને જરા પણ દુઃખ થયું નથી. તેણે કદી ભૂખ્યાં પશુની માફક બીજા પર હલ્લો કરી તેને હોઇયાં કરી જવાનો પ્રયત્ન કર્યો નથી; ઉલટું **यथेह क्षुधिता बाला मातरं पर्युपासते**-ભૂખ્યું બાળક જેમ માની સન્મુખ આવે છે,–તેમ પૃથ્વીનું કોઇ પણ અન્ન માગવા માટે તેની સન્મુખ આવ્યું છે, તેને તેણે ખોળામાં લઈ સ્નેહપૂર્વક ધવરાવ્યું છે. હે ચિરકલ્યાણમયી, તને ધન્ય છે, તું દેશવિદેશને અન્ન વહેંચે છે. કેવળ સ્થૂળ શરીરને માટે સ્થૂળ અન્ન મોકલીને તૃપ્ત થતી નથી. જ્યારે તે પોતાની યજ્ઞભૂમિ બહાર ગઈ છે, ત્યારે તે ઇડારૂપિણી બ્રહ્મવિદ્યાનું જ્ઞાનરૂપી અન્ન લઈ દેશવિદેશને વિષે ફરી છે. જાહ્નવી અને યમુનામાંથી વહી જતી કરુણાની ધારાવડે દેશવિદેશને પવિત્ર કરવા માટે બહાર ગઈ છે. પૃથ્વી પર ત્યાગનો આદર્શ સ્થાપવા માટે, નિવૃત્તિનો માર્ગ બતાવવા માટે, તેણે પોતાને પગે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંયમની બેડી નાખી પોતાને બાંધી રાખી છે; પરપીડનના સંદેહથી પોતાનાં સંતાનના પગે બેડીઓ પહેરાવી વિદ્યા અને લક્ષ્મી પ્રાપ્ત કરવાને બહાને પરદેશ પર ચડાઈ કરવાની પણ મનાઈ કરી દીધી છે. આપણી મા પોતે ઇડાદેવી છે–મનુકન્યા માનવીરૂપે તે પોતે મનુવડે યજ્ઞમાટે નિમાઈ ચુકી છે; સરસ્વતીરૂપે તેણે બ્રહ્માવર્ત્તમાં વેદપંથી સમાજની સ્થાપના કરી છે. ભારતીરૂપે તે ભારતવર્ષની કુળદેવતા છે, વાગ્દેવીરૂપે તે બ્રહ્મરૂપિણી છે. તેણે ગાયત્રીરૂપે મર્ત્યલોકને વિષે અમૃત આણ્યું છે, સાવિત્રીરૂપે આપણી બુદ્ધિ અદ્યાપિ પ્રેરે છે. અગ્નિપત્ની સ્વાહારૂપે તે આપણા જીવનયજ્ઞનાં બધાં કર્મોને આહુતિરૂપે ગ્રહણ કરે છે, ઇંદ્રપત્ની શચીરૂપે તે યજ્ઞક્રતુને ચલાવે છે. તે જ દેવમાતા અદિતિ છે–પ્રજાપતિ દક્ષે પોતે તેને જન્મ આપ્યો છે. "**अदितिर्हि अजनिष्ट दक्ष या दुहिता तव, तां देवा अन्वजायन्त भद्रा अमृतबन्धवः**" અદિતિ જ દક્ષ પ્રજાપતિની દીકરી થઈ જન્મી હતી; એ અદિતિવડે કલ્યાણ અને અમૃતના બંધુ દેવો જન્મ્યા છે. તેનું જ બીજું નામ દક્ષકન્યા સતી છે કે જેણે પ્રજાપતિના યજ્ઞમાં પોતાનું બલિદાન આપ્યું હતું; તેનો યજ્ઞથી બનેલો દેહ નારાયણના ચક્રથી સો ભાગમાં ખંડિત થઇ કામરૂપથી માંડીને હિંગલાજ અને જાલંધરથી માંડીને કન્યાકુમારી સુધી ભારતભૂમિના દેહરૂપે પરિણામ પામ્યો છે. અશ્વક્રાન્તા, રથક્રાન્તા, વિષ્ણુક્રાન્તા તે ભૂમિ મહાવિષ્ણુનાં ત્રણ પદની છાયાથી ઢંકાઈ રહી છે. ભારતભૂમિની દરેક રજને વિષે ચક્રથી કપાઈ ગએલ સતીના દેહનાં અથવા હિમાલયની દીકરી પાર્વતીનાં શરીરનાં પરમાણુ છુપાઇ રહ્યાં છે. તે ધૂળમાંથી ઉત્પન્ન થતાં પ્રત્યેક ધાન્ય અને જવના છોડની ટોચે ઇડારૂપ પરમ અન્નનો અમૃતરસ એકઠો થઇ રહ્યો છે. વિષ્ણુરૂપી યજ્ઞપુરુષને અર્પણ કર્યા બાદ, પંચ મહા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યજ્ઞને વિષે બધાં પ્રાણીઓને અર્પણ કર્યા બાદ, હવિઃશેષરૂપે તે દાડાનું ભક્ષણ કરવાના આપણે અધિકારી છીએ. એ સર્વદેવમયી મહાદેવીને સંબોધન કરી આપણે બેલાશક બોલી શકીએ કેઃ—

त्वं हि दुर्गा दशप्रहरणधारिणी
कमला कमलदलविहारिणी
वाणी विद्यादायिनी

नमामि त्वाम्—

वन्देमातरम्

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

# યજ્ઞકાંડનાં પારિભાષિક શબ્દોનો કોષ

## અ

**અગ્નિહોત્ર**—સાગ્નિક ગૃહસ્થને દરરોજ કરવાનો હોમ; આ હોમ એક માસ અગર જિંદગી પર્યંત કરવો પડે છે. જિંદગી પર્યંત કરાતા હોમના અગ્નિ વડે અગ્નિહોત્રીનું અંતિમ દાહકાર્ય કરવામાં આવે છે.

**અગ્નિહોત્રહવની**—અગ્નિહોત્રમાં વપરાતો મોટો હાથો.

**અગ્નિષ્ટોમ**—એકમાંથી બહુ થવાની કલ્પનાથી પ્રજાપતિએ પ્રવર્તિત કરેલો વસંતકાલિન યજ્ઞ. આ યજ્ઞ પાંચ દિવસે પુરો થાય છે.

**અગ્ન્યાધાન**—સપત્નીક ગૃહસ્થ શ્રૌત કર્મ માટે શ્રૌત અગ્નિ અગ્નિશાલામાં પધરાવે તે વખતે કરવામાં આવતું કર્મ; વેદમંત્રદ્વારા અગ્નિસ્થાપન.

**અગ્નીત્**—બ્રહ્માનો સહકારી ઋત્વિક્.

**અગ્નિચયન**—આખું વર્ષ ચાલતો એક પ્રકારનો યજ્ઞ.

**અગ્નિમંથન**—અરણિનાં લાકડાં વડે નવો અગ્નિ ઉત્પન્ન કરવાની ક્રિયા.

**અગ્નિષોમીય પશુ**—અગ્નિ અને સોમને માટે હાજર રાખવામાં આવેલું પશુ.

**અગ્નિષોમ-પ્રણયન**—ધિષ્ણ્ય માટે અગ્નિ, અને ગાડીઓ પર ચડાવવા માટે સોમ લાવવાની ક્રિયા.

**અચ્છાવાક્**—હોતાનો સહકારી ઋત્વિક્.

**અતિરાત્ર**—જ્યોતિષ્ટોમનો એક પ્રકાર. એ યજ્ઞમાં રાત્રે પણ યજ્ઞક્રિયા થાય છે.

**અત્યગ્નિષ્ટોમ**—જ્યોતિષ્ટોમનો એક પ્રકાર.

**અધ્વર્યુ**—યજુર્વેદી ઋત્વિક્.

**અનુયાજ-યાગ**—મુખ્ય યાગની પૂર્ણાહુતિ વેળા કરાતો યાગ.

**અનુવાક્યા**—દેવતાને આહ્વાન કરવાના ઋક્મંત્રો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અન્તર્યામહોમ—સૂર્યોદય પછી સૂર્યને માટે કરાતો હોમ.
અભિષવ—સોમલતાને કુટી રસ કહાડવાની ક્રિયા.
અવભૃથસ્નાન—દીક્ષાસ્નાન.
અવાન્તર ઇડા—પુરોડાશના ઘીવાળા ભાગના એક ટુકડાનો થોડો ભાગ હોતા ખાય છે તે.
અહીન—એથી બાર દિવસમાં પૂર્ણ થતો સોમયાગ.
અશ્વિદ્રય—બે જોડીઆ દેવો.

## આ

આગ્નીધ્રીય—મહાવેદિની એક બાજુએ રચવામાં આવતો નાનો મંડપ.
આજ્ય—યજ્ઞમાં વાપરવા માટે શુદ્ધ કરેલું ઘી.
આજ્યભાગ-દાન—પંચપ્રયાજ પછી સોમને માટે એક આજ્યાહુતિ અપાય છે તે.
આજયસ્થાલિ—આજય રાખવાનું ચાંદી અગર માટીનું બાર આંગળ ઉંચું વાસણ.
આધવનીય—સોમરસ અને વસતીવરી તથા એકધના નામના પાણીનું મિશ્રણ રાખવાનું પાત્ર.
આપ્રીમંત્ર—દેવતાને પ્રસન્ન કરવા હોતા વડે ભણાતા મંત્રો.
આપ્તોર્યામ—જ્યોતિષ્ટોમનો એક પ્રકાર.
આપ્યાયન કર્મ—સોમલતાને પાણી છાંટી તાજી રાખવાની ક્રિયા.
આવસથ્ય અગ્નિ—ગૃહસ્થાશ્રમને લગતાં સ્માર્ત્ત કર્મો કરવાનો સ્માર્ત્ત અગ્નિ.
આહવનીય—ગાર્હપત્યમાંથી હોમ માટે જે અગ્નિનો સંસ્કાર કરવામાં આવે તે યજ્ઞાગ્નિ; હવનયોગ્ય; સારી રીતે હોમ કરવાને ઉપયોગી.
આહિતાગ્નિ—જેણે અગ્ન્યાધાન કરેલું હોય તેવો ગૃહસ્થ.
આહુતિ—દેવતાની પ્રીતિ સંપાદન કરવા માટે અગ્નિમાં ઘી હોમવું તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ઇ-ઈ

ઇડઃ—પ્રયાજયાગની દેવતા.
ઇડા—પુરોડાશનો થોડો ભાગ ઘીવાળો કરવામાં આવે છે, તે ઘીવાળો ભાગ.
ઇડા દેવી—સરસ્વતી; ભારતી; સુપર્ણી; વાગ્દેવી; ગાયત્રી; મનુષ્વતી; ઇન્દ્રપત્ની વગેરે.

## ઉ-ઊ

ઉક્થ્ય—જ્યોતિષ્ટોમનો એક પ્રકાર.
ઉત્કર—ઉકરડો; પાશુકવેદિનો કચરો એકઠો કરી રાખવાનું સ્થળ.
ઉત્તરવેદિ—પાશુકવેદિના ઉત્તર ભાગમાં એક વેદિ રચવામાં આવે છે તે.
ઉદયનીય ઇષ્ટિ—યજ્ઞની સમાપ્તિ વેળા કરવામાં આવતો ઇષ્ટિયાગ.
ઉદવસાનીય ઇષ્ટિ—સોમયાગની પૂર્ણાહુતિ બાદ નવો અગ્નિ પ્રકટાવી જે ઇષ્ટિયાગ કરવામાં આવે છે તે.
ઉદૂખલ-મુષલ—ખાંડણિઓ અને સાંબેલું.
ઉદ્ગાતા—ઉચ્ચ સ્વરે ગાયન કરનારો સામવેદી ઋત્વિક્.
ઉપભૃત—આજ્યાહુતિ આપવાનો જુહૂથી નાનો હાથો.
ઉપલ—પથરો.
ઉપયાજ હોમ—પશુવધની પૂર્ણાહુતિ વેળા અનુયાજ સાથે કરાતો હોમ.
ઉપયમની—એક પ્રકારનો હાથો.
ઉપસદ્ ઇષ્ટિ—સોમયાગને બીજે દહાડે કરાતો ઇષ્ટિયાગ.
ઉપાકરણ—યૂપ સાથે બાંધ્યા પહેલાં પશુને બે કોળી દાભ વડે સ્પર્શ કરવામાં આવે છે, તે ક્રિયા; સંસ્કારપૂર્વક પશુવધ કરવો તે.
ઉપાંશુ—દેવતામાં ધ્યાન પરોવી જરા જરા જીભ ને હોઠ ફફડાવી જે મંત્રો ભણવામાં આવે તે મંત્રો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપાંશુયાગ—જે યાગમાં આજ્યાહુતિ આપતાં મંત્રો ધીમેથી ભણવામાં આવે છે તે યાગ.

ઉલ્મુક—મશાલ.

ઉષાસાનક્તૌ—પશુયાગમાં કરાતા છઠ્ઠા પ્રયાજ યાગનો દેવ.

## ઋ

ઋત્વિક્—પુરોહિત; યાજક; મુખ્ય ઋત્વિક્ ચાર હોય છે; હોતા, અધ્વર્યુ, બ્રહ્મા, અને ઉદ્ગાતા.

## એ

એકધના—સોમયાગને દિવસે પ્રાતરનુવાક્ નામના મંત્રો ભણાઇ રહ્યા બાદ યજમાન અને તેની પત્ની જલાશયમાંથી જે પાણી ભરી લાવે છે તે.

## ઐ

ઐકાહિકયજ્ઞ—એક દિવસમાં પૂર્ણ થતો સોમયાગ.

ઐષ્ટિકવેદિ—ઇષ્ટિયાગ કરવાની વેદિ.

## ઓ-ઔ

ઔદુમ્બરી શાખા—ઉંબરડાની ડાળ. એ સદઃશાલામાં સપ્ત ધિષ્ણ્યની વચ્ચે રોપવામાં આવે છે.

## ક

કુલા—(સૂર્પ) સૂપડું.

કુશણ્ડિકા—વિવાહ વખતે થતો વૈદિક હોમ.

કૃષ્ણાજિન—કાળા હરણનું ચામડું.

## ગ

ગવામયન—એક વર્ષ ચાલતો સત્રયજ્ઞ.

ગાર્હપત્ય—સાગ્નિક ગૃહસ્થનો યજ્ઞાગ્નિ; જે અગ્નિ સાગ્નિક ગૃહસ્થ જિંદગી સુધી સળગતો રાખે તે; ગૃહપતિ સાથે સંબંધ રાખતો અગ્નિ.

ગૃહ-અગ્નિ—જે અગ્નિદ્વારા ગૃહ્યસૂત્રોક્ત કર્મ સંપાદન થાય તે.

ગ્રહ—સોમયજ્ઞમાં વપરાતું એક જાતનું પાત્ર.

## ઘ

ઘર્મ—ઉનાં ઘીમાં બકરી ને ગાયનું દૂધ મેળવી એ મિશ્રણ ફરી ઉનું કરતાં જે પદાર્થ ઉપજે તે.

## ચ

ચમસ—સોમયાગમાં વપરાતું એક જાતનું પાત્ર.

ચમસાધ્વર્યુ—સોમયાગમાં સોળ ઋત્વિજો ઉપરાંત ચમસ નામનાં પાત્રો સાચવનારો અધ્વર્યુ.

ચમસાહુતિ—ચમસ વડે અપાતી આહુતિ.

ચમસી—સોમયાગમાં સોળ ઋત્વિજોમાંના નવ અને યજમાન મળી દશ જણા ચમસ નામનાં પાત્ર વડે ધિષ્ણ્ય નામના અગ્નિમાં સોમરસની આહુતિ આપે છે, તે દશે ચમસી કહેવાય છે; ચમસ વડે આહુતિ આપનારા.

ચરૂ—યજ્ઞમાં વપરાતું પાત્ર; એ પાત્ર આજ્યસ્થાલી જેવું તથા તેના જેવડુંજ હોય છે.

ચષાલ—યૂપના માથા પરનો મુગટ.

ચાત્વાલ—પાશુકવેદિની ઉત્તર બાજુ તરફ ઉત્તરવેદિ માટે માટી ખોદતાં પડેલી ખાડ.

ચિતિ—શ્યેનપક્ષીના આકારની વેદિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જ

જુહૂ—ખાખરાના લાકડાનો હાથો.
જ્યોતિષ્ટોમ—સોમયાગનો એક પ્રકાર.

## ટ

ટ્રિનિટિ—ઈશ્વર એક છતાં પિતા ( Father ), પુત્ર ( Son ), અને પવિત્રાત્મા (Holy Ghost), એ ત્રણ પુરુષરૂપે વિદ્યમાન છે; પ્રત્યેક પૂર્ણ ઈશ્વર છે છતાં ઈશ્વર ત્રણ નથી, એકજ છે, એવો ખ્રિસ્તી મત.

## ત

તનૂનપાત—પ્રયાજયાગનો દેવ.
તાનૂનપત્ર—સોમયાગની શરુઆતના બીજા દિવસે ઉપસત ઈષ્ટિ વખતે યજમાન અને ઋત્વિજો યજ્ઞ એક મત થઈ કરવાનો કરાર કરે છે તે ક્રિયા.
ત્યાગમંત્ર—દેવતાને માટે દ્રવ્ય ત્યાગ કરવાનો મંત્ર.
ત્રિસ્રઃદેવ્યઃ—ઇડા, સરસ્વતી, ને ભારતી.
ત્વષ્ટા—વૈદિક દેવતા.

## દ

દક્ષિણાગ્નિ—દક્ષિણ દિશામાં પિતૃઓને આહુતિ આપવા પ્રકટાવેલો અગ્નિ.
દર્શયાગ—અમાવાસ્યાને દિવસે કરવામાં આવતો ઇષ્ટિયાગ.
દીક્ષણીય ઇષ્ટિ—દીક્ષા લેતી વેળા કરવામાં આવતો ઇષ્ટિયાગ.
દષત્—ખલ.
દેવયજનભૂમિ—સોમયાગ માટે ગામ બહાર પસંદ કરેલી યજ્ઞભૂમિ.
દેવહોતા—અગ્નિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૈવ્યા હોતારા—પશુયાગ વખતે કરવામાં આવતા સાતમા પ્રયાજયાગનો દેવ.
દ્રોણકલસ—આધવનીયમાંનું સોમરસનું મિશ્રણ ગાળી લેવાનું પાત્ર.
દ્વાદશાહ—બાર દિવસ ચાલે તેવો સોમયાગ.

ધ

ધિષ્ણ્ય—અગ્નિસ્થાન; સદઃશાલામાં અગ્નિ પ્રકટાવવા માટે હારબંધ નાની વેદિઓ રચવામાં આવે તે.
ધ્રુવા—આજ્યાહુતિ માટે વીંકળાના લાકડાનો બનાવેલો હાથો.

ન

નરાંશસ—પ્રયાજયાગનો ગોત્રભેદે બીજો દેવ.
નાભિ—ઉત્તરવેદિનું મધ્ય સ્થળ.
નિગ્રાભ્ય—વસતીવરી અને એકધના નામના પાણીનું મિશ્રણ.
નિરૂઢ પશુબંધ—દર વરસે વર્ષાઋતુમાં પૂર્ણિમા અગર અમાવાસ્યાએ કરાતો ફરજિઆત પશુયાગ.
નિષ્ક્રય—એકને બદલે બીજાનું અર્પણ.
નિહ્નવ—પૂજા.

પ

પરિધિ—આહવનીયની આજુબાજુ ત્રણ સમિધના ટુકડાની પાળ કરી લેવામાં આવે છે તે.
પત્નીસંયાજ—યજમાનપત્નીએ ગાર્હપત્યમાં કરવાનો યજ્ઞ.
પર્યગ્નિકરણ—રાક્ષસોના હુમલામાંથી પશુનું રક્ષણ કરવા માટે તેની આજુબાજુ સળગતી મશાલ ફેરવવાની ક્રિયા.
પવમાન સોમ—ગાળી પવિત્ર કરેલો સોમરસ.
પશુ-નિયોજન—પશુનાં બે શીંગડાં વચ્ચે દોરી બાંધી એ દોરી યૂપની દોરી સાથે બાંધવાની ક્રિયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પશુ-યાગ—પશુનાં અંગોની આહુતિ આપી કરવામાં આવતો યાગ.
પાશુકવેદિ—પશુયાગ કરવા માટે રચવામાં આવતી વેદિ.
પ્રણીતા—આહવનીયની બાજુએ યજ્ઞને રાક્ષસોથી ભ્રષ્ટ થતો અટકાવવાને રાખી મૂકવામાં આવતું પાણી.
પ્રણીતાપ્રણયન—પ્રણીતા રાખી મૂકવાની ક્રિયા.
પ્રતિહર્ત્તા—યાગની ક્રિયામાં ભાગ લેતો એક ઋત્વિક્.
પ્રતિપ્રસ્થાતા—અધ્વર્યુનો સહકારી ઋત્વિક્.
પ્રયાજ—મુખ્ય યાગની પહેલાં કરવામાં આવતા યજ્ઞો.
પ્રવર્ગ્ય—સોમદેવના માનમાં કરવામાં આવતો યાગ.
પ્રસ્તર—દાભની કોળી. એ કોળીને યજમાનનું શરીર કલ્પવામાં આવે છે.
પ્રસ્તોતા—ઉદ્દ્ગાતાનો સહકારી સામગાયી ઋત્વિક્.
પ્રાગ્વંશશાલા—પૂર્વપશ્ચિમ રાખવામાં આવતા વાંસનો રચેલો મંડપ.
પ્રાતરનુવાક્—હોતા વડે સોમયાગને દિવસે ભણાતા ઋક્મંત્રો.
પ્રાયણીય ઇષ્ટિ—સોમયાગને બીજે દિવસે કરાતો યજ્ઞનો આરંભસૂચક ઇષ્ટિયાગ.
પ્રાશિત્ર—હોમાતાં બાકી રહેલા પુરોડાશના ટુકડાઓમાંનો બ્રહ્માના ભાગમાં આવેલો ટુકડો.

## બ

બર્હિઃ—પ્રયાજયાગનો દેવ.
બ્રહ્મા—બધા ઋત્વિજોની ક્રિયા પર દેખરેખ રાખનાર ત્રિવેદી આચાર્ય.
બ્રાહ્મણાચ્છંસી—હોતાનો સહકારી ઋત્વિક્.

## મ

મહાવીર—ઘર્મ ઉનું કરવાનું માટીનું વાસણ.
મહાવેદિ—સૌમિકવેદિ; ઐષ્ટિકવેદિની પૂર્વ દિશાએ ખાસ સોમયાગ માટે રચવામાં આવતી મોટી વેદિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માર્જાલીય—મહાવેદિની એક બાજુએ રચવામાં આવતો નાનો મંડપ.
માતૃકાન્યાસ—શરીરની અંદર ને બહાર વર્ણવિન્યાસદ્વારા વાગ્દેવીના શબ્દ-
મય વાઙ્મય દેહની રચના કરવી તે.
મૈત્રાવરુણ—હોતાનો સહકારી ઋત્વિક્.

## ય

યજમાન—જે માણસ દક્ષિણા આપી પૂજાદિ કર્મ કરાવે તે.
યજ્ઞ—દેવતાને અર્થે કોઈ પણ દ્રવ્યનો ત્યાગ.
યાગ—હોતાને અધ્વર્યુના સહચારથી થતો યજ્ઞ.
યાજ્યામંત્ર-હોતાને ભણવાના ઋક્મંત્રો.
યાજ્ઞિક—પુરોહિત.
યુકેરિસ્ટ—( eucharist )-હવિઃશેષ; પ્રભુભોજન.
યુકેરિસ્ટ ભક્ષણ—પ્રભુભોજન ખાવું તે; હવિઃશેષભક્ષણ.
યૂપ—પશુને બાંધવાનો લાકડાનો થાંભલો.
યૂપાંજન—યૂપના નીચેના ભાગમાં ઘી ચોપડવાની ક્રિયા.

## ર

રશના—યૂપને બાંધવાનું દોરડું.
રૌહિણપુરોડાશ—પ્રવર્ગ્ય યાગમાં જે પુરોડાશની આહુતિ અપાય છે તે.

## વ

વપા—પશુની ડુંટી પાસેનો મેદ.
વરણ—દેવપૂજા ને યજ્ઞક્રિયા શરુ કરતી વેળા પુરોહિતની અભ્યર્થના કર-
વાની ક્રિયા.
વષટ્કાર—દેવોને માટે અગ્નિમાં આહુતિ આપવાનો મંત્ર.
વસતીવરી—સોમયાગને માટે ચોથે દિવસે સંધ્યાકાળે લાવવામાં આવતું
નદીનું પાણી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાગ્દેવી—ગાયત્રી; સરસ્વતી; વાણીની દેવતા.
વાજપેય—સોમયાગનો એક પ્રકાર.
વિષ્ણુક્રમ-પ્રક્રમણ—યજ્ઞ પુરો થયા બાદ યજમાન પૂર્વ તરફ મુખ રાખી આહવનીય તરફ ત્રણ ડગલાં ચાલે છે તે ક્રિયા.
વ્રીહિ—ડાંગર.

## શ

શમિતા—પશુવધ કરનાર ઋત્વિક્.
શમ્યા—ખલની નીચે રાખવાનું લાકડું.
શસ્ત્ર—જે મંત્રોમાં દેવોનાં વખાણ કરવામાં આવ્યાં હોય એવા મંત્રોનો સમૂહ.
શામિત્ર અગ્નિ—શામિત્ર દેશમાં પશુનું અંગ પકવવા માટે સળગાવેલો અગ્નિ.
શામિત્ર દેશ—ચાત્વાલની પાસે પશુવધ કરવાનું સ્થાન.
શંયુવાક્—પ્રસ્તર સળગી રહ્યા બાદ હોતા જે આશીર્વાદસૂચક મંત્રો ભણે છે તે.
શ્રૌત અગ્નિ—જે અગ્નિદ્વારા શ્રૌત યજ્ઞાદિ કર્મો સંપાદન થાય તે અગ્નિ.

## ષ

ષડવત્ત-આહુતિ આપતાં બાકી રહેલા પુરોડાશમાંથી કરવામાં આવેલા ટુકડામાંનો એક ટુકડો.
ષોડશી—સોમયાગનો એક પ્રકાર.

## સ

સદઃશાલા—મહાવેદિની પશ્ચિમે સપ્ત ધિષ્ણ્યને માટે બાંધવામાં આવતો મંડપ.
સમષ્ટિ-યજુર્હોમ—યજ્ઞ પૂર્ણ થયા બાદ બોલાવેલા દેવોનું વિસર્જન કરવા માટે આપવામાં આવતી ઘીની આહુતિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમિત્--યજ્ઞમાં વપરાતા લાકડાના ટુકડા.

સમિત્-હોમ--બ્રહ્મચારી દરરોજ સંધ્યાકાળ વખતે આચાર્યના અગ્નિમાં એક કાષ્ઠનો ટુકડો નાખતો તે ક્રિયા.

સમિન્ધન—સમિધ સળગાવી અગ્નિ પ્રકટાવવાની ક્રિયા.

સવન--સોમાભિષવ, સોમાહુતિ, અને તેને લગતાં અનુષ્ઠાનો.

સામધેની ઋક્--અગ્નિ સમિન્ધન વેળા હોતા જે ઋક્મંત્ર ભણે છે તે મંત્ર.

સાવિત્ર અગ્નિ--અગ્નિચયન અનુષ્ઠાનનો અગ્નિ; નાચિકેત અગ્નિ; વૈશ્વસૃજ અગ્નિ; ચાતુર્હોત્ર અગ્નિ.

સુબ્રહ્મણ્યા—સોમલતાની ગાડી હાંકનારો ઋત્વિક્.

સૂક્તવાક્--પ્રસ્તર સળગાવતી વેળા હોતાએ ભણવાના મંત્રો.

સોમ--એક વૈદિક દેવતા; દેવતાઓનો રાજા; સોમલતાનો રસ.

સોમલતા—એક જાતની જંગલમાં પેદા થતી વેલ.

સોમપ્રવાક્--સોમયાગમાં ઋત્વિજોને નિમંત્રણ કરનારો માણસ.

સાૈત્રામણિ—એક પ્રકારનો યજ્ઞ.

સાૈમિકવેદિ—મહાવેદિ.

સંજ્ઞપન--શ્વાસ રોધી પશુવધ કરવાની ક્રિયા.

સંસ્રવ હોમ—દેવહોતા અગ્નિના વિસર્જન વખતે કરવામાં આવતો હોમ.

સ્રુવ—હોમકાર્ય માટે વપરાતો એક પ્રકારનો હાથો.

સ્વધાભોજન—પિતૃઓને અપાતું બલિદાન.

સ્વરુ—યૂપને વીંટાળેલા દોરડાને છેડે ભરાવવાના લાકડાના ટુકડા.

સ્વાહાકાર—દેવતાને માટે અગ્નિમાં આહુતિ આપવાનો મુખ્ય મંત્ર.

સ્વિષ્ટકૃત્—રુદ્ર.

સ્વિષ્ટકૃત્ યાગ—રુદ્રદેવને માટે કરવામાં આવતો યાગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## હ

હવિ—હોમવાનું ઘી.

હવિર્દ્ધાન—આચ્છાદનવાળી ગાડી; તે પર સોમલતા ચડાવવામાં આવે છે.

હવિર્દ્ધાન-પ્રવર્ત્તન—હવિર્દ્ધાનને મંડપમાં લાવવાની ક્રિયા.

હવિર્દ્ધાન-મંડપ—હવિર્દ્ધાન રાખવા માટે બાંધેલો મંડપ.

હવિઃશેષ—હોમતાં બાકી રહેલું નૈવેદ્ય; eucharist.

હવિઃશેષભક્ષણ—નૈવેદ્ય ખાવું તે; પ્રભુભોજન ખાવું તે.

હવ્ય—દેવ પ્રીત્યર્થે જે અન્ન તે.

હોતા—ઋગ્વેદી પુરોહિત; દેવતાને યજ્ઞસ્થળે બોલાવનાર પુરોહિત.

હોમ—મંત્રોચ્ચારણપૂર્વક દેવને માટે યજ્ઞના અગ્નિમાં ઘીની આહુતિ આપવી તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૬ | ગઇ | ગયો |
| ૪ | છેલ્લી | ( Malthus ) | માલ્થસ ( Malthus ) |
| ૪ | ,, | ( Population ) | વસ્તી ( Population) |
| ૭ | ૨૨ | કેટલીક | કેટલાક |
| ૮ | ૧૧ | ( anthropolology ) | anthropology |
| ૧૩ | ૧૫–૧૬ | (prose formula) | prose formula |
| ૨૪ | છેલ્લી | અધ્વર્યું | અધ્વર્યુ |
| ૨૭ | ૧ | Hstia | Hestia |
| ૩૫ | ૨૦ | (patriarchal family) | patriarchal family |
| ૪૭ | ૨ | સુક્તવાક્ | સૂક્તવાક્ |
| ૪૭ | છેલ્લી | ,, | ,, |
| ૫૩ | ૪ | માતા | ભાતા |
| ,, | ,, | ટોળામાંના | ટોળામાંનાં |
| ૫૫ | ૩ | પાછળ | આગળ |
| ૬૦ | ૪ | જે. વડે | જે વડે |
| ૬૦ | ૧૩ | છે | છે. |
| ૬૨ | ૨૧ | નિષ્કય | નિષ્ક્રય |
| ૬૫ | ૧૦ | કરતા. | કરાતા |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૭૬ | ૧૮ | અનુષંગિક | આનુષંગિક |
| ,, | ૨૩ | આંગળાંવાળી, મુઠીવાળી | આંગળાં વાળી, મુઠી વાળી |
| ૮૩ | ૭ | છે, | છે. |
| ૮૫ | ૩ | કુચા ન રહે, | કુચા રહે, |
| ૯૦ | ૭ | આચ્છાવાક | અચ્છાવાક |
| ,, | ૨૧ | મારુત | મારુત. |
| ૯૩ | ૪ | પાત્રોમાંથી અથવા થાળીઓમાંથી અને સમસોથી | પાત્રો, થાળીઓ અને ચમસો વડે |
| ૯૩ | ૨૪ | પોતાક | પોતા |
| ૯૫ | ૯ | વાશમાં | વારામાં |
| ૯૬ | ૧ | દરેક | દરરોજ |
| ૯૬ | ૨૧ | ઉજ્વળ, | ઉજ્વળ. |
| ૯૭ | ૯ | પત્ત | પત્તો |
| ,, | ૧૧ | શ્યેન | શ્યેન પક્ષી |
| ૯૯ | ૯ | **ब्रह्मागो** | **ब्राह्मणो** |
| ૧૦૧ | ૧૦ | હોય | હોય છે. |
| ૧૦૨ | ૮ | નહિ, | નહિ. |
| ૧૦૪ | ૧ | ઘલોક | ઘુલોક |
| ૧૦૭ | ૬ | nature, nature is | nature is |
| ૧૧૦ | ૧૯ | ગ્રોટને એ | ગ્રોટને |
| ૧૧૧ | ફુટનોટની ૨ જી | ચાલન | ચાનલ |
| ૧૧૬ | ૧૨ | નકી | નક્કી |
| ૧૩૪ | ફુટનોટની ૧ લી | સંદેહ | સદેહ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


| | | | |
|---|---|---|---|
| १४७ | १ | ઉંઊાં | ઉંચા |
| १५२ | २२ | उपब्रुते | उपब्रुते |
| १५३ | ६ | નકી | નક્કી |
| १५८ | ६ | [illegible]नाम् | षनाम् |
| १५८ | ८ | ત્ની | પત્ની |
| १६७ | ४ | કલાતીત | કાલાતીત |
| ,, | ७ | ઋષિઓ | ઋષિઓ, |
| १७४ | २४ | यज्ञाशिष्टाशिनः | यज्ञशिष्टाशिनः |
| १७५ | १२ | यजुहोषि | यज्जुहोषि |
| १७७ | १० | ब्राह्मणेभ्यो | ब्राह्मणेभ्यो |
| १७७ | १२ | ब्रह्म | ब्रह्म |
| १७९ | २ | ગૃહસ્થ | ગૃહસ્થ |

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શ્રૌત અગ્નિકુંડઃ અગ્ન્યાધાન ને અગ્નિહોત્ર


પૃષ્ઠ ૨૩–૨૫ થી ૨૯–૩૦.




૧. આહવનીય કુંડ, ૨. ગાર્હપત્ય કુંડ, ૩. દાક્ષિણાગ્નિ કુંડ,
૪. બ્રહ્માસન, ૫. યજમાનાસન. [પૃ. ૨૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## અગ્ન્યાધાન ને અગ્નિહોત્રમાં વપરાતાં કેટલાંક પાત્રો અને આસનો





૧. અરણિ, ૨. ઉત્તરારણિ, ૩. સ્રુવ, ૪. અગ્નિહોત્ર હવની, ૫. યજમાનનું આસન, ૬. યજમાનપત્નીનું આસન, ૭. બ્રહ્માસન. [ પૃ. ૨૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સોમયાગઃ દેવયજન–ભૂમિ


પૃ. ૭૪–૯૧.




૧. સપ્ત ધિષ્ણ્ય, ૨. સદઃશાળા, ૩ ઐષ્ટિક વેદિ, ૪. મહાવેદિ, ૫. પાશુકવેદિ. [ પૃ. ૭૪.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust


## ઇષ્ટિયાગ-ભૂમિઃ પૃષ્ઠ ૩૯–૪૯.




૧. આહવનીય, ૨. ગાર્હપત્ય, ૩. દક્ષિણાગ્નિ, ૪. બ્રહ્માસન,
૫. યજમાનાસન, ૬. યજમાનપત્નીનું આસન,
૭. હોતાસન, ૮. અગ્નીતાસન, ૯. વેદિ. [પૃ. ૩૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


પશુયાગ-ભૂમિઃ પૃષ્ઠ ૪૯-૫૫.




[ પૃ. ૪૫

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust


ઇષ્ટિયાગ ને પશુયાગમાં વપરાતાં કેટલાંક પાત્રો ને આસનો




૧. આજ્યસ્થાલી, ૨. ઉપભૃત, ૩. ધ્રુવા, ૪. ઉદૂખલ, ૫. મુસલ, ૬. શમ્યા, ૭. કૃષ્ણાજિન, ૮. પ્રણીતાપાત્ર, ૯. સ્ફય, ૧૦. દૃષત્, ૧૧. ઉપલ. [પૃ. ૫૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સોમયાગમાં વપરાતાં કેટલાંક પાત્રો




૧. પુરોડાશ પાત્ર, ૨. હવિર્દ્ધાન પાત્રી, ૩. ચમસ, ૪. ઈડાપાત્રી,
૫. યજમાનનું પાત્ર, ૬. પત્નીનું પાત્ર, ૭. યૂપ, ૮. પુષ્કર સ્રુવ,
૯. વૈકંકત સ્રુવ (વીંકળાનો હાથો). [પૃ. ૭૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ. જે. બાઇન્ડર.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust